કુમાર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સળંગ અંક ૮૯૩

મે ૨૦૦૨ વર્ષ ૭૫મું

સ્થાપક : ર. મ. રા.

ત્રી : ધીરુ પરીખ



'ઓમ મણિપદ્મે હુમ'

ચીનમાંની ભગવાન બુદ્ધની આ છે એક જાણીતી કાંસ્યપ્રતિમા, કે જેના પર સુવર્ણનો ઢોળ ચઢાવવામાં આવ્યો છે. આ મૂર્તિ ૧૪ થી ૧૬મી સદી દરમિયાન મિંગ વંશના શાસનકાળમાં તૈયાર થયેલી છે



કલાકાર] પુકુર અને પોયણાં [મોને

જીવનની છેલ્લી વીસીમાં મોનેએ પોતાના ગૃહોદ્યાનમાં આવેલી તળાવડીમાંનાં પોયણાંનું ચિત્રાંકન શતાધિક વાર કરેલું. એ એના આકર્ષણનો વિષય બની ગયેલું. આ દૃશ્યને એણે નાનાંમોટાં અનેક આકારોમાં ચિત્રાંકિત કર્યું છે. આવું જ એ તળાવડી અને પોયણાંનું ચિત્ર એણે ૪૦ ફૂટના લાંબા ફલક પર ત્રણ ભાગમાં અંકિત કર્યું હતું. અત્રે દર્શાવાયેલો આ એ વિરાટ ચિત્રનો મધ્યભાગ ૧૪ ફૂટ લંબાઈ ધરાવે છે. આમ જોવા જશો તો કેવળ રંગનાં ધાબાં જણાશે. પરન્તુ સુકોમળ રંગોમાં એણે એ પોયણાંને એવાં ગાળી નાખ્યાં છે કે જાણે કલાકારની સમાધિસ્થ આંખે એ કેવળ રંગના ધાબાં જ ન હોય તેમ જણાય છે! અહીં રંગની અનુભૂતિમાં આકાર ઓગળી ગયેલો જણાશે. એટલે એક રીતે આ વાસ્તવચિત્ર નહિ પણ પ્રભાવવાદી શૈલીએ અંકાયેલી દૃશ્યાકૃતિ છે. આ ચિત્ર અત્યારે સેન્ટ લૂઈ આર્ટ મ્યૂઝીઅમ (મિસૂરી)માં સચવાયેલું છે. સંભવતઃ એ ઈ. ૧૯૧૬ થી ૧૯૨૬ દરમિયાન તૈયાર કરવામાં આવ્યું હતું.

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

An Encyclopedic Family Magazine of High Taste

1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક-વાચક રહ્યા છો. આપ એ જાણો છો કે કલાગુરુ રવિશંકર રાવળે ૧૯૨૪માં સ્થાપેલું 'કુમાર' ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે. શ્રી બચુભાઈ રાવતે એને પૂરેપૂરું સંસ્કાર્યું અને સંવર્ધ્યું. પરન્તુ વચ્ચે ત્રણ વર્ષનો આકસ્મિક સ્થગિતકાળ આવી ગયો. આથી ઈ.સ. ૨૦૦૨નું વર્ષ એના પ્રકાશન-સાતત્યનું ૭૫મું વર્ષ હશે.

આ પંચોતેર વર્ષથી 'કુમાર' સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી તો કુમાર સરેરાશ વાર્ષિક ૮૦૦ થી વધુ પૃષ્ઠોનું વાચન આપતું આવ્યું છે. એ પૃષ્ઠસંખ્યામાં હજુ પણ વૃદ્ધિ કરવાનો અમારો મનસૂબો છે. અમને શ્રદ્ધા છે કે 'કુમાર'નું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના પ્રકાશનપર્વે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ તો ગ્રાહક તરીકે ચાલુ રહો જ અને સાથે સાથે એક નવા ગ્રાહકને નોંધી આપો. આથી આવા સંસ્કાર-પત્રને ચલાવવામાં પ્રોત્સાહન રહેશે.

આ ૭૫મા પ્રકાશનપર્વ નિમિત્તે અને આંતરરાષ્ટ્રિય પુસ્તક વર્ષ નિમિત્તે અમે જે શાળા-મહાશાળા કે વિદ્યાર્થીઓ નવા ગ્રાહક થવા માગતા હશે તેને માટે લવાજમ માત્ર રૂ. ૧૦૦=૦૦ રાખ્યું છે. *શાળા-મહાશાળા કે વિદ્યાર્થીએ શાળાનું પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. આ યોજનાનો લાભ કાર્યાલયને સીધું લવાજમ મોકલનાર જ લઈ શકશે.*

આ ૨૦૦૨ના વર્ષ દરમિયાન નવા ગ્રાહક થનારને કે જેમનું લવાજમ જે તે માસમાં પૂરું થતું હોય ત્યારે નવું લવાજમ રૂ. ૧૫૦=૦૦ મોકલી ગ્રાહકપદ ચાલુ રાખનારને લગભગ ૪૦ પૃષ્ઠની એક પુસ્તિકા ભેટ મોકલાશે, જેમાં 'કુમાર'ના છેલ્લા પાને આવેલાં આરોગ્યસૂત્રો સંગૃહીત કરવામાં આવ્યાં હશે.

'કુમાર'નો ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશ : સ્થાનસમર્પિત યોજના

આ અંકથી 'કુમાર' ૭૫મા પ્રકાશન-વર્ષમાં પ્રવેશે છે એ નિમિત્તે 'કુમાર'ચાહકોને સ્થાનસમર્પિત યોજનામાં સહયોગ આપવા હાર્દિક અપીલ છે.

સ્થાનસમર્પિત આખું પાનું રૂ. ૧૦૦૦/-, અડધું પાનું રૂ. ૫૦૦/-

આ પાના પર આપ જીવનપોષક અવતરણ મૂકી શકશો અથવા અમે તે આપના વતી પસંદ કરીને મૂકીશું.

આપની રકમનો ચેક અથવા ડ્રાફ્ટ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે લખશો અને 'કુમાર'ના સરનામે મોકલી આપશો તેવી વિનંતી.

'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦=૦૦ છે તથા પરદેશનું લવાજમ હવાઈ માર્ગે રૂ. ૧૦૦૦=૦૦ અથવા ડૉલર ૨૫ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. આપના લવાજમનો ડ્રાફ્ટ-ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫=૦૦ ઉમેરવા. લવાજમ મનિ ઑર્ડરથી પણ મોકલી શકાય છે. રૂબરૂમાં લવાજમ ભરવા માટે કાર્યાલયનો સમય સવારે ૧૧-૦૦થી ૫-૦૦નો રહેશે.

સ્નેહાધીન,

હીરાલાલ હરિલાલ ભગવતી (ચૅરમૅન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

વાચકો લખે છે

ફેબ્રુઆરી-૨૦૦૨ના અંકમાં શ્રીમતી કમલા પરીખનો શ્રી બાબુભાઈ જ. પટેલનો જીવન-ચરિત્ર સંબંધી લેખ માહિતીપૂર્ણ અને ખૂબ આવકાર્ય હતો.તેઓ સંનિષ્ઠ ગાંધીવાદી અને ઉચ્ચ રાજનીતિજ્ઞ અને સાચા લોકસેવક તો છે જ, પણ એમની વિદ્વત્તાનો મારો અનુભવ દર્શાવતો એક પ્રસંગ ટૂંકમાં આ પ્રમાણે છે.

શ્રી બાબુભાઈ જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીપદે હતા ત્યારે વડોદરામાં 'સંસ્કૃત વિદ્વત્ સભા'ના વાર્ષિક મેળાવડા પ્રસંગે તેઓ મુખ્ય મહેમાન તરીકે ખાસ આવ્યા હતા. શ્રી બાબુભાઈ એમનું પ્રવચન કરવા ઊભા થયા ત્યારે અમે બધાએ ધારેલું કે તેઓ ગુજરાતી કે કદાચ અંગ્રેજીમાં બોલશે. વિદ્વત્ સભાની કાર્યવાહી સંસ્કૃતમાં ચાલે છે, પણ બધાનાં આશ્ચર્ય વચ્ચે શ્રી બાબુભાઈએ શરૂ કર્યું : 'प्रमुख महोदया:, सज्जना:, सन्नार्यश्च...' અને એમનું પહેલેથી છેલ્લે સુધી પ્રવચન સંસ્કૃતમાં હતું. મેળાવડો પૂરો થતાં એમને પૂછ્યું કે આવું સરસ ભાષણ તમે સંસ્કૃતમાં કેવી રીતે કર્યું? શ્રી બાબુભાઈએ સસ્મિત જણાવ્યું કે, તેમના જેલવાસ દરમ્યાન સાથી વિદ્વાનો પાસેથી તેઓ વ્યાકરણશુદ્ધ સંસ્કૃત શીખેલા. આવી પ્રતિભાઓ આજે વિરલ છે. *- ડૉ. જયેન્દ્ર ગ. ભટ્ટ (નડિયાદ)*

(૧) ડૉ. જગદીશ પી. ત્રિવેદીનો લેખ 'સ્રોતકોષો' જટિલ વિષય અને પર્યાપ્ત પર્યાયો દ્વારા ગુજરાતીમાં પ્રશસ્યન્યાય આપે છે. (માર્ચ '૦૨, પૃષ્ઠ-૧૬૪) અંગ્રેજીમાં કોઠામાં વિધાન છે કે 'સ્રોતકોષો' વિષયક સંશોધન પ્રાણીઓ પર કરવામાં આવે છે, માનવ પર નહિ.

સ્રોતકોષો માનવભ્રૂણમાંથી મેળવવામાં આવે છે. જેની માત્ર ૬૦ Lines of Cells (કોશવંશ) છે. 'આવી કોશવંશ શ્રેણી ભારત સહિત ગણ્યાગાંઠ્યા દેશોની પ્રયોગશાળામાં વિકસાવવામાં આવી છે.' ભારતમાં રિલાયન્સ ઍન્ડ કું. આવી થોડીક શ્રેણી ધરાવે છે, પરંતુ ઈરાદાપૂર્વક તે વિષયક ચુપકીદી સેવવામાં આવે છે.

હમણાં જ અખબારમાં સમાચાર ચમકે છે : 'Scientists seeking new ways to repair demaged arteries and ailing hearts have coaled stem cells from a human embryro into forming tiny blood vessels.'

સ્રોતકોષો વિષયક સંશોધન માનવ ક્લોનિંગમાં પરિણમશે એટલે તેવાં સંશોધન સામે અમેરિકામાં સદંતર પ્રતિબંધ છે, ઈંગ્લન્ડમાં કડક નિયંત્રણ છે.

ઈટાલીના Severino Antinori માનવીય ક્લોનિંગના હિમાયતી છે. તા. ૭ એપ્રિલ, '૦૨ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયા (મુંબઈ આવૃત્તિ)માં પ્રથમ પાને સમાચાર ચમકાવવામાં આવેલ છે કે 'માનવીય ક્લોનિંગ પદ્ધતિથી એક મહિલા આઠ સપ્તાહથી ગર્ભવતી છે. આવા ક્લોનિંગને અનેકવિધ જન્મજાત ખામીઓ અને કસુવાવડની ગંભીર દહેશતો છે. તે છતાં પાંસઠ હજાર દંપતીઓ પ્રસ્તુત પ્રોગ્રામમાં સામેલ છે. ચોમેર વિરોધનો વંટોળ જાગ્યો છે.

(૨) 'કુમાર' એપ્રિલ ૨૦૦૨ના અંકમાં પૃ.૨૨૨ ઉપર : વિશ્વપ્રવાસી પ્રીતિ સેનગુપ્તાનું 'દેવો સદા સમીપે' લેખમાં કથન છે : 'બૌદ્ધધર્મનો પ્રારંભ ભારતમાંથી થયો પણ રાજકુમાર સિદ્ધાર્થનો જન્મ ઇ.પૂ. ૬૨૩માં જ્યાં થયો તે લુમ્બિનિ ઉદ્યાન નેપાળની સરહદમાં આવેલો છે.'

બુદ્ધનો સ્વીકૃત જીવનકાળ છે : ઈ.સ.પૂ. ૫૬૩-૪૮૩ : આયુ ૮૦ વર્ષ. ઈ.સ.પૂ. ૬૨૩ અને ૫૬૩ વચ્ચે ખાસ્સું ૬૦ વર્ષોનું અંતર છે. કયા સંદર્ભના આધારે પ્રીતિ સેનગુપ્તા બુદ્ધનો જન્મ ઈ.સ.પૂ. ૬૨૩માં નિર્ધારે છે?

નર્મદાના અઠંગયાત્રી શ્રી અમૃતલાલ વેગડનું 'નર્મદાસ્નાન' બહુરંગી ચિત્ર અનુપમ છે. શ્રી કેતન મોદી દ્વારા 'ઊજળા ભાવિ તરફ' ફોટાનું સંયોજન સુરેખ, સપ્રમાણ છે.
-વી. બી. ગણાત્રા (મુંબઈ)

કુમાર ૮૯૨ અંક મળ્યો. પૂંઠા પર કમ્પ્યૂટરની કમાલ હોય એમ લાગ્યું. સંયોજન ગમ્યું. શ્રી વેગડની પીંછીનું તો શું કહેવું! (એમની કલમ પણ એવી જ છે.) 'નર્મદાસ્નાન' ચિત્ર સરસ છે. એની રંગયોજના આંખને તૃપ્ત કરે છે. *- રમેશ શાહ (સુરત)*

ફિલ્માકાશ-૧૪માં રજનીકુમાર એક વિગતદોષ કરી બેઠા છે. પાન-૧૬૦ પર સંગીત દિગ્દર્શક પ્રાણસુખ નાયકની વાત માંડી છે. સાગર મુવીટોનના આ પ્રાણસુખ નાયકનું સાચું નામ આ પ્રમાણે છે : પ્રાણસુખ માનચંદ નાયક. વતન વિસનગર. આ મુરબ્બી અમારા પરિવારના પરમ સ્નેહી, શાસ્ત્રીય સંગીતના જાણકાર, ગીતકાર પણ ખરા! રજનીકુમારે સરતચૂકથી પ્રાણસુખ નાયકને મહેસાણા પાસે જગુદણ ગામના હતા એમ નોંધ્યું છે. આ પ્રાણસુખ નાયક એટલે નટમંડળના 'મિથ્યાભિમાન' નાટકના અદ્‌ભુત અભિનેતા જીવરામ ભટ્ટ. શ્રી રજનીકુમાર પંડ્યાએ આપેલો રેકોર્ડ નંબર સાચો છે. એ વખતનાં ઘણાં ફિલ્મીગીતો પર, ક્યાંક નાટ્યસંગીત પર ઉત્તર ભારતની ગાયકીની અસર હતી. આ રસપ્રદ વિષય છે. બાકી ફિલ્માકાશ ખૂબ ગમે છે. *- દિનકર ભોજક (વિસનગર)*

માર્ચ '૦૨ના અંકમાં ડૉ. પ્રફુલ્લભાઈ શાહનો પરિચયલેખ વાંચીને ખૂબ જ આનંદ થયો. એ લેખ વાંચીને તુરત જ એમને પોસ્ટકાર્ડ લખ્યું તો તેઓ મારે ગામ-ઘેર આવી પહોંચ્યા. દુર્ભાગ્યે હું હાજર ન હતો. પત્રવ્યવહાર અમારે ચાલુ થઈ ગયો છે. આવી મહાન વ્યક્તિ સાથેનો પરિચય એ અમારા માટે ગૌરવની વાત છે.

- કનુભાઈ રાઠોડ (ગોપાલગ્રામ)

(અનુસંધાન પૃ. ૩૩૨)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૫મું — અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

મે ○ ૭૫મું વર્ષ ○ ૨૦૦૨

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૮૯૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

સૂત્રસાર

જેનો વંશવિસ્તાર વિશાળ અને વિપુલ છે

રાધેશ્યામ શર્મા

અભિમાન અને ગર્વનાં સર્વ સ્વરૂપોમાં અહંકારનો આવાસ છે. ગર્વનો તો એક અર્થ છે ગુમાન. પણ અભિમાનની બહુવિધ અર્થચ્છાયા અને મર્મછટા છે.

અભિમાન સંજ્ઞામાં સ્વમાન, ગર્વ અને અહંકારનો સમાવેશ થાય છે પણ એથી વિશેષ માન્યતા, કલ્પના, અભિપ્રાયને પણ અભિમાનનું બિરુદ મળ્યું છે. અને એથી પણ આગળ પ્રેમ અને ઇચ્છામાં પણ અભિમાનનો તત્ત્વાર્થ આરોપિત થયો છે.

આમ, અહંકાર-અભિમાનના અવિષ્કારોનો વંશવિસ્તાર એટલો વિશાળ અને વિપુલ છે કે એમાં મનુષ્યોનું સંપૂર્ણ જીવન સમાઈ જાય. વ્યક્તિનાં સર્વ કર્મ-ક્રિયા-કલાપો, એની સાધના અને સિદ્ધિઓ આ અહંપદમાં આવી જાય. અહં સાથે જ મનુષ્ય જન્મે છે, અહં સાથે જ જીવે છે અને અહં સાથે જ મરે છે. અસ્તિત્વનો મૂળાધાર જાણે અહં છે.

માણસ માન્યતાઓ બાંધે, કલ્પનાઓ કરે, મત આપે, અભિપ્રાય સેવે. અરે! પ્રેમ કરે અને અભિલાષા રાખે એ પણ અભિમાનનો જ એક પ્રકાર પુરવાર થાય તો બાકી શું રહ્યું?

અભિમાન મિથ્યા છે એમ કહે-કહે કરનારો પણ એને માલૂમ પણ ન પડે એ રીતે મિથ્યાભિમાનના વ્યાપક પાશમાં પકડાયેલો પ્રતીત થતો હોય છે.

નરસિંહ મહેતાનું અતિ પ્રખ્યાત પદ, અહંપદને એના યથાર્થ રૂપમાં રજૂ કરતું રહ્યું છે : 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' બીજા એક પદકર્તાએ જુદા શબ્દોમાં આવું જ ગાયું છે : 'ગાડા નીચે શ્વાન સંચરે, જાણે ખેંચું ભાર. પણ એ અજ્ઞાન ટળે ત્યારે પડે પીઠ પર લાત.' દોલત પણ દો લાત મારે છે. એક આવતાં મારે છે, બીજી જતી વખતે મારે છે. દોલત આવે ત્યારે એવી લાત લગાવે કે માણસ ટટ્ટાર-અક્કડ થઈ મહાલવા માંડે અને દોલત જતી વેળા એવી લાત લગાવે કે એનો એ માણસ વાંકો વળી જઈ ટટ્ટુ જેમ પડી જાય!

એક પુરાણકાળે કોઈ ઉત્સવપર્વ પ્રસંગે ચાર દેવો સ્વર્ગેથી પૃથ્વી પર પધાર્યા. બધાના હાથમાં ચાર અલૌકિક દિવ્ય પુષ્પમાળાઓ હતી. એમાંથી એવી સુગંધ પ્રસરવા લાગી કે દિગદિગંતમાં એની કીર્તિધ્વજાનો ફરફરાટ લહેરાઈ રહ્યો. લોકો પૂછપૂછ કરવા માંડ્યાઃ ભગવંત! આ પુષ્પો ક્યાં ઊગતાં હશે? એનો અધિકારી કોણ હશે?

ચારે દેવતાઓએ સ્પષ્ટતા કરી : આવાં પુષ્પો સ્વર્ગમાં ઊગે છે. જ્ઞાની અને પુણ્યવાનને જ મળે છે. જે ચોરી કરતો નથી, જૂઠું બોલતો નથી, લોકની વાહવાહ સાંભળી અભિમાન-અહમ્‌થી ફુલાતો નથી તે આ પુષ્પમાળાનો અધિકારી બને છે.

આ સાંભળી એક બ્રાહ્મણ પંડિતે પ્રથમ દેવતાને જઈ કહ્યું કે, 'તમે જે ગુણો વર્ણવ્યા છે તે મારામાં વિદ્યમાન છે તો આપની આ પુષ્પમાળા મને મળે ?' દેવતા મર્મમાં હસ્યા અને પેલી માળા પંડિતને આપી.

બ્રાહ્મણનો લોભ વધ્યો. તે ક્રમશઃ બીજા દેવતા, ત્રીજા દેવતા અને ચોથા દેવતાને અંગત રીતે મળ્યો. વિનયમાં રહી પોતાના ગુણોનું વર્ણ કરી પુષ્પમાળાઓ પ્રાપ્ત કરી. ચારે દેવો પછી અંતર્ધાન થઈ ગયા.

હવે બ્રાહ્મણને લાગ્યું કે જગતમાં મારી ખ્યાતિની પતાકા લહેરાશે. ચારે પુષ્પમાળાઓ એકસાથે ગળે પહેરી તે બહાર જવા નીકળ્યો કે પુષ્પમાળાની કોમળ પાંદડીઓ લોખંડના ખીલાની જેમ ગળે ચોંટી પડી ને ભોંકાવા લાગી !

બ્રાહ્મણ ચીસ પાડી ઊઠ્યો. દેવોની આર્દ્રભાવે ક્ષમા યાચી, પુષ્પમાળાઓ પાછી લઈ લેવા પ્રાર્થના કરી. ત્યાં આકાશવાણી થઈ:'તારામાં જે ગુણો સંપૂર્ણપણે હતા નહિ છતાં મિથ્યાભિમાન કરી સ્વગુણ-કીર્તન કરી વાહવાહ મેળવવા જે યુક્તિ કરી એનું જ આ ફળ છે.'

બ્રાહ્મણને નિજ દોષદર્શન થતાં જ પુષ્પમાળાઓ અદશ્ય થઈ ગઈ. આમ, દેવ અને દૈવ મનુષ્યોના અહંકાર-સર્જનમાં તેમજ અભિમાનના વિસર્જનમાં પોતાનો વિશિષ્ટ ફાળો આપી પરિસ્થિતિને સમતોલ કરતા રહે છે.

અંતઃકરણમાં ચાર તત્ત્વનો મહિમા છેઃ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આમાં બુદ્ધિ વડાપ્રધાન જેવું કાર્ય બજાવે છે અને અહંકાર રાષ્ટ્રપતિપદ ભોગવે છે. જેમણે અહંકાર જીત્યો એમણે જગ જીત્યું! ☐

તુરંગમ / જયન્ત પાઠક

(પૃથ્વી• સૉનેટ)

તુરંગમ હતો, જરા-જીરણ ટાયડું થૈ ગયો!
દિગંત પડઘાવતો હણહણાટ આક્રંદ થૈ
ગયો જ શમી કંઠમાં, ચરણ ચાલતા પંથમાં
રચંત ધૂળવાદળો, પવનવેગ જાતો વહ્યો
ખરંત તણખા ખરી, ઊડત કેશવાળી કશી!
તુરંગમ, ગયો જ, રંગમય એ જમાનો ગયો.

ક્ષણે ન ઠરવું, સદાય જીન-પેંગડે સજ્જ રહે
લગામ મુખમાં, પીઠે લઈ સવારને પ્રાક્રમી
ધસંત સમરાંગણે અરિ શું ભીડતો ઝાડ થૈ
સવાર વીરથી શહૂર અડકે તું રહેતો રમી
કશો સમરદાવમાં કુશળ, ઘાવ રહેતો ખમી
તુરંગમ, તું તે હવે શિથિલપાય સૂંઘે જમીં!

કદીક હહણી ઊઠે, કદીક ભોંય નાખે ખૂંદી,
તું ડોક ઊંચકે - બધુંય પણ સ્વપ્ન હો ત્યાં સુધી!

અહો, નિયતિ! / ભાનુપ્રસાદ પંડ્યા

(પૃથ્વી• સૉનેટ)

જરી અતીત પે કરું નજર ત્યાં સ્મૃતિના પથે
તુરંત મુજ ભૂલ સૌ વિષમ ઠેસ થૈ શી નડે!
કિશોર વયમાં પિતામહ ન સેવિયા, યૌવને
હતાં અવગણ્યાં કદી જનની-તાતનાં વેણને!
ગયો વીસરી મૈત્રી જે કદમ મેળવી ચાલતી,
કવેણ થકી ધ્રૂજવી કદીક વેલ શી સંગિની!
અનાદરશરે વીંધ્યું મૃદુલ ઉર કો' પ્રીતનું—
સદૈવ અહીં આયખે શૂલસમું રહ્યું ખૂંચતું.

મુકાય યદિ ઊલટું સમય માપતું યંત્ર આ
અને દિવસ, માસ ને વરસ જો ફરીથી મળે—
કદીય કરું ના ભૂલો વ્યતીતમાં હતી આચરી.
સદાય ચહું સર્વને પ્રસૂન-સોડમો પાથરી.
પરંતુ વળી થાય તો નવીન કૈં ગંભીરા ક્ષતિ?
અહો નિયતિ! કાં મળી સીમિત છિન્ન આવી મતિ?

કદી મન થયું નથી / 'પ્રણય' જામનગરી

(મુક્તક)

દુનિયા નિહાળવાનું કદી મન થયું નથી,
આંખો ઉઘાડવાનું કદી મન થયું નથી,
એવી ભીતર છે તારી સતત હાજરી, મને
તુજને પોકારવાનું કદી મન થયું નથી.

અકલિત બારી / ધીરુ પરીખ

(વનવેલી)

બુદ્ધિને શી ઊપડી છે ચળ!
રેતીમાં તે ચલાવતી હળ,
દળણુંય ઓર્યા વગર તે
કર્યા કરે દળદળ.

કરશોને પોથીપૂજા?
મળશે જ ફળ!
ફળ જો મળ્યું તો પછી
ઊઘડશે કઈ કઈ કળ?
પ્રયોગશાળામાં વળી બુદ્ધિની છે હલમલ
ઢાકાનીયે મલમલ તો શું
એથીય ઝીણું છે બુદ્ધિનું કૈં છલબલ.

બુદ્ધિથી તો બહુમાળી મકાનો રચાય,
બુદ્ધિથી જ પાછાં તે જમીનદોસ્ત થાય,
બુદ્ધિથી જ ચંદ્રાદિ ગ્રહોને આંબી જો શકાય,
બુદ્ધિથી જ પાતાળના પાતાળનો તાગ તો મપાય.
બુદ્ધિથી બુદ્ધિનો નાશ નોતરી લેવાય,
તોય વળી ખોપરી ખોતરી
ધસમસ ધસે છે તે શક્તિ તેને બુદ્ધિ કહેવાય!

બુદ્ધિની છે બલિહારી
સભ્યતાઓ એના પર જતી વારી.
તોય હજુ બુદ્ધિની શી ઊઘડવી રહી
અન્ય કોઈ અકલિત બારી!
સદીઓની ભથવારી માથે મૂકી ચાલે,
તે તો ઊતરશે બાવળની શૂળફૂટી
બુદ્ધિની ભોંકાતી ભારી!

મને આદત નથી / મનહર જાની

(ગઝલ)

આંગળીનાં નખ કરડવાની મને આદત નથી
જાતની સાથે ઝઘડવાની મને આદત નથી.

હું નથી રસ્તો ભૂલ્યો ઉસ્તાદ કે પાછો પડું
આમ આડેધડ રખડવાની મને આદત નથી.

લાખ લાલચ દઈ મને તું ફોસલાવી નહીં શકે
ભેંકડો તાણીને રડવાની મને આદત નથી.

હાથમાં દીવો લઈને કોણ કૂવામાં પડે?
પારકી પંચાત કરવાની મને આદત નથી.

પાંપણો માથે મણીકા મૂક મા મનહર હવે,
ફૂલના ગજરા ઊંચકવાની મને આદત નથી.

તુરંગમ • તુરંગમ એટલે કે અશ્વ એ શક્તિનું પ્રતીક મનાય છે. આ સૉનેટની પ્રથમ બાર લીટીમાં આવા શક્તિશાળી અશ્વરાજની ખુમારીભરી ક્રિયાઓ વર્ણવાઈ છે, પરન્તુ હવે તો તે તેનો ભૂતકાળ બની ગઈ છે. અંતિમ કડીમાં કવચિત્ આ જરાજર્જર અશ્વ ક્યારેક હણહણી ઊઠે કે શક્તિભરી ખરીઓથી ભોમને ખૂંદે કે ડોક ઊંચકે તેમ વર્ણવાયું છે. અશ્વની ગત્યાત્મક ચિત્રાત્મકતા આસ્વાદ્ય છે. પણ તે તો બધું જાણે અતીતના સ્વપ્નવત્. અન્યોક્તિથી કોઈ પ્રચંડ શક્તિશાળી મનુષ્યના વર્તમાનને પડછે તેના અતીતને પણ અહીં અનુભવી શકાય. ***અહો, નિયતિ!*** • કાવ્યનાયક પોતાના અતીતમાં ડોકિયું કરે છે અને વડીલ સ્વજનોને અવગણ્યાંની ભૂલ થથરાવી મૂકે છે. જીવનનાં અનેક પાત્રોને નારાજ કર્યાની ભૂલનો પશ્ચાત્તાપ નિરૂપતા આ સૉનેટમાં જો ફરી એ અતીત જીવવાનો મળે તો અગાઉ કરેલી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવાની ધખના છે. આ માટે રેતશીશીને ઉલટાવવાનું દૃષ્ટાંત રોચક છે. પણ પાછો કાવ્યનાયકને પ્રાસકો પડે છે કે જો ફરીથી ભૂતકાળ જીવવો શક્ય બને તો વળી પેલી નિયતિ એની પાસે અગાઉની ભૂલોનું પુનરાવર્તન તો નહીં કરાવે ને! ***કદી મન થયું નથી*** • બહિર્મુખી બનવા કરતાં અંતરમુખી બનવાની ઇચ્છા વ્યક્ત કરતું મુક્તક. ***મને આદત નથી*** • ગઝલના વિવિધ શેરમાં 'મને આદત નથી' એમ કહી વિવિધ કાર્યકારણનાં નકારાત્મક-હકારાત્મક સંબંધો દર્શાવાયા છે. ***અકલિત બારી*** • મનુષ્યને બુદ્ધિ તો મળી છે. પણ હજુ તેના નવા નવા સ્તરો ઊઘડવા બાકી છે, જે તેને અને તેની સભ્યતાને આગળ ધપાવશે. શૂળબુદ્ધિનાં ઉતરાણ સાથે સુખબુદ્ધિનાં ચઢાણ મંડાશે.- ધી.પ.

મેધાવી માસ્ટર, વિનમ્ર શિષ્ય 'મ'



મહેન્દ્રનાથ ગુપ્ત

દુષ્યન્ત પંડ્યા

ઈ.સ. ૧૮૮૨ના ફેબ્રુઆરી આખરના ટાઢના દિવસો. સમય પાછો રાતના દસનો એટલે વધારે ઠંડીનો. પણ કલકત્તાની ગુરુપ્રસાદ ચૌધરી લેયનમાં રહેતા ૨૭-૨૮ વર્ષના જુવાનિયાનું મગજ અતિશય તપી ગયું. પિતા અને ભાઈઓ સાથે રોજ ચકમક ઝર્યા કરતી તે આજે ભડકો થઈ ગયો. ખૂબ શાંત સ્વભાવના, ધીર, બુદ્ધિશાળી અને ખૂબ ભણેલા એ જુવાનને ઘરમાં રહેવું અકારું થઈ પડ્યું. ઘર છોડીને એ ચાલી નીકળ્યો. પિતા અને ભાઈઓથી જુદા રહેવા નહીં, આપઘાત કરવા માટે.

પોતાના શાંત સ્વભાવના પતિના મનની આ તણાવભરી દશાને સમજનાર એની પત્ની પણ એની પાછળ ઘરની બહાર નીકળી ગઈ. માનસિક તણાવ હેઠળ અઘટિત પગલું ભરતાં પહેલાં પતિને અટકાવવો જ રહ્યો..

કલકત્તામાં અને પૂર્વ ભારતમાં રાત વહેલેરી પડે છે. એટલે, રાતે ૧૦ વાગ્યે, ને તે પણ વીજળીના દીવા આવ્યા તે પહેલાંના કાળમાં, એ ગુરુપ્રસાદ ચૌધરી શેરીમાં અને આજુ-બાજુના વિસ્તારમાં સોપો પડી ગયો હતો. સહધર્મચારિણી સાથે હતી એટલે, એ જુવાને ગાડી ભાડે કરી કલકત્તાની ઉત્તરે, પાંચ-છ કિલોમીટર દૂર ગંગાકાંઠે આવેલા વરાહનગર જવાનું નક્કી કર્યું. પણ ગાડી ભાડે કરનાર જુવાનની ઇચ્છા એ ગાડીએ જાણે કે પારખી લીધી અને થોડે દૂર ગયા પછી, એનું એક પૈડું છૂટું પડી ગયું.

હવે શું કરવું ? નજીકમાં એક મિત્રનું ઘર હતું ત્યાં એ દંપતી ગયું. એ મિત્રનો આવકાર શિયાળુ રાત કરતાંયે વધારે ઠંડો હતો. પતિ-પત્ની તરત ત્યાંથી પાછાં વળી ગયાં. થોડુંક ચાલ્યાં પછી સદ્‌ભાગ્યે, બીજી ગાડી મળી અને બરાબર મધરાતે એ દંપતી વરાહનગર પહોંચ્યું, પોતના બનેવીને ત્યાં. ઘોડાગાડીને નડેલા અકસ્માતથી, થોડું ચાલવાથી અને શીતળ હવાથી જુવાનના મનનો તણાવ થોડો ઓછો થઈ ગયો હતો. પ્રેમાળ બહેન-બનેવીએ એ વધારે ઓછો કરી નાખ્યો.

બીજે દિવસે, બપોર પછી, ભાણેજ સિદ્ધુ મામાને ફરવા લઈ ગયો. વિશાળ ઉદ્યાનોવાળા એ બંગલાઓની રોનક, એ બંગલાઓમાં ફરતા બગીચાઓની લીલોતરી અને પડખેથી વહેતાં ભાગીરથીનાં જળ પર થઈ આવતો શીતળ વાયુ : આ બધાંની અસરથી જુવાનના ચિત્તને શાંતિ થવા લાગી.

પણ સાંધ્ય આરતીટાણે સિદ્ધુ એ જુવાનને રાણી રાસમણિએ બંધાવેલા ભયતારિણી કાલીને મંદિરે લઈ ગયો. ત્યાં મંદિરને ઓતરાદે ખૂણે, ગંગાટતે આવેલા એક ઓરડા પાસે ઊભા રહેતાં એ જુવાને જોયું તો 'ઓરડો માણસોથી ચિકાર' અને પોતાનાથી વીસેક વર્ષ મોટેરી વયના એક વ્યક્તિ 'પૂર્વાભિમુખે બેસી સહાસ્યવદને કથા કરી રહેલી છે.' 'એક વાર હરિનામ અથવા એક વાર રામનામનું ઉચ્ચારણ કરતાં શરીરે રોમાંચ થાય, આંખમાંથી આંસુ ઝરે તો, ચોક્કસ જાણવું કે સંધ્યા વગેરે કાર્યો કરવાની જરૂર રહી નથી, ત્યારે કર્મત્યાગનો સમય થયો છે...'

પેલા બહાર ઊભેલા યુવાનની આપઘાત કરવાની ઇચ્છાનો ત્યાગ થયો કે નહીં એ ખબર નથી પરંતુ એને ત્યાંથી 'ખસવાનીય ઇચ્છા' થઈ નહીં અને ત્યાં ચીટકી રહેવાની પ્રબળ ઇચ્છા આગળ બીજી બધી ઇચ્છાઓ - આપઘાત સુધ્ધાંની - અદૃશ્ય થઈ ગઈ.

રાણી રાસમણિએ બંધાવેલા મંદિર-સંકુલના એક ઓરડામાં પૂર્વાભિમુખ બેસી કથા કરતા હતા તે શ્રી રામકૃષ્ણ પરમહંસ અને એમનાં દર્શને તથા એમના બોલને શ્રવણે મંત્રમુગ્ધ બની જનાર અને આત્મહત્યાના વિચારને ભૂલી જનાર તે માસ્ટર મહેન્દ્રનાથ ગુપ્ત એ વ્યવસાયે શિક્ષક હતા એટલે 'માસ્ટર' કહેવાતા. ઈ.સ. ૧૮૫૪ના જુલાઈની ૧૪મીએ - ફ્રેન્ચ ક્રાંતિના બેસ્તાઈલના પતનને દિવસે - એમનો જન્મ કલકત્તામાં થયો. માતાપિતાને ચાર પુત્રો અને ચાર

પુત્રીઓ મળી થયેલાં આઠ સન્તાનોમાં મહેન્દ્રનો ક્રમ ત્રીજો હતો. માતા પ્રેમાળ અને સદ્‌ગુણી હતાં અને એમનો એ વારસો મહેન્દ્રનાથને મળ્યો હતો. એ પ્રેમાળ જનનીએ મહેન્દ્રનાથની કિશોરાવસ્થામાં જ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો હતો. મૃત્યુ પછી માતાએ સ્વપ્નમાં દર્શન આપી મહેન્દ્રને કહ્યું હતું : 'હવે તું મને જોઈ નહીં શકે, પણ હું તારું રક્ષણ કરતી જ રહીશ.'

મહેન્દ્રનાથની શૈક્ષણિક કારકિર્દી ઘણી ઉજ્જ્વળ હતી. આજની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાને સમકક્ષ તે કાળની પ્રાવેશિક - ઍંટ્રન્સ - પરીક્ષામાં તેમજ સ્નાતકની પરીક્ષામાં ઘણે ઊંચે ક્રમે એ ઉત્તીર્ણ થયા હતા. વિદ્યાર્થી કાળથી જ વાચનપ્રેમ વળગ્યો હતો અને તે પણ ગંભીર વિષયોનાં પુસ્તકોનો.

પિતાના સામાજિક મોભાને લઈને તથા મહેન્દ્રનાથની પોતાની પ્રતિભાને લઈને બંગાળના જ નહીં પણ ભારતભરમાં જાણીતા પ્રખ્યાત બ્રાહ્મસમાજી નેતા કેશવચન્દ્ર સેનની બહેન નિકુંજબાળા સાથે તેમનું લગ્ન થયું હતું. લગ્ન સમયે મહેન્દ્રનાથ ઓગણીસ વર્ષના હતા અને અભ્યાસ કરતા હતા.

અંગ્રેજી શિક્ષણ અને પાશ્ચાત્ય સંસ્કૃતિની પ્રબળ અસર હેઠળનો એ જમાનો હતો. રાજકીય દૃષ્ટિએ આપણે પરાભૂત હતા જ. અંગ્રેજી ભાષા દ્વારા અને ખ્રિસ્તી પાદરીઓ દ્વારા આપણી સમાજવ્યવસ્થા પર, આપણા ધર્મ પર, આપણી સંસ્કૃતિ પર પ્રબળ આઘાતો થવા લાગ્યા હતા. મધુસૂદન માઈકલ દત્ત અને રેવરણ્ડ ટિળક જેવા અનેકોએ એ આક્રમણ સામે નમી ખ્રિસ્તી બની ગયા. આપણે ઘરઆંગણે કવિ કાન્તે પણ ધર્માન્તર કર્યું હતું, જો કે પાછળથી તેમણે પુનઃ હિન્દુ ધર્મ અંગીકાર કર્યો હતો.

મહેન્દ્રનાથ ખ્રિસ્તી ન બન્યા પણ ખ્રિસ્તી ધર્મની પ્રબળ અસર હેઠળની બ્રાહ્મસમાજની કેશવ સેનની શાખામાં એ જોડાયા હતા.

બ્રાહ્મસમાજની ઉપાસના-પદ્ધતિ ખ્રિસ્તી દેવળોની ઉપાસના-પદ્ધતિને મળતી આવતી. ઉપાસના-સ્થળે એકઠાં થયેલાં લોકો વ્યવસ્થિત બેસી જાય પછી, સમૂહપ્રાર્થના ગવાય અને પછી, વેદી પરથી એના આચાર્ય, ચર્ચમાંના પાદરીની માફક, પ્રવચન આપે. બ્રાહ્મસમાજ મૂર્તિપૂજાનો વિરોધ કરે, અનેક દેવદેવીઓનો પણ વિરોધ કરે અને નિરાકાર પણ, સગુણ ઈશ્વરને માને. પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી ધર્મ સાથે આટલું સ્પષ્ટ સામ્ય. બ્રાહ્મસમાજીઓ બાળલગ્ન પ્રતિબંધમાં, સ્ત્રીકેળવણીમાં તથા સમાજસુધારામાં માને. આ કારણોને લઈને બ્રાહ્મભક્તો અને રૂઢિબદ્ધ હિન્દુ સમાજ વચ્ચે સંઘર્ષ થાય એમાં નવાઈ જેવું નથી.

ઓગણીસ વર્ષની વયે લગ્ન થઈ ગયાં પછી, સંસારની ધૂંસરીમાં જોડાવાથી મહેન્દ્રનાથ કાયદાનો અભ્યાસ ન કરી શક્યા અને કોઈ વેપારી પેઢીમાં નોકરીએ જોડાયા. પણ એ ગાડું લાંબું ચાલ્યું નહીં. શાળામાં શિક્ષક તરીકે જોડાયા અને એક વરસમાં તો ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરની મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યૂટમાં એ આચાર્ય બન્યા. ૧૮૮૨ના ફેબ્રુઆરીમાં આત્મહત્યા કરવાને એ નીકળ્યા ત્યારે વિદ્યાસાગરની એ શાળાના આચાર્યપદે એ હતા.

શ્રી રામકૃષ્ણે પોતાની બધી સાધના સને ૧૮૬૮ સુધીમાં પૂરી કરી હતી. બ્રાહ્મસમાજી નેતા કેશવચન્દ્ર સેન પોતાના અનુયાયીઓના વૃંદ સાથે ક્યાંક નજીકમાં આવ્યા છે એ ખબર પડતાં, ૧૮૭૫માં શ્રી રામકૃષ્ણ તેમને મળવાને ગયા હતા. ત્યાં એમણે પોતાને મધુર કંઠે ગાયેલા ભજને અને ભજન પૂરું થતાં એ સમાધિદશાને પ્રાપ્ત થયા. તેણે કેશવ ઉપર પ્રબળ અસર કરી. કેશવ શ્રી રામકૃષ્ણની ઠીકઠીક નિકટ આવ્યા. એમનાથી પ્રભાવિત થયા અને પોતે સામયિકોનું સંપાદન કરતા હતા તેમાં શ્રી રામકૃષ્ણ વિશે એ લેખો આપવા લાગ્યા. મહેન્દ્રનાથે પણ એ લેખો વાંચ્યા જ હશે, પરંતુ એ લેખો એક વાત હતી અને શ્રી રામકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન અને શ્રવણ તદ્દન જુદી વાત હતી.

ઈ.સ. ૧૮૮૨ના ફેબ્રુઆરીની એ સાંજે તો કેવળ ઔપચારિક વાત કરીને શ્રી રામકૃષ્ણથી છૂટા પડી જનાર મહેન્દ્રનાથ, બીજે દિવસે, રવિવારે સવારે ગંગાતટને એ ઓરડે પહોંચી ગયા, જાણે લોહચુંબકે સોય ખેંચી. આ આકર્ષણ એટલું તો પ્રબળ હતું કે મુદ્દલ અંગ્રેજી નહીં જાણનાર, પ્રચલિત અર્થના શિક્ષણથી તદ્દન વંચિત, પહેરવેશમાં પૂરા બેદરકાર અને ગામઠી બંગાળી બોલનાર શ્રી રામકૃષ્ણની, ત્યાર પછીની એકેએક વાત, એમનો એકેએક બોલ આ અંગ્રેજી ભણેલા વિદ્વાન, ભદ્ર બ્રાહ્મસમાજી મહેન્દ્રનાથે લખી, 'શ્રી રામકૃષ્ણ કથામૃત'ને નામે તેને પ્રગટ કરી જગતને ખૂબ ઉપકૃત કર્યું છે. એ 'કથામૃત'માંથી જ એમની બીજી મુલાકાતનું આચમન લઈએ :

'બીજું દર્શન સવારના આઠેક વાગ્યાને સુમારે. ઠાકુર એ વખતે હજામત કરાવવા બેસે છે... વચ્ચે માસ્તરની સાથે વાતો કરવા લાગ્યા... હસમુખો ચહેરો. વાત કરતી વખતે જીભ સહેજ તોતડાય.

શ્રી રામકૃષ્ણ (માસ્ટરને) : 'હેં ભાઈ ! તમારું ઘર ક્યાં છે?'

માસ્ટર : 'જી, કલકત્તામાં...'

શ્રી રામકૃષ્ણ (માસ્ટરને) : 'તમારાં લગ્ન થયાં છે ?'

માસ્ટર : 'જી હા.'

શ્રી રામકૃષ્ણ (ચોંકી જઈને) : 'અરે રામલાલ ! તેં લગન પણ કરી નાખ્યું છે !'

માસ્ટર આશ્ચર્યચકિત થઈને મોટા ગનેગારની પેઠે માથું નીચું કરીને ચૂપ બેસી રહ્યા. તે વિચાર કરવા લાગ્યા કે લગ્ન કરવામાં શું આટલો બધો દોષ !

ઠાકુરે વળી પૂછ્યું : 'તમારે કંઈ છોકરાં થયાં છે ?'

માસ્ટરની છાતી ધબક ધબક થવા લાગી. ડરતાં ડરતાં તે બોલ્યાં : 'જી, છોકરાં છે.'

ઠાકુર વળી દુઃખી થઈને કહે છે : 'હેં હ્!, છોકરાં પણ થઈ ગયાં છે !'

તિરસ્કારને પામીને માસ્ટર સ્તબ્ધ થઈ ગયા. તેનો અહંકાર ઓગળવા લાગ્યો. થોડી વાર પછી કૃપાદૃષ્ટિ કરીને ઠાકુર શ્રી રામકૃષ્ણ બોલવા લાગ્યા : 'જુઓ, તમારાં ચિહ્નો સારાં છે. હું કપાળ, આંખ એ બધું જોઈને સમજી શકું...'

'વારુ, તમારી પત્ની કેવી છે? વિદ્યાશક્તિ કે અવિદ્યાશક્તિ?'

માસ્ટર : 'જી, ઠીક છે, પણ અજ્ઞાની!'

શ્રી રામકૃષ્ણ (નારાજ થઈને) : 'અને તમે જ્ઞાની!'

માસ્ટરનું અભિમાન ફરી ઘવાયું.

શ્રી રામકૃષ્ણ : 'વારુ, તમારી 'સાકાર'માં શ્રદ્ધા કે 'નિરાકાર'માં?'

માસ્ટર (નવાઈ પામી જઈને પોતાના મનમાં): સાકારમાં શ્રદ્ધા હોય તો શું નિરાકારમાં શ્રદ્ધા બેસે? ઈશ્વર નિરાકાર, એવી શ્રદ્ધા હોય તો પછી ઈશ્વર સાકાર એવી શ્રદ્ધા શું બેસી શકે ? વિરોધી અવસ્થાઓ બેય સાચી હોઈ શકે ? (મોટેથી) 'જી, મને નિરાકાર સાચું લાગે છે.'

શ્રી રામકૃષ્ણ : 'તે મજાનું, એકમાં શ્રદ્ધા હોય તો બસ... પરંતુ એવી ભાવના રાખવી નહીં કે માત્ર એ જ સાચું, બીજું બધું ખોટું. એટલું જાણજો કે નિરાકાર પણ સાચું, તેમ જ સાકાર પણ સાચું...'

બન્ને સાચાં એ વાત ઉપરાઉપરી સાંભળીને માસ્ટર નવાઈ પામ્યા. એ વાત તો તેમના પુસ્તકિયા જ્ઞાનમાં નથી ! તેમનો અહંકાર ત્રીજી વાર ચૂરો થવા લાગ્યો. પણ હજુ તેનો સંપૂર્ણ ચૂરો થયો નથી. એટલે વળી વધુ દલીલ કરવા તૈયાર થયા.

શ્રી રામકૃષ્ણ (નાખુશ થઈને) : 'તમારા કલકત્તાના લોકોમાં આ એક ટેવ કે કેવળ લેક્ચર આપવાં, અને બીજાને સમજાવી દેવું ! પોતાને કોણ સમજાવે તેનું ઠેકાણું નહીં ! સમજાવનારા તમે કોણ ? જેનું જગત છે તે જ સમજાવશે... તમને આટલી બધી માથાકૂટ શા માટે ? તમને પોતાને જેથી જ્ઞાન મળે, ભક્તિ મળે, તેનો પ્રયાસ કરોને.'

માસ્ટરનો અહંકાર કદાચ આ વખતે સંપૂર્ણ ઓગળી ગયો. શ્રી રામકૃષ્ણ સાથે 'આ પહેલો અને છેલ્લો વાદ' કર્યા પછી, માસ્ટર વિનમ્ર શિષ્ય બની ગયા અને આ વિનમ્ર શિષ્યની મોટામાં મોટી ગુરુસેવા તે 'શ્રી રામકૃષ્ણ કથામૃત'ના લગભગ બારસો પૃષ્ઠોના ત્રણ ભાગ. પણ એમની સેવા એથી ઘણી વિશેષ હતી.

સને ૧૪૯૮ના મેમાં વાસ્કો-દ-ગામા કોઝીકોડે બંદરે લાંગર્યો ત્યારથી યુરોપ સાથે ભારતનો સંબંધ આરંભાયો. પોતાની સત્તા સ્થાપવા અને પોતાના ધર્મનો પ્રચાર કરવા માટે ફિરંગીઓને પગલે અંગ્રેજો, ફ્રેંચો અને વલંદાઓ આવ્યા પણ મોગલ અને મરાઠી સત્તાઓના પતન પછી જ અંગ્રેજો જોર કરવા લાગ્યા અને ફ્રેન્ચોને તેમણે ભારતમાંથી લગભગ હાંકી કાઢ્યા. વલંદાઓનાં બેએક નાનાં થાણાં રહ્યાં અને ફિરંગીઓની સત્તા પણ દીવ, દમણ અને ગોવા પૂરતી મર્યાદિત રહી ગઈ. સામ-દામ-ભેદ-દંડ બધાં સાધનો વાપરી, અંગ્રેજો ભારતના સર્વસત્તાધીશ થઈ બેઠા.

અંગ્રેજી સત્તાના પ્રસારની સાથે દેશમાં અંગ્રેજી શિક્ષણ આવ્યું. ખ્રિસ્તી ધર્મના પ્રસારને વેગ મળ્યો અને અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા સમસ્ત પાશ્ચાત્ય ફિલસૂફીનો, જીવન-રીતિનો, સભ્યતાનો પ્રચાર પણ થવા લાગ્યો. પાદરીઓ એ તકનો લાભ ઉઠાવીને અંગ્રેજી શિક્ષણ આપવાની સાથે પોતાના ધર્મનો પ્રચાર આરંભ્યો અને આપણા ધર્મની અને આપણી નીતિરીતિની નિંદા આદરી. પરિણામે બે સભ્યતાઓ વચ્ચે સંઘર્ષ આરંભાયો - પ્રો. સેમ્યુઅલ હન્ટિંગટ લખે છે ('ફોરિન અફેર્સ'ના ૧૯૯૩ના સપ્ટેમ્બરના અંકમાં) તેની લગભગ એકસો વર્ષ પહેલાંથી રાજા રામમોહનરાયના સમયથી નહીં તો, તેની સાઠ વર્ષ પહેલાંથી, મેકૉલેએ અંગ્રેજી શિક્ષણ દાખલ કર્યું તે ૧૮૩૬થી, યુરોપીય-કે પાશ્ચાત્ય, ખ્રિસ્તી-સભ્યતા અને પ્રાચીન ભારતીય હિન્દુ સભ્યતા વચ્ચે સંઘર્ષનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. કલકત્તાની એક કૉલેજના ખ્રિસ્તી બનેલા જુવાનો, ઓગણીસમી સદીના સાઠીના દાયકામાં, એક હાથમાં 'બાઈબલ' અને બીજા હાથમાં શરાબના શીશા સાથે સરઘસાકારે, કંઈ નારા લગાવતા કલકત્તામાં ફર્યા હતા. પાશ્ચાત્ય સભ્યતાનો જાણે વિજય થયો હતો!

પરંતુ એ વિજયનો નશો તરત ઊતરી ગયો. અંગ્રેજી શિક્ષણના ચાહક રાજા રામમોહનરાયથી જ સમન્વયનાં મંડાણ આરંભાયાં હતાં, રવીન્દ્રનાથના પિતામહ દ્વારકાનાથના અને બીજા મિત્રોના સહયોગથી સને ૧૮૨૬માં એકત્વવાદ આધારિત બ્રાહ્મસમાજની સ્થાપના એમણે કરી હતી. દર શનિવારે, ખ્રિસ્તી દેવળોની રીત અનુસાર પણ હિન્દુ ધર્મગ્રંથોમાંથી વાચન થતું, વેદોનાં અને ઉપનિષદોનાં મંચો ઉપરથી પ્રવચનો થતાં અને મુખ્યત્વે રાજાએ પોતે લખેલાં ભજનો ગવાતાં. રાજાનો આ એકત્વવાદ ઉપરનો ભાર 'બાઈબલ'ની અસર હેઠળનો હતો.

હિન્દુધર્મની મૂર્તિપૂજાનો, એના અનેકદેવવાદનો, એના રૂઢ પૂજાવિધિનો સંપૂર્ણપણે ત્યાગ કર્યા છતાં અને, નારીમુક્તિ, કન્યાકેળવણી, બાળલગ્ન પ્રતિબંધ, જ્ઞાતિભેદ-ખંડન વગેરે સામાજિક સુધારાઓ ઉપર બ્રાહ્મસમાજે ભાર મૂક્યો હતો તે છતાં, એમાં ધર્માન્તર ન હતું અને હિન્દુ ધર્મના વેદાદિ ગ્રન્થોની ઉપેક્ષા ન હતી. ઑલ્કોટ, બ્લેવેટ્સ્કી અને એનિ બેઝંટ સાથે પરદેશથી આયાત થયેલી થિયૉસોફી પણ હિન્દુ ધર્મના જ એક

સંસ્કરણ જેવી હતી. આમ, સંઘર્ષ ટાળવાના અને સમન્વય સાધવાના પ્રયત્નો આરંભાઈ ચૂક્યા હતા. પરંતુ, એ પ્રયત્નો અંગ્રેજી ભણેલાઓની અને તે પણ મર્યાદિત સંખ્યાને જ આકર્ષી શક્યા હતા.

બરાબર એ સમયે શ્રી રામકૃષ્ણનું આગમન થયું. મેકૉલેએ ભારતમાં અંગ્રેજીના શિક્ષણનો પાયો નાખ્યો તે ૧૮૩૬ની સાલમાં જ એમનો જન્મ થયો. તે અંગ્રેજી શિક્ષણની સગવડથી દૂર, પાશ્ચાત્ય સભ્યતાની અસરથી દૂર એવા એક ગામડામાં; ઊછર્યા પણ ત્યાં જ. અને કંપની સરકારનું રાણીના રાજ્યમાં રૂપાન્તર થયું, કલકત્તાની-અને મુંબઈ-મદ્રાસની-યુનિવર્સિટી સ્થપાઈ એની પૂર્વસંધ્યાએ એ મહાનગર કલકત્તામાં આવ્યા. કલકત્તા આવ્યા પછી, બેએક વર્ષ બાદ, મોટા ભાઈની આંગળીએ રાણી રાસમણિના દક્ષિણેશ્વરના કાલીમંદિરે આવ્યા અને ત્યાં પૂરા ત્રણ દાયકા રહ્યા.

દક્ષિણેશ્વરમાંનાં એમનાં આરંભનાં બાર વર્ષ સાધનાનાં હતાં. કોઈ ગુરુના માર્ગદર્શન વિના, અંતઃપ્રેરણાથી, માના દર્શન માટેની લગનથી આરંભાયેલી એ આકરી તપશ્ચર્યા હતી. પોતાનો જાન દેવા તૈયાર થયા ત્યારે એમની ઉપર માએ કૃપા કરી, પછી સાધનામાં માર્ગદર્શકો મળવા લાગ્યા અને ઈ.સ. ૧૮૬૮ સુધીમાં, હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયો અને સાધના માર્ગો અનુસાર એમણે સાધના કરી અને પછી, ઈસ્લામ તથા ખ્રિસ્તી ધર્મ અનુસાર પણ એમણે સાધના કરી. આ સઘળી સાધનાને અંતે, સ્વાનુભૂતિથી એમણે જાણ્યું કે (૧) જેટલાં મત તેટલા પંથ, (૨) બધા ધર્મોનું ધ્યેય ઈશ્વર એક જ છે ને તે ગૉડ, અલ્લાહ કે ગમે તે નામે પોકારી શકાય છે, અને (૩) ઈશ્વર સર્વવ્યાપી હોઈને, જીવોની સેવા દ્વારા ઈશ્વરને પામવો : 'શિવજ્ઞાને જીવસેવા'.

'સાકાર તેમજ નિરાકાર બંને સાચાં', એમ માસ્ટરની બીજી મુલાકાત વખતે કહી માસ્ટરને એ ચમકાવવા માગતા ન હતા. એમની અનુભૂતિ એ હતી. એ પોથીપંડિત ન હતા. પોથીઓ વાંચી શકે એટલું એ ભણ્યા જ ન હતા. સાચા અર્થમાં એ બહુશ્રુત હતા. માસ્ટર પહેલી મુલાકાત માટે શ્રી રામકૃષ્ણ પાસે ગયા ત્યારે શ્રી રામકૃષ્ણના ઓરડાના દરવાજા આગળ ઊભેલી કામવાળીને અંદર જવા કહી પોતે મળવા જવાની રજા મંગાવી. એવી કોઈ રજા વગર જ અંદર જઈ શકાય છે એમ સાંભળી, માસ્ટરે બીજો પ્રશ્ન કર્યો, 'એ શું ખૂબ પુસ્તકો વાંચે છે?'

દાસી (વૃંદા) : 'અરે બાપલા, પુસ્તક અને બુસ્તક ! એમને તો બધું મોઢે!'

આમ, શ્રી રામકૃષ્ણ પુસ્તકિયા જ્ઞાની ન હતા. જ્ઞાનનો એમનો અર્થ હતો, 'ઈશ્વરને જાણવું તે જ્ઞાન, બીજું બધું અજ્ઞાન.'

માસ્ટરના ચિત્તમાં શું સ્ફુર્યું તે ખબર નથી, પણ શ્રી રામકૃષ્ણ સાથેની પોતાની પહેલી મુલાકાતથી માંડી અંતિમ મુલાકાત સુધીની બધી વાતો તેમણે પોતાને ઘેર જઈને ટપકાવી લીધી. એમની સ્મૃતિ ઘણી તેજ હતી એટલે સાંભળેલું બધું સરળતાથી સ્મરણમાં રહી જતું. શ્રી રામકૃષ્ણ અતિ વિરલ પ્રતિભાવાન વિભૂતિ હતા અને એમનો એક પણ બોલ બોલવા ખાતર જ બોલાયેલો બોલ ન હતો. એમનો પ્રત્યેક શબ્દ અનુભવની એરણ પર ઘડાયેલો હતો. એમના હૃદયની ખરલમાં ઘૂંટાઈને બહાર પડતો અને, આત્માના ઓજસથી ઝળહળતો હતો. વળી, માસ્ટર એકચિત્તે એ સાંભળતા અને પોતાની સ્મરણમંજૂષામાં એને સુવ્યવસ્થિત રીતે સંઘરી રાખતા. પાછા ઘેર જતાં એ જ વાતો વાગોળતા અને, ઘેર પહોંચીને એને ટપકાવી લેતા. જરૂર પડ્યે રાતમાં જાગીને પણ મઠારી લેતા.

આપણા દુર્ભાગ્યે કે માસ્ટર નોકરી કરતા હોઈ માત્ર રવિવારે અને રજાઓને દહાડે જ દક્ષિણેશ્વર જઈ શકતાં. આરંભમાં આમ રહ્યા પછી, એ અનુકૂળતા અનુસાર આડે દહાડે પણ જવા લાગ્યા. આવી ઉભડક મુલાકાતો કે શનિવારની બપોરથી રવિવારની સાંજ સુધીના પૂરા દિવસના નિવાસને છોડી, સને ૧૮૮૩ના ડિસેમ્બરમાં એકાદ મહિનો પૂરો એમણે ગુરુગૃહવાસ કર્યો. એ સમય દરમિયાન શ્રી રામકૃષ્ણના માર્ગદર્શન હેઠળ એમણે તપસાધના પણ કર્યાં. મૂર્તિમન્ત પ્રેમસ્વરૂપ શ્રી રામકૃષ્ણ નિયમનના એટલા આગ્રહી હતા કે એ ગાળા દરમિયાન, એક દહાડો પોતે ગામમાં કોઈને ત્યાં જવાના હશે તેમની સાથે જઈ, માસ્ટરે પોતાને ઘેર જવાની ઈચ્છા પ્રગટ કરી. 'ચિંતામાં પડ્યા જેવા થઈને', શ્રી રામકૃષ્ણે કહ્યું : 'વળી (ઘેર) જવું છે ? અહીં જ ઠીક છો !' અને, ઠાકોરની સંમતિ નહીં હોઈ મણિ (માસ્ટર) ઘેર જતા નથી. ગુરુઆજ્ઞા અવિચારણીયા જ ગણાય ને ?

માસ્ટરને દક્ષિણેશ્વરનું આકર્ષણ કેવું હતું તે શ્રી રામકૃષ્ણે એમને આવતા જોઈને કહ્યું હતું : 'એક મોરને એક વાર અફીણ ખવરાવ્યું. પછી બંધાણી થઈ ગયેલો મોર નિયમિત રીતે ત્યાં આવવા લાગ્યો.' શ્રી રામકૃષ્ણની અધ્યાત્મગોષ્ઠિ પણ એવી પ્રભાવક હતી કે, એક વાર એ સાંભળ્યા પછી, સાંભળનાર ફરી એમની પાસે આવ્યા વિના રહે નહીં, રહી શકે નહીં. કેશવચંદ્ર સેન અને વિજય ગોસ્વામી જેવા બ્રાહ્મસમાજીના નેતાઓ અધર સેન અને કૅપ્ટન વિશ્વનાથ ઉપાધ્યાય જેવા ઉચ્ચ અમલદારો, ગિરીશચન્દ્ર ઘોષ જેવા ખ્યાતનામ નાટ્યકાર અને નટ, બલરાય બસુ જેવા સાધનસમૃદ્ધ ગૃહસ્થ, રામચન્દ્ર, સુરેન્દ્ર અને મનમોહન જેવા અંગ્રેજી ભણેલા ને ઉચ્ચ મધ્યમવર્ગના સુખસંપન્ન લોકો, નરેન્દ્રનાથ, શશી અને શરત જેવા તેજસ્વી, કૉલેજોમાં ભણતા યુવાનો, ગોપાલની મા, ગૌરી મા જેવી નિરાધાર, રાંક સ્ત્રીઓ અને

બીજાં અનેક, મધપૂડે બાઝતી મધમાખોની માફક રાણી રાસમણિના દક્ષિણેશ્વરના કાલીમંદિરે ટોળે વળતાં હતાં તે શ્રી રામકૃષ્ણની પ્રબળ આધ્યાત્મિક શક્તિને કારણે.

આમાંનાં અનેકોના આગમનની અને તેમની સાથે શ્રી રામકૃષ્ણનીં થયેલી વાતોની અક્ષરશઃ નોંધ શ્રી મહેન્દ્રનાથે લીધી હતી. પોતાની જાતને ગાળી નાખવા એ કોઈ વાર પોતાને માટે મ., કોઈ વાર મણિ તો કોઈ વાર માસ્ટર એમ લખે છે. ૧૮૮૨ના ફેબ્રુઆરીથી માંડી ૧૮૮૬ના એપ્રિલની ૨૩ને શુક્રવારે - ગુડફ્રાઈડને દહાડે - એ અટકી જાય છે. ત્રણ મહિના અને છવ્વીસમે દિવસે, ૧૮૮૬થી ૧૬મી ઑગસ્ટે, શ્રી રામકૃષ્ણે મહાસમાધિ લીધી એટલા દહાડાની નોંધો ઉપલબ્ધ નથી. એમાંના કેટલાક દહાડાઓનો શ્રી રામકૃષ્ણની પરિચર્યાર્થે એ પોતાના કૅન્સરથી પીડાતા ગુરુની સેવાર્થે કાશીપુર પણ રહ્યા હોય. રહ્યા કદાચ પૂરેપૂરા ન હોય પરંતુ, એટલો બધો સમય એ કાશીપુરને ઉદ્યાનગૃહે ગાળતા કે એમની શાળાના સંચાલક ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગરે શ્રી મહેન્દ્રનાથની શાળામાં અનિયમિત હાજરી બદલ ટકોર કરતાં એમણે તત્કાલ રાજીનામું આપી દીધું હતું. પછી એ કોઈ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાયેલા. એ વર્ષના સપ્ટેમ્બર-ઑક્ટોબર માસથી સ્થપાયેલા વરાહનગર મઠની એમની મુલાકાતોની નોંધ એમણે લખી છે. એ નોંધોમાં રામકૃષ્ણ મઠની કંગાલ દશાનું, યુવાન સંન્યાસીઓના તપ-ત્યાગ-ધ્યાનનું અને આફતો તથા દબાણો સામે ટકી રહેવાના બળનું સુંદર ચિત્ર દોરે છે.

શ્રી મહેન્દ્રનાથે જે નોંધ કરેલી તે સ્વાન્તઃ સુખાય કરેલી હતી. ઘેર નવરા પડતા ત્યારે એ નોંધો વાંચતા અને પોતે શ્રી રામકૃષ્ણનું સાન્નિધ્ય અનુભવતા. કેટલાક મિત્રોના દબાણથી અને શ્રી શારદામાના આગ્રહથી ઈ.સ. ૧૮૯૭, એ નોંધોનો થોડોક ભાગ 'Gospel of Shri Ramakrishna' નામે નાની પુસ્તિકાના રૂપે, અંગ્રેજીમાં તેમણે પ્રગટ કર્યો. સ્વામી વિવેકાનંદ તો એ માટે એમની પર વારી ગયા. પછી બીજા ચાર ભાગો અંગ્રેજીમાં પ્રગટ થયા. ઈ.સ. ૧૯૦૭માં બૃહદ્ ગ્રંથરૂપે એ પુસ્તક પ્રસિદ્ધ થયું. શ્રી રામચન્દ્ર દત્ત અને શ્રી રામકૃષ્ણના બીજા ભક્તોના આગ્રહથી ૧૯૦૨માં એનો પહેલો ભાગ પ્રકાશિત થયો અને માસ્ટર મહાશયના અવસાન પછી, ૧૯૩૨માં પાંચમો અને છેલ્લો ભાગ પ્રગટ થયો. દેશ-વિદેશની અનેક ભાષાઓમાં એનો અનુવાદ થયો છે. સને ૧૯૯૭માં એનો કૉપિરાઈટનો સમય પૂરો થતાં બંગાળી પ્રકાશકો વચ્ચે હરીફાઈ ચાલી હતી અને જુદા જુદા છ પ્રકાશકોએ સારા કાગળ ઉપર આકર્ષક રીતે એ પુનર્મુદ્રિત કરી લાખો નકલો છપાવી છે.

'શ્રી રામકૃષ્ણ કથામૃત'માં એવું શું છે ?

બિલકુલ અકૃત્રિમ, તદ્દન નિરાડંબરી શૈલીમાં દક્ષિણેશ્વરમાંના એ ઓરડામાં, એ ઓરડાની બે પરસાળોમાં, શ્રી રામકૃષ્ણની તપોભૂમિ પંચવટીમાં, ત્યાંના કોઈ દેવમંદિરમાં કે દેવમંદિરને ઓટલે બેસી, શ્રી રામકૃષ્ણને શ્રીમુખેથી ઝરેલી અમૃતવાણીના બોલેબોલ, લહેકે-લહેકો એ અદ્ભુત ગ્રંથમાં છે. કોઈ ભક્તને ઘેર શ્રી રામકૃષ્ણ ગયા હોય અને ત્યાં જે બધું બન્યું હોય તે પણ આ ગ્રંથમાં સંઘરાયું છે. ઘોડાગાડીમાં કે નાવમાં બેસીને શ્રી રામકૃષ્ણ ક્યાંય જતા હોય તો તે વાહનમાં થતી વાતચીત, ત્યાં અપાતો બોધ એ બધું અક્ષરે-અક્ષર નોંધાયું છે. સ્વાભાવિકતા એનો મોટામાં મોટો ગુણ છે.

તમામે તમામ નોંધ તારીખ, વાર તિથિ અને સમય દર્શાવે છે. સ્થળની પણ પૂરી વિગતો આપવાનું માસ્ટર ચૂક્યા નથી. ત્યાં હાજર હોય તે દરેક વ્યક્તિનું નામ અને તેણે પૂછેલા પ્રશ્નો કે આપેલા ઉત્તરો પણ ઝીણવટપૂર્વક નોંધાયા છે. ફાગુની કચોરી કે નાળિયેર અને પૌંઆ જેવી ખાદ્ય સામગ્રીઓ પણ ઉલ્લેખાઈ છે. 'ઠાકુરનું ધોતિયું સરી પડ્યું' એમ નોંધતાં પણ એમની કલમે સંકોચ નથી અનુભવ્યો. બલરામની કંજૂસાઈ જેવી કરકસર વૃત્તિની, ઉદાહરણ સહિત નોંધ છે તો, એમની ઠાકુર પ્રત્યેની અનન્ય ભક્તિના પણ ઉલ્લેખો છે. કશી જ છોછછાછ વગર શ્રી રામકૃષ્ણની સહજ, સરળ પણ વેધક અને હૃદયમાંથી વહેતી વાણીની પાવનકારિણી ભાગિરથીંના મહેન્દ્રનાથ ભગીરથ બન્યા છે અને એ રીતે, એમણે શ્રી રામકૃષ્ણના પટ્ટશિષ્ય સ્વામી વિવેકાનંદે જેમને 'અવતારવરિષ્ઠ' કહ્યા છે તે શ્રી રામકૃષ્ણના અધ્યાત્મગર્ભ શબ્દને જગતને કાને પહોંચાડવાનું અનન્ય-સાધારણ કાર્ય કર્યું છે. લગભગ ૧૨૦૦ પૃષ્ઠોના એ મહાભારત ગ્રંથમાં ક્યાંય પણ લેખકનું ચિત્ર કે એનું વ્યક્તિત્વ ન ઊપસે એની પૂરી કાળજી માસ્ટરે રાખી છે. પોતાની જાતને સદાય પશ્ચાદ્ભૂમાં ધકેલી, કેમ જાણે કેવળ સાક્ષીભાવે પોતે જોતા-સાંભળતા હોય એવી વિશિષ્ટ એની શૈલી છે. એમની વિનમ્રતાનો એક બીજો ઉલ્લેખ પણ અસ્થાને નહીં ગણાય. નરેન્દ્રનાથ (ભાવિના વિવેકાનન્દ)ના પિતાનું અચાનક અવસાન થતાં, અતિ વિકટ આર્થિક વિટંબણામાં એ આવી પડ્યા હતા ત્યારે નરેન્દ્રનાથને એમણે સો રૂપિયા આપ્યા હતા, શાળામાં શિક્ષકની નોકરી અપાવી હતી અને નરેન્દ્રથી ખાનગી અને નરેન્દ્રને ન જ કહેવાની શરતે, એમની માતાના હાથમાં પણ માસ્ટરે બે-ત્રણ વખત થોડાઘણા રૂપિયા મૂક્યા હતા. શ્રી રામકૃષ્ણના નિર્વાણ પછી સ્થપાયેલા યુવાન સંન્યાસીઓના મઠના પણ એ એક આધારસ્તંભ બન્યા હતા અને શ્રી રામકૃષ્ણનાં પત્ની શારદામાની પણ એ

યથાશક્તિ સેવા કરતા રહેતા.


પોતે ઉત્તમ શિક્ષક હતા અને પોતાના કેટલાક વિદ્યાર્થીઓનાં લક્ષણ જોઈ તેમને તેમણે શ્રી રામકૃષ્ણની આંગળીએ વળગાડ્યા હતા. શ્રી રામકૃષ્ણના આદેશથી એમણે ભલે સંસાર ત્યાગ કર્યો ન હતો પણ, 'સંસારમાં સરસો રહે ને મન મારી પાસ', એ કવિવચન અનુસાર, એમનું મન શ્રી રામકૃષ્ણમાં અર્થાત્, ભગવદ્ભક્તિમાં જ લાગેલું રહેતું. પોતાની જાતને એમણે સંપૂર્ણપણે શ્રી રામકૃષ્ણને સમર્પિત કરી દીધી હતી.

મહાન ફ્રેન્ચ વિદ્વાન, ચિંતક અને શાન્તિના સંદેશવાહક રોમાં રોલાંએ ૧૯૩૧માં પ્રકાશિત કરેલા શ્રી રામકૃષ્ણના ફ્રેન્ચ જીવનચરિત્ર માટે માસ્ટરના અંગ્રેજી Gospelના બે ભાગનો - એમને બીજા ભાગ મળી શક્યા ન હતા તેથી - ઉપયોગ કરી તેનો ઉલ્લેખ કરતાં તેની લઘુલિપિલેખકની ચોકસાઈને બિરદાવી છે. 'શ્રી રામકૃષ્ણ કથામૃત'ના ગુજરાતી અનુવાદક (પ્રકા. શ્રી રામકૃષ્ણ આશ્રમ - રાજકોટ) સ્વામી ચૈતન્યાનંદે શ્રી મ.ને 'રામકૃષ્ણ અવતારના વ્યાસ' કહ્યા છે કારણ કે, 'શ્રી રામકૃષ્ણના ઈશ્વરદર્શનના અનુભવની અવસ્થાઓનું તથા તેમને થયેલાં અલૌકિક દિવ્ય ભાવો તથા અદ્ભુત દર્શનોનું યથાર્થ વર્ણન કરવું માણસને માટે અશક્ય છે, તે લોકોત્તર કાર્ય માથે લઈને તેને સફળતાપૂર્વક લોકો સમક્ષ રજૂ કરવા માટે માનવસમાજ શ્રી મ.નો સદાને માટે ઋણી રહેશે.'

શ્રી મ. ભલે ૧૯૩૨માં અવસાન પામ્યા, એમનો આ ગ્રંથ અમર કૃતિ છે. અધ્યાત્મમાર્ગના યાત્રીને એ અદ્ભુત સહાય આપે છે. ઓગણીસમી સદીના અર્ધભાગ (૧૮૩૬ થી ૧૮૮૬)માં થઈ ગયેલા શ્રી રામકૃષ્ણ સાથે એમની આ કૃતિ શાશ્વત સેતુ બાંધી આપે છે. સહૃદયી વાચકનાં મનોનયન સમક્ષ ઓગણીસમી સદીના ઉપાન્ત્ય દાયકાના દક્ષિણેશ્વરમાંના કાલીમંદિરસંકુલને ગંગાતટે આવેલા ઓરડામાંના શ્રી રામકૃષ્ણ પ્રત્યક્ષ કરાવી આપી, આ 'કથામૃત' વાચકના કાનમાં અમૃતસિંચન કરે છે. ❐

ચેસ-કૉર્નર : કોયડો-૧૮

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. **(White to play and mate in two).**

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh4,Qd8,Rf7, Bh7, P-d2**

કાળાં : **Ke5, Ba8, Bb8, Na7, Nd3, P-e6, b5**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમા નગરની પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ ૨૦૦૨ના જુલાઇ માસના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ફેબ્રુઆરી ૨૦૦૨ના અંકમાં આવેલા કોયડા નં. ૧૫નો ઉકેલ :

સફેદ	કાળું
(૧) **Qa4**	...
જો....	**KxR**
(૨) **Qxc6 #**	
જો....	**c5**
(૨) **Qa8 #**	
જો....	**d3**
(૨) **Qc4 #**	
જો....	**Nf5** ગમે ત્યાં રમે
(૨) **Qxd4 #**	
જો....	**Ng4** ગમે ત્યાં રમે
(૨) **Re5 #**	
જો....	**kc5**
(૨) **Qa5 #**	

ઉપરના કોયડાનો સાચો ઉકેલ મોકલનાર મિત્રોનાં નામ : (૧) ઝેડ.એલ. ઝાલાવાડિયા, (૨) ડૉ. દિલીપ અહલપરા (અમદાવાદ), (૩) હર્ષદ દવે (રાજકોટ), (૪) કે. એમ. મુલિયા (સુરેન્દ્રનગર). -અર્પી શાહ

આખરી યુદ્ધનૌકા

મૂળ લેખક : આર્થર કોનન ડૉઈલ

અનુવાદ : મૂળશંકર પ્રા. ભટ્ટ

ઈસુ એકસો છેંતાલીસ વર્ષ પછી જન્મ ધારણ કરવાના હતા. તે સમયની વસંતઋતુની એક સવાર હતી. લીલાં વૃક્ષોની હારમાળા તેમજ લાંબાં પાનવાળી નાળિયેરી અને પૃષ્ઠભાગે રણપ્રદેશ દેખાતાં દક્ષિણ આફ્રિકાનો સાગર સપ્તરંગી સ્વપ્નસૃષ્ટિ માફક હિલોળા લેતો હતો. ભૂમધ્ય સમુદ્ર, હિમધવલ મોજાંની એક સાંકડી પટી બાદ કરતાં, નજર પહોંચે ત્યાં સુધી નિલવર્ણો અને શાંત જણાતો હતો. સિસિલીની દિશામાંથી આવી રહેલા અને દૂર આવેલ કાર્થેજ બંદર તરફ જઈ રહેલા એક યુદ્ધજહાજ સિવાય સાગરના વિશાળ વિસ્તાર પર બીજું કશુંય નજરે પડતું નહોતું.

દૂરથી જોતાં એ જહાજ વૈભવશાળી અને રમણીય લાગતું હતું. જહાજનો રંગ લાલ હતો. હલેસાં સિંદૂરવર્ણાં હતાં. ઉપરના ભાગે બે માળ દેખાતા હતા. વિસ્તીર્ણ, ધૂસરવર્ણો સઢ ફરફરતો હતો. તૂતક પર જડેલું પિત્તળ ચળકી રહ્યું હતું. આગલા ભાગે ચોડેલો પાંખિયાવાલો હથોડો ધ્યાન ખેંચતો હતો. તૂતકના પાછલા ભાગે ફિનિશ્યનોના દેવ 'બાલ'ની ઊંચી સૂવર્ણમૂર્તિ ચળકારા કરી રહી હતી. વિશાળ સઢની ઉપર દેખાતા એક માત્ર કૂવાથંભ પર વાઘના જેવા પટા દોરેલો કાર્થેજનો ધ્વજ ફરકતો હતો. પ્રભાવશાળી અને અરુણરંગી કોઈ પક્ષી માફક એ વહાણ સાગરસપાટી પર તરતું હતું. પક્ષીની ચાંચ હતી સોનેરી અને પાંખો ધૂસર રંગની. દૂર આવેલા કિનારા પરથી જોતાં જ જહાજ પરાક્રમી અને લાવણ્યભર્યું લાગતું હતું.

પરંતુ હવે તેને ફરીથી નિહાળો! ધવલ તૂતકને મલીન બનાવતા અને ધાતુના ચળકતા જડતરને ઝાંખું કરતા પણે દેખાતા કાળા ડાઘ શાના છે? લાલ રંગનાં, મોટા કદનાં હલેસાં અનિયમિતપણે કેમ ચાલે છે? ખાલી દેખાતી ડોકાબારીઓ પાસે કેટલાક માણસો શા માટે ઓછા થયા લાગે છે? શા માટે તેમાંના કેટલાક પીળ ચટ્ટી ભોંય પર ફસડાઈ પડ્યા છે? શા માટે દીવાલને અઢેલીને કેટલાક જડવત્ પડ્યા છે? શા માટે હથોડાનાં બે પાંખિયાં તૂટીને મચકોડાઈ ગયાં છે? જુઓ તો ખરા! બાલની વિશાળ પ્રતિમા પણ તૂટીને બેડોળ બની છે! લાગે છે કે આ વહાણ કોઈક આકરી કસોટીમાંથી, કોઈક અપશુકનિયાળ ઘડીમાંથી પસાર થયું છે અને તેની અમીટ નિશાની વહાણ પર અંકિત થઈ છે.

હવે તૂતક પર ઊભા રહો. જહાજ ચલાવતા ખલાસીઓને ઝીણવટપૂર્વક જુઓ. તૂતક પર બે માળ બનાવવામાં આવ્યા છે. બાજુઓ પર બેઠકોની હાર છે. આ બેઠક પર બેસી હલેસું પકડી તેને હલાવી બે માણસો અવિરત પરિશ્રમ દ્વારા જહાજને ગતિ આપે છે. નીચલા તૂતકની વચ્ચે એક નાનો, લાંબો ઓટલો છે. આ ઓટલા પર મુકાદમની હાર ઘૂમતી રહે છે. તેઓના હાથમાં ચાબુક છે. કપાળ પર વળેલો પરસેવો લૂછવા પણ જે ગુલામો ક્ષણ માટે પણ હલેસાં મારવાં બંધ કરે તેઓને ચાબુક વડે ફટકારવામાં આવે છે. પરંતુ આ ગુલામો - તેઓને જુઓ તો ખરા! તેમાંના કેટલાક રોમવાસી છે, કેટલાક સિસિલીના છે, તો કેટલાક લિબીયાથી આવેલા હબસી છે. બધા પૂરેપૂરા થાકી ગયા છે. થાકેલાં પોપચાંને કારણે વારંવાર આંખો મીંચાઈ જાય છે. તેમના હોઠ પર કાળા પોપડા બાઝ્યા છે. હોઠ સૂજી ગયા છે. હોઠો પર લોહીઆળ ફીણ વળ્યાં છે. મુકાદમની કર્કશ બૂમ સાંભળી તેઓનાં હાથ અને પીઠ યંત્રવત્ ચાલ્યાં કરે છે. શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો છે. પ્રત્યેકની ચળકતી પીઠ પર ક્રોધે ભરાઈને મુકાદમે મારેલા કોરડાના સૉળ દેખાય છે. તેમ છતાં બેડી વડે બાંધેલા પગ પાસે ભરાયેલું પાણી રક્તરંગી બન્યું છે કે બેઠકો પર લાલ ડાઘા પડ્યા છે તેનું કારણ વીંઝાતા આ કોરડા નથી. ગુલામોની છાતી કે ખભા પર તલવાર-ભાલાના ઊંડા ઘા પડ્યા છે. એથી વીંઝાતા કોરડાની પરવા કર્યા વિના કેટલાક પોતાની બેઠક પર ટૂંટિયું વાળી, બેભાન થઈ ઢળી પડ્યા છે. ડોકાબારીઓ પાસેની કેટલીક બેઠકો શા માટે ખાલી દેખાય છે કે હલેસાં એકતાલમાં ચાલતાં નથી તેનું કારણ આપણે હવે પછી સમજી શકીશું.

વહાણ પર રહેલાં ખલાસીઓની દશા પણ ગુલામો કરતાં સારી નથી. તૂતક પર અહીંતહીં ઘવાયેલ અને મરણોન્મુખ માણસો અસ્તવ્યસ્ત પડ્યા છે. પોતાના પગ પર ઊભા રહી હાલતા-ચાલતા કોઈક રડ્યાખડ્યા નજરે પડે છે. મોટા ભાગના થાકીને તૂતકના આગલા ભાગે આળોટે છે. થોડા ઉત્સાહી ખલાસીઓ તૂટેલાં શસ્ત્રો દુરસ્ત કરી રહ્યા છે, ધનુષ્યની પણછ ફરીથી બાંધી રહ્યા છે કે તૂતક પર દેખાતાં યુદ્ધચિહ્નો સાફ કરી રહ્યાં છે. કૂવાથંભના નીચલા છેડે એક મંચ છે. તેના પર જહાજનો વહીવટ કરતો નાખુદો ઊભો છે. કાર્થેજના ઉપસાગરના ઉગમણા વિસ્તારને ઢાંકતા, દૂરદૂર દેખાતા મેગારા નામના સ્થળને નાખુદો અપલક નયને જોઈ રહ્યો છે.

તૂતકના પાછલા ભાગે કેટલાક અધિકારીઓ એકઠા થયા હતા. સૌ મૂંગા અને વિમાસણમાં પડેલા લાગતા હતા. થોડે દૂર વાતચીતમાં ગૂંથાયેલા બે અધિકારીઓને તેઓ વારંવાર નિહાળી રહ્યા હતા. બેમાંનો એક ઊંચો, શ્યામ રંગનો, મજબૂત બાંધાનો શામી (સૅમેટિક) ચહેરો ધરાવતો મૅગ્રો હતો. તેનાં અંગ

દાનવસદૃશ હતાં. કાર્થેજવાસી આ નાયકના નામનો ગૉલથી કરી ઑફ્રિકાના સમુદ્રકિનારા સુધી સિતારો બોલતો હતો. બીજા અફસરની દાઢી સફેદ હતી. તેનો વાન ભીનો હતો. કુશાગ્ર અને ગરુડસમ તેની મુખમુદ્રાથી પ્રત્યેક વ્યગ્ર રેખા અદમ્ય શૌર્ય અને પ્રભાવથી અંકિત હતી. તે હતો રાજકારણી ગિસ્કો. તેની નસોમાં પ્યુનિકનું ઉત્તમ લોહી વહેતું હતું. તેણે જાંબુડિયા રંગનો ઝબ્બો પહેર્યો હતો. પોતાના સ્વાર્થાંધ, પ્રમાદી દેશવાસીઓના જુસ્સાને જગાડવા માટે ઉદ્યુક્ત બનેલા રાજકીય પક્ષનો તે નેતા હતો. રોમ તરફથી પ્રજાને પ્રતિક્ષણ વધી રહેલા જોખમનું ભાન કરાવવાનો તે સૌનો આશય હતો. તે બંને વાતો કરતા એકાગ્ર અને આતુરપણે ઓતરાદી નભોરેખા તરફ અવિરત જોઈ રહ્યા હતા.

'ચોક્કસપણે લાગે છે કે,' વયોવૃદ્ધ આદમીએ કહ્યું. તેના અવાજમાં અને હાવભાવમાં વિષાદ ડોકાતો હતો. 'આપણા સિવાય કોઈ છટકી શક્યું લાગતું નથી.'

'મદદ કરી શકાય એવું એકાદ યુદ્ધજહાજ પણ મને દેખાયું ત્યાં સુધી મેં યુદ્ધમાંથી પાછી પાની કરી નહોતી.' મૅગ્રાએ ઉત્તર આપ્યો. 'સાચું કહું તો બંને બાજુ શિકારી કુત્તાઓ વળગેલા હોય અને વરુઓ ભાગે તે રીતે આપણે નાસી છૂટ્યા. રોમના એ કુત્તાઓ આપણા શરીર પર પડેલા જખ્મો જોઈને આ સત્યની પ્રતીતિ કરી શકતા હશે. બીજું જહાજ જો છટકી શક્યું હોત તો અત્યાર સુધીમાં આપણી સાથે થઈ ગયું હોત. કાર્થેજ સિવાય તેઓ માટે અન્ય એકેય સ્થાન સલામત નથી.'

દૂર દૂર દેખાતા વતનના ઝાંખા દૃશ્યને આ યોદ્ધો ઉત્સુકપણે જોઈ રહ્યો. ઓછી ઊંચાઈની વનસ્પતિથી ભરપૂર એક ટેકરી સ્પષ્ટ સફેદ દેખાતી હતી. સમૃદ્ધ વેપારીઓના તે ટેકરી પર વસેલા આવાસો સફેદ ટપકા જેવા લાગતા હતા. નિવાસસ્થાનેથી ઊંચે, પ્રભાતના ફિક્કા નીલવર્ણી ગગન નીચે બીર્સાના કિલ્લા પરનું ધાતુનું છાપરું ઝાંખા બિંદુ જેવું ભાસતું હતું. ઢાળ પર વસેલા ગામની સૌથી ઉપર આ દુર્ગ આવ્યો હતો.

'ચોકિયાતોના મિનારા પરથી એ લોકો જરૂર આપણને જોતાં હશે.' તે બોલ્યો. 'શ્યામ મૅગ્રાના યુદ્ધ-જહાજને દૂરથી પણ તેઓ ઓળખી શકશે. પરંતુ હજુ તો મહિનો પણ થયો નથી એવા એક દિવસે ઢોલ-ત્રાંસાં અને રણશિંગાંના અવાજ વચ્ચે યુદ્ધ પોતાનો મનોહર કાફલો હંકારી ગયો હતો. તેમાંથી માત્ર આપણે જ બચ્યા છીએ એવું તેઓમાંથી કોઈ જાણતું હશે ખરું?'

કુલીન યોદ્ધો ગિસ્કો કઠોર હાસ્ય કરતો બોલ્યો, 'આપણા પૂર્વજો અને સમુદ્રની મહારાણી ગણાતા આપણા રાષ્ટ્રની આપણને જો પરવા ન હોત તો આ મિથ્યાભિમાની અને સત્ત્વહીન પેઢી જે રીતે વિનાશનો શિકાર બની છે એ હકીકત સાચે જ રાજી થવાની વાત છે એમ મારું દિલ કહી રહ્યું છે. મૅગ્રો, તમે સમુદ્ર ખેડતાં જીવન વિતાવ્યું છે. ભૂમિ પર આપણે શું કરી શકીશું તેની જાણ તમને નથી. પરંતુ આ કલંકીઓને કેવળ આપણા બળ પર નભતા મેં જોયા છે. આજે તે સત્ય આપણને મોતના મોંમાં ધકેલી રહેલ છે. સેવાભાવીઓના સાથમાં જનતાને સમજાવવા હું બજારમાં ઘૂમ્યો છું. અમે કરેલા પરિશ્રમના બદલામાં અમારા પર કાદવ ફેંકવામાં આવ્યો છે. મેં રોમને દર્શાવી અનેક વેળા કહ્યું છે, 'આ લોકોને જુઓ તો ખરા. દરેક પોતાનાં હથિયારોથી સજ્જ છે. પોતાનાં કર્તવ્ય અને ગૌરવથી પ્રત્યેક યોદ્ધો સભાન છે. ભાડૂતી લશ્કર પાછળ છુપાઈ આગળ વધનારા તમે શી રીતે એમનો સામનો કરી શકો એમ છે?' સેંકડો વખત આ વાત તેઓને મેં કરી છે.'

'જવાબમાં તેઓ પાસે કશું કહેવાપણું હતું?' મૅગ્રાએ પૂછ્યું.

'રોમ ઘણે દૂર હતું. તે લોકો બધું બરોબર જોઈ શકતા નહીં. આ કારણે આ બધું તેમને મન ક્ષુદ્ર હતું.' વૃદ્ધ યોદ્ધાએ જવાબમાં કહ્યું, 'કેટલાક વેપાર સંબંધી વિચારમાં ડૂબેલા રહેતા તો કેટલાક મત કેમ મેળવવા તે વિષે વિચારતા. રાજ્ય પાસેથી વધુ નફો મેળવવામાં કેટલાક રત રહેતા. પરંતુ માતા સમાન ગણાતું આ રાષ્ટ્ર જાતે ડૂબી રહ્યું છે અને તેની કોઈને પડી નહોતી. મધપૂડા નીચે સળગતો અગ્નિ મધપૂડાને અને તેમાંની તમામ વસ્તુઓને ભસ્મીભૂત કરી નાખશે એ પળે મધમાખીઓ દલીલબાજી કરવા બેસે કે કોણ મધ લેશે અને કોણ મીણ લેશે એવી આ વાત છે. તેઓ કહેતા, 'શું આપણે સાગરના શાસનકર્તા નથી?' 'હૅનિબાલ મહાન પુરુષ નહોતા?' આવી વાતો તેઓ જોરશોરથી કરતા. ભવિષ્યને અણદેખ્યું કહી સદાકાળ ભૂતકાળમાં જીવ્યા. સૂર્યાસ્ત થશે ત્યાં તો એ સૌ વાળ ખેંચવા માંડશે, કપડાંના લીરા ઉડાડશે. પણ હવે તેનો શો અર્થ?'

'રોમ જેના પર કબજો જમાવે છે તેને તે સાચવી શકતું નથી એ કંઈક ગમગીન સાંત્વન કહેવાય.' મૅગ્રાએ કહ્યું.

'એમ શા માટે કરો છો? આપણે હારશું ત્યારે જગતમાં તે સર્વોપરી હશે.'

'થોડોક જ વખત, માત્ર થોડોક જ વખત.' મૅગ્રાએ ગંભીરતાથી ઉત્તર વાળ્યો, 'છતાંયે આ બાબતની જાણ મને શી રીતે થઈ તેની વાત કરીશ ત્યારે કદાચ તમને હસવું આવશે. સમુદ્રમાં આગળ ધસી આવેલા ટીન ટાપુઓના એ વિસ્તારમાં એક શાણી સ્ત્રી રહેતી હતી. તેની પાસેથી મેં ઘણું ઘણું સાંભળ્યું. તેમાંથી સાચું ન પડ્યું હોય એવું એકેય નહોતું. આપણા રાજ્યના પતન વિશે અને જે યુદ્ધમાંથી અત્યારે આપણે પાછા ફર્યા છીએ તે યુદ્ધમાં આપણે હારશું તે વિશે તેણે મને સ્પષ્ટપણે કહ્યું હતું. ટીન ટાપુની પશ્ચિમે આવેલા પ્રદેશમાં વસતાં જંગલી લોકોમાં આવું પરંપરાગત અદ્ભુત જ્ઞાન ખૂબ જોવા મળે છે.'

'રોમ વિશે તેણે શું કહ્યું હતું?'

'કે રોમના વૈભવ અને આંતરિક જૂથવાદને કારણે તેનું પણ આપણી જેમ પતન થશે.'

ગિસ્કોએ હથેળીઓ ઘસી. 'કંઈ નહીં તો તેથી આપણા પરાજયની કડવાશ ઓછી થશે.' તેણે કહ્યું, 'પણ આપણે હાર્યા અને રોમ પણ હારશે તો આપણા પછી સાગર-રાણી કોણ બનશે?'

'એ પણ મેં તેને પૂછ્યું હતું.' મૅગ્રો બોલ્યો, 'અને તેનો જવાબ મેળવવા માટે સોનાના બકલવાળો મારો ટારિયન પટ્ટો પણ તેને આપ્યો. પરંતુ જવાબમાં તેણે મને જે કંઈ કહ્યું તેમાં પાછળનું સાચું હોય તો પણ મારા પ્રશ્નના જવાબમાં તેણે જે કંઈ કહ્યું તે ખોટું લાગે છે. મેં આપેલો પટ્ટો આવું ભવિષ્ય સાંભળવા માટે અતિ મૂલ્યવાન ગણાય. સ્ત્રીએ જાહેર કર્યું કે જ્યાં શરીર પર ચિતરામણ કરેલાં જંગલી લોકો હળવા વજનની એકાદ હોડી પણ ભાગ્યે જ હંકારી શકે છે તે ધુમ્મસથી છવાયેલું તેનું પોતાનું રાષ્ટ્ર કાર્થેજ અને રોમે છાંડેલી દરિયાઈ સત્તા હાથ કરશે.'

વૃદ્ધના ચહેરા પર ફરકતું સ્મિત એકાએક વિલાઈ ગયું. સાથીદારના કાંડા પર તેનાં આંગળાં ભીડાયાં. સાથીદાર અક્કડ થયો. માથું ઘુમાવી બાજ જેવી પોતાની આંખો ઉત્તરના આકાશ પર માંડી. ઉત્તરની ક્ષિતિજરેખા પર બે ઝાંખાં કાળાં ટપકાં નજરે પડ્યાં.

'લશ્કરી જહાજો!' ખૂબ ધીમા અવાજે તેણે કહ્યું.

બધા ખલાસીઓએ આ ટપકાં નિહાળ્યાં હતાં. તૂતકના આગલા ભાગે સૌ ટોળે વળ્યા, આંગળી ચીંધી ગણગણાટ કરવા લાગ્યા. પળભર તો હાર પામ્યાની ગમગીની ગાયબ થઈ ગઈ. તે એકલા નહોતા એ વિચારે ખુશીની લહેર ફરી વળી. લાગ્યું કે અન્ય પણ આ ભયંકર કત્લેઆમમાંથી બચ્યા છે ખરા.

'પ્રભુ બાલના સોગંદ ખાઈને કહું છું કે,' કાળો મૅગ્રો બોલી ઊઠ્યો, 'આવી આફતમાંથી કોઈ સલામત છટકી શકે એ મારા માન્યામાં આવતું નહોતું. આફ્રિકા નામના જહાજનો યુવાન હેમિલકર હશે કે સિરીયામાં બનેલા બ્લ્યુ વહાણનો બૅનીવા હશે? બીજા થોડાનો સાથ મેળવી આપણે ત્રણ લશ્કરી ટુકડી ઊભી કરીશું અને પછી દુશ્મનોનો સામનો કરીશું. જો આપણે ગતિ જાળવી રાખશું તો બંદરના ધક્કાને ચક્કર લઈએ તે પહેલાં તેઓ આપણી સાથે થઈ જશે.'

જખમી નૌકા ધીમે ધીમે આગળ વધી રહી હતી. થોડી જ ક્ષણો પહેલાં દેખાયેલાં પેલાં બંને વહાણો ઉત્તર દિશામાંથી ધસમસતાં આવી રહ્યાં હતાં. થોડે જ અંતરે આફ્રિકાના વિશાળ નગરની આસપાસ વિંટાયેલ લીલોતરી અને સફેદ મકાનો દેખાતાં હતાં. કિનારાના આગળના ભાગમાં એકઠાં થયેલાં ગામલોકોનું કાળું ધાબું નજરે પડતું હતું. આવી રહેલાં યુદ્ધ-પોતોને ગિસ્કો અને મૅગ્રો ઝીણી નજરે નીરખી રહ્યા. તેવામાં ચકચકિત દાંત અને ઝબકતાં નૅણ ધરાવતો બદામી રંગનો એક લિબિયાવાસી વહાણના પાછલા ભાગે પહોંચ્યો અને ઉત્તરમાં હાથ લાંબા કરવા લાગ્યો..

'રોમવાસીઓ!' તે બરાડી ઊઠ્યો, 'રોમવાસીઓ!'

વિશાળ જહાજમાં બધે ચૂપકીદી ફેલાઈ ગઈ. પાણીમાં પેદા થતાં મોજાં અને હલેસાંનો રહીરહીને આવતો અવાજ માત્ર નિઃશબ્દતાને ભેદતો હતો.

'ભગવાનની વેદીના સોગંદ ખાઈને કહું છું કે આ નાખવો સાચો છે!' ગિસ્કોએ મોટા અવાજે કહ્યું, 'જુઓ તો, આપણી તરફ ગરુડ જેમ બંને વહાણો કેવાં ધસમસ્યાં આવે છે. લાગે છે કે નૌકામાં પૂરતી સંખ્યામાં સૈનિકો અને ગુલામો છે.'

'કેવળ લાકડાનાં બનાવેલાં એ વહાણોની વણરંગી બાજુઓ પર તડકો પડતાં કેવો પીળચટો પ્રકાશ ચળકે છે!'

'પણે કૂવાથંભ નીચે જુઓ. દુશ્મનનાં વહાણ પર કબજો જમાવવા માટે વપરાતો ગોઝારો પુલ ત્યાં નથી પડ્યો?'

'આપણા પાસે એક જ જહાજ છે છતાં તે લોકો કેટલો કિન્નો ધરાવે છે!' કડવાશભર્યું સ્મિત ફરકાવતાં મૅગ્રોએ કહ્યું, 'આપણું રડ્યુંખડ્યું વહાણ પણ સાગરના ખોળામાં સલામત રહી શકશે નહીં. મારો અભિપ્રાય જણાવું તો કહીશ કે ભલે ગમે તે થાય પણ મારો વિચાર તો આગળ હંકારી જવાને બદલે તે વહાણો અહીં આવે તેટલો સમય થોભી જવાનો છે.'

'બિલકુલ યોગ્ય વિચાર છે.' વૃદ્ધ ગિસ્કો બોલી ઊઠ્યો, 'પણ નગરમાં આપણી જરૂર છે. રોમનો સંપૂર્ણ વિજય હાંસલ કરે તેથી આપણને શો લાભ થશે? નહીં, મૅગ્રો, ગુલામોને આદેશ આપો કે આજ સુધી ન માર્યાં હોય તે રીતે હલેસાં મારો. આની પાછળ આપણો ઉદ્દેશ સલામત રહેવાનો નથી પણ આપણી માતૃભૂમિને ફાયદો કરાવી આપવાનો છે.'

વિશાળકાય, રક્તરંગી યુદ્ધનૌકા ખોડંગાતી ખોડંગાતી આગળ વધી - પાછળ પડેલા શિકારીઓથી બચવા જે રીતે મૃગ હાંફતું હાંફતું નાસવા લાગે તે રીતે. ખૂબ ઝડપે ઉત્તરમાંથી પેલાં બે જહાજો સમીપ આવવા લાગ્યાં. વહાણોના મોરા પર ઊભેલા રોમવાસીઓનાં શિરસ્ત્રાણ પર પ્રભાતનાં સૂર્યકિરણો પડતાં તેથી તે ચમકતાં હતાં. પ્રતિક્ષણ નૌકાઓ નજીક આવી રહી હતી. રોમવાસીઓનાં રણશિંગાંનો સુદીર્ઘ અને ક્ષીણ ધ્વનિ કાન પર અથડાતો હતો.

જેવી કાર્થેજવાસીઓને જાણ થઈ કે દૂર જહાજો દેખાય છે કે તરત જ સૌ દોડતાં આવ્યાં અને મૅગારાની ટેકરી પર ટોળાબંધ એકત્ર થયાં.

સમુદ્રમાં દેખાતા આ દૃશ્યને અધ્ધર શ્વાસે જોતાં ગરીબો

અને ધનિકો, અશક્તો અને શક્તિમાન, ગોરા ફિનિશ્યનો અને કાળા કાબિલે સૌ અહીં ઊભાં હતાં. નીચે ત્રીસેક મીટરને અંતરે પ્યુનિક યુદ્ધનૌકા એટલી પાસે આવી ગઈ હતી કે તે સૌ નરી આંખે યુદ્ધ દરમિયાન પડેલા અને દુઃખદ કથની વર્ણવતા ડાઘા જોઈ શકતાં હતાં. રોમવાસીઓ એ રીતે ધસમસતા આવી રહ્યા હતા કે પોતાનું વહાણ આ ઘડીએ ટુકડેટુકડા થઈ જશે એમ લાગતું હતું. છતાં આ ટોળામાંથી સ્વબચાવ માટે કોઈ આંગળી પણ ઊંચી કરી શકે એમ નહોતું. વ્યર્થ ખેદ દર્શાવી કેટલાક રુદન કરતા હતા તો કેટલાક ક્રોધભરી આંખે મુઠ્ઠીઓ ઉગામી રહ્યા હતા. કેટલાક ઘૂંટણિયે પડી, હાથ લાંબા કરી 'બાલ'ને અરજ ગુજારી રહ્યા હતા. પરંતુ કાલાંવાલાં, આંસુ કે બદદુવા ન તો ભૂતકાળને મિટાવી શકવાનાં હતાં કે ન તો વર્તમાનને દુરસ્ત કરી શકવાનાં હતાં. ખડભડી ગયેલું યુદ્ધપોત મંદ ગતિએ આગળ વધી રહ્યું હતું. આથી સ્પષ્ટ જણાતું હતું કે આ લડાયક જહાજ ખતમ થવામાં છે. તીરવેગે ધસમસતાં પેલાં દૈત્યસમાં બે યુદ્ધજહાજો જોઈ એવો અર્થ કરી શકાય કે રોમનો પંજો તેઓના ગળા પર ત્રાટકી ચૂક્યો છે. એ જહાજો પાછળ બીજાં આવશે-વધુ જહાજો આવશે. દીર્ઘકાળથી સાગર પર સત્તા જમાવી રાખનાર અને વર્તમાન સમયમાં જલરાશિ પર સત્તા જમાવનાર એ મહાન ગણતંત્રનું તાલીમબદ્ધ લશ્કરી સૈન્ય અગણિત સંખ્યામાં આવી પહોંચશે. એક કે બે મહિનામાં કે વધુમાં વધુ ત્રણ મહિનામાં તેઓનાં સૈન્યો આવી પહોંચશે. કાર્થેજની તાલીમ વિનાની જનતા તેઓને ખાળી રાખવા માટે શું કરી શકવાની હતી?

'નહીં!' આશાભર્યો એક અવાજ સંભળાયો, 'કંઈ નહીં તોયે આપણે બહાદુર છીએ. આપણી પાસે હથિયાર છે!'

'મૂર્ખ!' કોઈક બોલી ઊઠ્યું. 'આપણા વિનાશને આવી વાતોએ જ નથી નોતર્યો? તાલીમબદ્ધ બહાદુરો સામે તાલીમવિહોણા બહાદુરો શી વિસાતમાં? રોમના સૈન્યની ઝડપ અને ધસારાનો સામનો કરશો ત્યારે તમને તફાવત સમજાશે.'

'તો તાલીમ લેવાની આપણને કોણ ના પાડે છે?'

'બહુ મોડું થઈ ગયું! સૈનિકને પૂરી તાલીમ આપતાં આખું એક વર્ષ લાગે. એક વર્ષમાં તમે ક્યાં હશો? તમારું શરીર ક્યાં હશે? નહીં. આપણે માટે કેવળ એક જ શક્યતા છે. આપણો વેપાર અને આપણો પ્રદેશ આપણે છોડી દઈએ. જે કારણે આપણે મહાન બન્યા છીએ તે સર્વસ્વનો ત્યાગ કરીએ તો રખેને રોમન વિજેતા પોતાનો હાથ લંબાવે.'

એકત્ર થયેલા સૌની નજર સામે જે કાર્થેજનું આખરી સાગરયુદ્ધ સમાપ્ત થવાની અણી પર હતું. જોતજોતામાં શ્યામ મૅગ્રાના જહાજની બંને બાજુ પર બે રોમન યુદ્ધનૌકા ફરી વળી. તેઓએ મૅગ્રાને બરોબર ફસાવ્યો. હતાશ થઈ મરણિયા બનેલા મૅગ્રાએ અણિયાળા લંગરને પોતાના શરીર સાથે સજ્જડ રીતે બાંધી લીધું. પછી હથોડો અને કોશ લઈ વહાણની છતમાં બાકોરા પાડવા લાગ્યો. પ્યુનિકની આખરી યુદ્ધનૌકાનું ઑસ્ટિયા સુધી હરણ કરી જઈ રોમના પ્રવાસીઓને એ દૃશ્ય માણવાનો લાભ મળે તેવું ન જ બનવું જોઈએ. આ નૌકા પોતાનાં જ સાગરજળમાં આખરી સોડ તાણશે. માતા સમાન આ જલનિધિમાં નૌકા એકલી નહીં ડૂબે એ વિચારથી તેના કપ્તાનનો રૌદ્ર અને કૃષ્ણવર્ણો આત્મા ઝગમગી ઊઠ્યો.

કેવા માણસ સાથે કામ પાડવાનું હતું તેનો ખયાલ રોમવાસીઓને બહુ મોડેથી આવ્યો. પ્યુનિક જહાજના તૂતક પર ધસી ગયેલા રોમન સૈનિકોએ જોયું કે તેમના પગ નીચે નૌકા ડોલતી હતી અને ધીરેધીરે પાણીમાં ગરકાવ થતી જતી હતી. પોતાના યુદ્ધપોતમાં પહોંચી જવા તે હાંફળાફાંફળા બન્યા. પરંતુ ડૂબતા રક્તવર્ણી વહાણમાં તેઓ પણ ફસાયા અને ધીરેધીરે જલરાશિમાં ડૂબવા લાગ્યા. ચોતરફ નાસભાગ કરવા માંડ્યા. મૅગ્રાની નાવના તૂતક પર પાણી ફરી વળ્યાં. રોમવાસીઓનાં જહાજ પરથી ફેંકાયેલી મજબૂત, લોખંડી સાંકળો મૅગ્રાના જહાજ સાથે જડબેસલાક બેસી ગઈ. વહાણનો તૂતકવાળો ભાગ પાણીમાં નીચે જવા લાગ્યો. બીજો ભાગ સમુદ્ર બહાર ઊંચો થયો.

મેગ્રાની નૌકા પાણીમાં ગરકાવ થઈ રહી છે અને તેની પાછળ રોમવાસીઓનાં વજનદાર જહાજો પણ સાગરજળમાં ડૂબી રહ્યાં છે. એક પ્રચંડ ધડાકો સંભળાય છે. જહાજનું એક પડખું છૂટું પડ્યું અને તેના ટુકડેટુકડા થઈ ગયા. તે સીધું થયું અને સાગર સપાટી પર અસહાય બની ડોલવા લાગ્યું. આખરે નીલા સાગર જળમાં પીળા રંગનો એક આછો ઝબકારો થયો અને ત્રણેય નૌકા અંત તરફ ધસવા લાગી. ઘૂમરીએ ચઢેલાં પાણીમાં કાર્થેજનો વાઘના ચટપટા જેવા ચટપટા ધરાવતો રાષ્ટ્રધ્વજ ગરકાવ થાય છે. હવે પછી ક્યારેય નૌકાઓ નજરે પડશે નહીં.

સત્તર દિવસ સુધી આફ્રિકાના સાગરતટ પર એક કાળું વાદળ છવાઈ રહ્યું. વાદળ હતું ભડકે બળતા નગરરૂપી શબને ઢાંકવા માટેનું કફન. અઢારમે દિવસે નગરના ખૂણેખૂણામાં રોમવાસીઓનાં હળ રાખના ઢગલા વિખેરતાં ફરી વળ્યાં અને કાર્થેજને કાયમ માટે નેસ્તનાબૂદ કરવા રોમનો ભૂમિ પર નમક વેરવા લાગ્યા.

દૂર ટેકરીઓ પર નગ્ન અને ભૂખ્યાં માનવીઓ ટોળે વળ્યાં હતાં. જે ભૂમિ એક દિવસ અતિશય સમૃદ્ધ અને ખૂબ જ મનભાવન હતી તેને ઉજ્જડ બનતી જોઈ રહ્યાં હતાં. તેઓને મોડેમોડે ભાન થયું કે ઈશ્વરીય કાયદો છે કે પૃથ્વી સાહસિકો અને આત્મસંયમી લોકોના કબજામાં જાય છે. કર્તવ્ય બજાવવામાંથી જે કોઈ છટકશે તેનું ઐશ્વર્ય અને તેનું આધિપત્ય તેમ જ મનુષ્યત્વે બક્ષેલું તેનું અભિમાન ઘડીના છઠ્ઠા ભાગમાં છીનવાઈ જશે.□

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૪. કરુણા-દૃષ્ટિ સર્વોપરી—

કાઠમંડુ એક જમાનામાં નાનું, ને ચોખ્ખું, ગામ હશે. પણ એવું વધતું ગયું કે સીમાપારનું બધું શહેરનો ભાગ બની ગયું. રિંગ રોડ બન્યો કે જમીનના ભાવ ત્રણ ગણા થઈ ગયા. ખેતરો વેચાયાં, ખરીદાયાં, ને જાતજાતનાં ઘર એ ધરતી પર બંધાઈ ગયાં. નાનાં ઘરોમાંનાં અમુક છતવાળાં સપાટ હતાં, તો અમુક પર ચારે તરફ ઢળતાં નેપાલી શૈલીનાં છાપરાં હતાં. બધાં ઈંટનાં પણ બારીઓની આસપાસનાં લાકડાં ગળી બ્લૂ અથવા પીળી માટીના રંગે રંગ્યાં હોય. પણ સાવ નવાં ઘર પર આ શોભા ન દેખાઈ.

સામેની દીવાલનો નીચલો સળંગ ભાગ લાકડાના દરવાજાનો બનેલો હોય, ને વચ્ચે ઉપલા માળના આધાર માટે થાંભલા હોય. દરવાજા બંધ હોય ત્યારે લાકડું જ દેખાય, ને ખુલ્લા હોય ત્યારે ફક્ત થાંભલા જ જણાઈ આવે. ઘરમાં પ્રકાશ ને હવા ફરતાં રહે. વળી, અંદરની ફર્શ એક પગથિયું નીચી હશે, કારણ કે દુકાનદારો અડધા જમીનમાં ગરી ગયેલા ને ઠીંગણા લાગે. નવા ઘરનો આવો આગલો ભાગ ટિનના દરવાજાનો બનાવવો પડે છે, કારણે કે એ સસ્તું પડે! પછીથી મારું ધ્યાન ગયું કે ઘણાંખરાં ઘર રસ્તાને સમાંતર નહીં, પણ થોડાં ત્રાંસાં બાંધેલાં હતાં. અવનવી લાગી, પણ કુટુંબોને થોડી આડશ મળે એ રીત ગમી પણ ખરી.


આ બધાં બાંધકામ અને સંસારની ભીડની વચ્ચે પ્રાચીન અને પવિત્ર એવા બોધનાથ સ્તૂપનો વિશાળ ગર્ભાકાર આવેલો છે. લિચ્છવી રાજા માનદેવ દ્વારા પાંચમી સદીમાં એની રચના થયેલી. એના મહાવર્તુળાકારના સફેદ ધોળ પર હળદરિયા પીળા રંગની કમાનો ચિતરાયેલી છે. ઉપરના ચોરસ મિનારની ચારેય બાજુઓ પરથી સુંદર અર્ધ-નિમિલિત નેત્રો કૃપા, કરુણા, રક્ષા-દૃષ્ટિ ફેલાવે છે. છેક ટોચ પર રહેલો ચૂડામણિ કળશ મોટેથી નાનાં થતાં જતાં તેર સોનેરી વલયોનો બનેલો છે. એ સર્વ પર એક નાનું છત્ર સોહે છે અને ચોતરફ રંગીન હજારો પતાકાનાં તોરણ.

બોધનાથ સ્તૂપનો છેક નીચલો ભાગ અષ્ટાકારે છે. એની દીવાલ પર ચોતરફ સળંગ, સહેલાઈથી હાથ પહોંચે એટલે ઊંચે પાંચ હજાર જેટલાં 'પ્રાર્થના ચક્ર' મૂકેલાં છે. કાંસાના નળા જેવા આકાર પર 'ઓમ મણિપદ્મે હુમ' મંત્ર લખેલો હોય છે. યાત્રાળુઓ જમણા હાથે એ દરેક ચક્રને ગોળ ફેરવતા ચાલતા રહે છે ને એ રીતે પ્રાર્થના-મંત્ર ઉચ્ચાર્યાનું પુણ્ય એકઠું કરતા રહે છે. બૌદ્ધ ભિખ્ખુઓ અને ભિક્ષુણીઓ, અલબત્ત, હાથમાં માળા ફેરવતાં, સ્ફુટ-અસ્ફુટ રીતે મંત્રોને રટતાં સ્તૂપની, ને તેથી દેવોપસ્થિતિની પ્રદક્ષિણામાં રત હોય છે.

યાત્રાળુઓ ક્યાં ક્યાંથી આવે છે અહીં. સ્થાનિક લોકો, શહેરીઓ અને છેક તિબેટથી ઊતરી આવેલાં ખેડૂત જેવાં દેખાતાં દર્શનાર્થીઓ. અત્યંત ભાવ અને શ્રદ્ધાથી એ બધાં નમન કરતાં હોય. સ્તૂપ ઉપર અડધે સુધી જવા માટે પગથિયાં છે. ત્યાં ચાલવા કે બેસવા માટે થોડા પથ છે. સ્તૂપના અંગ પર એંશી ગોખલા છે, જેમાં બુદ્ધ અને બોધિસત્ત્વોની નાની મૂર્તિઓ-પાષાણની, ધાતુની-પધરાવાયેલી છે. આ સ્તરે પણ પ્રાર્થના અને પ્રદક્ષિણા કરવાનાં હોય છે.

અભ્યાસ-પુસ્તકો પ્રમાણે અસ્થિની ઉપર ભક્તિ-સ્થાપત્ય બાંધવાની પ્રથા વૈદિક કાળથી - લગભગ ૩૫૦૦ વર્ષ પહેલાં - થઈ ગણાય છે. કાઠમંડુમાં ઈ.પૂ. ત્રીજી સદીમાં બંધાયેલો એક સ્તૂપ પણ છે. સમ્રાટ અશોકની પુત્રી ચારુમતીનાં લગ્ન અહીંના રાજપુત્ર દેવપાલ સાથે થયાં પછી ચારુમતીએ આ ચૈત્યની માંડણી કરી. એ હવે ભગ્નાવશેષ તરીકે છે. સ્વયંભૂ-નાથની રચના પચીસસો વર્ષ પહેલાં થયેલી. ચૌદમી સદીમાં સુલતાન શમસુદ્દીનના લશ્કર દ્વારા એનો વિનાશ થયેલો, એમ કહેવાય છે. આ દરેક સ્તૂપની રચના માટે મંડલા અને અન્ય ભૌમિતિક આકારોને અનુસરવાનાં હોય છે. ધ્યાની બુદ્ધ તથા બુદ્ધ-શક્તિનાં એ સ્થાનક ગણાય છે, અને પંચમહાભૂતની પ્રતીકોપસ્થિતિ પણ આ સ્થાને હોય છે.


શિખરનાં તેર વલયો, અને સ્તૂપ પર જતાં તેર પગથિયાં તેર લોકનાં પ્રતીક ગણાય છે. વળી, 'નિર્વાણ' સ્તર સુધી પહોંચવા માટે તેર જન્મ-સ્તરોમાંથી પસાર થવું પડે છે. દરેક સાચા બૌદ્ધ-ધર્મીને આ સર્વોચ્ચ સ્તરે પહોંચવાની મહેચ્છા હોય



કરુણા-દૃષ્ટિ સર્વોપરી



બૌદ્ધ ભિખ્ખુઓ



બોધનાથ સ્તૂપનો પરિસર

છે તેથી જ, સવારથી રાત સુધી શ્રદ્ધાળુઓ સ્તૂપના આશ્રયમાં રહેતા જોવા મળે છે. બૌદ્ધ પૂજારીઓ સતત હવન અને પૂજા પણ કરતા દેખાય છે. વળી, સાંજ પડતાં ભક્તોની ભીડ વધી જાય છે. તિબેટીઓનાં જૂથનાં જૂથ પ્રાર્થના-ચક્ર ફેરવતાં સ્તૂપની પ્રદક્ષિણા કરે છે. યાત્રા-સ્થાનને અનુરૂપ હૃદયસ્પર્શી વાતાવરણ આપોઆપ સર્જાઈ જાય છે.

એક સૂર્ય-સિક્ત દિવસને અંતે રાતનું ગગન હીરા જેવી તારા અને રજત અર્ધ-ચંદ્રથી શોભી રહ્યું. એ સમયે બોધનાથ સ્તૂપની સામે બે હરોળ કરીને પૂજારીઓ બેઠેલા હતા. વચ્ચે મમરાના ઢગલા દ્વારા બે લઘુ-સ્તૂપોની ભાવના કરાયેલી હતી. ફળ, ફૂલ તેમજ બિસ્કીટનાં પૅકેટ એમને ધરાવવામાં આવ્યાં હતાં. મૃદુ સ્વરે મંત્રોચ્ચાર થઈ રહ્યા હતા ને લોકો અડધા કુંડાળે બેસી ગયાં હતાં. આ પૂજા શાને માટે થઈ રહી હતી તે જાણવાનું મને કુતૂહલ ઘણું થયું પણ પૂછવું કોને ?

એ પ્રવાસ દરમિયાન હું એક બંગાળી મિત્ર-દંપતીને ત્યાં ઊતરી હતી. નવાં બાંધકામોને લીધે એમની બારીમાંથી થતાં બોધનાથનાં દર્શન બંધ થઈ ગયાં હતાં, પણ અવાજને કોણ રોકી શકે ? 'ન્હા' (Ngha) કહેવાતાં, તાંબાના બનેલાં ખૂબ લાંબા નેપાલી સીંગાં (તૂર્ય) વાગી ઊઠેલાં સાંભળી રૉય-દંપતી ને હું સ્તૂપ તરફ દોડ્યાં. ત્યાં તો બધું બંધ હતું, તેથી અમે થોડે દૂર આવેલા બૌદ્ધ-વિહાર તરફ ચાલવા માંડ્યાં. એ જરા ઊંચે હતો. પગથિયાં ચઢ્યાં પછી ખુલ્લા ચોગાનને છેડે વિશાળ, ભવ્ય ને લાક્ષણિક શૈલીની ઈમારત હતી. એના પ્રવેશદ્વારમાં જતાં જ મુખ્ય પ્રાર્થના-ખંડ હતો. એની ત્રણ દીવાલો પર લટકાવેલાં પ્રાચીન, અત્યંત સુંદર-'થાનકા' કહેવાતાં, બૌદ્ધ-જીવનને તથા ઉપદેશને દાખવતાં -ચિત્રો અને એમની આસપાસ જડેલા સોનેરી, કિનખાબી વસ્ત્રને લીધે એ ખંડ જાણે અસાધારણ રીતે દેદીપ્યમાન બનેલો હતો.

ચોથી દીવાલની પાસે એક પીઠિકાની ઉપર દલાઈ લામાનો ફોટો પધરાવેલો હતો. એ ફોટાની નીચે પાથરેલા જરિયાન આસન પર વચ્ચે 'દોર્જે'-દ્વય અને ચાર ખૂણે ચાર સ્વસ્તિકના આકાર સમાનાર્થે કરાયેલા હતા. 'દોર્જે' એટલે 'વજ્રપાત', એવો વિદ્યુત્પાત કે જે ક્ષણે જ્ઞાન લાધે છે. તિબેટી બૌદ્ધ-પૂજાનું એ અવિભાજિત અંગ છે. પીત્તળના એ પૂજાપાને ડાબા હાથમાં અંગૂઠા અને તર્જનીની વચ્ચેના ભાગમાં પકડવાનું હોય છે. જમણા હાથે ઘંટડી ધરી રખાતી હોય છે. સ્વસ્તિક શુભનું, તો 'દોર્જે' જ્ઞાનનું પ્રતીક ગણાય છે.

ફોટાની પાછળ બુદ્ધની મહા-પ્રતિમા હતી. કાચના કબાટમાં ગોઠવેલી હતી તેથી તરત દેખાઈ નહોતી આવતી. કેટલાક કિશોર ભિખ્ખુઓ વિધિ-નિર્ધારિત નૃત્યની તૈયારી કરતા હતા. બીજા કેટલાક બેઠા હતા અને મજાક કરી હસતા હતા. પ્રવેશ પાસેની દીવાલ તરફ કિશોર તથા પુખ્ત ભિખ્ખુઓ અસ્ફુટ સ્વરે, અનવરત, લય-બદ્ધ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. ન્હા તૂર્ય વાગ્યાં, અટક્યાં, ફરી શરૂ થયાં. ઉપરની અગાશીમાં વાદકો બેઠા હતા. ત્યાં જવાય કે નહીં, તે અમે નક્કી કરી ના શક્યાં, પણ ત્યાં જ મેં એક ગોરા ભિખ્ખુને જોયા. એ ફ્રાન્સના હતા. એમણે કહ્યું કે વિહારના મુખ્ય લામાએ પ્રત્યેકના લાભાર્થે અને શુદ્ધીકરણ માટે સાત દિનની પૂજા માંડી હતી અને બધાંને આવવાની છૂટ હતી.

યાકનાં ઘી ભરેલાં અસંખ્ય કોડિયાંની હારની હાર વેદી પર સળગાવેલી હતી. એ બધી જ્યોતનો આછો પ્રકાશ, ઉષ્મા અને યાક-ઘીમાં રૂની વાટ બળવાની પેલી વિશિષ્ટ સુગંધ! એ આખો અનુભવ વિશિષ્ટ હતો. બીજે દિવસે હું તો ફરીથી ત્યાં પહોંચી ગયેલી! ભીડ ઘણી વધારે હતી. દૈત્ય-પિશાચનાં મહોરાં પહેરેલાં, વેશભૂષાથી સજ્જ ભિખ્ખુઓ નૃત્યરત હતા. અન્ય શબ્દોચ્ચાર કરતા હતા અને જુદી જ જાતની વાંકી-લાકડીઓથી ઢોલ પર તાલ આપતા હતા. કેટલો જીવંત, કેટલો સક્રિય છે નેપાલમાંનો બૌદ્ધ ધર્મ! બહુમતી બૌદ્ધ એવાં પ્રજાજન અંગત

(અનુસંધાન પૃષ્ઠ : ૨૯૨)

ફિલ્માકાશ-૧૭

ધ ન્યૂ થીએટર્સ : ૧૯૩૫ની સાલે તે પછી આવનારાં વર્ષોની સમૃદ્ધિનો પાયો નાખ્યો.

રજનીકુમાર પંડ્યા

એક વાત ખાસ નોંધવા જેવી છે કે પ્લેબૅક પદ્ધતિની શોધ થયા પછી પણ ખરેખરા અર્થમાં સંગીતને ઉપકારક એવો એનો વિનિયોગ કરતાં થોડો સમય લાગ્યો. 'ધૂપછાંવ' (૧૯૩૫)માં પણ એવા કલાકારો હતા કે જે અભિનયક્ષેત્રે તો બરાબર હતા પણ એમાં કંઠ કોઈ તાલીમબદ્ધ પ્રતિભાવાન ગાયક-ગાયિકાઓના હોય તેવા નહોતા; એટલે એમાંથી જે કલાકારો ખરેખર ગાઈ શકે તેવાં હતાં તેઓને ભાગે જ બધાં ગીતો ગાવાનાં આવ્યાં, જેમ કે કે.સી.ડે, ઉમાશશી, પહાડી સન્સાલ. બીજાં ન ગાઈ શકે તેવાં કલાકારો જેવાં કે સરદાર અખ્તર, ત્રિલોક કપૂર (પૃથ્વીરાજ કપૂરના સાવકા ભાઈ), કેદાર શર્મા જેવાઓને ભાગે ગીતો ન આવે તેની કાળજી પટકથામાં જ લેવામાં આવતી. બીજી એક વાત એ પણ જાણવા જેવી છે કે કે. એલ. સાયગલની એ ચિત્રમાં કોઈ જ ભૂમિકા ના હોવા છતાં કે.સી.ડેની ઉપર ફિલ્માવવામાં આવેલાં અને કે. સી. ડેએ જ ગાયેલાં બે ગીતોની સાયગલના કંઠમાં પણ રેકોર્ડ બહાર પડી હતી જે કે.સી.ડેનાં મૂળ ગીતો કરતાં પણ વધુ વેચાણ પામી. એ ગીતો હતાં, 'અંધે કી લાઠી તૂ હી હૈ' અને 'જીવન કા સુખ આજ પ્રભુ મોહે' હજુ જ્યારે પણ, સિલોન રેડિયો ઉપર ક્યારેક આ ગીતો આવે છે ત્યારે સાયગલના સ્વરમાં ગવાયેલાં જ આવે છે.

આમ, પ્લેબૅક ગાયનની શોધાયેલી પદ્ધતિના કારણે ફિલ્મોમાં એક નવા યુગનો આરંભ થયો. અભિનેતા કે અભિનેત્રીને ગાતાં ન આવડતું હોય તો પણ તેમના મોંએ સુરીલાં, મધુર ગીતો મુકાવાં શરૂ થયાં. એવી જ રીતે કોઈ ગાયક-ગાયિકા અભિનયક્ષેત્રમાં શૂન્ય હોય તો તેમને માટે પણ કૅમરા સામે આવવાની કે તેમને માત્ર તેમના કંઠની લાયકાત ઉપર કૅમરા સામે લાવવાની મજબૂરી ન રહી. આને કારણે લૉંગ શૉટ, મીડ શૉટ, કે ક્લોઝઅપ, કોઈ પણ ઢબે ગીતો મૂકવાની સુગમતા પેદા થઈ - જો કે પ્લેબૅકની શરૂઆત ૧૯૩૫માં થવા છતાં પ્લેબૅક ગાયનના ક્ષેત્રને અલગ માનભર્યો દરજ્જો મળતાં તો પાંચ-છ વર્ષ થયાં. ત્યાં સુધી તો મૂળ અભિનેતા કે અભિનેત્રી પોતે જ અગાઉથી રેકોર્ડિંગ કરાવીને ફિલ્માંકન વખતે પોતે જ પોતાનું પ્લેબૅક લે તો વધુ સારું એવું માનવામાં આવતું હતું. પત્રકાર લેખક ઉર્વીશ કોઠારી સાથેની વાતચીતમાં અનિલ બિશ્વાસે આ જ વાતનો સ્વીકાર કર્યો છે. અભિનેતા-અભિનેત્રી ગાયકોમાં જોઈતા સ્તરના (અપ ટુ ધ માર્ક)ના હોય તો પણ નિર્માતાઓ બીજા સારા ગાયકનું ગળું તેના માટે લેવાને બદલે (જે શક્ય હતું તો પણ) એનું જ ગળું વાપરવાનો આગ્રહ રાખતા. અનિલ દાએ ઉર્વીશ કોઠારીને કહ્યું હતું કે "હું સાગર મુવિટોનમાં કામ કરતો હતો ત્યારે એ કંપનીના કાયમી હીરો સુરેન્દ્ર હતા. હું દિલ દઈને ધૂનો બનાવતો પણ તે બીજા સારા ગાયક પાસે ગવડાવવાને બદલે સુરેન્દ્ર પાસે જ ગવડાવવી ફરજિયાત હતી. તેથી હું સુરેન્દ્રને કહેતો : 'લો મૈંને ઈતની બઢિયા ધૂન બનાયી હૈ, અબ તુમ ચલાઓ ઈસકે ઉપર હલ!'" મતલબ કે કરી નાખો એને ખેદાન-મેદાન. ગાયક સુરેન્દ્રના ચાહકો આ વાંચીને નારાજ થવા સંભવ છે. પણ તેમણે ફિલ્મ 'ગવૈયા' (૧૯૫૪)નું રામ ગાંગુલીના સંગીતમાં ગાયેલું ગીત 'તેરી યાદકા દીપક જલતા હૈ' સાંભળીને તેની સાથે તલત મહેમુદના સુરીલા મખમલી કંઠમાં એ જ ગીત ઉપલબ્ધ છે તે સાંભળવું જોઈએ. તફાવત તરત જ સમજાશે કે વ્યાવસાયિક ગાયક અને માત્ર પોતા પૂરતાં 'ખપજોગું' ગાનારા ગાયકની ગાયકી વચ્ચે શો તફાવત છે. અલબત્ત, જે જૂની પેઢીના શ્રોતાઓનાં રુચિતંત્રમાં સુરેન્દ્રવાળું ગીત સ્થાપિત થઈ ચૂક્યું હશે તેમને ગળે આ વાત ઉતરાવવી મુશ્કેલ છે.

અહીં એક આડવાત કરી લેવી જરૂરી સમજું છું, કારણ કે પ્લેબૅક ગાયનના ફાયદાના કાર્યક્ષેત્રમાં જ આ દૃષ્ટાંતો આવે છે. આ જ ગાયક સુરેન્દ્રે ફિલ્મ 'બૈજુ-બાવરા'માં તાનસેનની ભૂમિકા ભજવી હતી ત્યારે એમને માટે અમીરખાન જેવા શાસ્ત્રીય ગાયકનો કંઠ લેવામાં આવ્યો હતો. જો કે એ તો શાસ્ત્રીય ગાન હતું. એટલે એ દાખલો બંધ ના બેસે તો ભૂતકાળમાં મોહમ્મદ રફીના પ્રેરણામૂર્તિ રહી ચૂકેલા ગાયક જી.એમ.દુરાનીએ તેમનો પોતાનો યુગ આથમી ગયા પછી ૧૯૭૧માં શંકર જયકિશનના સંગીતમાં ફિલ્મ 'લાલ પથ્થર'માં મોહમ્મદ



સાયગલ
ફિલ્મ 'કારવાને હયાત'માં

રફીનો સ્વર 'ઉનકે ખયાલ આયે તો આતે ચલે ગયે' માટે લેવો પડ્યો હતો. કિશોરકુમાર જેવા સ્વયં અભિનેતા ગાયકે (જેમણે પાછળથી એક જમાનામાં રફીને પણ નેપથ્યમાં ધકેલી દીધા હતા તેમણે) પોતાના માટે મોહમ્મદ રફીનો સ્વર ફિલ્મ 'શરારત'(૧૯૫૯) અને 'રાગિણી'(૧૯૫૮) માટે લેવાનો વારો આવ્યો હતો. ગીતો હતાં અનુક્રમે 'અજબ હૈ દાસતાં તેરી' અને 'મન મેરા બાવરા' અને વળી 'શરારત'માં તો બીજાં ગીતો તો એના પોતાના કંઠમાં પણ હતાં. છતાં આ એક ચોક્કસ ગીતની અદાયગી માટે મોહમ્મદ રફીનો સ્વર વધુ બંધબેસતો લાગતાં એનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્લેબૅક પદ્ધતિની શોધ ના થઈ હોત તો આ શક્ય ન બનત.

સંગીત ક્ષેત્રની આ શોધની દૂરગામી અસરો પણ ઘણી પડી હતી. અગાઉ જણાવ્યું તેમ સંવાદોનું ડબિંગ પણ શક્ય બન્યું. (ફિલ્મ 'ડૉક્ટર'માં પંકજ મલિકના સંવાદો જગદીશ શેઠીના અવાજમાં ડબ થયા હતા તે આપણે અગાઉના હપ્તામાં જોયું) પણ મ્યૂઝિકને પણ અલગ આસન મળ્યું. બી. એન. સરકાર એ વિશે બહુ સભાન હતા. જો કે વર્ષો લગી તેમણે કોઈ માત્ર પ્લેબૅક ગાયક જ હોય એવો કલાકાર પોષવાનું જરૂરી ના લાગ્યું પણ તે તેમને આટલું બધું સહેલું ના સૂઝે તે પણ સ્વાભાવિક હતું.

* * *

૧૯૩૫ની સાલમાં ન્યૂ થીએટર્સે બીજી અનેક ફિલ્મોનું નિર્માણ કર્યું. એમાં રાજકપુરે જેમાં બાળકલાકાર-નો રોલ કર્યો હતો તે 'આફ્ટર ધ અર્થક્વેક' (હિન્દી) તો ખરી જ પણ એ સિવાય 'કારવાને હયાત' જે ૧૯૩૫ના એપ્રિલની ૧૩મીએ કલકત્તાના ન્યૂ સિનેમા થીએટરમાં રજૂ થઈ તે નોંધપાત્ર ગણાય. તેના વિશે વાત કરતાં પહેલાં એ સાલની ન્યૂ થીએટર્સની બીજી ફિલ્મોની નામાવલી જોઈએ. 'કાવલોન' (તમીલ) જેમાં પૃથ્વીરાજ કપુરની ભૂમિકા હતી. સંવાદો પેલી પદ્ધતિનો લાભ લઈને ડબ કરાયા હોય તે સ્વાભાવિક છે. 'બ્લડ ફ્યૂડ' યાને કે 'જોશે ઈંતેકામ' (ઉર્દુ) જે ન્યૂ થીએટર્સે પોતાના માટે નહીં પણ ન્યૂ ઈંડિયા ફિલ્મ્સ માટે બનાવી આપી હતી ને જેના કલાકારોમાં જગદીશ સેઠી, પૃથ્વીરાજ કપુર, હીરાલાલ, યાકુબ, મુબારક જેવા કલાકારો હતા ને સંગીત હરિપ્રસન્ન દાસનું હતું. (કે જેઓની પાસેથી આગળ ઉપર હેમંતકુમારે સંગીતની તાલીમ લીધી હતી.) દિગ્દર્શન હતું પ્રફુલ્લચંદ્ર રૉયનું. આ ઉપરાંત 'બિજોયા' (બંગાલી) કે જેની વાર્તા શરદબાબુની હતી અને સંગીત તિમિર બરનનું હતું. તે પછી બીજી બંગાળી ફિલ્મ 'અબા શેષેય' પણ હતી જે પૂર્ણ લંબાઈની નહોતી. માત્ર ત્રણ રીલની લઘુ ફિલ્મ હતી. આ ઉપરાંત 'કોકેન્સ ઍન્ડ કેલીઝ કૉટ', 'મી ઍન્ડ ધ બોયૂઝ', 'મ્યૂઝિકલ મોમેન્ટ્સ' નામની અંગ્રેજી ફિલ્મો પણ ન્યૂ થીએટર્સે બનાવી હતી, જેમાંથી પ્રથમને બાદ કરતાં બાકીની બે નાની-નાની ઓછી લંબાઈની હતી. આ ફિલ્મો વધારાના આકર્ષણ તરીકે કોઈ મુખ્ય ફિલ્મ સાથે દર્શકોને બતાવવામાં આવતી. ન્યૂ થીએટર્સે આ જ સાલમાં રાજા ભોજની કથા


'કારવાને હયાત' ફિલ્મમાં રતનબાઇ

ઉપરથી 'કિંગ ભોજ' નામની પૂર્ણ લંબાઈની તમીલ ફિલ્મ પણ બનાવી હતી. આમ, ન્યૂ થીએટર્સનું 'કારખાનું' ફિલ્મનિર્માણની પ્રવૃત્તિથી સતત ધમધમતું રહેતું હતું.

અલબત્ત, બૉક્સ ઑફિસ પર કંઈક સારી કમાણી કરાવી આપનાર ૧૯૩૫ની હિન્દી ફિલ્મોમાં 'ધૂપછાંવ' ઉપરાંત 'કારવાને હયાત' પણ ખરી. સાયગલનો અભિનય અને એમની પછવાડેની લોકઘેલછા એમાં સવિશેષ કારણભૂત હતી. નહીં તો વાર્તા અર્ધ-ઐતિહાસિક ગણાય તેવી હતી. - ખરેખર તો એને સાહસકથા જ ગણી શકાય. કાસ્કંદ રાજ્યની ગાદીનો વારસદાર પરવેઝ (સાયગલ) પોતાના પાડોશી રાજ્ય બીજાપોરની રાજકુમારી (અભિનેત્રી રાજકુમારી)નાં પોતાના સાથે થનારાં લગ્નના વિરોધમાં રાજમહેલ છોડી જાય છે અને નાચગાન કરનારા જિપ્સીઓના કાફલામાં જોડાઈ જાય છે અને ત્યાં ઝરીના (રતનબાઈ) નામની યુવતીના પ્રેમમાં પડે છે. ઝરીનાનો મોટો ભાઈ ટિક્કીમ રાજકુમારીને હાથ કરવા ચાહે છે અને તેનું અપહરણ કરાવીને જિપ્સીઓના કાફલામાં નૃત્યાંગના તરીકે ગોઠવી દે છે. અહીં પરવેઝ અને રાજકુમારીનું પ્રત્યક્ષ મિલન થાય છે. બન્ને પ્રેમમાં પડે છે ને થોડી ઝપાઝપી પછી વિલન ટિક્કીમ મહાત થાય છે અને આ તરફ જિપ્સી કન્યા ઝરીના (રતનબાઈ) પણ રાજકુમારીના પ્રેમની તરફેણમાં પોતાના પ્રેમનું બલિદાન આપે છે. અસમાન આર્થિક સ્થિતિવાળાં પાત્રો વચ્ચે લગ્ન સંભવી શકે નહીં એવો છૂપો ધ્વનિ ધરાવતી આ વાર્તા મનોરંજન માટે ઠીક હતી. બાકી નિર્દેશક પ્રેમાંકુર અટોર્થીના નામને જેબ અપાવે તેવી નહોતી. તેમના સહાયક આગળ ઉપર ફિલ્મ 'કરોડપતિ'થી ચમકી ઊઠનારા હેમચંદ્ર હતા. સૈયદ ઈમ્તિયાઝ અલી 'તાજ' નામના પ્રખ્યાત ઉર્દુ વાર્તાકારની આ વાર્તામાં અરેબિયન પોષાકોની ઝાકમઝાળ, જિપ્સીઓની ટોળીઓનાં નાચગાન અને ખાસ તો મિહિર કિરણ ભટ્ટાચાર્યના સંગીતમાં સાયગલે ગાયેલાં ગીત-સંગીત કર્ણપ્રિય હોવાના કારણે ઠીક ઠીક સફળ થઈ. એક તો સાયગલ, પહાડી સન્યાલ અને એક મહિલા સ્વરમાં ગવાયેલું ગીત 'કોઈ પ્રીત કી રીત બતા દે હમેં' અને વિશેષ તો

સાયગલની ભૈરવી રાગ પર આધારિત એની ગાયેલી વિખ્યાત ગઝલ 'હૈરતે નઝારા આખિર બન ગઈ રાનાઈયાં'ને કારણે ફિલ્મની રિપીટ વૅલ્યુ ઊભી થઈ હતી. અમુક વર્ગ આ ફિલ્મને પસંદ ના કરતો પણ આ ગઝલને કારણે વારંવાર થીએટરની મુલાકાત લેનાર વર્ગ પણ નાનો-સૂનો નહોતો. એ ફિલ્મમાં સાયગલનું બીજું એક ગીત પણ બહુ લોકપ્રિય થયું હતું અને તે હતું : 'દિલસે તેરી નિગાહ જિગર તક ઉતર ગઈ, દોનોકો ઈક અદામેં રજામંદ કર ગઈ'. 'દિલસે તેરી નિગાહ' તો ગાલિબની રચના છે, પરંતુ બીજા ગીતના ગીતકારનું નામ જણાવવામાં નથી આવ્યું પણ 'હૈરતે નઝારા આખિર' જેવા શબ્દો ગાલિબના યા ગાલિબના શબ્દો પરથી લખાયેલા હોઈ શકે.

આ ફિલ્મનું પહાડી સન્યાલનું ગાયેલું ગીત 'યે કુચ કે વક્ત કૈસી આવાઝ દિલ કે કાનોં મેં જા રહી હૈ' પણ સારું ચાલ્યું હતું.

જો કે સાયગલના વિશે અધિકૃત પુસ્તક લખનાર શ્રી રાઘવ મેનન લખે છે તેમ 'કારવાને હયાત'ની ગઝલ 'હૈરતે નઝારા'ના રેકોર્ડિંગ વખતે સાયગલનો અવાજ બરાબર નહોતો, ગળું ખરાબ હતું ને આગળ ઊંચા સૂર વખતે તો ક્યાંક સ્વરભંગ પણ થતો હતો. પણ એ બધાં વિશ્લેષકોનાં નિરીક્ષણો છે. ચાહકો તો એને એક ખાસિયત ગણીને માણતા હોય છે. (૧૯૫૯ના 'રાણી રૂપમતી'ના ગીત 'આ લૌટકે આ જા મેરે મિત'માં 'સુના પડા રે સંગીત'માં 'પડા' શબ્દના ઉચ્ચાર વખતે મુકેશનો સ્વર કોઈ પણ નોંધી શકે તેટલી હદે ફાટી જાય છે. છતાં સંગીતકાર એસ. એન. ત્રિપાઠીએ એને એમ કહીને યથાવત્ રખાવ્યું હતું કે એ તો મુકેશની ઓળખ છે. મુકેશને એ વખતે આ સાંભળીને માઠું લાગ્યું હતું પણ આજ લગી 'વૉઈસ ઑફ મુકેશ'માં ગાનારા લગભગ દરેક કલાકાર જ્યારે આ ગીત ગાય છે ત્યારે એ ચોક્કસ જગ્યાએ ઈરાદાપૂર્વક સ્વરને તરડાવીને ગાય છે. અને એ રીતે એસ. એન. ત્રિપાઠી સાચા પડ્યા છે!)

૧૯૩૫ની સાલ આ રીતે માત્ર ન્યૂ થીએટર્સ માટે જ નહીં, માત્ર બંગાળી ફિલ્મ-ઉદ્યોગ માટે જ નહીં, પણ સમગ્ર ભારતીય ફિલ્મ-ઉદ્યોગ માટે નવા નવા આવિષ્કારો અને નવી નવી પ્રતિભાઓના ઉદયની સાલ રહી. આમ છતાં આ બધામાં બી. એન. સરકાર તેમના ન્યૂ થીએટર્સના બૅનરથી સૌથી ટોચ ઉપર રહ્યા. તેઓ સર્વત્ર છવાયેલા રહ્યા. અરે 'કારવાને હયાત' ફિલ્મ તો તેમણે ન્યૂ થીએટર્સની લાહોર શાખાના બૅનર હેઠળ બનાવી હતી.

જો કે ૧૯૩૫ની સાલ તો ન્યૂ થીએટર્સ માટે એનાથી પણ વધુ યશ લઈને આવી. એની 'કરોડપતિ' ઉર્ફે 'મિલીઓનેર' જેવી હલકીફૂલકી ફિલ્મ તો 'મંઝીલ', 'માયા' અને 'પૂજારીન' જેની યશોદાયી ફિલ્મો ૧૯૩૬માં આવી અને એ દરેકની પછવાડે એના સર્જનની અવનવી વાતો, અનુભવો અને કોઈ ને કોઈ નવી પ્રતિભા (જેમ કે હેમચંદ્ર)ના ઉદયની કહાની છુપાયેલી પડી છે. કાનનદેવી જેવી પ્રતિભા પણ એ જ વર્ષમાં ન્યૂ થીએટર્સને સાંપડી તો 'ગૃહદાહ' જેવી પડકારરૂપ વિષયવસ્તુવાળી બંગાળી ફિલ્મ માટે પી.સી.બરુઆએ કેવી મહેનત કરી તેની વાતો પણ અચંબો પમાડનારી છે. તો સામે છેડે શાંતારામે પણ મહારાષ્ટ્રમાંથી એવી એક ફિલ્મ આપી કે જે વિદેશી ફિલ્મ-મહોત્સવમાં માનભર્યું સ્થાન પામી. બૉમ્બે ટોકિઝમાં અશોકકુમારનો પ્રવેશ પણ ૧૯૩૬માં બહુ જ મેલોડ્રામેટિક રીતે થયો. સોહરાબ મોદી ચમક્યા 'સઈદે હવસ'થી. તે પણ આ જ વર્ષમાં. (ક્રમશઃ)

સુધારો : એપ્રિલ અંક પૃષ્ઠ-૨૨૪ના પહેલા કૉલમની છેલ્લી લીટીમાં '૧૯૩૧'ને બદલે '૧૯૩૭' વાંચવું. બીજા કૉલમની નીચેથી ૧૭મી લીટીમાં 'બેગમ અખ્તર'ને બદલે 'સરદાર અખ્તર' વાંચવું.

અનુસંધાન] દેવો સદા સમીપે [પૃ. ૨૮૯ થી

તેમજ જાહેર રીતે, વૈયક્તિક તેમજ સામૂહિક રીતે ધર્મનું પાલન કરી શકે છે, ધર્મનો આનંદ માણી શકે છે.

ધર્મ-ક્ષેત્રે હજી એક વધારે, ને અસુલભ એવો અનુભવ હું નેપાલમાં પામી. તે હતો 'રિન્પોચે'નાં દર્શનનો લ્હાવો. શબ્દશઃ એનો અર્થ 'મૂલ્યવાન રત્ન' થાય છે; પરંતુ અત્યંત શ્રદ્ધા, આદર અને સન્માન સાથે આ શબ્દ વપરાય છે. એ લામાઓ માટે કે જે પ્રાચીન મહાગુરુઓના અવતાર રૂપે, પુનર્જન્મ લઈને આવેલા ગણાય છે. એ વૃદ્ધ જ હોય એવું નથી. ઝોપા રિન્પોચે ૧૯૪૫માં જન્મેલા છે. હું જેમનાં દર્શન પામી તે કાલુ રિન્પોચેની વય આથી વધારે હતી, ને એ કૃશ-દેહી હતા. તિબેટના એક વિહારમાંથી નેપાલની મુલાકાતે આવ્યા હતા, ને એમના માનમાં જ એ સમયે સપ્ત-દિનની પૂજા આરંભાઈ હતી.

વિહારના છેક ઉપલા એક કક્ષમાં એ વિરાજેલા હતા. રૉય-દંપતીએ અને મેં એમને ધરાવવા માટે તાજાં ફળ અને સફેદ ઉપરણાં ખરીદેલાં. રિન્પોચે અંગ્રેજી બોલતા નહોતા પણ અનુગ્રહની દૃષ્ટિ તથા મંદ સ્મિતથી અમને આવકાર્યાં. અમે કોઈ પ્રશ્ન પૂછી ના શક્યાં, પણ એમનો ફોટો લેવાની રજા એમણે તરત આપી. ઘૂંટણિયે પડીને એમને નમન કર્યાં ત્યારે દક્ષિણ હસ્ત એમણે દરેકના માથા પર મૂક્યો અને વચમાં એક ગાંઠ મારેલો પ્રસાદી લાલ દોરો દરેકના ગળામાં પહેરાવ્યો. આ ખરેખર ભાગ્ય જ હતું, કારણ કે આ રિન્પોચે અત્યંત મહત્ત્વના પૂજનીય તથા ઉત્તમ વંશમાંથી આવેલા ગણાય છે.

શ્રદ્ધા અનુભવવા માટે, ભક્તિ દર્શાવવા માટે, આશીર્વાદ આપવા માટે તેમજ સ્નેહ પ્રસરાવવા માટે ભાષા અને શબ્દોક્તિઓ નહીં, પણ સંવેદનાત્મકતા આવશ્યક હોય છે. (ક્રમશઃ)

આથમતાં અજવાળાં-૧૨

માંડવો

ભગીરથ બ્રહ્મભટ્ટ

સામાન્ય રીતે દીકરી કે દીકરાનાં લગ્નનો પ્રારંભ માંડવાથી થતો હોય છે. માંડવો રોપાય એટલે આંગણે અવસર આવ્યાનું સિગ્નલ. એ માંડવાનું ઘણું મોટું માહાત્મ્ય હતું ... અમારા ગામના પશાકાકા એના વિશે આમ કહેતાઃ

'આજે ભૈ તમારે કોંય મોંડવાનું મોંનપોંન રયું નૈ હોય પણ હાચું કૌ તો અમારા વખતમાં તો મોંડવો એક્અ મોંડવો. હરખનો પાર ના હૉય. બાર રેં'તો વૉય ક ગોંમમાં, ઈના આગલા દારેથી એ ધણીના ઘેર આજર થૈ જ્યો હૉય. તમારે તો આજે રજા ના મળી કીધું એટલે પત્યું. તનદારે આવું ન'તું. હાચી વાત તો એ કે હૌનેય ધણીના જેટલો જ હરખ હૉય. ઠેઠ મેંમઈથી કટમી દહ દાડા મોર્ય ગૉમમાં આવી જાય.'

'મોંડવાના આગલે દા'ડે કટમ્બના બદા ભૈઓ ભેળા થૉય. ચા-બીડીયું વ્હેંચાય. મોંડે હુધી પંચાત કુટાય. કોઈને કાંય વાંધોવચકો હોય તો બોલે. ગાંઠ પડી જઈ હોય, કોકની કૉંક કશાયની ભૂલ થતી હોય તો પંચાતિયા ઈની ચરચા કરે. હોંમહોંમા ખુલાસા થૉય, ચઢભઢ થાય, ચઢઊતર થાય. પંચાતિયા વચમાં પડે પછી ગાડું પાછું પાટા પર આઈ જાય. પછી થડા દીઠ થાંભલી વાઢી લાબ્બાનું પંચાત્યા નક્કી કરી આલે, પરસંગમાં આઈએ-નાઈએ એવું કાંય રે'જ નહીં. બધી અડી આંપટી ઊકલી જાય. મન હલકાં થઈ જૉય. તમારે તો આજે બગડી એટલે બગડી, ભૈ મણમણના થૈનં ફરે. જોરી બેહીને વાતચીત કરે તો ગોંઠ ઊકલે ને! તમારં તો મહોંણમાં એવી ચેટલીય ગોંઠો તમારા હંગાથી લઈ જવી પડશે. તમારે તો મું મારે ઘેર ને તું તારે ઘેર જેવું થૈ જ્યું સે. ઈમાં અલ્યા હું રંધાણું? મોર તો પેંછીએ રળિયામણો લાગે, હમજ્યા? કોક વાર તો બબ્બે ત્રૈણ-ત્રૈણ વાર ચા થૈ જાય. ઘરધણી તો પંચાતમાં બેઠો વૉય અનં ઈનો કોઈ કટમી જ રહોડામાં જઈને ચા ઉકાળતો હૉય, રકાબીઓ વ્હેંચતો હૉય, ધોતો હૉય, તમે તો બધાય ઘરઘરના. કોઈને કોઈનો વસવા જ આવં તો ન ? ચા પીવાતી હૉય, બૈરાં છેંકણી તોંણતાં હૉય, વહુઓ ન દીકરીઓ ભેગી થૈનં ગાતી હોય.

રાજવેંણ બેઠતી તીજલકે માળે, મારગડો ન મેલો રાજમાં
આજ મારે પંચાત્યાંનાં કાંમ પંચાતીયા તેડાવો રાજમાં
પંચાત્યા રે મારા ચિયા ભા નો ભેંમ ચિયો ભૈ તેડાવો રાજમાં
પંચાતીયા રે મારા બાભઈશાનો ભેંમ કાંતિ ભૈ તેડાવો રાજમાં
આજ મારે જોશીડાનાં કાંમ રે જોશીડા તેડાવો રાજમાં.

બીજે દહાડે હવારે ઈનું ઘરાક તોયલ લૈને આઈ જાય. લીલાંછન્મ ઑબાના પોંદાંનું તોરણ મોંડવે, કટમીઓના ઘેર બધે આલી જાય. બદલામાં દોંણ ને ગોળ-જીનો વાટકો પોંય. ધણી જોંણતોય ના વૉય અને થડાદીઠ માંડવિયા હાથમાં ધારિયું લૈનં દાતણ ચાવતા ચાવતા સેતરમાં નેંહરી પડ્યા હૉય. તમે તો ભૈ તાણેં ઊઠ્યાય ના હો, શું કેવું સે તમારે ઈમાં ? સીજડાની પાંચ થાંભલીઓ ઈમાંય એક જાડો બુહ જેવો મૉણેક થંભ કરવા લાયો હૉય એ બધાય માલ્લાના તોરણ બા'ર મેલી રાખવા પડં, મૂરત આવં એટલે ગાનારીઓ ભેગી થૈનં આઈ જાય. ધણીના ઘેરથી મોભી સવાસેંણ બૈના હાથમાં કથરોટ હૉય, કથરોટમાં કંકુ હૉય, ચોખા હૉય, નરાસરી હૉય, ધરો હૉય, પૂંજાપો બધોય હૉય, મહરાજ જોડે જોડે હેંડતા હૉય. ચેડી ચેડી કટમ્બની વહુઓ, બૂનો, છૈયાં-છોરાં, ડોસીઓ ટોળે વળી લાંબી હલકે ગીતની કડીઓ ઝીલતી હૉય. મહરાજ પૂજાના ઈસલોક બોલતા વૉય. માંડવિયા આંમ લેંણસર ઊભા હૉય.

શકન જોઈને સંચરજો રે હાંચો મળિયો છં જોશીડો રે
સીઝ વઢાવે ને મંડપ રોપાવો, લીલુડા સાઝ વઢાવો રે
રે ગોકુળના રેંવાસી.

પાંચ વહુવારુઓ વારાફરતી માંડવીઆઓની, થાંભલીઓની પૂજા કરે ત્યારે ગીતની રમઝટ ચાલતી હૉય.

પેંલાં સવાસેંણ ચિઈ વૌ ઊભાં મંડપ વધાવે
ખભે ઘુંઘરવટ્ટ ઘાટડી હાથે હોનાનો ચૂડો
બીજાં સવાસેણ મંગુ વૌ ઊભા મંડપ વધાવે
ખભે ઘુંઘરવટ્ટ ઘાટડી હાથે હોનાનો ચૂડો.

ભૈ, પાંચેય માંડવિયાના મૂઢામાં ગોળજીના કોળિયા મેલી આલે. થાંભલીઓને નરાસરી બાંધી હૉય. કંકુના ચાંલ્લા કર્યા હૉય. પસી ઈમાંથી મૉણેકથંભ હુતારના ઘરે જાય. એ મૉણેકથંભ ઘડી રમચીમાં બોળી, ટેંમસર આલી જવાનું કામ હુતારનું. ઈના બદલામાં હુતારને હાલ્લો મલે. હમજ્યા! બાકીના ચારેય માંડવિયા ધણીના ઘેર જઈ માંડવીઓ મેલી આવે, કટમીઓ ભેગા થઈને ટપોટપ મંડપ બાંધવા મંડઈ જાય. નેંહોંણી કં પિપરુ લાઈને ઉપર ચઢી જઈ વૉહડા બાંધી, ખચોખચ મોદ બાંધવા મંડઈ જોંય. હાથોહાથ મોંડવો તિયાર થઈ જાય અને આજ તો તમારે હજાર-બે હજાર ખરચી નાખો એટલે મોંડવો તિયાર. ઈમ નૈ. બધું ભૈઓ ના હંપથી થતું હૉય.

બધા ભૈઓ ભેગા થૈ મોંડવો બંધાવે. બેહવા માટે મોદ જેવાં બેહણીયાં મંગાવે. સરપંચ કે મુખીના ઘરમાંથી હારો ચંદરવો લાબ્બામાં આવે, વચોવચ એ બંધાય. પછી મુરત પરમાણે મોંડવાની વિધિ આગળ હેંડે. મોંડવો કાં તો ત્રૈણ

વરધી વૉય, કાં બે વરધી હૉય. ચાર વરધીયે હૉય. તમારે તો આ જ હવારે માંડવો, બપોરે લગન બધું એકી આરે પતાબ્બાનું. તમારી પાહે ટૅમ ચ્યોં સ નૈ! તમારે તો બધું એકી આરે જ પાર મેલી દેવાનું, ચોં રયો ઉમંગ કસોય! આખું ગાંમ ગોળ ખઇ જાય. બબ્બે ત્રૈણ-ત્રૈણ રવા ગોળ વેંચાય. ઢોલીએ તો રંગ રાખ્યો હૉય. ઢોલીનો ઢોલ ઠેઠ બીજા ગાંમ હુધી હંભળાતો હૉય. ઢોલીના મનમાં તો જોંણે દિવાળીને હોળી!!

હૌ પેંલાં પાંચેય માંડવીઓ લાવનારાઓને કહાર ખવરાઇ દેવામાં આવે, ઇમાં ચોખ્ખું જી હોં ! તમારા જેવું ડાલ્ડા-બાલ્ડા નૈ!

બપોરે લાડવાંમાં આખું કટમ્બ ગોઠવઇ જ્યાં હૉય, શેરશેરના પરમાંણમાં જીના લાડવા થ્યા વૉય. નાત જયે ભાત ભરાંય, વહવાયાંય રાજીના રેડ થઈ જ્યાં હૉય.

દીકરીનો માંડવો હૉય તો લગન લખવાનું, ભરાંમણને બોલાબ્બાનો, કોરો કાગળ, લગન પડો, હવા પાશેર કંકુ, હવા રૂપિયો રોકડો, પાંચ ખારેક, પાંચ હોપારી, હરદરના ગાંગડા, સેલુ, સાલ, બધું મેલવાનું. લગનિયાના હંગાથે જે મોકલવાનું વૉય એ લગનપડામાં ચિઠ્ઠી મેલીને લખવાનું. નામ પરમાણ પાડીને ચોખ્ખું લખવાનું. લખાયેલું લગન ભૈઓને આંચી હંભળાબ્બાનું. દીકરીનાં લગન વૉય તો હાંમેથી ઇ પરમાણે લગન પડો આવે, ઇ વધાઈ લેવાનો. તમારા જેવું નૈં! કોરટમાં જઈ ઇસ્ટેમ્પ પર કાંડા કાપી આલવાના નૈં!

અમારે તો રીતસર મોંડવો બંધાય, હૌ માણહની વચમાં રૂડો અવસર થાય, રંગેચંગે પાર પડે, હાચો હરખ વરતાય. તમારે તો પત્યું, બલા ટળી ખરું ને?

બૈરાં ભેગાં થૈનં લગન વધાવતાં ગાતાં હૉય—

લગનિયાને કાંને કડી, લગનીયો આયો ગધાડે ચડી
રમણભૈના હાથે વેઢ, લગનીયો ગાંમનો ઢેડ.
લીલારે પાંદાનું મારુ તોરણ, મારું તોરાણ લ્હેરે રે જાય!
સાગ સીસમનો ઢોલિયો... ડમરાનાં આંણ...
માંડવિયા ઢાળો રે બાજોઠીયો જમણી મેલો રેં કંકાવટી
તેડાવો મારા જોશીડાના બેટા કે મારે લખવી કંકોતરી
લગન બાજોઠીયો હુતારે ઘડીયો
કંકુ છાંટી લખજો કંકોતરી...

લગન લખવાનો ટૅમ હૉય તારે ગવાતાં ગીત જુદાં—

ઊંચી રે નીચી સરોવરિયાની પાળ
ત્યાં રે હજારો મોતી નીપજે
મોતી રે લાધ્યું બેનીને હાથ
ઘેર રે આઇને ઝઘડો માંડીયો
દાદા રે મારા મુજને પરણાવ
મારા સરખી સૈયર સાસરે ચાલી.

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

દ્વારકામાં વેદભવનનું ઉદ્‌ઘાટન હતું. પૂ. શંકરાચાર્યજી અભિનવ સચ્ચિદાનંદતીર્થજીની નિશ્રામાં ભારતના ઉપરાષ્ટ્રપતિ ગોપાલસ્વરૂપ પાઠક દ્વારા તેનું ઉદ્‌ઘાટન થયું. ઉત્તરપ્રદેશના વેદચાહક વિશ્વનાથજી (ગવર્નર નિવૃત્ત) ઉપસ્થિત હતા. ચારે દિશામાં ભારતમાં વેદભવન સ્થાપવાની તેમની ચાહના હતી. પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીની નિશ્રામાં ચારે વેદના (તેનાં ઉચ્ચારણો સ્પષ્ટ થાય તે રીતે ચિહ્નવાળા - તીવ્ર-મધ્ય-વિલંબિત સ્વરો સાથે) ડબલ ડિમાઈ સાઈઝના બાવીસ કિલો વજનના મહાગ્રંથને ત્યાં અર્પણ કરવામાં આવ્યો. પંડિત ઋષિશંકરજીએ કાષ્ઠ અરણી વડે ઘર્ષણ કરી અગ્નિ પ્રગટાવ્યો. હું ત્યારે એ સંસ્થાનો દ્વારકા શાખામાં મંત્રી હતો ત્યારે ગોપાલ સ્વરૂપ પાઠકજીનું ભારતીય રાજકારણ ઉપર કટાક્ષ કરતા વક્તવ્ય વેધક હતું : 'મારે આ સમારંભમાં ઉપસ્થિત ન રહેવું તેવી કેબિનેટ તરફથી સલાહ મળી, એમ જણાવીને કે ભારત સેક્યુલર ધર્મ-નિરપેક્ષ રાષ્ટ્ર છે. હું સેક્યુલર રાષ્ટ્રનો અર્થ સર્વ ધર્મ સમભાવી રાષ્ટ્ર એમ દર્શાવું છું. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ આદરણીય ડૉ. શ્રી રાજેન્દ્રપ્રસાદજીએ પૂ. નહેરુજીની સલાહ વાજબી ન ગણીને સોમનાથ મંદિર નિર્માણના શીલાન્યાસ વિધિમાં હાજરી આપી હતી. પણ મને ખાતરી છે, મારા કનિર્ણય પછી મારી રાષ્ટ્રપતિ બનવાની તક મારે જતી કરવી પડશે. દિલ્હી રાષ્ટ્ર સરકારને આ વાત ગમશે નહિ; પણ હું જે સમજું છું તેમ કરવા - બંધારણના મૂળભૂત અધિકારની મર્યાદામાં રહીને મારી ફરજ સમજું છું.'

અને થયું પણ તેમજ. શ્રી ગોપાલસ્વરૂપ પાઠકજી રાષ્ટ્રપતિ ન બની શક્યા. આજે ઘણાને તેઓ એ હોદ્દા ઉપર હતા તે યાદ નહિ હોય.

હગાં વા'લાંનો હરખ ભૈ માતો ના હૉય. પરસંગના ચારપાંચ દાડા મોળ્ય આઇ જ્યા વૉય. બેચાર દા'ડા મોળ્ય ભંગીયો આંગણું વાળી ઝૂડીને ચોખ્ખું ચણાક રાખતો વૉય, ઉમંગ ઉમંગ થૈ જ્યો વૉય, કટમીઓની જવાબદારી વધી જાય. મેંમાન પરોંણાને હાચવી લે - તમારે ઇમાંનું કશુંય! એકલું એકલું લાગે સે નં બેટમજી! ચ્યમ એકલા પડી જવાય સ? ચ્યમ મૂઢ ઘેંસ જેવું થૈ જાય સ? ઇમાં કોઈનોય વાંક નહિ, તમારી ભૂલો જ લ્યા તમારી તકદીરમાં ગૂંચળું વળીને ભરઈ જઈ સે, એટલે તમે હેઠા પડો સો હમજ્યા નં! □

આ માસમાં યોજાશે તે

૧૭મો ફૂટબૉલ વિશ્વકપ-૨૦૦૨

ડૉ. પી. ડી. શર્મા

આજે વિશ્વમાં 'ઑલિમ્પિક રમતોત્સવ' પછી જો સૌથી વધુ લોકપ્રિય રમતોત્સવ ગણાતો હોય તો તે 'ફૂટબૉલ વિશ્વકપ' છે; કારણ કે વિશ્વમાં એક પણ એવો દેશ નથી કે જ્યાં ફૂટબૉલની રમત કોઈ ને કોઈ સ્વરૂપે ન રમાતી હોય. તેથી ફૂટબૉલને 'રમતોના રાજા' તરીકે ઓળખવામાં આવે છે. આજે સમગ્ર વર્ષ દરમિયાન સતત કોઈ ને કોઈ સ્થળે ક્રિકેટની ટેસ્ટ મૅચો કે વન-ડે મૅચો રમાતી હોવાને કારણે પ્રચાર માધ્યમો તેના પર વધુ ધ્યાન આપે તે સ્વાભિવિક છે. પરંતુ જ્યારે આ વર્ષે ૩૧મી મે થી ૩૦મી જૂન દરમિયાન વિશ્વના શ્રેષ્ઠ ૩૨ દેશો જપાન અને દક્ષિણ કોરિયામાં '૧૭મા ફૂટબૉલ વિશ્વકપ' માટે રમશે ત્યારે સમગ્ર ફુટબૉલપ્રેમીઓનું તથા રમતપ્રેમીઓનું ધ્યાન આ તરફ રહેશે તે કહેવાની ભાગ્યે જ જરૂર છે. આમ તો ૧૭મા ફૂટબૉલ વિશ્વકપની કાઉન્ટડાઉન પણ શરૂ થઈ ગઈ છે અને બન્ને યજમાન દેશોમાં આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ પણ થઈ ગઈ છે. બધા રમતપ્રેમીઓની નજર ૩૧મી મેના રોજથી ફૂટબૉલ વિશ્વકપની મૅચો શરૂ થાય એ તરફ છે. કારણ કે ફૂટબૉલમાં વિશ્વની શ્રેષ્ઠ ૩૨ ટીમોને એકબીજી સાથે સ્પર્ધા કરતી જોવાની તક ઑલિમ્પિક રમતોત્સવની જેમ ચાર વર્ષમાં ફક્ત એક વાર જ મળે છે.

ફૂટબૉલ વિશ્વકપની શરૂઆત

આધુનિક ફૂટબૉલની શરૂઆત સૌપ્રથમ ઈંગ્લન્ડમાં ૧૮૬૩માં થઈ તેથી ઈંગ્લન્ડને આ રમતનું જન્મસ્થાન કહેવામાં આવે છે. પરંતુ વિશ્વમાં આંતરરાષ્ટ્રિય કક્ષાએ ફૂટબૉલની રમત નું સમગ્ર નિયંત્રણ ફેડ-રેશન ઑફ ઈન્ટરનૅશ-નલ ફૂટબૉલ ઍસોસિ-એશન ('ફીફા') દ્વારા કરવામાં આવે છે. 'ફીફા'ની સ્થાપના ૨૧, મે ૧૯૦૪ના રોજ પૅરિસમાં કરવામાં આવી હતી અને ૧૯૦૪ પછી આંતરરાષ્ટ્રિય કક્ષાએ ફૂટબૉલનો જે કંઈ વિકાસ થયો છે તે સંપૂર્ણપણે 'ફીફા'ને જ આભારી છે. ઈ.સ. ૧૯૨૭માં 'ફીફા'એ ફૂટબૉલમાં સર્વશ્રેષ્ઠ દેશ કયો છે તે નક્કી કરવા સૌપ્રથમ વાર વિશ્વકપનું આયોજન



વિશ્વ કપ (૧૯૭૪થી)



રોનાલ્ડો (બ્રાઝિલ)



પેલે - ચેમ્પિયનોના ચેમ્પિયન (બ્રાઝિલ)



ઝીકો (બ્રાઝિલ)



સ્ટાન્લે મેથ્યૂસ (ઇંગ્લન્ડ)

કરવાનું વિચાર્યું. ઈ.સ. ૧૯૩૦માં ઉરૂગ્વે ખાતે પ્રથમ વિશ્વકપનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારથી ૧૯૪૨ અને ૧૯૪૬માં બીજા વિશ્વયુદ્ધ સિવાય દર ચાર વર્ષે વિશ્વના વિવિધ દેશોમાં વિશ્વકપનું આયોજન કરવામાં આવે છે અને આ રીતે ૧૭મા ફૂટબૉલ વિશ્વકપનું આયોજન સંયુક્તપણે જપાન અને દક્ષિણ કોરિયા મુકામે થઈ રહ્યું છે. ફૂટબૉલ વિશ્વકપની આગેકૂચની ઝલક લેખમાં અન્યત્ર ટેબલ સ્વરૂપે દર્શાવવામાં આવી છે.

વિશ્વકપ માટે દેશોની પસંદગી

ફૂટબૉલ વિશ્વકપ માટે સમગ્ર વિશ્વમાંથી કુલ ૩૨ દેશોની પસંદગી કરવામાં આવે છે. ૧૯૯૮ પહેલાં આ સંખ્યા ૨૪ની હતી; પરંતુ વિશ્વમાં ફૂટબૉલની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ૧૯૯૮થી આ સંખ્યા ૩૨ની કરવામાં આવી છે. વિશ્વકપનું સમગ્ર સંચાલન 'ફીફા' દ્વારા થાય છે અને તે જ વિશ્વકપ માટે સ્થળની પસંદગી તથા નિયમો ઘડે છે. ૩૨ દેશોમાંથી યજમાન દેશ કે દેશો તથા છેલ્લી વખતના ફૂટબૉલ વિશ્વકપ વિજેતાને સીધો પ્રવેશ આપવામાં આવે છે. એટલે જ આ વખતે ફૂટબૉલ વિશ્વકપમાં જપાન તથા દક્ષિણ કોરિયાને યજમાન દેશો તરીકે તથા ફ્રાન્સને ફૂટબૉલ વિશ્વકપ વિજેતા તરીકે સીધો જ પ્રવેશ મળી ગયો છે. બાકીના ૨૯ દેશોની પસંદગી માટે વિશ્વના જુદા જુદા વિભાગો પાડીને સતત ત્રણથી ચાર વર્ષ સુધી ફૂટબૉલની સ્પર્ધાઓ યોજીને પસંદગી કરવામાં આવે છે તે સંપૂર્ણપણે રમતને આધારે જ થાય છે. એને કારણે દર ચાર વર્ષે યોજાતા ફૂટબૉલ વિશ્વકપની વિશ્વભરના ફૂટબૉલપ્રેમીઓ કાગના ડોળે રાહ જોતા હોય છે. આ વિશ્વકપમાં ચીન, સ્લોવેનિયા,



ડિએગો મારડોના (આર્જેન્ટિના)

ઈક્વેડોર અને સિનેગલ સૌ પ્રથમ જ વાર ભાગ લેશે.

સ્પર્ધાની પદ્ધતિ

આ ૩૨ ટીમોને આઠ જૂથમાં વહેંચી નાખવામાં આવી છે. દરેક જૂથમાં ચાર ટીમો સમાવાઈ છે. જે અંદરોઅંદર લીગ મૅચો રમશે. દરેક જૂથની ટોચની બે ટીમો સુપર-લીગમાં પ્રવેશશે અને અંદરોઅંદર મૅચો રમશે અને પછીની ક્વૉટર ફાઈનલ, સેમિ ફાઈનલ અને ફાઈનલ મૅચો યોજાશે.

જૂથવાર ભાગ લેનારા દેશો (ટીમો) નીચે મુજબ છે:

જૂથ એ : ફ્રાન્સ, સિનેગલ, ઉરૂગ્વે અને ડેનમાર્ક.
જૂથ બી : સ્પેન, સ્લોવેનિયા, પારૂગ્વે અને સાઉથ આફ્રિકા.
જૂથ સી : બ્રાઝીલ, તુર્કી, ચીન અને કોસ્ટારિકા.
જૂથ ડી : સાઉથ કોરિયા, પૉલૅન્ડ, યુ.એસ.એ. અને પોર્ટુગલ.
જૂથ ઈ : જર્મની, સાઉદી અરેબિયા, આયર્લૅન્ડ અને કામરૂન.
જૂથ એફ : આર્જેન્ટિના, નાઈજેરિયા, ઈંગ્લન્ડ અને સ્વીડન.
જૂથ જી : ઈટાલી, ઈક્વેડોર, ક્રોએશિયા અને મૅક્સિકો.
જૂથ એચ : જપાન, બેલ્જિયમ, રશિયા અને તુનિશિયા.

ફીફા કપ

જ્યારે ૧૯૩૦માં ફૂટબૉલ વિશ્વકપની શરૂઆત કરવામાં આવી ત્યારે વિજેતા દેશને 'જુલેસ રિમેટ કપ'

આપવામાં આવતો હતો. પરંતુ ૧૯૭૦માં બ્રાઝીલે ત્રણ વાર વિશ્વ ચૅમ્પિયન બનીને આ કપ કાયમ માટે મેળવી લીધો હતો અને તેથી ૧૯૭૪થી હાલમાં અપાતા 'ફીફા' વિશ્વ-કપની શરૂઆત થઈ હતી. અત્યારે આ 'ફીફા વિશ્વકપ' ફરતી ટ્રૉફી છે અને તેથી વિજેતા દેશને ફક્ત ચાર વર્ષ માટે જ તે આપવામાં આવે છે. આ જાતની વ્યવસ્થા એટલા માટે વિચારવામાં આવી છે કે જેથી 'ફીફા'એ બીજી વાર 'ફૂટબૉલ વિશ્વકપ' બનાવવા માટેનો ખર્ચ ન કરવો પડે. આજે તો ફૂટબૉલ વિશ્વકપ વિજેતા દેશને ઑલિમ્પિક વિજેતા દેશ કરતાં પણ વધુ માન મળે છે. એટલા માટે જ આ કપ જીતવા માટે સતત ચાર વર્ષ સુધી ફીફાના ૨૦૦ જેટલા દેશો સ્પર્ધાઓ કરતા હોય છે. આજે તો ફૂટબૉલ વિશ્વકપનું આયોજન ખૂબ જ ખર્ચાળ ગણાય છે, પરંતુ એની લોકપ્રિયતાને કારણે યજમાન દેશ કરોડો રૂપિયાનો નફો મેળવે છે. દા.ત. ૧૯૯૪માં ફૂટબૉલ વિશ્વકપના આયોજન દ્વારા યજમાન દેશ અમેરિકાને સાડાત્રણ કરોડ ડૉલરનો નફો થયો હતો!



ઝિનેદાઇની ઝિદને (ફ્રાન્સ)

વિશ્વકપના અમર ખેલાડીઓ

ફૂટબૉલ વિશ્વકપના અમર ખેલાડીઓમાં સૌથી પ્રથમ નામ બ્રાઝીલના પેલેનું આવે છે. પેલે જેટલી પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા ફક્ત ફૂટબૉલમાં જ નહીં પરંતુ અન્ય રમતોમાં પણ કોઈ ખેલાડીએ ભાગ્યે જ મેળવી હશે. એટલા માટે જ એમની ગણના 'બ્રાઝીલની રાષ્ટ્રિય સંપત્તિ' તરીકે તેમજ વિશ્વમાં '૨૦મી સદીના શ્રેષ્ઠ ખેલાડી' તરીકે કરવામાં આવે છે. આર્જેન્ટિનામાં ડિએગો મારડોનાએ પણ ખૂબ જ નામના મેળવી હતી. પરંતુ ડ્રગ્સ લેવાને કારણે તેમની છબિ ધૂંધળી પડી હતી. આ રીતે જ ફ્રાન્સના પ્લાતિની, હંગેરીના પુસકસ, બ્રાઝીલના ઝિકો, રોનાલ્ડો તથા ઈંગ્લન્ડના સ્ટાન્લે મૅથ્યૂસ વગેરે. ફ્રાન્સના સ્ટાર ફૂટબૉલ ખેલાડી ઝિનેદાઈન ઝિદને તો ગત વર્ષે ૯ જુલાઈ, ૨૦૦૧ના રોજ 'રીલ મેડાડ્રેડ' ક્લબ સાથે ૬૫ મિલ્યન ડૉલરનો કરાર કરી વિશ્વના બધા જ રેકોર્ડ તોડી નાખ્યા હતા. દરેક ફૂટબૉલ વિશ્વકપમાં એવા અમર ખેલાડીઓ જોવા મળે છે. હકીકતમાં તો 'ફૂટબૉલ વિશ્વકપ'ને જે માન-સન્માન આજની દુનિયમાં પ્રાપ્ત થયું છે તેનું મુખ્ય શ્રેય આ અમર ખેલાડીઓને જ જાય છે.

બ્રાઝીલનો શ્રેષ્ઠ દેખાવ

વિશ્વમાં બ્રાઝીલ જ એકમાત્ર એવો દેશ છે જેઓને અત્યાર સુધીના બધા જ ફૂટબૉલ વિશ્વકપોમાં રમવાની તક, ચાર વખત વિજેતા બનવાની તક, બે વાર ઉપવિજેતા

ફૂટબૉલ વિશ્વકપની આગેકૂચ

અ.નં.	વર્ષ	યજમાન દેશ	વિજેતા દેશ	ઉપવિજેતા દેશ	ગોલ
૧.	૧૯૩૦	ઉરૂગ્વે	ઉરૂગ્વે	આર્જેન્ટિના	૪-૨
૨.	૧૯૩૪	ઇટાલી	ઇટાલી	ચેકોસ્લોવેકિયા	૨-૧
૩.	૧૯૩૮	ફ્રાન્સ	ઇટાલી	હંગેરી	૪-૨
૪.	૧૯૫૦	બ્રાઝીલ	ઉરૂગ્વે	બ્રાઝીલ	૨-૧
૫.	૧૯૫૪	સ્વિટ્ઝરલૅન્ડ	પ.જર્મની	હંગેરી	૩-૨
૬.	૧૯૫૮	સ્વીડન	બ્રાઝીલ	સ્વીડન	૫-૨
૭.	૧૯૬૨	ચિલી	બ્રાઝીલ	ચેકોસ્લોવેકિયા	૩-૧
૮.	૧૯૬૬	ઈંગ્લન્ડ	ઈંગ્લન્ડ	પ.જર્મની	૪-૨
૯.	૧૯૭૦	મૅક્સિકો	બ્રાઝીલ	ઇટાલી	૪-૧
૧૦.	૧૯૭૪	પ.જર્મની	પ.જર્મની	હૉલૅન્ડ	૨-૧
૧૧.	૧૯૭૮	આર્જેન્ટિના	આર્જેન્ટિના	હૉલૅન્ડ	૩-૧
૧૨.	૧૯૮૨	સ્પેન	ઇટાલી	પ.જર્મની	૩-૧
૧૩.	૧૯૮૬	મૅક્સિકો	આર્જેન્ટિના	પ.જર્મની	૩-૨
૧૪.	૧૯૯૦	ઇટાલી	પ.જર્મની	આર્જેન્ટિના	૧-૦
૧૫.	૧૯૯૪	અમેરિકા	બ્રાઝીલ	ઇટાલી	૩-૨
૧૬.	૧૯૯૮	ફ્રાન્સ	ફ્રાન્સ	બ્રાઝીલ	૩-૦
૧૭.	૨૦૦૨	જાપાન અને દ. કોરિયા	---	---	---

બનવાની તક મળી છે તથા સાથે સાથે ફૂટબૉલમાં દંતકથા સમાન ખેલાડી પેલે પણ બ્રાઝીલનો જ છે. બ્રાઝીલ પછી ત્રણ-ત્રણ વાર આ કપ જીતવાની તક ઇટાલી તથા પશ્ચિમ જર્મનીને, બે-બે વાર જીતવાની તક ઉરૂગ્વે તથા આર્જેન્ટિના-ને તથા એક-એક વાર જીતવાની તક ઈંગ્લન્ડ તથા ફ્રાન્સને ફાળે જાય છે. આ રીતે જોઈએ તો આ વખતે વિશ્વકપને પાંચમી વાર જીતવાની સૌથી વધુ તક બ્રાઝીલ દેશની છે. પરંતુ હાલમાં ફૂટબૉલ રમતનો એટલો વિકાસ થયો છે કે આ વખતે તો બ્રાઝીલ દેશને રમત માટે લાયક થવામાં પણ મુશ્કેલી પડી હતી. આ રીતે જ જર્મની અને ઈટાલી પણ આ કપ માટે દાવેદાર ગણી શકાય. પરંતુ બ્રાઝીલની જેમ જ આ વખતે જર્મનીને પણ ફાઈનલ માટે લાયક કરવામાં ખૂબ જ મુશ્કેલી પડી હતી. હાલમાં યુરોપ, એશિયા તથા આફ્રિકા ખંડમાં ફૂટબૉલનો એટલો બધો વિકાસ થયો છે કે ૩૨માંથી કોઈ પણ દેશ વિજેતા થઈ શકે તેમ છે, કારણ કે ઍટલાન્ટા ઑલિમ્પિકસમાં નાઈજેરિયા તથા ૨૦૦૦ સિડની ઑલિમ્પિકસમાં કેમરૂન ન કલ્પી શકાય તે રીતે ફૂટબૉલમાં ચૅમ્પિયન બન્યા હતા.

આ વખતે ભલે તે દેશ વિશ્વકપ વિજેતા બને પરંતુ ૩૧ મે થી ૩૦ જૂન સુધી બધા જ રમતપ્રેમીઓ તથા વિશેષ કરીને ફૂટબૉલપ્રેમીઓ આ 'વિશ્વકપ ફૂટબૉલોત્સવ'ને ખૂબ જ આનંદ અને ઉત્સાહથી નિહાળશે તે વાતમાં કોઈ બે મત નથી. ❑

संस्था परिचय


ગુજરાતના ગૌરવ સમાન સ્વયંશાસિત શૈક્ષણિક સંસ્થા

સેપ્ટ (CEPT)

પ્રા. સુરેશ ર. શાહ

ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય ભવનની બરાબર સામે કસ્તુરભાઈ લાલભાઈ કૅમ્પસમાં આ સંસ્થા આવેલી છે. લગભગ ત્રણ હૅક્ટરના વિસ્તારમાં આ સંસ્થા તથા તેની ભગિની સંસ્થાઓ જેવી કે વિક્રમ એ. સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદની ગુફા, કાનોરિયા આર્ટ્સ સેન્ટર ઉપરાંત ફાર્મસી કૉલેજ ઇત્યાદિ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે.

અમદાવાદમાં વિવિધ સ્તરે અને વિવિધ વિદ્યાશાખાઓમાં શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરવા ૧૯૩૫માં અમદાવાદ એડ્યુકેશ સોસાયટી (AES)ની રચના કરવામાં આવેલી હતી જે પાછળથી એક સોસાયટી અને જાહેર ટ્રસ્ટ તરીકે નોંધાઈ હતી. તેના દ્વારા પરિસ્થિતિ આયોજન અને તકનિકી કેન્દ્ર - સેન્ટર ફૉર ઈન્વાયરમેન્ટલ પ્લાનિંગ અને ટૅક્નોલૉજી (CEPT)ની સ્થાપના કરવામાં આવી હતી. આ એક અગ્રિમ કક્ષાની ઇજનેરી અને ટૅક્નિકલ શૈક્ષણિક સંસ્થા છે. હાલમાં રાજ્ય સરકારની આર્થિક સહાયથી અહીં પાંચ વર્ષનો પૂર્ણકાલીન સ્નાતક કક્ષાનો સ્થપતિ અભ્યાસક્રમ, બાંધકામ ટૅક્નોલૉજી અને ઈન્ટીરિઅર ડિઝાઈનનાં અભ્યાસક્રમો ચલાવાય છે. આ ઉપરાંત શહેરી અને વિભાગીય આયોજન, વસવાટો, પારિસ્થિતિક આયોજન, શહેરી ડિઝાઈન તથા લેન્ડસ્કોપ આર્કિટેકચર જેવા દોઢ વર્ષના અનુસ્નાતક અભ્યાસક્રમોનું પણ અખિલ ભારતીય ટૅક્નિકલ શિક્ષણ કાઉન્સિલની સહાયથી અને મંજૂરીથી શિક્ષણ અપાય છે. આ ઉપરાંત બાંધકામ, પ્રોજેક્ટ, મૅનેજમેન્ટ અને સ્ટ્રક્ચરલ ડિઝાઇનનાં અભ્યાસક્રમો પણ ચલાવાય છે, જે



સ્કૂલ ઓફ આર્કિટેક્ચર

સ્વયંનિર્ભર - સેલ્ફ ફાયનાન્સ - છે.

સંસ્થાનો પરિચય : આ સંસ્થાનો પ્રારંભ અમદાવાદ એડ્યુકેશન સોસાયટીએ ઈજનેરી અંગેની વિવિધ શાખાઓમાં શિક્ષણ આપવા માટે શરૂ કર્યો હતો. ૧૯૯૪થી સેપ્ટની એક સોસાયટી અને જાહેર ટ્રસ્ટ તરીકે જુદી રીતે નોંધણી થયેલી છે. હાલમાં તે એક સ્વયંશાસિત (Auto-no-mus) સંસ્થા છે અને ઈજનેરી અંગેની




આર્કિટેક્ચર - સ્ટૂડિઓ

વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક કક્ષાના અને અનુસ્નાતક કક્ષાના ડિપ્લોમા આપે છે. કેન્દ્રીય ટૅક્નિકલ શિક્ષણ કાઉન્સિલ તથા બીજી અગ્રિમ વ્યાવસાયિક સંસ્થાઓ તરફથી તેને માન્યતા મળેલ છે. સંસ્થાનું સંચાલન અમદાવાદ એડ્યુકેશન સોસાયટી (AES), કેન્દ્રીય શિક્ષણ કાઉન્સિલ, રાજ્ય સરકાર તથા વિવિધ વ્યાવસાયિક અને શૈક્ષણિક સંસ્થાઓ તથા સેપ્ટના શિક્ષકોના પ્રતિનિધિઓની બનેલી સંચાલન સમિતિ કરે છે.

જો કે આંતરરાષ્ટ્રિય સ્તરે કાર્ય કરવા માટે સંસ્થાએ ખાનગી યુનિવર્સિટી કે યુનિવર્સિટી સમકક્ષ (Deemed University) તરીકેની માન્યતા મેળવવી જરૂરી છે. આવતાં પાંચેક વર્ષમાં સંસ્થાને આવી માન્યતા મળી જશે એવી આશા છે અને ત્યારે પોતાના Ph. D. સુધીનાં સંશોધન અભ્યાસક્રમો ચલાવવાની ઉમેદ રાખે છે.

૧૯૯૫થી ભારત સરકારનાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી મંત્રાલયે આ સંસ્થાને વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંસ્થા તરીકેનું સ્થાન આપ્યું છે. વળી, સંસ્થા સ્વયંશાસિત હોવાથી પોતાના અભ્યાસક્રમો ઘડે છે અને જરૂરિયાત ઊભી થયે સમયની માંગ મુજબ તેમાં સુયોગ્ય ફેરફારો કરે છે. નવા નવા અભ્યાસક્રમો તથા સંશોધન તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. સંસ્થામાં જરૂરી પૂરા સમયનો શિક્ષકગણ છે. તેમજ વિદ્વાન વ્યાવસાયિકોનો મુલાકાતી સ્ટાફ તરીકે લાભ પણ લે છે.



સ્કૂલ ઑફ પ્લાનિંગ



સ્કૂલ ઑફ બિલ્ડિંગ સાયન્સિસ એન્ડ ટેક્નોલૉજી

સ્કૂલ ઑફ આર્કિટેક્ચર : ૧૯૬૨માં સ્કૂલ ઑફ આર્કિટેક્ચર - સ્થપતિ શાળાથી આની શરૂઆત થઈ. હાલમાં પાંચ વર્ષ એટલે કે દસ સેમિસ્ટરનો અનુસ્નાતક અભ્યાસક્રમ અહીં ચાલે છે. તેમાં ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ મળે છે. અહીંથી અપાતા સ્નાતક ડિપ્લોમાને ડિગ્રી સમકક્ષ માન્યતા કેન્દ્ર-સરકારની અખિલ ભારતીય ટેક્નિકલ શિક્ષણ કાઉન્સિલ તરફથી, ગુજરાત સરકાર તરફથી તથા વિવિધ યુનિવર્સિટીઓ અને અગ્રિમ સંસ્થાઓ તરફથી મળી છે. આ ઉપરાંત લંડનની કૉમનવેલ્થ બોર્ડ ઑફ આર્કિટેક્ચરલ એડ્યુકેશન તરફથી પણ માન્યતા મળેલી છે. આ સ્થપતિશાળામાં ૧૯૮૮થી શહેરી ડિઝાઈન માટેનો અને ૧૯૯૨થી લૅન્ડસ્કેપ આર્કિટેક્ચરનો ૧૮ માસનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ પણ શીખવાય છે, જે પ્રત્યેકમાં ૧૫ વિદ્યાર્થીઓને દાખલ કરાય છે. આ સ્થપતિસ્કૂલને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ માન્યતાઓ મળી છે. વિશ્વની વિવિધ ટેક્નિકલ યુનિવર્સિટીઓ જેવી કે ઝુરીચ, સ્વિટ્ઝર્લૅન્ડ, હોલૅન્ડ, વિયેના, ઓસ્ટ્રિયા, ન્યૂયૉર્ક, અમેરિકા, કૅનૅડાની ઉચ્ચ સંસ્થાઓએ પણ આને માન્યતા આપી છે તથા અહીંના વિદ્યાર્થીઓને ત્યાં આગળ અભ્યાસ માટેની સુવિધાઓ પણ મળે છે. વિશ્વની અગ્રિમ સ્થપતિ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે MIT, અમેરિકા, આગાખાન ફાઉન્ડેશન સાથે આર્કનેટ દ્વારા જે આ સ્થપતિ સ્કૂલ જોડાયેલી છે.

સ્કૂલ ઑફ પ્લાનિંગ : સેપ્ટના આશ્રયે પ્લાનિંગ સ્કૂલ - આયોજનશાળાની સ્થાપના ૧૯૭૨માં કરવામાં આવી હતી. દેશની અગ્રિમ પ્લાનિંગ સ્કૂલોમાંની એક એવી આ સ્કૂલને ભારત સરકારના ટેક્નિકલ શિક્ષણ વિભાગે માન્યતા આપેલી છે. દેશ અને વિદેશોની યુનિવર્સિટીઓ તથા આવી સંસ્થાઓએ પણ માન્યતા આપી છે તથા અહીંના અનુસ્નાતક ડિપ્લોમા મેળવેલા વિદ્યાર્થીઓને ત્યાં Ph. D. માટે દાખલ કરવામાં આવે છે. અહીં અનુસ્નાતક ડિપ્લોમા માટે શહેરી અને વિભાગીય પ્લાનિંગમાં ૨૦ સામાન્ય બેઠકો + ૫ સંસ્થાકીય સ્પોન્સર બેઠકો પર વિદ્યાર્થીઓને દાખલ કરાય છે. હાઉસિંગ ડિપ્લોમા માટે ૨૦ સામાન્ય + ૫ સંસ્થાકીય સ્પોન્સર બેઠકો છે. ઈન્વાયરમેન્ટલ પ્લાનિંગ માટે ૮ સામાન્ય + ૨ સંસ્થાકીય સ્પોન્સર બેઠકો છે. આ બધા જ અનુસ્નાતક અભ્યાસક્રમો ૧૮ માસના છે.

સ્કૂલ ઑફ બિલ્ડિંગ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી : બાંધકામ વિજ્ઞાન અને ટેક્નોલૉજીની આ શાળા ૧૯૮૨થી શરૂ કરાઈ છે. અહીં પાંચ વર્ષનો સ્નાતક કક્ષાનો ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલે છે, જેની બી.ટેક. ડિગ્રી સમકક્ષ માન્યતા અપાયેલી છે. આ અભ્યાસક્રમમાં ૩૦ વિદ્યાર્થીઓ દાખલ કરાય છે. આગળ અભ્યાસ માટે ૧૮ માસનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ છે. બાંધકામ અને પ્રોજેક્ટ મૅનેજમેન્ટના અભ્યાસક્રમમાં ૧૦ બેઠકો છે તથા સ્ટ્રક્ચરલ ડિઝાઈન ડિપ્લોમાના અભ્યાસક્રમમાં પણ ૧૦ બેઠકો છે.

સ્કૂલ ઑફ ઈન્ટીરિઅર ડિઝાઈન : દેશમાં આગવી ગણાતી આ શાળા ૪૦ બેઠકો સાથે અને પાંચ વર્ષના સ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ માટે ૧૯૯૧થી કાર્યરત છે. રાજ્ય સરકારો તથા કેન્દ્ર સરકારો દ્વારા આ અભ્યાસક્રમને માન્યતાઓ મળી ચૂકી છે. પહેલાં બે વર્ષ ફાઉન્ડેશન કોર્સનાં હોય છે, જેમાં તે વિષયથી પરિચિત કરાવાય છે અને મૂળભૂત સિદ્ધાંતો શિખવાડાય છે. ત્રીજા વર્ષમાં બધાં જ ક્ષેત્રો આવરી લેવાય છે. ચોથા વર્ષમાં પસંદગીનાં ક્ષેત્રોમાં વિશિષ્ટ અભ્યાસ કરવાનો હોય છે. પાંચમા વર્ષમાં સંશોધનકાર્ય અને તેના અંગે મહાનિબંધ લખવાનો હોય છે. એક સેમેસ્ટર તેઓએ વિવિધ ક્ષેત્રીય વિસ્તારોમાં તાલીમ લેવાની હોય છે તથા નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન જેવી સંસ્થાઓમાં પણ જવાનું હોય છે.

સંસ્થા તરફથી સલાહ - માર્ગદર્શન : આ સંસ્થા યોગ્ય



સ્કૂલ ઓફ ઇન્ટીરિઅર ડિઝાઇન

આયોજન કરી આપે છે તથા સલાહ-માર્ગદર્શન પૂરું પાડે છે. થોડાંક ઉદાહરણો જોઈએ : (૧) દ્વારકા તથા અંબાજી જેવા યાત્રાનાં ધામોની વિકાસ યોજનાઓ. (૨) સાબરમતી રીવર ફ્રન્ટ વિકાસ અભ્યાસ. (૩) ધરતીકંપ પછી ભૂજમાં વડાપ્રધાન તરફથી નવી માધ્યમિક શાળાના બાંધકામ અંગેની ડિઝાઈન. (૪) ધરતીકંપ પછી નુકસાન પામેલાં અમદાવાદનાં બાંધકામો અંગેનું વર્ગીકરણ-કાર્ય. (૫) ભરૂચ ખાતે આઈપીસીએલ નગરરચનાનું આયોજન. (૬) અમદાવાદ મ્યુનિસિપાલિટી માટે અમદાવાદના ટ્રાફિક વ્યવસ્થાપનનું આયોજન. (૭) શાહીબાગ ખાતેના સરદાર સ્મારકનું નવીનીકરણ.

આ ઉપરાંત કેટલાંય ઉદ્યોગગૃહોને તેમની જરૂરિયાત મુજબ અભ્યાસ કરી વિવિધ આયોજન કરી આપ્યાં છે. આ બધાંમાં પર્યાવરણનો પૂરેપૂરો ખયાલ રાખવામાં આવે છે. તેમાં પોતાના સંશોધન - અભ્યાસો અને માર્ગદર્શન - અભ્યાસોને આધારે તેણે ઘણા રિપોર્ટો પ્રસિદ્ધ કર્યા છે.

આ ઉપરાંત વર્ષમાં બે સેપ્ટ સામયિકો અને બે ન્યૂસલેટર બહાર પાડે છે. પોતે વિકસાવેલી વેબસાઈટ પર અનેકવિધ જાણકારી પૂરી પાડે છે.

સમૃદ્ધ પુસ્તકાલય અને કમ્પ્યૂટર લૅબોરેટરી : સંસ્થાના પુસ્તકાલયમાં ત્રીસ હજારથી અધિક પુસ્તકો ટેક્નિકલ વીડિઓ અને શિક્ષણ સામગ્રીઓ છે જેનો વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ ઉપયોગ કરી શકે છે. ઉપરાંત ઈન્ફલીબિનેટના સભ્ય હોવાથી આંતર યુનિવર્સિટી લાઇબ્રેરીઓમાંથી પુસ્તકો અને જાણકારીઓ મેળવી શકે છે. દેશ-વિદેશનાં લગભગ એકસો જેટલાં સામયિકો લાઇબ્રેરીમાં નિયમિત આવે છે. લાઇબ્રેરી સંપૂર્ણ કમ્પ્યૂટરાઈઝ્ડ છે અને પ્રતિદિન ૧૪ કલાક ખુલ્લી રહે છે.

કમ્પ્યૂટર લૅબોરેટરીમાં વિવિધ સૉફ્ટવેર પ્રોગ્રામો, પ્રિન્ટરો, પ્લોટરો તથા કમ્પ્યૂટર આધારિત ડિઝાઈનો માટેની વ્યવસ્થા છે તેમજ સ્નાતકો અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની કમ્પ્યૂટર આધારિત વિશિષ્ટ વ્યવસ્થાઓ છે.

વ્યવસ્થાપકો : સંસ્થાની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ છે તથા નિયામક - વરિષ્ઠ સંચાલક ડૉ. આર. એન. વકીલ છે. આ ઉપરાંત કેટલાય પૂર્ણકાલીન નામાંકિત પ્રોફેસરો તથા મુલાકાતી પ્રોફેસર અને વિશેષજ્ઞોનો લાભ આ સંસ્થા અને તેનાં વિદ્યાર્થીઓને મળે છે. દેશના કેટલાયે વિશેષજ્ઞોને સંસ્થામાં આમંત્રીને તેમના અનુભવ અને જ્ઞાનનો લાભ મેળવે છે તથા વિદેશથી આવતા નિષ્ણાતોને પણ અત્રે આમંત્રીને તેમના જ્ઞાનનો લાભ લેવાય છે. આ સંસ્થા સાચે જ ગુજરાતનું ગૌરવ છે. ❐

જ્ઞાનકથા

ખુદાનું એક અંગત નામ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના આશ્રમમાં આજે સૂફી ફકીરો વિશે ચર્ચા ચાલી રહી હતી. વાતમાંથી વાત નીકળતાં એક શિષ્યે ગુરુ બજુવાને પૂછ્યું : 'અમે સાંભળ્યું છે કે સૂફીઓએ ખુદાને નવ્વાણું નામ આપ્યાં છે. તો અમને પ્રશ્ન એ થાય છે કે એક નામનો ઉમેરો કરી ખુદાનાં પૂરાં એકસો નામ કેમ નહીં કરી નાખ્યાં હોય?'

'સૂફીઓ જે કાંઇ કરે છે તે પૂરેપૂરું - સોએ સો ટકા કરે છે. એટલે એમણે ખુદાનાં પણ એક સો નામ પાડ્યાં છે. માત્ર એક નામ એમણે પ્રગટ થવા દીધું નથી એટલું જ...!' ગુરુ બજુવાએ સ્પષ્ટતા કરી.

'તો એ એક નામ એમણે કેમ પ્રગટ થવા દીધું નથી? એ નામની જાહેરાત કરવામાં વળી એમને શું વાંધો હોઈ શકે?' ફરી કેટલાક શિષ્યોએ પૂછ્યું.

'એટલા માટે કે એક નામને એમણે માત્ર પોતાના માટે જ અંગત રાખ્યું છે, ને એ નામની એ લોકો પૂરેપૂરી ગુપ્તતા જાળવે છે!' ગુરુ બજુવાએ જવાબ આપ્યો.

'પણ એમાં વળી ગુપ્તતા રાખવાનું શું કારણ? ખુદાનું તે વળી અંગત નામ હોઈ શકે?' શિષ્યોએ પૂછ્યું.

'તમારી વાત સાચી છે. આ અંગે મેં પણ એક સૂફી ફકીરને પ્રશ્ન કર્યો હતો, ને તેમણે મને શું જવાબ આપ્યો હતો ખબર છે?'

'શું જવાબ આપ્યો હતો?' શિષ્યોએ પૂછ્યું.

ને બજુવા બોલ્યા : 'મેં પૂછ્યું ત્યારે એ સૂફીએ જવાબ આપ્યો હતો - ખુદાના એ એક નામનું રટણ કરતાં કરતાં અમે પણ એ નામ ભૂલી ગયા છીએ!!'

બાબો પીઠોરો

જયોતિ ભટ્ટ


સમાજમાં લોકોને પ્રેરણા-પ્રોત્સાહન અને માર્ગદર્શન મળી શકે તેવા હેતુસર સુયોગ્ય વ્યક્તિઓને, વિવિધ ક્ષેત્રે તેમણે કરેલ પ્રદાનો માટે રાજ્ય, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સ્તરે સન્માનિત કરવાની પ્રથા છે. આપણા જીવન સાથે સંકળાયેલ તથા મહત્ત્વનું સ્થાન ધરવાતી પશુ-પંખીઓ, સ્થળો તથા વસ્તુઓનું પ્રસંશાપત્ર, હારતોરા, શાલ-દુશાલા, માન-ચાંદ-ઈલ્કાબ કે ધનની થેલી (કે ચેક) આપીને સન્માન થઈ શકે નહીં. તેમને સન્માનવાની એક રીત તેને ટપાલની ટિકિટો ઉપર સ્થાન આપવાની છે.

આપણે ગુજરાતીઓ ગૌરવ લઈ શકીએ તેવી રૂ. ૩ની એક ટપાલ ટિકિટ ૧૯૯૯માં, વિશ્વ ડાક સંઘે, ૧૨૫ વર્ષ પૂરાં કર્યાની ઉજવણી સમયે ભારતીય ડાક વિભાગે છાપી હતી. તે ટિકિટ ઉપર, ગુજરાતના વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તથા આજુબાજુના વિસ્તારમાં વસતા રાઠવા જાતિના આદિવાસીઓના ઘરમાં કરવામાં આવતાં, 'પીઠોરો' નામે ઓળખાતાં ભીંતચિત્રમાં જોવા મળતો - તેનો એક અંશ 'રાજા ભોજનો હાથી' દર્શાવવામાં આવ્યો છે.

છેલ્લા ત્રણ-ચાર દાયકાથી કેટલાક શહેરનિવાસી કલાપ્રેમીઓ પીઠોરા અંગે થોડુંઘણું જાણતાં થયા છે. દેશ-પરદેશમાં યોજાતાં રહેલ ભારતોત્સવ તથા પ્રદર્શનોમાં, હસ્તકૌશલ્ય સંગ્રહાલયોમાં અને દિલ્હી, ઉદયપુર, ભોપાળ તથા ભુવનેશ્વરમાં આવેલ ગ્રામ-આદિવાસી સંકુલોમાં અને માનવ-સંગ્રહાલય (મ્યૂઝીઅમ ઑવ્ મૅન) ઇ.માં પીઠોરાને સ્થાન મળવા લાગ્યું છે. કેટલીક, ચાર કે પાંચ તારક ધરાવતી હોટેલોની દીવાલો પર અને સરકારી સ્તરે યોજાતા રહેતા હસ્ત-કૌશલ્ય મેળાઓમાં પણ હવે 'પીઠોરો' જોવા મળે છે.

પ્રાચીન ભારતીય જીવન પરંપરાઓમાં કલા-સર્જનને પણ વણી લેવામાં આવ્યું હતું. લોકોને તેમની કલા-અભિવ્યક્તિ સહજ રીતે કરવાની તક મળે તેવી, વ્રતો અને ઉત્સવોની ઉજવણી જેવી વ્યવસ્થા, ધાર્મિક તેમજ સામાજિક રીત-રિવાજોનો અગત્યનો ભાગ બની રહી હતી. વિષ્ણુધર્મોત્તર પુરાણના ચિત્રસૂત્રમાં વર્ણવેલ ચોસઠ કલાઓમાં ભીંતચિત્ર તથા ભૂમિચિત્રણ (રંગોળી)નો સમાવેશ થયો છે. આ બન્ને પરંપરાઓ ભારતના ઘણા પ્રદેશોમાં - ભલે ઓછા-વત્તા સ્તરે - હજુ સુધી જળવાઈ રહી છે. (જો કે હવે લાંબો સમય તે ટકે, ટકી શકે તેવી સંભાવના દિન-પ્રતિદિન ઓછી થતી જાય છે.) સામાન્ય રીતે લોકસ્તરે જોવા મળતાં ભીંતચિત્રો, પોતપાતાનાં ઘરમાં - અંદર કે બહાર - સ્ત્રીઓ પોતે જ સ્વહસ્તે કરતી હોય છે. પરંતુ પીઠોરાનું ભીંતચિત્ર તેમાં અપવાદરૂપ પ્રકાર છે.

'પીઠોરો' એ રાઠવાઓના એક પૂજ્ય દેવનું નામ છે. આથી તેઓ તેને માનપૂર્વક 'બાબો પીઠોરો' કે 'પીઠારાબાબા' કહે છે. કૌટુંબિક વ્યક્તિઓમાં કે ઢોર-ઢાંખરમાં વ્યાપેલી બીમારી જેવી નૈસર્ગિક કે અન્ય મુશ્કેલીઓ વગેરે દેવની અવકૃપાનું પ્રત્યક્ષ, પ્રગટરૂપ મનાતું હોઈ, દેવનો પ્રકોપ દૂર કરી તેને રાજી તથા શાંત કરવા રાઠવાઓ પોતાના ઘરમાં પીઠોરાબાબાનું સ્થાપન કરવા, તેને 'બેહારવાની' (ભીંત પર ચીતરવાની) બાધા રાખે છે. ત્યાર પછી તે માટે જરૂરી આર્થિક વ્યવસ્થા થયે વહેલી તકે તેનો વિધિ કરાવી લે છે. આ માટે ખેતી કે મજૂરી જેવા વ્યવસાય દ્વારા ગુજરાન ચલાવતા પરંતુ ચિત્રકામનો અનુભવ ધરાવતા રાઠવા કોમના પુરુષ ચિત્રકારોને નિમંત્રવામાં આવે છે. રાઠવી બોલીમાં પીઠોરો 'ચીતરવો' નહીં, પણ 'લખવો' ક્રિયાપદ વપરાય છે. આથી એ ચિતારાઓ 'લખારા' તરીકે ઓળખાય છે.



अ-લાકડાનું ઓઠું-બીબું; ब, क , ड, ई-પતરામાંથી બનાવેલ વિવિધ ઓઠાં, બીબાં. **આકૃતિ ૧** : ઉપર દર્શાવેલ ઓઠાંમાંથી એક કે વધુનો ઉપયોગ કરીને (જોડીને) બનાવેલ 'દેવનો ઘોડો'. **આકૃતિ ૨** : આકૃતિ-૧ દોર્યા પછી તેની ઉપર વિવિધ રંગોની રેખાઓ વડે અન્ય વિગતો તથા સુશોભનાંકનો ઉમેરીને તૈયાર કરેલ દેવનો ઘોડો. **આકૃતિ ૩** : દેવના ઘોડા પર -જરૂર પ્રમાણે - દેવ-દેવીની આકૃતિ દોરી તેને યોગ્ય સ્વરૂપે રજૂ કરાય છે. આમાં (આકૃતિ - ૩) હુક્કો ગગડાવતા ગણેશને રજૂ કરાયા છે.



રાઠવા જાતિના આદિવાસી ઘરમાં દોરાતું 'પીઠોરા'નું ભીંતિચત્ર



'પીઠોરા'ના રક્ષણ નીચે સૂતેલી - પીઠીયાળી રાઠવા કન્યા (૧૯૭૮)

વહેલો કે મોડો, પીઠોરો ચીતરવાનો પ્રસંગ આવવાનો જ છે એવી શ્રદ્ધાથી ઘર બંધાય ત્યારથી જ તેને માટેની ભીંત અને ભીંત પરનું તેનું સ્થાન નક્કી કરી રખાયું હોય છે. આ માટે મોટા ભાગે ઘરની ઓશરી તથા રસોડા વચ્ચેની ભીંત ઉપયોગમાં લેવાય છે. ઓશરી ત્રણ બાજુથી બંધ અને એક - પૂર્વ દિશા તરફની બાજુએ ખુલ્લી હોય છે.

પીઠોરાનો ચિત્રણવિધિ, લગ્નોત્સવ જેવો જ ખર્ચાળ અને બે-ત્રણ દિવસ ચાલતો જશન, મેળાવડો બની રહે છે. જેના ઘરે પીઠોરો ચિતરાવવાનો હોય તે ઘરધણી પોતાનાં બધાં સગાં-સંબંધીઓ, સ્નેહીજનો, ગ્રામજનો ઉપરાંત આજુબાજુનાં ગામોના મુખીઓ અને પરિચિતોને પધારવા નિમંત્રે છે. લખારાઓ તથા મહેમાનોની આગતા-સ્વાગતા તથા ખાણી-પીણીની વ્યવસ્થા પર પણ ખૂબ ધ્યાન અપાય છે.

આદિવાસી પરંપરા પ્રમાણેની ધાર્મિક વિધિઓ, જાદુ-મંતર, દોરા-ધાગા આદિ બધું જાણનાર, ભૂવા જેવી અનુભવી, મોટિયાર વ્યક્તિને રાઠવાઓ 'બડવો' કહે છે. પોતાની દરેક પ્રકારની સમસ્યાનું નિવારણ કરી આપવાની ક્ષમતા બડવો ધરાવે છે એવી શ્રદ્ધાથી ગ્રામજનો તેની સાથે ખૂબ સન્માનપૂર્વક વર્તે છે. ઘણાં ગામોમાં ગામ મુખી બડવો પણ હોય છે.

પીઠોરાનો ચિત્રવિધિ હંમેશ બુધવારે જ કરવાની પ્રથા છે. બડવાની સલાહ પ્રમાણે નિયત કરેલ બુધવારની પહેલાના અઠવાડિયા દરમિયાન કુટુંબની કુમારિકાઓ ગારના લીંપણના - દરરોજ એક એ પ્રમાણે - સાત-આઠ સ્તર-'હાથ'-લગાવી ભીંતને સમથળ કરી રાખે છે. તેની ઉપર મંગળવારે લખારાઓ છેલ્લો 'હાથ' મારે છે. આ માટે જ્યાંથી ધોળી માટી-ભૂતડો-મળી શકે તેવા આજુબાજુના કોઈ સ્થળની વિધિપૂર્વક ભૂમિપૂજા કરી માટી ખોદી લાવવામાં આવે છે. આવા સ્થળને રાઠવાઓ માનપૂર્વક 'પાંડુરાયા' (રાજા) કહે છે. માટલામાં પાણીમાં પલાળી રાખેલ આ ધોળી માટીમાં કપડું બોળી તેના વડે ભીંત પર છેલ્લો 'હાથ' લગાવી તેને ધોળવામાં આવે છે. કદાચ આ કારણે જ રાઠવાઓ મંગળવારને 'પાંડુડિયો' કહે છે.

બુધવારની વહેલી સવારથી પીઠોરો 'લખવાનું' શરૂ કરાય છે. મુખ્ય લખારાની દોરવણી પ્રમાણે તેના સહાયક, સાથીઓ ઘરની ઓશરીની ભીંત પર મધ્યમાં આશરે છ-સાત ફૂટ ઊંચો અને દસ-બાર ફૂટ પહોળો લંબચોરસ ચોક દોરી તેની કિનાર બાંધે છે. આ માટે (રંગારાઓ તથા કડિયા-મિસ્ત્રીઓ કરે છે તેમ) પ્રવાહી રંગમાં ઝબોળેલ એક પાતળી દોરીને ભીંત પર છટકોરીને તેની આડી તથા ઊભી, સીધી રેખાઓ સ્વરૂપે છાપ લેતા જાય છે.

લગ્નના મંડપ જેવા આ ચોકની અંદર લખારાઓ રાઠવાઓમાં પ્રચલિત એક કથાના પ્રસંગનું તથા ડૉ. જ્યોતીન્દ્ર જૈનના સંશોધન પ્રમાણે - રાઠવાઓની 'જગતની ઉત્પત્તિની કથા'નું પ્રતીકાત્મક સ્વરૂપે ચિત્રણ કરાય છે. ઉપરોક્ત બે વિષયમાંથી પહેલો કથા-પ્રસંગ ટૂંકમાં નીચે પ્રમાણે છે :

ઈન્દ્રની અપરણિત બહેન રાણી કાળી કોયલના કુંજુ/કુંદુ રાણા સાથેના પરિણયના પરિણામે જન્મેલ બાળકને, લોકલાજે, કોયલ ત્યારે એક છાબડીમાં મૂકી પાણીમાં વહેતો કરી દે છે. ઇજિપ્તના રાજકુમાર મોઝેઝ તથા મહાભારતના કર્ણની બાબતે બનેલું તેમ, આ બાળકને પણ પાણી ભરવા ગયેલી ઈન્દ્રની (તથા કોયલની) બીજી બહેન, રાણી કાજળ બચાવી લે છે અને ઉછેરીને મોટો કરે છે. આ બાળક તે જ પીઠોરો. તે મોટો થયે ઈન્દ્રમામા તેનાં લગ્ન ધામધૂમથી કરે છે. પીઠોરાના ભીંતચિત્રમાં આ લગ્નના વરઘોડાનો પ્રસંગ મધ્યસ્થાને દોરવામાં આવે છે, ને તેમાં ઝાકમઝાળ, ભડકીલા રંગો પૂરી તેને સજાવવામાં આવે છે.

સંભવ છે કે પહેલાંના સમયમાં પીઠોરાનું ચિત્રણ ઘણું સાદું હશે. રંગો પણ મુખ્યત્વે સફેદ તથા જમીનમાંથી જ મળી



'પીઠોરા' ચિત્રમાં હળ ચલાવતો રાઠવો, તાડી પર ચડતો રાઠવો, કૂવા-કાંઠો, બંદૂકધારી શિકારી, મૃદંગ વગાડતો કૂકડો ઈ. જણાય છે.

શકતી પીળી તથા ગેરુ માટી, મેશમાંથી મેળવાતાં હશે. ગુજરાતની સરહદની નજીક, મધ્યપ્રદેશમાં રહેતા રાઠવાનાં ઘરોમાં હજુ પણ સાદો પીઠોરા જોવા મળે છે. ધોળ્યા વિનાની, ગારની ભીંત પર મુખ્યત્વે તો ધોળા રંગથી જ દેવના ઘોડાઓ આલેખાય છે અને તે પણ છાયાચિત્ર જેવા - ટીલાં, ટપકાં કે સાજશણગાર વિનાના. પરંતુ ગુજરાતમાં જોવા મળતા પીઠોરાના ચિત્રમાં ધોળો, લાલ, ભૂરો, કેસરી, પીળો, લીલો ને ક્યારેક કાળો, ઉપરાંત ચમકતો રૂપેરી (વારનિશ મિશ્રિત એલ્યુમિનિયમ પેઈન્ટ) જેવા 'ભડકીલા' રંગો ઉપયોગમાં લેવાની પ્રથા ઘણા સમયથી શરૂ થઈ ગઈ છે. આ રંગો તેઓને શહેરની દુકાનોમાંથી ચૂર્ણ સ્વરૂપે મળી રહે છે. ખાખરાનાં પાનના પડિયામાં કે માટીના કોડિયામાં આ રંગ-ચૂર્ણનો દૂધ તથા મહુડાના દારૂમાં મેળવીને, લીલા વાંસની પાતળી ડાળખીઓને એક છેડે છૂંદીને બનાવેલ પીંછીઓ વડે ઉપયોગ કરાય છે.

ગુજરાતમાં થતા પીઠોરા ચિત્રોમાં ય મુખ્યત્વે તો ઘોડાઓ જ દોરાય છે, પરંતુ સાથેસાથે અશ્વારુઢ વરરાજા પીઠોરો, રાણી પીઠોરી તથા તેમના અન્ય સંબંધી દેવો પણ રજૂ કરાય છે. ઘોડાના શરીરનાં માપ તથા સ્વરૂપમાં સામ્ય તથા સૌંદર્ય જળવાય તે માટે લખારાઓ લાકડાના કે ધાતુના પતરાનાં બીબાંનો (કે ઓઠાનો) ઉપયોગ કરે છે. આ સપાટ બીબાંને ભીંત પર મૂકી, છરી, તીર કે દાતરડાની ધાર વડે બીબાં ફરતી રેખા દોરે છે. (કોરે છે) ત્યાર બાદ ડોક, માથું, પગ-પૂંછડી, આદિ વિગતો માટેનું રેખાંકન પણ એ સાધન વડે જ કરે છે. રાજસ્થાનમાં થતા પાબુજીના પટ કે આંધ્રના કલમકારી પટચિત્રની જેમ પીઠોરોમાં પણ સૌથી પહેલા ગણેશ 'માંડવા'ની પ્રથા છે. જો કે આ ગણેશને ગજાનન નહીં, પરંતુ માનવસ્વરૂપ ધરાવતા અન્ય દેવતાઓ જેવા જ, અશ્વારુઢ દર્શાવાય છે, જે એમણે હાથમાં પકડી રાખેલ હુક્કાને લીધે ઓળખી શકાય છે. જુદા જુદા દેવી-દેવતાના ઘોડાઓના રંગો પણ સામાન્ય રીતે નક્કી કરાયેલા હોય છે અને લગભગ બધે જ, તે રીતે જ, તેનો ઉપયોગ થાય છે.



વડોદરા જિલ્લાના છોટાઉદેપુરના 'રાઠવા' જાતિના ઘરમાં પૂજાતું 'પીઠોરો' નામનું ભીંતચિત્ર - તે પરથી બનેલી ટપાલટિકિટ.

ચિત્રમાં ઉપરના ભાગે ચાંદો-સૂરજ, 'એક ટાંગિયો' તથા 'સૂપડકશો' જેવાં કાલ્પનિક કથાપાત્રો અને 'દેવના ઘોડાઓ'ને સ્થાન અપાય છે. આ પ્રસંગે બધાંને નોંતરું દેવા મોકલેલ નોતરિયો પણ અશ્વારુઢ સ્વરૂપે ચિત્રમાં આલેખાય છે. ચિત્રમાં નીચેના ભાગે તથા ડાબી બાજુએ આદિવાસીઓના રોજબરોજના જીવન સાથે સંબંધિત અનેક બાબતો - પશુપંખી, વૃક્ષો વગેરે આલેખાય છે. આ બધું એમની 'જગતની ઉત્પત્તિ'ની કથામાં ઉલ્લેખાયું છે, પરંતુ તેમાં તેનો અર્થ તથા મહત્ત્વ માત્ર દૃષ્ટિ-ગોચર અનુભવ પૂરતો જ મર્યાદિત ન રહેલાં બદલાઈને જટિલ સ્વરૂપ ધારણ કરે છે. અર્થઘટનમાં ઊતર્યા વિના, અહીં માત્ર કેટલાંક સ્વરૂપોનો નામોલ્લેખ જ કરું છું) હળ વડે ખેતર ખેડતો ખેડૂત, ભથવારી, કૂવાકાંઠે પાણિયારીઓ, હથિયાર (બંદૂકો) ભરેલ શસ્ત્રાગાર, તાડીનું માટલું લેવા તાડ પર ચડતો રાઠવો, ચોપડા ખોલી બેઠેલી વહીલખારી, તાંતણે લટકતો કરોળિયો, ગાય, બંદૂક તથા ધનુષબાણ વડે શિકાર ખેલતા શિકારી, ભોજ રાજાનો અંબાડી સાથે હાથી, વાજિંત્રો વગાડતા લોકો, ડાકલાં વગાડતા બડવા ઈત્યાદિ. વળી, સૃષ્ટિની ઉત્પત્તિની કથા સાથે સંબંધ ન ધરાવતા અને સાંપ્રત જમાનાની યાદ આપતા નવા - રેલવે એન્જિન અને ડબ્બાઓ, મોટરગાડી, બસ, ઘડિયાળ, વિમાન અને હેલિકોપ્ટર, જેવાં સ્વરૂપો પણ હવે બનતા પીઠોરામાં જોવા મળવા લાગ્યાં છે. 'બાર માથાનો ધણી' નામે ઓળખાતું રાવણ જેવું એક પાત્ર, ઉપરાંત વાંદરા, બકરી, હરણ, સૂવર, પણ હંમેશાં જોવા મળે છે. ચૉકમાં નીચે, મધ્યમાં ખુલ્લી રાખેલી થોડી જગ્યામાં તે સાચવતો દ્વારપાળ તથા દ્વાર નજીક બન્ને તરફ બે વિકરાળ વાઘ દોરવામાં આવે છે.

લંબચોરસ, કિનાર બાંધેલા ચૉકની અંદર માત્ર લખારાઓ જ આકૃતિઓ દોરે છે તથા તેમાં રંગ-પૂરણી કરે છે. પરંતુ એની બન્ને તરફની બાકીની ભીંત તેમજ તેનાં બન્ને પડખે કાટખૂણે જોડાતી બે ભીંતો પર શિખાઉ લખારાઓ અને ગામના

તથા આમંત્રિત જુવાનિયાઓ લખારાના અનુકરણ જેવું તેમજ પોતાને મનફાવતું આકૃતિ-આલેખન કરે છે. આદિવાસીઓની સામાજિક પ્રથા અનુસાર સ્ત્રીઓ આ ચિત્રકામમાં જોડાઈ શકતી નથી. આજકાલ શહેરોમાં ખાસ પ્રસંગોએ, કદાચ રાજકારણીય હેતુસર કલાકારો તથા કલાશાળાના વિદ્યાર્થીઓ ભેગા મળીને એક મોટું ચિત્ર બનાવે તેવા કાર્યક્રમો યોજાવા લાગ્યા છે. પરંતુ રાઠવાઓમાં તો આ વરસોથી ચાલી આવતી પરંપરા છે.

બુધવારની વહેલી સવારથી 'પીઠોરો' લખવાનું શરૂ થાય. ઓશરીમાં એક બાજુ ટોળે વળી બેઠેલી સ્ત્રીઓ ગીતો ગાય. ભૂવા-બડવાઓ ડાકલાં વગાડી, રાઠવી બોલીમાં 'મંત્રોચ્ચાર' જેમ 'સૃષ્ટિની ઉત્પત્તિની કથા' ગાય. આથી વાતાવરણમાં એક ખાસ માહોલ રચાય છે તથા નિરક્ષર લખારાઓને ચિત્ર માટે કથાવસ્તુની વિગતોની યાદ પણ મળતી રહે છે. (આ ડૉ. જ્યોતીન્દ્ર જૈનનું તારણ છે.) બુધવારે જ, સાંજ સુધીમાં ચિત્ર પૂરું કરી દેવાનું હોઈ ક્યારેક તો કામ કરતાં કરતાં, કોઈ એક વિભાગમાં ચાર-પાંચ લખારાઓ એકઠા થઈ જાય છે. ત્યારે તેઓ એકસાથે, એક જ સમયે જમીન પર બેઠાં બેઠાં ચિત્રના નીચેના ભાગે, વાંકા વળીને કે સીધા ઊભા રહીને મધ્યભાગે તથા ખુરશી પર ચઢી જઈ ઉપરના ભાગે કામ કરતા હોય તેવું પણ બને છે. 'ઝાઝી સુયાણીએ વેતર વંઠે' એ કહેવતનો અનુભવ આપણને શહેરી તથા રાજકારણીઓ-સંચાલિત પરિસ્થિતિ-ઓમાં ભલે વારંવાર થતો રહેતો હોય, પરંતુ પીઠોરો 'લખાતી' સમયે ત્યાં ગુંજતું, વ્યસ્ત વાતાવરણ 'ઝાઝા હાથ રળિયામણા'ની પ્રતીતિ જ કરાવતું રહે છે.

ચિત્ર પૂરું ચીતરાઈ ગયાં પછી આરામ, ખાણી-પીણી પતાવવામાં આવે છે અને 'પીઠોરા'વાળી ઓશરી વાળી-ઝૂડી સાફ કરી પીઠોરા સમક્ષ એક છેડેથી બીજા છેડા સુધી પૂજા માટેની સામગ્રી - અનાજની ઢગલીઓ, મહુડાનો દારૂ ભરેલી માટલી કે બાટલી, શ્રીફળ, દીપક આદિ ગોઠવી પૂજાવિધિ થાય છે. આ થઈ ગયા બાદ, મોડી રાત્રે બધાંની હાજરીમાં બડવો મંત્રોચ્ચાર કરતાં કરતાં ઊભો થઈ જાય છે. રાઠવાઓની માન્યતા પ્રમાણે બડવાના શરીરમાં પ્રવેશીને તેની દ્વારા બાબો પીઠોરો પોતે જ નવા ચિત્રનું નિરીક્ષણ કરે છે. બલકે નવો લખાયેલ 'પીઠોરો' વાંચે છે. દારૂ અને દેવના પ્રભાવ તળે આવેશથી ધૂણતા ધૂણતા હાથમાંની ખુલ્લી તલવાર વીંઝતો બડવો તલવારની અણી ચીંધી ચીંધીને ચિત્રમાંના વિવિધ પાત્રોને ઓળખી તેનાં નામ બતાવતો જાય છે. પ્રાણ-પ્રતિષ્ઠા જેવો આ વિધિ લાંબો સમય ચાલે છે. તે દરમ્યાન બડવાના શરીરમાં વિવિધ દેવી-દેવતા પ્રવેશતાં રહે છે. મહેમાન પ્રેક્ષકોના મનોરંજન માટે જ બડવો કેટલાંક ચેનચાળા તથા મંતવ્યો કરતો હોય તેવું પણ આપણા જેવાને ક્યારેક લાગે. ચિત્રમાં જો બડવાને કોઈ ક્ષતિઓ જણાય તો ઘરધણી પાસે તે સુધરાવી લેવાનું વચન લીધા પછી જ તે ચિત્રને દેવસ્થાન તરીકે માન્યતા આપે છે.

આ બધું થઈ ગયા પછી બધા - ઘરધણી, તેનાં સગાં-સંબંધીઓ અને આજુબાજુનાં ગામોના પ્રતિષ્ઠિત મુખીઓ તથા મહેમાનો - પોતપોતાના મોભાને અનુરૂપ સંખ્યા પ્રમાણે બોકડા તથા મરઘાઓના બલિ ચડાવે છે. (આ તબક્કાનો 'આંખે દેખ્યો અહેવાલ' અહીં આટલો જ પૂરતો છે.) આ દરમિયાન પણ નાચ, ગાન અને ડાકલાંવાદન તો ચાલતાં જ રહે છે.

ઉપરોક્ત વિધિ સમયે અપાયેલ બલિનો બીજા દિવસે સવારે ખુલ્લી આગ પર શેકીને બનાવેલ પ્રસાદ લીધા પછી જ બધાં વિખરાવાનું શરૂ કરે છે. પીઠોરો લખાવવાના વિધિ સાથે સામાન્ય રીતે ઇન્દ્રની પૂજાનો ઉત્સવ પણ જોડી દેવામાં આવે છે. હિન્દુ લોકોનાં ઘરોમાં જોવા મળતાં પૂજા-સ્થળોની જેમ પીઠોરો 'લખાયેલ' ભીંતની પવિત્રતા જળવાય તેનું ત્યાર પછી હંમેશા ધ્યાન રખાય છે. પ્રસંગોપાત્ત, વાર-તહેવારે તેમજ નાની-મોટી બાધા-આખડી ઉતારવા પીઠોરાની પૂજા તથા બલિ ધરવાના વિધિ પણ થતા રહે છે. સ્ત્રીઓએ તેની લાજ, આમન્યા, પાળવી પડે છે અને પોતાનાં અંગોનો જ નહીં, વસ્ત્રોનો પણ કોઈ ભાગ તેને સ્પર્શે નહીં તેનું ધ્યાન રાખવું પડે છે.

આપણે ત્યાં લગ્ન-પ્રથાઓમાં ઘણું સામ્ય હોવા છતાં તેમાં પ્રાદેશિક તેમજ જાતિ-આધારિત વૈવિધ્ય પણ જોવા મળે છે. એ પ્રમાણે સામ્ય અને વૈવિધ્ય 'પીઠોરાઓ'માં પણ જોવા મળે છે. આવું વૈવિધ્ય પીઠોરાના ચિત્રણ સાથે સંકળાયેલ વિધિઓમાં તેમજ પાત્રોની વિગત તેનાં સ્થાન, સંખ્યા અને અર્થઘટનમાં પણ જોવા મળે જ છે. આ ટૂંકા પરિચય-લેખમાં સ્થળ-મર્યાદા તથા સ્મૃતિદોષ જેવા કારણે કેટલીક વિગતો અસ્પષ્ટ કે ભૂલભરેલી રહી ગઈ હોવાની પૂરી શક્યતા છે. પરંતુ વધુ અને ઊંડી જાણકારી મેળવવા ઇચ્છતા વાચકોને ડૉ. જ્યોતીન્દ્ર જૈનનું એક સુંદર, સચિત્ર અને સંશોધન પર આધારિત અભ્યાસયુક્ત અંગ્રેજી પ્રકાશન (રાષ્ટ્રિય લલિત કલા અકાદેમી, દિલ્લીનું પ્રકાશન) જોવા ભલામણ છે.

'મધુબની કલા' નામે પ્રચલિત થયેલ, બિહારના મિથિલાવાસીઓના તથા દક્ષિણ ગુજરાતની સરહદ પાસેની વારલી પ્રદેશના આદિવાસીઓનાં પરંપરાગત ભીંતચિત્રો હવે કાગળ પર તેમજ પહેરવા-ઓઢવાનાં વસ્ત્રો તથા ઘરસજાવટ માટેની કાપડ-સમાગ્રી પર વ્યાવસાયિક રૂપે તૈયાર થવાં લાગ્યાં છે અને શહેરી દુકાનોમાં વેચાવા લાગ્યાં છે. મોટાં શહેરોમાં તો 'વારલી કલા' તથા 'મધુબની કલા'ના વર્ગો પણ હવે ધંધાદારી સ્તરે ચલાવવામાં આવે છે. કેટલાક શહેરી કલાકારો એવાં જ નકલી પણ અત્યંત નબળાં ચિત્રો તૈયાર કરી પોતાની મૌલિક કૃતિઓ તરીકે નિજી પ્રદર્શનોમાં દર્શાવવા લાગ્યા છે! પીઠોરા અંગે પણ આવું થવાની શરૂઆત થઈ ચૂકી છે. ❑

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

લોકશાળા

તા. ૮-૪-૯૭ : તા. ૫,૬,૭ના દિવસોએ હું લોકભારતી, સણોસરા ગયો હતો. હમણાં હમણાં અમે ગુજરાતમાં 'શાળાથી લોકશાળા' નામનો કાર્યક્રમ હાથ પર લીધો છે. ૧૪ વર્ષ સુધીનાં બધાં બાળકો માટે ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કરવું અને તે માટે રાજ્યે વ્યવસ્થા કરવી જોઈએ તેવું ઠેઠ ૧૯૩૧માં કરાચી ખાતે મળેલી કૉંગ્રેસમાં ગાંધીજીએ ઠરાવ કરીને કહ્યું હતું. આપણા બંધારણના આદેશમાં પણ ૧૯૬૦ સુધીમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વાત છે. છતાં આજે, ૧૯૯૭માં ૬ થી ૧૪ વર્ષનાં બાળકોમાં અડધાં ઉપરાંતનાં બાળકો શાળાએ જતાં જ નથી! વિચાર કરતાં જણાયું કે આનું મૂળ કારણ તો, 'આ બધું સરકારે કરવાનું છે, આપણે તેની શી ચિંતા?' એવી જનમાનસની સ્થિતિ છે. એટલે અમે કેટલાક લોકોએ બેસીને નક્કી કર્યું કે પ્રાથમિક શાળાની વ્યવસ્થામાં જનતાને રસ લેતી કરવી જોઈએ. ગામમાં શાળા તો છે પણ એ તો ગામમાં ગામનો ચૉરો હોય, તલાટીની ઑફિસ હોય તેવી જ આ નિશાળ - સરકારી તંત્રનું અંગ એવી માન્યતામાંથી ગામલોકોને ગામની શાળામાં રસ લેતાં કરવાં, ગામનું એક પણ બાળક શાળામાં ન જાય તેની ચિંતા ગામલોકો કરતાં થાય, ગામની શાળાનું મકાન જર્જરિત થયું હોય તો તેના રિપેરની ચિંતા ગામલોકો કરતાં થાય એવું એક વાતાવરણ ગામમાં ઊભું કરવું એવી બધી વાતો લઈને ગામની 'શાળા'ને 'લોકશાળા'માં ફેરવવી એવો કાર્યક્રમ અમે શરૂ કર્યો છે. અને ગુજરાતમાં તો આવા ક્ષેત્રમાં કેટલાંય વર્ષોથી સક્રિય એવી ઠેરઠેર પથરાયેલી સંસ્થાઓ છે. એટલે એવી સંસ્થાઓના સક્રિય શિક્ષકોને આ લોકશાળાના કાર્યક્રમથી માહિતગાર કરવા અને આ પ્રવૃત્તિના વિકાસ અને આયોજનમાં તેમને સાથે જોડવા લોકશાળા અંગે કાર્યશિબિરો યોજી છે. આવી છેલ્લી શિબિર ૫,૬,૭ તારીખે સણોસરામાં થઈ.

ટેસ્ટટ્યુબ બેબી

તા. ૨૪-૬-૯૭ : ભારતમાં પહેલું ટેસ્ટ ટ્યુબ બાળક ૧૯૮૬ના ઑગસ્ટની ૬ઠ્ઠી તારીખે મુંબઈની કે.ઈ.એમ. હૉસ્પિટલમાં તૈયાર થઈ જન્મ પામ્યું એમ આપણે જાણીએ છીએ. પણ જે વૈજ્ઞાનિક આનંદકુમારના માર્ગદર્શન નીચે આ પહેલી ટેસ્ટ ટ્યુબ બેબી હર્ષાનો જન્મ થયો હતો તેમણે હમણાં કરંટ સાયન્સમાં લેખ લખીને જાહેર કર્યું છે કે દેશની પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબીનો જન્મ ખરેખર તો કલકત્તામાં ૩જી ઑક્ટોબર ૧૯૭૮ના રોજ ડૉ. સુભાષ મુખર્જીની રાહબરી નીચે થયો હતો! પણ ત્યારે દેશના ડૉક્ટરો અને અમલદારશાહીની જોહુકમીને કારણે આ તદ્દન નવી વાત તે સમયે કોઈ સમજી શક્યું નહિ અને દુનિયાભરતનું બીજું ટેસ્ટ ટ્યુબ બેબી ભારતના વૈજ્ઞાનિકોએ જન્માવ્યાનું માન દેશને ન મળ્યું! એટલું જ નહિ ૧૯૭૮ના બંગાળના હેલ્થ ખાતાએ આ ડૉ. મુખર્જીને એટલો હેરાન કર્યો કે છેવટે ૧૯૮૧માં ૫૦ વર્ષના આ મહાન વૈજ્ઞાનિકે આપઘાત કર્યો!

આ આનંદકુમારે સુભાષ મુખર્જીને લખેલી નોંધોનો અભ્યાસ કરી જાહેર કર્યું છે કે અત્યારે પ્રચલિત રીતો વાપરીને સુભાષ મુખર્જીએ આ નવી ટેસ્ટ ટ્યુબ બેબી 'દુર્ગા'ને જન્માવી હતી. દુર્ગાની માતા અને પિતા બન્નેને ટ્રીટમેન્ટ આપી અને માતાના માસિક સ્ત્રાવના ૧૪મા દિવસે તેના ગર્ભાશયમાંથી ગર્ભબીજ કાઢી યોગ્ય રસાયણમાં મૂકી તેની સાથે પિતાના વીર્યને તેવી જ રીતે ભેળવ્યું. આ મિશ્રણને -૪° જેટલું ઠંડું કર્યું. આ રીતે ૫૩ દિવસ સુધી રાખીને પછી માતાના ગર્ભાશયમાં રોપી દીધું. એટલું ધ્યાન રાખ્યું કે માસિક સ્ત્રાવ પછીના ૧૪મા દિવસે આ કાર્ય થાય. બસ, માતાને રીતસર ગર્ભ રહ્યાનાં ચિહ્નો દેખાયાં અને ૩-૧૦-૭૮ના રોજ સિઝેરિયન પદ્ધતિથી દુર્ગાનો જન્મ થયો! અને આ ભારતની પ્રથમ તેમજ દુનિયાની બીજી ટેસ્ટ ટ્યુબ બેબીની જાહેરાત કલકત્તાના દૂરદર્શને તે જ દિવસે કરી. કલકત્તાનાં છાપાંમાં પણ દુર્ગાના ફોટા સાથે સમાચાર આવ્યા. પણ સમય કરતાં આગળ નીકળી જવામાં કેટલું જોખમ છે તે તરત જ જોવા મળ્યું. કલકત્તા બહાર આવેલી એક નાની મેડિકલ કૉલેજનો ડૉક્ટર તો ખોટાં બણગાં ફૂંકે છે. આવું તે કાંઈ થાતું હશે એવો કલકત્તાના મોટા ડૉક્ટરોએ પ્રચાર શરૂ કર્યો. સરકારે એક નિષ્ણાત સમિતિ નીમી. પણ નિષ્ણાતોને આ નવા વિજ્ઞાનનો 'વિ' પણ આવડે નહિ. સમિતિએ 'આ બધું ધતિંગ છે' એમ જાહેર કર્યું. સરકારે મુખર્જીના વિદેશ જવા પર પ્રતિબંધ મૂક્યો. દરમિયાન મુખર્જીની આ શોધની વાત ધીરે ધીરે વિદેશમાં પ્રસરી. તેને જપાનની મેડિકલ સંસ્થાએ આમંત્રણ આપ્યું, પણ સરકારે જવા ન દીધો અને મેડિકલ કૉલેજમાંથી આંખની હૉસ્પિટલમાં તેની બદલી કરી. આ બધાથી કંટાળી ૧૯૮૧ની ૧૯મી જુલાઈએ તેણે આપઘાત કર્યો! (ક્રમશઃ)

સુધારો : 'કુમાર' ફેબ્રુઆરી ૨૦૦૨ના અંકમાં બાબુભાઈ પટેલના જીવનચરિત્રમાં પૃ. ૮૨ પર પહેલા કૉલમમાં શાસ્ત્રીજી સાથેની તેમની તસવીર નીચે 'અમૂલના ચૅરમેન તરીકે' એમ છાપ્યું છે તે કાળે બા.જ.પટેલ અમૂલના ચૅરમેન નહોતા. જે પુસ્તકમાંથી આ ફોટોગ્રાફ પુનર્મુદ્રિત કર્યો છે તેમાંની ભૂલનું અહીં પુનરાવર્તન થયું છે, તે બદલ ક્ષમાયાચના. - તંત્રી

પાલજનાં માતૃકાશિલ્પો

મુનીન્દ્ર વેણીશંકર જોશી

મહેસાણા જિલ્લા-તાલુકાના પાલજ ગામે શીતળામાતાના મંદિર તરીકે ઓળખાતી જગ્યાએ ખુલ્લામાં રેતિયા-પથ્થરમાંથી કંડારેલ વીરભદ્ર અને ગણેશ સહિત માતૃકાઓની સ્વતંત્ર મોટા કદની પ્રતિમાઓ, ઉમા-મહેશ્વરની અર્ધપર્યંકાસનસ્થ પ્રતિમા વર્ષોથી ખુલ્લામાં હોવાથી ઘસાયેલ, ખંડિત હોવા છતાં તેના જોવા મળતાં અવશિષ્ટ ભાગોના આધારે એ શિલ્પો નોંધપાત્ર છે. મહેસાણાથી બલોલ થઈ બહુચરાજી જતાં બલોલ પહેલાં પાલજ ગામ આવે છે. રાજ્ય પુરાતત્ત્વ ખાતાની ઉત્તરવર્તુળ, અમદાવાદ કચેરીના તત્કાલીન પુરારક્ષણ સહાયક શ્રી (સ્વ.) જ. પો. ટાંક દ્વારા આ લેખકના ધ્યાન પર આ શિલ્પો લાવતાં સંયુક્ત પ્રવાસ દ્વારા મેળવેલ વિગતો અત્રે પ્રસ્તુત છે.

(૧) વીરભદ્ર : સાદીપીઠિકા અને પરિકરયુક્ત પ્રતિમામાં દેવ પગની આંટી વાળીને દ્વિભંગમાં ઊભેલા છે. ગૂંથેલી આંતરલટો સહિતની જટા મધ્યે અલંકૃત જટાબંધ છે. મુખભાગ ઘસાયેલ હોઈ વિગતો સ્પષ્ટ નથી. કાનમાં કુંડળ છે. ગળામાં ચકતાઘાટના પદકોયુક્ત માળા પ્રાચીન પરિપાટીની છે. કટિબંધ નીચે મધ્યમાં લૂપ ઘાટ સહિત જંઘા પર અર્ધવૃત્ત પટ્ટીઓ દર્શાવેલ છે. ઘૂંટણ પર ઉત્તરીય તેમજ તેનાથી નીચે વનમાલા છે. પૃષ્ઠભાગે વામાભિમુખ વાહન નંદી છે. હસ્તવલય સહિત ચતુર્ભુજ દેવે જમણા નીચલા તથા ડાબા નીચલા હાથોમાં વીણા ધારણ કરેલ છે. જમણા ઉપલા હાથની વસ્તુ સ્પષ્ટ નથી. ડાબા ઉપલામાં ત્રિશૂળ છે. પ્રતિમાનું માપ ૮૯x૨૯x૨૦ સે.મી. છે.

(૨) બ્રાહ્મી : કટિભાગેથી સાધારણ વળાંક આપી દેવી દ્વિભંગમાં સ્થિત છે. મસ્તક પર વીરભદ્રની જેમ જટાબંધ સહિત જટામુકુટ છે. દેવીનાં ત્રણ મુખ જોવા મળે છે. ગળામાં ઝૂલતી મધ્યસેર સહિતનો હાર ધારણ કરેલ છે. કટિમેખલા, મુક્તાદામ, ઊરુદામ તથા કટિમેખલાની મધ્યસેર પ્રાચીનતાનાં સૂચક છે. વનમાલા ધારણ કરેલ છે. ચતુર્ભુજ દેવીનો જમણા નીચેનો હાથ ખંડિત છે. ઉપલામાં શૂળ છે. ડાબા ઉપલા હાથની વસ્તુ અસ્પષ્ટ છે. નીચેનો હાથ કટિ પર બેસાડેલ બાળકને ટેકવે છે. માપ : ૭૯x૩૩x૨૦ સે.મી. છે.

(૩) વૈષ્ણવી : દેવી કટિભાગેથી ડાબી તરફ વળાંક આપી દ્વિભંગ સ્થિત છે. મસ્તક પર ટૂંકો મુકુટ છે. અર્ધ નિમીલિત નેત્રો છે. ગળાની ત્રિવલ્લી સ્પષ્ટ છે. કાનમાં વલયકુંડળ છે. પાંદડીવાળા હારની મધ્યસેર નાભિ તરફ ઝૂલતી દર્શાવેલ છે. કટિમેખલા, મુક્તાદામ ઊરુદામ, વનમાલા ધારણ કરેલ છે. હસ્તવલય સહિતના ચતુર્ભુજ પૈકી જમણો નીચેનો હસ્ત ખંડિત છે. ઉપલામાં ગદા છે. ડાબા ઉપલામાં ચક્ર, જ્યારે ડાબો નીચેનો હાથ બાળકને ટેકવે છે. બાળક સ્તનસ્પર્શ કરતું દર્શાવેલ છે. પ્રતિમાનું માપ ૭૯x૩૩x૨૫ સે.મી. છે. ડાબી તરફ નીચે વાહન ગરુડ જણાય છે.

(૪) માહેશ્વરી : સમભંગ સ્થિત દેવીના જટાબંધ મધ્યેનું અલંકરણ વિશિષ્ટ ભાત પાડે છે. અર્ધનિમીલિત નેત્રો સહિત મંદહાસ્ય સહિતની મુખાકૃતિ સૌમ્યભાવ દર્શાવે છે. ગળામાં પાંદડીઘાટનો હાર જેની મધ્યસેર ઝૂલતી દર્શાવે છે. કટિમેખલા, મુક્તાદામ, ઊરુદામની પરિપાટી અન્ય પ્રતિમા જેવી છે. વનમાલા ધારણ કરેલ છે. ચતુર્ભુજ દેવીના નીચેના બન્ને હાથ બાળકને ધારણ કરે છે. જમણા ઉપલા હાથમાં સર્પ છે. ડાબો ઉપરનો હાથ ખંડિત છે. દેવીના પૃષ્ઠ ભાગે વાહન છે, જેના મુખ નીચે મોદકપાત્ર છે. પ્રતિમાનું માપ : ૮૯x૩૩x૨૦ સે.મી. છે.

(૫) ઐન્દ્રી : દેવી દ્વિભંગ સ્થિત છે. અન્ય પ્રતિમાઓથી અલગ મસ્તક પર કરંડ મુકુટ ધારણ કરેલ છે, જેની બન્ને તરફ તથા મધ્યમાં પદ્મભાતનાં અલંકરણ છે. બાકીનો ભાગ આડી રેખાઓથી અલંકૃત છે. શરીર પરના અન્ય અલંકારો બાકી દેવી પ્રતિમાઓ જેવા જ છે. અર્ધનિમીલિત નેત્રો સહિતની શાંત મુખાકૃતિ છે. ડાબો નીચેનો હાથ કેડ પર તેડેલ બાળકને ટેકવે છે. બાકીના હાથનાં આયુધ ખંડિત છે. ડાબી તરફ નીચે વાહન


ચિત્ર-૧ : વીરભદ્ર


ચિત્ર-૨ : બ્રાહ્મી


ચિત્ર-૩ : વૈષ્ણવી


ચિત્ર-૪ : માહેશ્વરી


ચિત્ર-૫ : ઐન્દ્રી


ચિત્ર-૬ : ચામુંડા


ચિત્ર-૭ : વારાહી


ચિત્ર-૮ : કૌમારી


ચિત્ર-૯ : આગ્નેયી


ચિત્ર-૧૦ : ગણેશ

હાથી છે. પ્રતિમાનું માપ : ૭૮x૩૩x૨૦ સે.મી. છે.

(૬) ચામુંડા : દેવી સમભંગ સ્થિત છે. જટામુકુટ મધ્યે ખોપરીઓનાં અંકન છે. મોટી આંખો વિસ્ફારિત છે. ગળામાં સર્પમાળા છે. કૃશસ્તની દેવીએ કટિબંધ પણ સર્પનો ધારણ કરેલ છે. વનમાલા છે. ચારેય હાથ ખંડિત હોઈ આયુધ તથા અન્ય વિગતો સ્પષ્ટ નથી. માત્ર જમણા ઉપલા હાથમાં ધારણ કરેલ આયુધનો દંડભાગ જોવા મળે છે, જે સંભવતઃ ખટ્વાંગ હશે. જમણી તરફ નીચે પાડો (?) દર્શાવેલ છે. પ્રતિમા શબાસન પર ઊભેલ છે. ડાબી તરફ પણ કોઈ પ્રાણીનું અંકન છે. પ્રતિમાનું માપ : ૮૯x૩૬x૨૦ સે.મી. છે.

(૭) વારાહી : દેવીનું વાસ્તવિક વરાહ મુખ પૃષ્ઠભાગે સટાક્ષેપ સહિત દર્શાવેલ છે. અલંકારોની વિગત અન્ય દેવી કે માતૃકા પ્રતિમાઓ જેવી છે. ચતુર્ભુજ દેવીના જમણા નીચલા હાથનું આયુધ કે વસ્તુ હાથ ખંડિત હોઈ સ્પષ્ટ નથી. જમણા ઉપલામાં ગદા, ડાબા ઉપલામાં ચક્ર છે. જ્યારે ડાબો નીચેનો હાથ ડાબી તરફ કેડે તેડેલ બાળકને ટેકવે છે. નીચે પૃષ્ઠ ભાગે વાહન વરાહ છે. દેવીના મસ્તક પાછળના વાળ તેની પ્રાચીનતાના સૂચક છે. પાતળી કટિ નીચે ભારે પેઢુપ્રદેશ પણ શિલ્પ સમૂહના મૂલ્યાંકન માટે નોંધપાત્ર લક્ષણ છે. પ્રતિમાનું માપ ૮૯x૨૯x૨૩ સે.મી. છે.

(૮) કૌમારી : માતૃકા કટિભાગેથી જમણી તરફ સાધારણ વળાંક આપી દ્વિભંગ સ્થિત છે. અન્ય માતૃકાઓથી અલગ ઊંચો ધમ્મિલ મુકુટ કે અંબોડાઘાટ ધારણ કરેલ છે, જેની મધ્યમાં અલંકરણ છે. મુકુટની આ પરિપાટી વૃત્તાકાર ઘાટ સાથે ઈ.સ.ની ૧૦મી સદી સુધી પ્રાયઃ જોવા મળે છે. અર્ધનિમીલિત નેત્ર, વલયકુંડળ સહિત અન્ય માતૃકાઓ જેવા અલંકાર ધારણ કરેલ પ્રતિમા દ્વિભુજ છે, જેના જમણા હાથમાં શક્તિ છે. ડાબો હાથ ખંડિત છે. જમણી તરફ નીચે વાહન અસ્પષ્ટ છે. પ્રતિમાનું માપ : ૮૯x૩૩x૨૫ સે.મી. છે.

(૯) આગ્નેયી કે સ્વાહા : મસ્તિષ્કાભરણ સહિતનો ધમ્મિલ મુકુટ મસ્તક પર છે. પ્રસન્ન મુખાકૃતિ, અર્ધનિમીલિત નેત્રો છે. શરીર પરના ધારણ કરેલ અલંકારો અન્ય માતૃકા શિલ્પો જેવા જ છે. દ્વિભૂજ દેવીનો જમણો હાથ ખંડિત છે. જ્યારે વામહસ્ત વામકટિ પર બેસાડેલ બાળકને કટિભાગેથી ટેકવે છે. કટિભાગેથી ડાબી તરફ સાધારણ અને મોહક અંગભંગિ આપી દેવી દ્વિભંગ સ્થિત છે. પૃષ્ઠભાગે વામાભિમુખ વાહન ઘેટું છે. પ્રતિમાનું માપ : ૭૯x૩૨x૨૦ સે.મી. છે.

(૧૦) ગણેશ : ભગવાન ગણેશ સાદી પીઠિકા પર ઊભેલા છે. વાસ્તવિક ગજમુખ, સૂર્પકર્ણ નોંધપાત્ર છે. સૂંઢ ડાબી તરફ વાળી ડાબા નીચેના હાથમાં ધારણ કરેલ મોદકપાત્ર પર છે. ઝીણી આંખો છે. જમણી તરફનો દંત ખંડિત હોઈ એકદંત નામને સ્ફુટ કરે છે. સર્પનું યજ્ઞોપવિત છે. વનમાલા ધારણ કરેલ છે. ધોતીવસ્ત્રની મધ્યપાટીમાં નીચે ગોમૂત્રિક ભાત જણાય છે. બાકી હાથ ખંડિત હોઈ ધારણ કરેલ આયૂધ, વસ્તુ સ્પષ્ટ નથી. પ્રતિમાનું માપ : ૮૨x૩૩x૨૦ સે.મી. છે.

સમયાંકન : પાલજના ચર્ચિત શિલ્પોના સમયાંકન અંગે વિચારતાં તમામ શિલ્પોની વસ્ત્રાલંકરણની શૈલી, ખાસ કરીને માતૃકા શિલ્પોનો પ્રમાણમાં બેઠી દડીનો દેહ, ભરાવદાર જંઘા વગેરે અભ્યાસમાં ઉપયોગી થઈ શકે છે. વીરભદ્ર, બ્રાહ્મી, મહેશ્વરી વગેરેની જટામુકુટની શૈલી, ગળામાં ધારણ કરેલ માળાની શૈલી, વૈષ્ણવીનો નીચા ઘાટનો મુકુટ વગેરે માસરનાં શિલ્પોમાં જોવા મળે છે. આમ છતાં દેહાંકનની શૈલી માસરનાં શિલ્પોથી ભિન્ન હોઈ પાછળના સમયમાં મૂકી શકાય. માસરનાં શિલ્પોનો સમય ઇ.સ.ની ૬ઠ્ઠી સદીનો છે, જ્યારે પાલજનાં શિલ્પોનો સમય ઈ.સ.ની આઠમી સદીમાં મૂકી શકાય. જ્યારે દેહાકૃતિની દૃષ્ટિએ તથા અલંકરણની શૈલીની દૃષ્ટિએ પાલજનાં શિલ્પો કાવી પ્રદેશના ડૉ. વસંત પારેખે પ્રસિદ્ધ કરેલ માતૃકા શિલ્પો સાથે સામ્ય ધરાવે છે; જ્યારે ગણેશની પ્રતિમા શામળાજીની ચતુર્ભુજ ગણેશ પ્રતિમા તેમજ શિહોરની ગણેશ પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે, જે તમામ શિલ્પો ઈ.સ.ની ૮-૯મી સદીનાં છે. આમ, પાલજનાં ચર્ચિત શિલ્પોને પ્રમાણમાં પાતળી કટિ, ભારે-બેઠી દડીની દેહાકૃતિ, વસ્ત્રાલંકારણ શૈલી વગેરેને આધારે ઈ.સ.ની આશરે ૮મી સદીમાં મૂકી શકાય તેમ છે. □

(ફોટોગ્રાફ્સ : પુરાતત્ત્વ ખાતું, ગુજરાત સરકારના સૌજન્યથી)

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

સોમવાર ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૪૩.
પ્રિયતમ કિટી,

ËuLx r™ftu÷Ë rŒ™ su{ su{ ™Sf ytð,tu ,,Þtu ,u{ ,u{ y{™u ,,Þt ð»tuo ËwkŒh Ëòðu÷e ƒtMfux ðÄthu ™u ðÄthu ÞtŒ ytð,e ,,E. ™u yt ð»tuo yu™e Wsðýe ™ fhðe yu ƒhtuƒh ™rn yuðwk ƒeò ftuE fh,tk {™u ðÄthu ÷t,,, wk n, wk. ½ýe ,,z{Út÷™u yk,u {™u rð[th ËqÍTÞtu ,u …ý sht ,,B{, ¼Þtuo. yu ƒtƒ,{tk {U …Ã…t™e Ë÷tn ÷eÄe y™u yXðtrzÞt y,,tWÚte s y{u Œhuf ÔÞÂõ, …h ™t™fze frð,t ÷¾ðt™e þY fhe ŒeÄe.

રવિવારે રાત્રે પોણા આઠ વાગ્યે ધોવાનાં કપડાં રાખવાની ટોપલી લઈ અમે ઉપર પહોંચ્યાં. ટોપલીને અમે ગુલાબી ને ભૂરા કાર્બન પેપરમાંથી રીબન બનાવીને એનાથી શણગારી હતી. ને પાછી કાગળના જુદા જુદા આકાર કાપીને એનાથી સજાવી હતી. આ બધાંની ઉપર એક કથ્થાઈ કાગળ વીંટ્યો હતો જેની પર એક ચિઠ્ઠી ચોડી હતી. મેં એ ચિઠ્ઠી કાઢી અને મોટેથી વાંચી :

આવ્યો ફરીને દિન સેન્ટ નિકોલસ તણો
ને અમ ગુપ્ત નિવાસે પણ આવ્યો …
પરંતુ હશે ના એ ગત વર્ષ સમો
આનંદ-ઉલ્લાસે ભર્યો ભર્યો
ત્યારે હતો કેવો પ્રચંડ આશાવાદ
વરસ અંતે તો હોઈશું આઝાદ
મુક્ત બની ઊજવશું પુનઃ નિકોલસ દિન
મન હતાં આશાભર્યાં જરાય ન શંકિત
ને છતાંય છે તો ઉત્સવની વેળ
ભલે ન હોય કોઈ ચીજ આપવા ભેટ
ચાલોને નવીન રીતે મનાવીએ
આપણા બૂટ-ચંપલ તપાસીને !

દરેક જણે એક પછી એક પોતાનાં બૂટ-ચંપલ ટોપલીમાંથી ઉપાડ્યાં અને હાસ્યનું એક મોજું ફરી વળ્યું. દરેક બૂટની અંદર એ વ્યક્તિ માટે એક એક ચિઠ્ઠી હતી.

લિ. ઍન.

બુધવાર ૨૨મી ડિસેમ્બર, ૧૯૪૩.
પ્રિયતમ કિટી,

મને ભયાનક ફ્લૂ થયો હતો એટલે આટલા બધા દિવસ મેં તને કાંઈ લખ્યું નહોતું. અહીં રહીને માંદા પડવું એ શ્રાપ છે. ઉધરસ આવે એટલે ગોદડાંમાં મોં ઘાલી દેવું પડે. બે-ત્રણ ઉધરસ પછી તો હું ઉધરસ દાબી જ દેતી પણ ગળાની ઢાંસ કાંઈ દબાતી નહોતી. પછી મારે મધ કે ખાંડવાળું દૂધ અથવા તો કફ સિરપ પીવો જ પડતો. ફ્લૂ પરની સારવારના નામે મારે જે કાંઈ વિધિઓમાંથી પસાર થવું પડ્યું એનો તો વિચાર કરતાં જ મને ચક્કર આવે છે: પરસેવો વાળીને તાવ ઉતારવો, નાસ લ્યો, સૂકાં પોતાં, ભીનાં પોતાં, ગરમ પીણાં, ગળામાં ફેરવાતો દવાનો કૂચડો, હાલ્યા-ચાલ્યા વિના પડી રહેવાનું, ગરમ પાણીની કોથળી, લીંબુનું શરબત અને દર બે કલાકે થરમોમીટર. ખરેખર આવી સારવારથી કોઈ સાજું થતું હશે? અને આ બધું ઓછું હોય તેમ ડસેલે વૈદું કરવાનું નક્કી કર્યું. એટલે એમણે તેલથી સુવાસિત માથું મારી ખુલ્લી છાતી પર મૂકીને મારા ધબકાર સાંભળવા શરૂ કર્યા. એમના વાળથી મને ગલગલિયાં થતાં હતાં ને શરમ પણ આવતી હતી. આમ તો ત્રીસેક વર્ષ પહેલાં ડૉક્ટરી કૉલેજમાં ભણીને એ પણ એક પ્રકારના ડૉક્ટર જ હતા. પણ મને થયું કે મારા હૃદય પર માથું મૂકવાનો એમને શો અધિકાર ? એ મારા બૉયફ્રેન્ડ થોડા છે ? અને એમ તો એમને સાજા માણસના ધબકારથી માંદાના ધબકાર જુદા લાગતા હશે એવું મને નથી લાગતું. કારણ કે એમને કાન સાફ કરવાની સખત જરૂર છે. દિવસે દિવસે ભાઈને સાંભળવાની તકલીફ વધતી જાય છે. પણ મારી માંદગીની વાત ઘણી થઈ ને હવે તો મારી તબિયત પણ ઘોડા જેવી છે. હું અડધા ઈંચથી ઊંચી થઈ છું ને વજન પણ બે પાઉન્ડ વધ્યું છે. ફિક્કાશ છે પણ મારું ભણતર ફરી શરૂ કરવા હું તૈયાર છું.

Ausnahmswiese (અપવાદ રૂપે - અહીં એ એક જ શબ્દ યોગ્ય છે) અમને બધાંને બધાંની સાથે ઘણું સારું બને છે. કોઈ જ ઝઘડો નથી. આ પરિસ્થિતિ લાંબા સમય સુધી ટકશે એવું કહેવાય નહિ. પણ આ ઘરમાં આટલી બધી શાંતિ છવાયેલી ગયા છએક મહિનામાં અનુભવી નહોતી.

બેપને હજી પણ અહીં આવવાની મનાઈ છે પણ થોડા જ દિવસમાં એની બહેન સાજી થઈ જશે.

ક્રિસમસ નિમિત્તે અમને વધારાનાં તેલ, ખાંડ, મોલાસિસ મળવાનાં છે. હાનુકા નિમિત્તે ડસેલે મમ્મીને અને શ્રીમતી વૅનડાનને સરસ કેક ભેટ આપી. એ બનાવવાનો ઑર્ડર મીપને આપ્યો હતો. અમારા માટે કરવાનાં બધાં જ કામની ઉપરાંત ! મને ને માર્ગટને પેનીમાંથી બનાવેલું બ્રોચ ભેટ મળ્યું. ઝગમગતું સરસ છે. એનું વર્ણન કરતાં મને નહિ આવડે પણ સુંદર છે.

મીપ અને બૅપ માટે મેં પણ ક્રિસમસ-ભેટ તૈયાર કરી છે. રોજના દલિયાની મારા ભાગની ખાંડ બચાવીને એમાંથી શ્રી ક્લાઈમન ક્રીમ કેન્ડી બનાવડાવી લાવ્યા છે.

બહારનું વાતાવરણ વરસાદિયું અને વાદળછાયું છે. ચૂલામાંથી વાસ આવે છે અને પેટ ભારે ભારે રહે છે. એમાંથી જાતજાતના અવાજો સંભળાય છે.

યુદ્ધમાં પરિસ્થિતિ સ્થગિત છે. આશાભરી નથી.

લિ. ઍન

શુક્રવાર ૨૪મી ડિસેંબર, ૧૯૪૩.

પ્રિય કિટી,

મેં તને આ પહેલાંય ઘણી વાર કહ્યું છે એમ અમારી માનસિક હાલતની અસર અમારા પ્રત્યેક વર્તન પર થાય છે. મારી બાબતમાં તો હાલત વણસતી જાય છે. 'Himmelhoch jauchzend, zu Tode Betrubt' (ગોથેની જાણીતી પંક્તિઓ: 'કદી આનંદની પરિસીમાએ તો કદી નિરાશાની ગર્તામાં') મને અક્ષરશઃ લાગુ પડે છે. જ્યારે મનમાં ને મનમાં સરખામણી બાકીનાં યહૂદી બાળકો સાથે કરું ને અમે કેટલાં નસીબદાર છીએ એવો વિચાર કરું ત્યારે હું 'આનંદની પરિસીમા' અનુભવું છું પરંતુ દાખલા તરીકે શ્રીમતી ક્લાઈમન આવીને જોપીની હૉકી ક્લબ વિશે, એના નૌકા-વિહાર વિશે, એની ચા-નાસ્તાની પાર્ટીની વાતો કરે ત્યારે હું 'નિરાશાની ગર્તા'માં ડૂબી જાઉં છું.



મીપ ગીસ અને બૅપ વાસ્કુજીલ (૧૯૪૫)

મને નથી લાગતું કે મને જોપીની ઈર્ષ્યા આવે છે પણ મારી જિંદગી હતી તેવી ફરી થઈ જાય એવી પ્રબળ ઈચ્છા થઈ આવે છે. પેટ દુખી જાય એટલું હસવાનું મન થઈ જાય છે. અમારી દશા ઘરમાં પુરાઈ રહેલાં રક્તપિત્તિયાં જેવી છે. આવી લાગણી ક્રિસમસ ઉપર, બેસતા વર્ષ ઉપર શિયાળાના દિવસોમાં મનમાં ઉભરાઈ આવે છે. ખરેખર આવું બધું લખવું વિવેક-સભર તો ન જ ગણાય. પણ બધી વાત મનમાં ને મનમાં જ રાખી લેવી પણ શક્ય નથી. મેં શરૂઆતમાં જ લખેલું વાક્ય ફરી ફરી દોહરાવું છું : 'કાગળ વધુ ધીરજવાન.'

બહારથી કોઈ અંદર આવે ત્યારે તેમનાં કપડાંમાંથી આવતી તાજી તાજી હવાની મીઠી સુવાસ ને ઠંડીથી ગુલાબી ગુલાબી થયેલા ગાલ જોઈને મને ઓશીકામાં માથું સંતાડી દેવાનું મન થઈ જાય છે જેથી ફરી બહારની તાજી હવા શ્વાસભરીને ક્યારે લેવા મળશે એવા વિચારો મનમાં આવતા રોકી શકું. પણ મને મારાથી એવું થતું નથી, ઊલટાનું માથું ઊંચુ રાખીને હસીને પરિસ્થિતિનો સામનો કરવો પડે છે, પણ મનમાં પેલો વિચાર તો ફરીફરીને આવ્યા જ કરે છે.

ખરેખર દોઢ વરસથી એક જ જગ્યાએ પુરાઈ રહ્યા પછી કોઈ કોઈ વાર ત્રાસી જવાય. ને મનમાં ઉભરાઈ આવતી લાગણી તરફ દુર્લક્ષ પણ કરી શકાતું નથી. પછી ભલેને એ લાગણીઓ અવિવેકભરી અને અન્યાયી કેમ ન હોય ? મનેય સાયકલ ચલાવવાનું, નાચવાનું, સિટી વગાડવાનું, રખડવાનું, યૌવન અનુભવવાનું ને સ્વાતંત્ર્ય માણવાનું બહુ મન થાય છે પણ એ હું કોઈ સામે વ્યક્ત કરી શકતી નથી. તું વિચાર તો કર કે અહીં વસતાં અમે આઠે જણ આમ દુઃખી દર્દી બનીને મોં લટકાવીને રહેવા માંડીએ તો અમારું શું થાય ? મને ઘણી વાર વિચાર આવે છે કે કોઈ મારી આ લાગણી કોઈ સમજી શકશે. મારા અવિવેકનો કે યહૂદીપણાનો વિચાર કોરે મૂકીને મને એક કિશોરી તરીકે કોઈ જોઈ શકશે જે ઝંખે છે ફક્ત જીવન જીવવાનો સીધો સાદો આનંદ. કોણ જાણે ? પણ આ વાત હું કોઈને કહી પણ શકતી નથી કારણ કે મને ડર છે હું રડી પડીશ. રડવાથી મન હળવું થાય એ વાત સાચી પણ એ તો તમે એકલાં એકલાં રડતાં ન હોવ તો. મારા ઘણા ઘણા પ્રયત્નો છતાંય હું પ્રત્યેક દિવસની પ્રત્યેક ક્ષણ ઝંખું છું મારી લાગણીઓ સમજી શકે એવી મમ્મીને. એટલે જ લખતાં, કામ કરતાં, મારા મનમાં એક જ વિચાર ઘોળાયા કરે છે : હું કેવી મમ્મી બનીશ. એવી મમ્મી જે બીજાં જે કાંઈ કહે તે બધું માની ન લે પણ હું કહું એમાં વિશ્વાસ કરે. હવે એટલું શું એ આથી વધુ સ્પષ્ટ શબ્દોમાં મને કહેતાં નથી આવડતું, પણ 'મમ્મી' શબ્દમાં જે અર્થ અભિપ્રેત છે તે. પણ છેવટે શું થયું છે ખબર છે ? 'મમ્મી' કહીને બાલાવું છું એવો ભાસ પેદા કરવા માટે હું એને 'મમ્મી' કહીને બોલાવું છું ને કોક વાર વળી 'મમ્સ' કહું છું. જે 'મમ્મી' નથી. મને ઘણી વાર થાય છે કે 'મમ્સ'નું 'મમ્મી' કરી શકું તો ?! સારું છે કે મમ્મીને આની ખબર નથી નહિતર નકામી દુઃખી થાય.

ચાલો ઘણું થયું. આટલું લખવાથી હું 'નિરાશાની ગર્તા'માંથી થોડી ઘણી તો બહાર આવી શકી છું.

લિ. ઍન.

(ક્રમશઃ)

અર્પણલીલા-૧

રિદ્ધિ દેસાઈ

અર્પણ

વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય ફોઈબાને ...

મારા એક પરિચિત લેખકના પુસ્તક પર અંકિત થયેલા આવા શ્રદ્ધાનાં સુમનને જોઈને ભાવથી ગદ્દગદિત થયેલા સ્વરે મેં એમને કહ્યું : 'ફોઈબા માટે ખૂબ સ્નેહ લાગે છે. અરે અખૂટ! અમાપ! અપાર! નિઃસીમ!' છોકરી, એમણે મને ઉછેરેલો એમ કહીએ તો ચાલે! આઠ વર્ષ પૂર્વે પૂજ્ય ફોઈબાને લકવો થઈ ગયેલો. પરંતુ તને તો ખબર છે કે મા સરસ્વતીની આરાધના કેટલી કપરી હોય છે! એક ક્ષણનીય ફુરસદ હોતી નથી. આઠ વર્ષ તો આપણી લેખન-સાધના માટે આઠ પળ બરાબર હોય છે. છેલ્લા આઠ વર્ષોથી તેઓ લકવાગ્રસ્ત હતાં. પરંતુ સાહિત્યની સેવામાં સમર્પિત હોવાને કારણે એકેય વાર એમને મળી શકાયું નહીં. એવામાં મને દુઃખદ સમાચાર સાંપડ્યા કે મારા અતિપ્રિય, પૂજ્ય ફોઈબા તો ...! ને મારા કોમળ સર્જકહૈયે પ્રચંડ વજ્રાઘાત થયો. પળનોય વિલંબ ન કરતાં મેં મારો મહાગ્રંથ (લઘુકથાસંગ્રહ!) એમનાં પાવન શ્રીચરણોમાં સમર્પિત કરી દીધો ! પ્રભુ એમના આત્માને શાંતિ આપે!

તો વળી અન્ય એક લેખકબંધુના પુસ્તકમાં મેં અર્પણનાં આવાં પાવન પુષ્પો પથરાયેલાં નિહાળ્યાં. 'અર્પણ પરમપૂજ્ય ઝીણાલાલને ...' મેં ઘડીક વિચારતાં કહ્યું : 'હું ભૂલ ન કરતી હોઉં તો આદરણીય ઝીણાલાલ આપના પિતાશ્રી છે ખરું ને?'

'હા, ઝીણાલાલ મારા પિતાશ્રી છે એ ખરું પણ એ આ નહીં.'

'એટલે?'

'આ બીજા ઝીણાલાલ.'

'આપના કોઈ સ્નેહી-સંબંધી?'

'ના.'

'સખા હશે...'

'અહં!'

'ગુરુવર કે?'

'ના રે!'

'તો તો કોઈ મહાન વ્યક્તિ... ક્યાંક આપણા 'સ્નેહરશ્મિ'તો નહીં?'

'ના રે બાપા! આ તો મારા પડોશીના મિત્રના શાળાના પાડોશીના મિત્ર છે.'

ઓહોહો... કહેવું પડે! લોકો પોતાનાનેય પોતાના ગણતાં નથી ત્યાં તમે આટલા દૂરનાને ...! તમે સાચે જ અભિનંદનને પાત્ર છો. તમે તો બાકી સાબિત કરી બતાવ્યું - જગતની સર્વ કડીઓમાં સ્નેહની સર્વથી વડી...

'વડી ગઈ કઢી પીવા!' - એમણે ફોડ પાડતાં કહ્યું. સ્નેહ-બેહ તો ઠીક છે મારા ભાઈ! પણ વાત એમ છે કે એમણે જ મારા દીકરાને સરકારી નોકરી અપાવેલી! આ તો પુત્રવાત્સલ્ય છે, બીજું કાંઈ નહીં!

લેખકમહાશયોની આવી અદ્દ્ભુત અર્પણલીલા નિહાળ્યા બાદ મારામાં અનોખા આત્મજ્ઞાનનો ઉદય થયો કે કોઈને કશ્શું પણ આપ્યા વિના એમનું ઋણ ઉતારવાનો આ એક સરળ, સોંઘો અને સંક્ષિપ્ત નુસખો છે. જો કે આનો લાભ સાહિત્યકારોના બહોળા વર્ગને મળતો રહ્યો છે એ વાત નકારી શકાય એમ નથી. આવા લાભાન્વિત લેખકોની વિશ્વમાં મુખ્યત્વે ત્રણ તરેહ જોવા મળે છે. એમાં 'અહં શાણાસ્મિ'માં માનતા પ્રથમ ચબરાક લેખકવર્ગનું કહેવું છે.

તમે એક સાહિત્યકાર હોવા ઉપરાંત એક મુફલિસ, બેજવાબદાર ભાડૂઆત પણ હો - છ છ મહિનાથી મકાનનું ભાડું ચૂકવી શક્યા ન હો અને વધુ છ મહિના (અથવા તો છ વર્ષ કે પછી છ...!) મફતમાં ખેંચી કાઢવા ઉત્સુક હો તો આંખો મીંચીને તમારું પુસ્તક તમારાં મકાનમાલિકને અર્પણ કરી દો! એના નામની આગળ 'આદરણીય', 'મહાત્મા', 'મહાન' કે 'પ.પૂ.(પરમ પૂજ્ય)' જેવા ધુરંધર વિશેષણો પ્રયોજીને એને 'હું સાચે જ મહાન છું' એવી ભ્રમણામાં નાખી દો! મહાનતાના પુનિત જ્વરમાં પડ પડને પ્રજાળી બેઠેલો એ તમને કાયમી ધોરણે માફ કરતાં શીખી જશે! આ જ ફૉર્મ્યુલા તમે તમારા ફૅમિલી ડૉક્ટર, વકીલ, કરિયાણાવાળા તથા અન્ય તમામ લેણદારો પર અજમાવીને શહેરમાં ખુલ્લેઆમ ફરી શકશો!

તમારી 'ઈતર પ્રવૃત્તિઓ'ને કારણે અશ્રદ્ધાળુ બનેલી તમારી નિર્દય પત્નીને 'હું તને અને માત્ર તને જ ચાહું છું' જેવી સાવ ખોટી અનુભૂતિ કરાવવા તમારે એકાદ પુસ્તકનો બલિ ચઢાવી દેતાં ખચકાવું નહીં. એક પુસ્તક હારીને બદલામાં એનો વિશ્વાસ જીતી લ્યો! પછી કરો લીલાલહેર! જેની પાસે તમને વારંવાર મદદની જરૂર પડતી હોય એવા એકાદ ઉપયોગી મિત્ર કે પરિચિતને તમારું પુસ્તક અર્પણ કરીને જીવનભર એને તમને મદદ કરવા કટિબદ્ધ રાખી શકો! તમારા કોઈ મોટો વિલ-વારસો ધરાવતા નિઃસંતાન સંબંધીને તમારું પુસ્તક અર્પણ કરીને ત્યાર બાદ એમની પર પુત્ર-પુત્રી, ભ્રાત-ભગિની, ભાણા-ભાણી બધાં વત્ પ્રેમનો ચોતરફથી હેતાળ હુમલો શરૂ કરી દો! સવેળા બીજ વાવશો તો ફળ પણ ચાખી શકશો. તમે કોઈ સરકારી, અર્ધસરકારી કે ખાનગી કંપનીમાં કામ કરતા હો અને પાછલા જન્મની અધૂરી રહી ગયેલી પ્રીતના પ્રતાપે શેતાનનેય શરમાવે એવો બૉસ ધરાવતા હો તો તમારું પુસ્તક કમનેય તમારા બૉસને અર્પણ કરી દો. પ્રમોશન મેળવવા માટે તમે સર્વથા અ-લાયક

હોવાથી ભલે તમને પ્રમોશન મળે કે ન મળે, પરંતુ છાશવારે ગુલ્લા મારવાની ટેવ કેળવી બેઠેલા તમે વારંવાર તમારાં સાસુ-સસરા, સાળા-સાળી, ફોઈ-ફુઆ, મામા-મામી વગેરે વગેરેને જીવતે જીવતા મૂઆ કરવાના નાહક પરિશ્રમમાંથી બચી શકશો!

વિશ્વના અર્પણવીરોનો દ્વિતીય પ્રકાર છે સુંવાળી સૂંઠના સાહિત્યકારોનો. તેઓ તેમનાં પુસ્તકો સંકોચ, લાગણી, ડર કે ફૉર્માલિટીવશ તેમનાં માતા-પિતા, ભાઈ-બહેન, દાદા-દાદી, પુત્ર-પુત્રી, કાકા-કાકી, ફોઈ-ફુઆ, પત્ની વગેરે પારિવારિક જંતુઓને અર્પણ કરતા હોય છે. આવા વેવલાવીરો અંગે એક રમૂજ ખૂબ જ પ્રચલિત છે. એક લેખકે એમનું પ્રથમ પુસ્તક એમની માતાને અર્પણ કરવાનું નક્કી કર્યું. એમના આ નિર્ણયની જાણ થતાં એમની વાઘણ જેવી પત્ની બરાબરની વીફરી. ઘરમાં અષ્ટગ્રહની યુતિ થઈ હોય એવું અમંગળ વાતાવરણ થઈ ગયું. લેખકશ્રીના ભાણામાં ચોખ્ખા ઘીને બદલે ઘાસલેટવાળા હાથે બનાવેલી ડાલડા-નીતરતી રોટલીઓ ઝીંકાવા માંડી. દાળની ઘટ્ટતા ક્રમે ક્રમે વદપક્ષના ચંદ્રની પેઠે ઘટવા લાગી. એમને ગળ્યું ખૂબ ભાવે છે. એવી સભાનતાવશ ઘરમાં પ્રતિદિન કારેલાંની ખીર, સરગવાનો હલવો, કડવા લીમડાનું શરબત, લીલી મેથીનો સાલમપાક, કંટોલાનો આઈસ્ક્રીમ ઇત્યાદિ મઘમઘતાં મિષ્ટ વ્યંજનો બનવા લાગ્યાં. પત્નીના મધુર રણકાનું સ્થાન છણકાએ લીધું. સદૈવ ઝાંઝરથી ઝંકૃત ઘર ધમધમવા માંડ્યું. શયનખંડનો શૃંગારરસ વીરરસમાં પલટાવા માંડ્યો. આખરે એ લાચાર લેખકે પુસ્તક માતાને સ્થાને પત્નીને અર્પણ કરવાનો નિર્ણય લેવો પડ્યો. પરંતુ ત્યાર બાદ તો ઘરડી માને જાણે છડેચોક નિરાધાર કરી મૂકી હોય એમ ઘરમાં રોકકળ શરૂ થઈ ગઈ. છેવટે કંટાળેલા લેખકે એમનાં માતા-પિતા, પત્ની અને બાળકોનાં નામની ચિઠ્ઠીઓ બનાવી અને 'જે ક્રમે ચિઠ્ઠી ખૂલશે તે ક્રમે પુસ્તકો અર્પણ કરવામાં આવશે.' એવું ન્યાયી એલાન કર્યું.

જ્યાં પરિવારનાં સભ્યો ઉપરાંત કાકા-કાકી, મામા-મામી, ફોઈ-ફુઆ, મિત્રો, ગુરુજનો વગેરેય કતારમાં ઊભાં હોય ત્યાં તમારી સુષુપ્ત વણિકબુદ્ધિને કામે લગાડીને ચાર-પાંચ જણાંનું એકસાથે પતાવવું. દા.ત. પૂજ્ય કાકા-કાકી, મામા-મામી અને ફોઈ-ફુઆને સપ્રેમ અર્પણ. પુસ્તક માત્ર એક જ વ્યક્તિને અર્પણ કરવાથી બીજીયે કેટલીક સમસ્યાઓ ખડી થઈ શકે છે. એનાથી ક્યારેક સંબંધોમાં ગેરસમજ પણ ઊભી થઈ શકે છે. એક લેખકે એમના એક મિત્રની પત્નીને પુસ્તક અર્પણ કર્યું ને આટલી ક્ષુલ્લક વાતમાં એમનો મિત્ર ગેરસમજ કરી બેઠો. અસલમાં વાત એટલી જ હતી કે એ લેખકમહાશયને એમના મિત્રની પત્નીના હાથની પૂરીઓ ખૂબ ભાવતી હતી. એમનું કહેવું હતું કે 'असार एषु संसारः सार मित्रपत्नीस्य पूर्यः' એમને હંમેશા લાગતું કે એમના મિત્રની પત્ની જેવી પૂરી તો એમની પત્નીય નથી બનાવી શકતી! એ સ્વાદપટુ સર્જક એમના મિત્રની પત્નીના હાથની લહેજતદાર પૂરીઓ ખાવા છાશવારે અમદાવાદથી સુરત જતા હતા. એમણે એમના મિત્રની પત્નીના હાથની ગરમાગરમ સ્વાદિષ્ટ પૂરીઓનું ઋણ ઉતારવા જ એને પુસ્તક અર્પણ કર્યું હતું. ખેર! આ પ્રકારે પોતાના મિત્રની પત્ની પ્રત્યે અસીમ આદરભાવ ધરાવતા લેખકબંધુઓએ નિરાશ થવાની લેશમાત્ર જરૂર નથી. એમણે એમનું પુસ્તક એમના મિત્ર અને મિત્રની પત્ની બંનેને એકસાથે અર્પણ કરી દેવું. એમાં સંપૂર્ણભાવ તો મિત્રપત્ની તરફ જ હોય છે, પરંતુ સાથે મિંત્રનુંય નામ હોવાથી વાંધો આવતો નથી!

આપણા દેશમાં મુખ્યત્વે આ બે પ્રકારના અર્પણવીરો જ દેખા દે છે. માથાફરેલ અર્પણવીરોનો ત્રીજો પ્રકાર ઑલિમ્પિકના સ્વર્ણપદક (અથવા તો રજત... કે પછી કાંસ્યપદકેય ક્યાં મળે છે?)ની જેમ ભારતમાં ક્યારેક જ દેખાય છે. વિદેશમાં તો આ વર્ગના સાહિત્યકારો હોલસેલમાં જડી જાય છે. ત્યાં પોતાના પ્રાણપ્યારા પાલતુ કૂતરા, બિલાડા, ઘેટાં, ચકલી, પોપટ, કાકાકૌવા વગેરેને તો ઠીક પણ પોતાના જીગરજાન છછુંદર, ઉંદરડા, પાડા અને ભુંડનેય પુસ્તકો અર્પણ થયાનું નોંધાય છે. તદુપરાંત ત્યાં દૂધવાળા, કુટવાળા, બ્રેડવાળા, ઈંડાંવાળા, માછલીવાળા, આઈસ્ક્રીમવાળા, પેપરવાળા તથા ટપાલી વગેરેને ખૂબ ગૌરવપૂર્વક પુસ્તકો અર્પણ થયાં છે. ગ્રેટ બ્રિટનના એક ગ્રેટ ડૉક્ટરે એમને મેડિકલ સાયન્સને લગતા પુસ્તકમાં લખ્યું હતું કે 'અર્પણ ... મારા તિલસ્માતી મોજાંને જે દર્દીને વિના એનેસ્થેશિયાએ બેભાન કરવાની ક્ષમતા ધરાવે છે.' તો વળી અન્ય એક ડૉક્ટરે એમને રોજીરોટી રળી આપનાર 'મહાનુભાવો' પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરતા એમના પુસ્તકમાં લખ્યું હતું : 'અંતઃકરણપૂર્વક અર્પણ ... રોગોના નટખટ જીવાણુંઓને!' એક અમેરિકન લેખિકાએ એના પુસ્તકમાં ઈમાનદારીપૂર્વક લખ્યું હતું : 'સપ્રેમ અર્પણ ... મારા પતિનાં નસકોરાંને..., જેણે મને રાત્રે ઊંઘવાને બદલે લખવા પ્રેરિત કરી.' તો વળી એક આયરિશ લેખકે આ રીતે પોતાની નિખાલસતા પ્રગટ કરી હતી — 'અર્પણ વહાલી પત્નીના ચહેરાની કરચલીઓને... જેણે મારું સિત્તેર ટકા ટેન્શન ઘટાડી નાખ્યું છે!'

એક વિશાળ ઇન્ટરનૅશનલ લાઇબ્રેરીના પુસ્તકોમાં મેં મારા તૂટેલા પ્રાણપ્રિય દાંતને, પેનિન્સોલા હૉટેલના સ્વાદિષ્ટ લૅમ્બચોપને (એક વાની), દર ક્રિસમસે સાન્તાક્લોઝના વેશમાં આવતા મારા બૉયફ્રેન્ડ્ઝને, જે પીધા પછી ચૂડેલ પણ અપ્સરા લાગવા માંડે છે તે સ્કોચ વ્હીસ્કીને, મારિયાના મિનિસ્કર્ટને જેણે મને દુનિયાનાં સુંદરતમ દશ્યો દેખાડ્યા - જેવી કૈંક અદ્ભુત અર્પણોક્તિઓ જોઈ. આપણા સાહિત્ય-કારોએ વિદેશી સાહિત્યકારો પાસેથી હજી ઘણું શીખવાનું છે !!!!

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ચાર્લ્સ લૅમ્બ અને કેટલાક ગૌણ નિબંધકારો

રોમૅન્ટિક કવિઓના બીજા ફાલમાં શેલી-કીટ્સ આદિના સમકાલીન કેટલાક ગદ્યલેખકો ભલે પ્રથમ કક્ષાના નથી છતાં તેમણે પોતપોતાની આગવી રીતિથી-શક્તિથી અંગ્રેજી નિબંધ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. એ લેખકોમાં ચાર્લ્સ લૅમ્બનું વિશિષ્ટ પ્રદાન છે.

ચાર્લ્સ લૅમ્બ (ઈ. ૧૭૭૫-૧૮૩૪) લંડનમાં સાવ મધ્યમ કુટુંબમાં જન્મેલો. પરિવાર વિશાળ હતો. ક્રાઈસ્ટ હૉસ્પિટલ નામની સંસ્થામાં તેનું શિક્ષણ થયું. એ દરમિયાન કોલરિજ સાથેનો તેને સંપર્ક તેને પ્રેરક નીવડ્યો. એની શિક્ષણસંસ્થામાં શિસ્ત કડક હતી. લૅમ્બ મૂંઝાઈ જતો. શરીરે નાજુક, એની તોતડાતી-ખમચાતી જીભ - એ બધાંથી તે હાસ્યપાત્ર બન્યો હોત, પણ તેના પ્રેમાળ, મિલનસાર સ્વભાવે તેને અનેક મિત્રો મેળવી આપ્યા. તદુપરાંત એની સ્કૂલમાં ધાર્મિક ઉત્સવોની રજા મળતી. દર અઠવાડિયે અર્ધા દિવસની બે વાર છુટ્ટી પણ ખરી. લૅમ્બ એની જ પ્રતીક્ષામાં હોય. રજાનો સમય શરૂ થતામાં તો તે ઉદ્યાનોમાં પહોંચી ગયો હોય, ચર્ચના ફુવારાનું સાન્નિધ્ય માણતો હોય, મકાનને ધાબે ચડી આસપાસનાં સ્થળોના નિરીક્ષણની મઝા માણતો હોય. આ બધામાં એને આનંદદાયક તાજગી મળતી.

લંડનના આ વસવાટ દરમિયાન લંડન શહેરની પ્રકૃતિ, એની શેરીઓનાં દશ્યો, એના ચિત્ર-વિચિત્ર અવાજો લૅમ્બના કિશોરચિત્ત પર રંગરાગ ઢાલવવા માંડ્યાં. એક અલગ જાદુઈ સૃષ્ટિ તેના ચિત્તમાં સર્જાવા માંડી. એની કલ્પના પાંખ ફફડવા માંડી. લંડનની સ્કૂલમાં સાત વર્ષના અભ્યાસ દરમિયાન શિક્ષણની કડક શિસ્તનો અનુભવ તો તેને થયો જ પણ ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં આચાર્ય બૉયર (**Boyer**)નું શિક્ષણ તેને ફળ્યું. તેણે ગ્રીક-લૅટીન સાહિત્યનું રસપાન કરવાવવા ઉપરાંત શેક્સ્પીઅર - મિલ્ટનના સાહિત્યની વચમાં તેને મૂકી આપ્યો અને અઢારમી સદીના મુખ્ય કવિઓની સર્જકતાના રંગથી તે છંટાયો.

ચૌદ વર્ષની વયે તેણે શિક્ષણસંસ્થા છોડી ત્યારે એ સંસ્થાએ તેનામાં જે દૃઢ મનોબળ કેળવ્યું - જે મનોબળને કારણે જ તે જીવનના આકરા ઝંઝાવાતમાં પડી ન ભાંગ્યો, ઝૂઝતો રહ્યો - એનામાં જે ઊંડી અને સાચી ધર્મશ્રદ્ધા રોપી, વિદ્વત્તા માટે અનુરાગ પોષ્યો અને તેજસ્વી, બુદ્ધિશાળી મિત્રોનો સ્નેહસંપર્ક કરાવી આપ્યો. એ બધું જાણવા સમજવા માટે તેનાં ક્રાઈસ્ટ હૉસ્પિટલનાં સ્મરણો (**Recollection of Christ's Hospital**) વાંચવાં ઘટે. કિશોરવયમાં નાતાલના તહેવારોના ઉત્સવો, એમાં ગવાતી મધુર લયબદ્ધ પ્રાર્થનાઓ, અને નવા વર્ષના દિવસે ગવાતાં ધર્મસ્તોત્રો, રાષ્ટ્રગીત એ સર્વની તેના ચિત્ત પર ઊંડી અસર પડી હતી. એની ધર્મભાવના આ રીતે ઘડાતી આવતી હતી અને કલ્પનાની પાંખે તે તીર્થધામોનાં હરિયાળાં ક્ષેત્રોમાં આનંદયાત્રા કરવા ઊપડી જતો હતો. સોળ વર્ષની વયે તો તે અઠવાડિયે અર્ધી ગીનીના પગારે 'સાઉથ સી હાઉસ' (**South Sea House**)માં જોડાઈ ગયો. એ ભલે પાંચ મહિના જ ત્યાં રહ્યો હતો પણ એ દરમિયાન એના સંવેદનશીલ ચિત્તમાં એ સ્થળના એના કર્મચારીમિત્રોનાં જે ચિત્રો અંકાયાં તે 'ઇલિયાના નિબંધોમાં (**Essays of Elia**)' ઝિલાયાં છે. ઇ. ૧૭૯૨માં તે ઈસ્ટ ઈંડિયા કંપની (**East India Company**)માં જોડાયો. આ સમયગાળામાં ઍન સાઈમન સાથે તેનો સંપર્ક થયો અને પ્રેમનો ઉન્માદ તેને ઘેરી વળ્યો અને એ 'સુકેશી સુંદરી' (**The fair haired maid**) વિશે તેણે કેટલાંક સૉનેટો પણ રચ્યાં. પણ એના પરિવારમાં પાગલપન હોવાથી તે પ્રેમપ્રકરણ અકાળે સમેટાઈ ગયું.

કવિ કોલરિજનો લંડનમાં મેળાપ થયો એટલે લૅમ્બના કવિજીવમાં ઉમંગ પ્રગટ્યો. બંને મિત્રો શિયાળાની અનેક સંધ્યાએ કવિતાની સૃષ્ટિમાં ખોવાઈ જતા. '**They were beguiling the care of life with poesy.**' પણ કવિતામાં આનંદની ક્ષણો વિતાવનાર લૅમ્બના જીવનમાં ઘેરી કરુણતા હતી. એના પરિવારમાં ઉન્માદ (**Insanity**) હતી. એની બહેન મેરી (**Mary**) ઇ. ૧૭૯૪માં ગંભીર માંદગી-માંથી ઉન્માદની અવસ્થામાં મુકાઈ ગઈ અને એક વાર આવેશમાં માતા પર છરીથી હુમલો કરી તેની હત્યા કરી નાખી. મેરીના ભાઈ જ્હોને (**John**) તો મેરીને પાગલખાને મોકલી દેવાનું નક્કી કર્યું પણ ચાર્લ્સે બહેનને સાચવવાની જવાબદારી સંભાળી લીધી. એકવીસ વર્ષની યુવાન વયે આ સાહસિક નિર્ણય હતો. એણે મેરીની માવજત માટે જાત સમર્પી દઈને કવિતા, લગ્ન અને બીજું ઘણું બધુ મનમાંથી ફેંકી દીધું. બુમોં (**Beaumont**) અને ફ્લેચર (**Fletcher**)માંથી તેણે કેટલીય સામગ્રી અવતરણો રૂપે એકત્ર કરી હતી. કાવ્યો રચ્યાં હતાં. બધું ભસ્મ.

મેરીનો આવેશ, તેની માનસિક હાલત, લૅમ્બ સમજી શકતો હતો. એની સદ્‌બુદ્ધિમાં, એના ઉમદા સ્વભાવમાં, તેને વિશ્વાસ હતો. મેરી જ્યારે ખુશમન હોય (good mood) ત્યારે એની સોબત મજાની બની રહેતી. શેક્સ્પીઅરનાં નાટકો પરથી વાર્તાઓ એ ભાઈ-બહેને ભેગા મળીને તો રચી હતી! એના પિતાની કાળજીનો ભાર પણ એના પર હતો. એણે કોલરિજને એક પત્રમાં લખેલું : **'I am wedded, Coleridge, to the fortunes of my sister and my poor old father.'**

જીવનના કપરા કસોટીરૂપ દિવસોમાં પુસ્તકો જ એને માટે સત્સંગરૂપ હતાં. એની કિશોરવયમાં એના ચિત્તમાં રમમાણ થઈ ગયેલાં બે ખાસ પુસ્તકો હતાં. વૉલ્ટન (Walton)નું 'ધ કમ્પ્લીટ ઍંગ્લર' (The complete Angler) અને બનિયન (Bunyan)નું 'ધ પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ' (The Pilgrim's Progress). યુવાવસ્થામાં પણ એ પુસ્તકોનો પ્રભાવ ઓસર્યો નહોતો. કોલરિજને એક પત્રમાં તેણે 'ધ કમ્પ્લીટ ઍંગ્લર' વિશે જે લખ્યું હતું તે તેની તે સમયગાળામાં વિકસી રહેલી રસજ્ઞ ભાવકની સૂઝ દર્શાવે છેઃ **'It teaches the very spirit of innocence, purity and simplicity of heart... It would sweeten a man's temper at any time to read, it would Christianize every discordant passion.'**

એ પુસ્તકમાં પ્રગટ થતી પારાવાર નિર્દોષતા, પવિત્રતા અને ધર્મનિષ્ઠાથી તે પ્રભાવિત હતો. હૃદયને એ કેવું સ્વચ્છ બનાવે છે તેનો પણ તે અનુભવ કરી ચૂક્યો હતો. ઈ. ૧૭૯૭થી લૅમ્બનો સાહિત્ય-ઉદ્યોગ આરંભાય છે. એનાં કેટલાંક કાવ્યો પ્રકાશમાં આવે છે. અલબત્ત, આ માત્ર કાવ્યરચનાનો વ્યાયામ છે. એમાં એણે પોતાની એકલતા અને પોતાની વિટંબણાઓ અભિવ્યક્ત કરી છે. એ રચનાઓ એના અંગત મનોભાવરૂપ બની રહી છે. લૅમ્બની કલમ હજી ઘડાતી આવે છે. એક તો એના સંજોગો જ એવા કપરા હતા કે એ એમાં જ ખૂંપી ગયો હતો. સમય મળે ત્યારે પોતાનો સાહિત્ય સ્વાધ્યાય કરી લેતો હતો અને પોતાની નિરાશાને ખંખેરવા એ લાગણીવશ થઈના જરા-તરા સાહિત્ય રચનાઓ અજમાવી જોતો હતો. એવી અતિશય લાગણીવશતામાંથી એની એક કથા 'એ ટેલ ઑવ્ રોઝમન્ડ ગ્રે' (A tale of Rosamund Gray) ઈ. ૧૭૯૮માં ઉદ્‌ભવી. એમાં એક યુવતીની જિંદગી કોઈ બદમાશ દ્વારા કેમ બરબાદ થાય છે તેનો ઘેરો કરુણ (melodramatic) ચિતાર છે. આ પ્રથમ વાર્તાપ્રયોગમાં એનો આયાસ વર્તાય છે. એમાં આદર્શપ્રેમની કથા સાથે મેરીના જીવનની કરુણતા, મેરી વિનાના પોતાના જીવનની સ્થિતિ વિશેની કલ્પના વગેરે આત્મકથાના અંશો છે.

ઈ. ૧૮૦૬માં લૅમ્બે એક નિષ્ફળ ફારસરચના 'મિસ્ટર એચ' (Mr. H) રચી હતી અને રંગમંચ પર તેનો ફિયાસ્કો થયો હતો.

મેરી જ્યારે માનસિક રીતે સ્વસ્થ અને આનંદભરી સ્થિતિમાં હોય ત્યારે લૅમ્બની એ સાચી મિત્ર અને લેખનમાં સહાયક બની રહેતી હતી. લૅમ્બે એના સહયોગમાં જ 'ટેલ્સ ફ્રોમ શેક્સ્પીઅર' (Tales from Shakespear) રચી હતી. (ઈ. ૧૮૦૭). એમાંની વીસ વાર્તાઓમાંથી લૅમ્બે છ વાર્તાઓ લખી હતી. કિંગ લીઅર, મૅકલેથ, ટીમોન, રોમિયો જુલિયટ, હૅમ્લેટ અને ઑથેલો.

બાળકો માટેના આ પુસ્તકની પ્રશિષ્ટમાં ગણના થાય છે. બાળકો માટેનું એવું એક બીજું પુસ્તક 'એડવેન્ચર્સ ઑવ્ યૂલિસીસ' (Adventures of Ulysses) ઈ. ૧૮૦૮માં પ્રકાશિત થયું હતું. હોમરના મહાકાવ્ય 'યૂલિસીસ'ના ચૅપમેને (Chapman) કરેલા અનુવાદ ઉપરથી લૅમ્બે એ પુસ્તક રચ્યું હતું અને કીટ્સની તે પ્રશંસા પામ્યું હતું.

લૅમ્બને એ લંડનની સ્કૂલમાં ઉચ્ચશિક્ષણમાં પ્રવૃત્ત હતો ત્યારે ત્યાંના આચાર્ય બોયરે (Boyer) એનામાં પુરોગામી - લગભગ સત્તરમી-અઢારમી સદીના સર્જકોના સાહિત્ય વિશે રસ ખીલવ્યો હતો. એ સમયથી એનામાં રસકીય સૂઝના બીજ નંખાઈ ચૂક્યાં હતાં. એ બીજ વિકસ્યાં અને ઈ. ૧૮૦૮માં તેનું એક સંપાદિત પુસ્તક 'સ્પેસિમેન્સ ઑવ્ ઈંગ્લિશ ડ્રામેટિક પોયેટ્સ હુ લિવ્ડ અબાઉટ ધ ટાઈમ ઑવ્ શેક્સ્પીઅર' (Specimens of English Dramatic Poets Who Lived about the Time of Shakespear) લૅમ્બને ઈલિઝાબેથના જમાનાના શેક્સ્પીઅર સિવાયના અને જેકોબિયન કવિઓમાં વિશેષ રસ હતો અને એ સર્જકોનું પુનર્મૂલ્યાંકન કરીને તેણે એ પુસ્તકમાં તેમની શક્તિનો અંદાજ આપી દઈને સાહિત્યકારોને એણે તેમનામાં નવેસરથી રસ લેતા કર્યા. ખાસ કરીને તેમના નાટકોની તેણે પોતાની આગવી દૃષ્ટિથી કરેલી રસમીમાંસા નવા વાચકવર્ગને રોચક નીવડી. એ પુસ્તક વિશે હેઝલિટે પ્રશંસાપૂર્વક નોંધ્યું છે કે પોતાના વર્તુળમાં નમ્ર અને શાલિન ગણાતા લૅમ્બે આશ્ચર્ય થાય તેવી એની રસકીય - વિવેચકીય સૂઝ દર્શાવી છે : **'This anthology extracts scenes and speeches from the work of writers neglected and unregarded at the time, but it also reveals often surprising judgements.'** જેમ જીવનમાં તેમ સાહિત્યમાંય તેને વૈચિત્ર્ય, વિલક્ષણતા ગમતી અને ટૉમસ બ્રાઉન (Thomas Brown) તથા રૉબર્ટ બર્ટન (Robert Burton) જેવા લેખકોમાં તેનો

વિશેષ રસ હતો. શેક્સ્પીઅર માટે તેને લગાવ હતો જ, પણ એની માન્યતા એવી હતી કે રંગમંચ પર ભજવવા કરતાં પુસ્તકરૂપે એ નાટકો વાંચવામાં વધુ રસ પડે તેમ છે. અલબત્ત, એના વિવેચકીય અભિપ્રાયો સર્વસંમતિ સાધી શકે તેવા નથી. 'ઑન ધ ટ્રૅજડીઝ ઑવ્ શેક્સ્પીઅર'માં એ નોંધે છે કે 'કિંગ લીઅર'ની એક અનધિકૃત આવૃત્તિમાં લીઅરનો સુખાંત દર્શાવાયો છે તે યોગ્ય છે.

લૅમ્બેનાં વિવેચનોમાં નીર-ક્ષીરની વિવેકશક્તિની તુલનામાં ઉત્સાહ વિશેષ વરતાય છે. એના વિવેચકીય સિદ્ધાંતોમાં સુસંગતતા તો નથી, પણ એ સિદ્ધાંતોના અમલમાં ઠરેલતા, પકવતા નથી. એ એની પ્રાચીનતા-પ્રિયતાની સાહિત્યિક મૂલ્યો સાથે ભેળસેળ કરી નાખે છે અને વૈચિત્ર્યને એ મહત્તા સમજે છે. એટલે એનું વિવેચન અંગત અને રોમૅન્ટિક કક્ષાનું બની રહે છે.

ચાર્લ્સ લૅમ્બની સર્જક તરીકેની પ્રતિષ્ઠા એના 'એસેસ ઑવ્ ઈલિયા' (**Essays of Elia**)ને કારણે (ઈ. ૧૮૨૦-૨૩) અને 'લાસ્ટ એસેઝ ઑવ્ ઈલિયા' (**Last Essays of Elia**) (ઇ. ૧૮૩૩)ને કારણે છે.

લૅમ્બ પૂરેપૂરો લંડનવાસી છે. એના નિબંધોમાં જે રોમૅન્ટિસીઝમ છે તે તેનું આગવું છે. વડ્ઝવર્થ, શેલી, કીટ્સ, બાયરન અને બીજા રોમૅન્ટિક કવિઓએ પોતપોતાની રીતે આત્મલક્ષી રહીને રોમૅન્ટિસીઝમ સિદ્ધ કર્યું હતું.

લૅમ્બને ભલે વડ્ઝવર્થના નૈતિક-આધ્યાત્મિક વિચારો પ્રત્યે સમભાવ, આદર હોય, પણ વડ્ઝવર્થની પ્રકૃતિ પ્રત્યેની જે લગની હતી તેવું કશું ય લૅમ્બમાં જોવા નહિ મળી. લૅમ્બ નથી નીતિવાદી કે નથી માનસવિદ. એ નથી કશું સંશોધન કરતો, નથી કશાનું પૃથક્કરણ કરતો કે નથી કશા એકરાર કરતો. એ તો આ સર્વથી પર એવો અનોખો સર્જક છે. એનો પ્રત્યેક નિબંધ તરંગ અને વાક્ચાતુર્યથી ગૂંથાયેલો મઝાના પ્રસંગો અને ચિંતનની ભૂમિકા પર સ્થિત છે અને હાસ્ય તો પ્રગટ, પ્રચ્છન્ન, સર્વત્ર એની શીતળ લહર પ્રસારે છે. લૅમ્બ આનંદી, હસમુખો, વિરોધાભાસી, ચતુર, મનોવેધક, કાવ્યરસિક અને વાકપટુ છે.

નિબંધમાં એ મુક્તપણે વિહરે છે. વાચકોનો અને પોતાનો આનંદ એ સિવાય એને બીજું કોઈ પ્રયોજન નથી.

લૅમ્બના નિબંધો વાતચીતના સૂરમાં રચાયેલાં અંગત-લલિત (નિબંધ) છે. એમાં એનો જીવંત રસ લંડનના વ્યક્તિઓનું વૈચિત્ર્ય આલેખવામાં, વિવિધ સ્થળોનું વર્ણન કરવામાં અને લંડનની પ્રકૃતિનું વૈવિધ્ય દર્શાવવામાં છે. એનાં વર્ણનોમાં રંગછટા છે, લંડનમાં વિહરતાં પાત્રોને તે અજબ કલાથી ચીતરે છે. એમના તરંગો, એમની વિચિત્રતા-વિલક્ષણતાઓ અને એમનામાં અનુસ્યૂત હાસ્યાસ્પદતા આલેખવામાં તેની કલમ રાચે છે. પોતાની હાસ્યાસ્પદતા પ્રગટ કરવામાં યે તેને આનંદ છે અને ઊર્મિભર્યાં વર્ણનોમાં યે તે અપૂર્વ છે. એનો પ્રાચીનતા અંગેનો લગાવ ખરેખર અદ્‌ભુત છે. જૂની પેઢીનાં પાત્રો, પ્રાચીન સ્થળો, પ્રાચીન નમૂનાઓ આ સર્વ તેને અતિપ્રિય છે.

લૅમ્બના એક પરમ મિત્ર હેઝલીટે નોંધ્યું છે કે લૅમ્બની લેખક તરીકેની સફળથી એના જમાનાનાં તત્ત્વો આલેખવાનું ટાળીને એની સામી બાજુનાં વિરોધી ચિત્રો આલેખવામાં રહેલી છે. **'Lamb had succeeded as a writer, not by conforming to the Spirit of Age, but in opposition to it.'** પ્રાચીનતાના આરાધક લૅમ્બે અતીતમાં સરકવાની વૃત્તિ દાખવીને એના જમાનાના પ્રશ્નોથી વિમુખતા દર્શાવી છે. ઈલિયાના નિબંધોમાં ઈલિયા એ કલ્પિત પાત્ર છે. 'લંડન મૅગઝીન'માં એ નિબંધો પ્રગટ થતાં જ સમકાલીન વાચકોએ એને વધાવી લીધા. લૅમ્બમાં સત્તરમી-અઢારમી સદીના જે સમર્થ નિબંધકારો - બૅકન, બ્રાઉન, વૉલ્ટન, ફુલર, એડિસન, સ્ટીલ વગેરે માટે પ્રશંસાભાવ હતો અને એમનું સ્વરૂપ અને એમની શૈલી લક્ષમાં રાખીને એના નિબંધોમાં પ્રવર્ત્યો છે. એના નિબંધોમાં ઈલિયા એ પોતે સ્વતઃ-સિદ્ધ લંડનવાસી છે, અને એની પ્રાચીનતા માણવામાં જ એનો આનંદ છે. લંડનની જૂની શેરીઓ, સંસ્થાઓ અને ગ્રામ પ્રદેશોની વિશેષતાઓ તેને અનહદ આકર્ષે છે. પણ વાચક માટે ખુશનસીબીની વાત એ છે કે એ વર્ણનો માત્ર ભૌગોલિક માહિતીમાં સરી પડતાં નથી. એ વર્ણનો દ્વારા તો ઈલિયાની અત્મલક્ષિતા, આત્મવૃત્તાંત પ્રકાશિત થાય છે.

સંસ્મરણો અને અતીતરાગ એના નિબંધોમાં પ્રાધાન્ય ભોગવે છે. એ કેટલીક વાર પોતાના પ્રાયોજનસર **moc-seriousness**નો પ્રયોગ પણ કરે છે. 'ડિઝર્ટેશન અપૉન રોસ્ટ પિગ' (**Disseration upon Roast Pig**) એનો સરસ નમૂનો છે. એવો જ અન્ય પ્રયોગ એના 'ધ ટુ રેઈસીઝ ઑવ્ મેન' (**The Two Races of Men**)માં મળે છે.

લૅમ્બના પિતાના અવસાન પછી, એક મોટી જવાબદારીમાંથી મુક્ત થયેલો લૅમ્બ એની પ્રિય બહેન મેરી સાથેના સંગમાં કેવા આનંદના દિવસો વિતાવે છે તેનો રસિક ચિતાર 'ઓલ્ડ ચાઈના' (**Old China**) નિબંધમાં છે.

લૅમ્બની નિબંધકલાનું વૈશિષ્ટ્ય અને વૈવિધ્ય માણવા માટે 'ધ વેડિંગ' (**The Wedding**), 'ધ ઓલ્ડ બેન્ચર્સ ઑવ્ ધ ઈનર ટેમ્પલ' (**The Old Benchers of the Inner**

ગણિતગમ્મત

નૌતમભાઈ વખારિયા

સાધારણ નાની કે ગમે તેવડી મોટી કોઈ પણ સંખ્યા પૂર્ણ વર્ગ છે કે નહિ તે ચકાસવા માટે સાધારણ રીતે તેનું વર્ગમૂળ કાઢવું પડે. વર્ગમૂળ કાઢવાની આ લાંબી ગણતરી કર્યા વગર કોઈ પણ રકમ પૂર્ણવર્ગ નથી જ તેવી ખાતરી કરવાની એક સરસ રીત છે તે અહીં આપું છું.

આપેલી સંખ્યાના બધા અંકોનો સરવાળો કરો. જો સરવાળાની રકમ બે (કે વધારાના) આંકડાની આવે તો ફરી તે આંકડાઓનો સરવાળો કરો. અંતે ૧ થી ૯નો અંક આવશે. આ રીતે અંતે જે અંક આવે તે આંકડો અંકમૂળ કહેવાય છે. જો આંક ૧, ૪, ૭ કે ૯ ન હોય તો મૂળ સંખ્યા પૂર્ણવર્ગ નથી જ તેમ ખાતરીપૂર્વક કહી શકાય. દા.ત. ૬૮૨૯૭૦૧૪૩૨૫૮૭૯૬ સંખ્યાને તપાસીએ. આ સંખ્યાના બધા અંકોનો સરવાળો ૭૭ આવે છે. પછી ૭+૭=૧૪ અને ૧૪ના બે અંકોનો સરવાળો ૧+૪=૫ આવશે. તેથી આ સંખ્યા પૂર્ણવર્ગ નથી જ. આ રીત નકારાત્મક છે. એટલે કે જો આપેલી રકમનો અંકમૂળ ૧, ૪, ૭ કે ૯ આવે તો તે સંખ્યા પૂર્ણવર્ગ છે જ તેમ ન કહી શકાય પણ જો ૧, ૪, ૭ કે ૯ ન આવે તો તે પૂર્ણવર્ગ નથી જ તેમ ચોક્કસ કહી શકાય.

ઉપરાંતમાં, ગમે તેટલી મોટી રકમનો છેલ્લો અંક જો ૨, ૩, ૮ કે ૯ હોય તો તે સંખ્યા પણ પૂર્ણવર્ગ ન જ હોઈ શકે.

Temple), 'ધ સાઉથ સી હાઉસ' (The South Sea House), 'ધ ન્યૂ ઈયર્સ ઈવ' (The New Years Eve), 'ડ્રીમ ચિલ્ડ્રન, એ રેવરી' (Dream Children - A Raverie), 'ધ પ્રેઈઝ ઑવ્ ચિમની સ્વીપર્સ' (The Praise of Chimney Sweepers) જેવા નિબંધો ધ્યાનપાત્ર છે.

લૅમ્બનો મિત્રો સાથે પત્રવ્યવહાર પણ ખાસ્સો બહોળો હતો. કોલરિજ, વડ્ઝર્વર્થ, ટૉમસ મેનિંગ, હેઝલિટ, બર્નાર્ડ બર્ટન જેવા મિત્રો સાથે પત્રવ્યવહારમાં તે પોતાનાં અંગત જીવનની વાતો, વાંચેલાં પુસ્તકો વિશે અભિપ્રાયો, પોતાની સાહિત્ય વિશેની માન્યતાઓ વગેરે દર્શાવતો. એના પત્રવ્યવહારમાં તેના વ્યક્તિત્વની અનેક વિશેષતાઓ પ્રગટ થતી જોવા મળે છે. (ક્રમશઃ)

ટેકો

લઘુકથા

હસમુખ કે. રાવલ

શિલ્પાનાં લગ્નનો બધો બોજો સુધાકરે ઉપાડી લીધો હતો. શિલ્પાને વિદાય આપી હૉલ પરથી સૌ પાછાં ફર્યાં ત્યારે પપ્પા ખૂબ થાકી ગયા હતા. ખાવા-પીવામાં, બોલવા-ચાલવામાં ક્યાંય એમનું ચિત્ત લાગતું ન હતું. તેથી સુધાકરે કહ્યું, 'પપ્પા, તમે તમારા બેડરૂમમાં શાંતિથી ઊંઘી જાઓ.' ને વિનાયક તેની રૂમમાં ગયા.

રૂમ બંધ કરી વિનાયક લાંબો સમય સામેનો ફોટો જોતા રહ્યા ત્યાં સુધી તો ઠીક, પણ આંખમાં આંસુ ફૂટ્યાં ત્યારે શાલિનીથી ન રહેવાયું, 'મારા સમ, જો તમે રડ્યા છો તો! તે હું ય એક દિવસ બાપનું ઘર છોડીને આવી જ હતી ને! એક મિનિટ પણ તમને વીલા મૂક્યા છે? જુઓ, છોકરી માટે ટુકડે-ટુકડે સોનું મેં જ ભેગું કર્યું હતું ને? ને ચૂંદડી ને કપડાં ય મારા બતાવેલાં જ તમે લીધેલાં ને?'

'એ વિસામા સમી દીકરી ય ગઈ. ને આ સુધાકર અને તેની વહુનાં લક્ષણ મને સારાં લાગતાં નથી.' વિનાયક ધરાર રડી પડ્યો.

'લ્યો, કોચવાઓ મા. હું બેઠી છું ને બાર વરસની. વહુ- દીકરાને જે કરવું હોય તે કરે. હું છું ને...?'

'તારો જ તો ટેકો છે. એટલે જ તો...' કહી વિનાયકે તકિયાને જોરથી ભીંસી લીધો. ધીમે ધીમે આંસુ ઓસર્યાં, પકડ ધીમી પડી ને ઊંઘી ગયા.

સવારે સુધાકર હિસાબનાં બંને પાસાં સરખાં કરવા કબાટમાંથી પપ્પાની પાકતી રસિદો શોધતો હતો. ત્યાં તેના હાથમાં આવ્યું મરણપત્રક : 'શાલિની વિનાયક શુક્લ ઉ.વ. ૪૭; મરણ તા. ૭-૭-૯૭.' સુધાકરને થયું : 'મમ્મીની બધી રસિદો-શેર-વીમાનાં કામ તો ક્યારનાંય પતી ગયાં છે. હવે આ નકામું કાગળિયું...'ને તેણે ચાર ટુકડા કરી નીચે ફેંક્યા. જોઈતી રસિદો લઈ બાકીનું જેમનું તેમ અંદર મૂકી કબાટ બંધ કર્યું.

સ્પષ્ટ વાંચી શકાય તેવા કાગળના ટુકડા હવાની લહેરખીમાં થરથરતા હતા. તેમને જાણે થતું હતું : 'વિનાયક ઊઠીને બહાર આવે તે પહેલાં અમને લકવાગ્રસ્તોને કોઈ ડસ્ટ-બીનમાં પધરાવી દે તો સારુ.'

પ્રસંગપરાગ

અદના આદમી : મગદાનભાઈ

પ્રા. સુરેશ મ. શાહ

અનુસ્નાતક અધ્યાપનની પ્રવૃત્તિમાં રત હું ૧૯૬૭ થી ૧૯૭૪ સુધી નિયમિત દર ૧૫ દિવસે અમદાવાદથી ભૂજ લાલન કૉલેજમાં વર્ગો લેવા જતો.

૧૯૭૧-૭૨નું વર્ષ હતું. એ સમય દરમિયાન અવારનવાર પથરીના દુઃખાવાની તીવ્રતા અનુભવવી પડતી છતાં ભૂજના વર્ગો લેવાની જવાબદારીનું કર્તવ્ય ચાલુ રહેતું ત્યારે ટ્રેનમાં ભૂજથી પાછા ફરતાં બનેલો આ પ્રસંગ અવિસ્મરણીય અનુભવ છે.

રેલવેના ત્યારના એક અદના કર્મચારી મગદાનભાઈ ગઢવી ભચાઉ સ્ટેશન ઉપર એક નાનકડી કુટિરમાં રહેતા અને સ્ટેશન ઉપર પાણી પાવાનું કામ કરતા. મને પથરીની તકલીફ શરૂ થઈ. પણ છેવટે ન સહેવાતાં મારી સાથેના મિત્રને કહ્યું કે કદાચ દુઃખાવો અસહ્ય થાય તો ભૂજમાં ડૉ. ઉલ્લાસ નાવલેકરને ત્યાં લઈ જશો ને જરૂર પડે તેમ કરશો. મુસાફરી શરૂ થઈ. એક વિદ્યાર્થિની બહેન, હવે તો એ વિસ્તારના જાણીતા ઍડવોકેટ છે. અંજાર રહે અને પરત મુસાફરીમાં તેમનાં માતુશ્રી પાસે સાંજનું જમવાનું તૈયાર કરાવી અંજાર સ્ટેશને પહોંચાડે. પણ દુઃખાવો અસહ્ય. દરેક સ્ટેશને પિવાય એટલું પાણી પીવું છું તો વાંધો નહિ આવે.

ગાંધીધામ સ્ટેશને જ પાણી પાણીનો પોકાર કરીને પાણી પાતા એક ૫૪-૫૫ વરસના થોડાક ભારે શરીરવાળા મગદાનભાઈને અમારી વિનંતી કે અમને દરેક સ્ટેશને પાણી પાશો. ને ટ્રેન ઊભી રહે, પાણી પાતા પાતા આવે. પ્યાલો બરાબર વીંછળી, લૂછી, શીતળ જળની અમીવર્ષા. ચોથા સ્ટેશને પણ તેઓને જ જોયા એટલે પૂછ્યું કે કેમ તમે જ ? ટ્રેનમાં છો કે શું ? અને પછીના જંકશને એ અમારા જ ડબામાં આવીને બેઠા. એ દરમિયાન પરિચય થતો રહ્યો. અમારી સમજણનાં દ્વાર ખૂલતાં ગયાં. તેઓ ભચાઉ સ્ટેશનના પાણીવાળા પણ ઉનાળાથી નવરાત્રિના અંત સુધી ગાંધીધામની રાધનપુર ટ્રેનમાં જ પાણી ભરી સહુને પાય. અમે પૂછ્યું કે પહેલાં તમને જોયા નથી ત્યારે કહે કે હું ફરજ ઉપર નહીં હોઉં. અથવા તમારે જરૂર નહિ હોય તેથી ધ્યાન ન ખેંચાયું હોય. પાણી સ્ટેશનનું, નોકરી રેલવેની, પગાર સરકારનો પણ ફરજ તો આપણીને ? મોટેથી સાદ પાડું તો જે તરસ્યાં હોય તે માગે અને મારા માટે તેમની 'હાશ' ભાવિનું ભાથું બની રહે. એટલે વચ્ચેના ડબ્બેથી બંને બાજુ ફરી રહું. માત્ર ૧૧૨ રૂપિયા પગાર, છ વ્યક્તિનું કુટુંબ, ટીલાંટપકાં કરવાનાં નહિ, સતત પ્રવાસ સિવાયની ફરજમાં ભચાઉ સ્ટેશને પાણીની ઓરડીમાં, સ્વચ્છ ગાળેલું પાણી ઠંડું રાખી સહુને હસતાં હસતાં પાવાનું અને ક્યાંયથી કોઈની પાસે પૈસોય લેવાનો નહિ !

વાતો કરતાં ખબર પડી કે રાત્રે ૧૧ વાગે રાધનપુર એક સાંધાવાળાને ત્યાં દોઢ-બે કલાક રોકાય, બીજી ટ્રેન પાલનપુરની આવે ત્યાં સુધી ત્યાં જમે, પણ રોટલો ને મીઠું જ. કહે કે નિયમ છે. એવા જ પ્રસંગે એ મિત્ર મારે ત્યાં ભચાઉ જમે ત્યારે હું રોટલા સિવાય કશું જ ન આપી શકતો હોઉં તો મારે પણ જમવામાં બીજું કેમ લેવાય ?

અમે લગભગ લખપત પાસે જે હતું તે ભાખરીશાક જમ્યા. થોડાક પહેલેથી જ મગદાનભાઈ માટે જુદાં રાખ્યાં. પાણી પીધાં પછી વાતો કરતાં બેઠાં હતાં અને તેઓને જમવાનું કહ્યું ત્યારે કહ્યું કે, મારે તો નવરાત્રિનો ઉપવાસ છે અને તેમાંથી જ તેમના મિત્રને ત્યાં ભોજન કરવાની પદ્ધતિની સમજદારીભરી વાત નીકળી હતી. રાધનપુર આવવાને છ-સાત સ્ટેશન હતાં. વાતો ચાલતી રહી. ત્રણ દીકરા-દીકરી, પણ ખરી. એક મોટો દીકરો ૧૭નો પણ નોકરી મળે નહિ. ભચાઉ સ્ટેશનના પરિસરમાં બધા જ તેમની ટીકા કરે. કારણ કે ઉપરી અધિકારી માટે મહુડો કે મરઘી લાવી આપે નહિ. પાઈ-પૈસો લે નહીં. નવરાશ મળતાં ઈશ્વર સ્મરણ ચાલ્યા કરે. એટલે કટાક્ષમાં સહુ મગદાન ભગતડો કહે; છતાં મગદાનભાઈને કશું સ્પર્શે નહિ.

છેવટે અમે તેઓને કાંઈક આપવું તેમ વિચારી અંદરોઅંદર રકઝક કરી બેને બદલે પાંચની નોટ કાઢી. તેઓ બેઠા હતા ત્યાં તેમના ઢીંચણ પાસે મૂકીને લેવા કહ્યું કે તરત જ જાણે સર્પ જોયો હોય તેમ ઊભા થઈ ગયા. 'આ લઈ લો. મને કશું જ જોઈતું નથી. પાણી તો ફરજના ભાગ સ્વરૂપ આપ્યું છે. પાણી જ આપવું છે તો ચોખ્ખાઈ પણ જાળવવી જોઈએ. ચાલો, એ ડબામાં. ત્રણે પિપ ઉપર ગરણું બાંધ્યું છે. ગ્લાસ અને જગ પણ સ્વચ્છ છે. તમને સારું લાગે છે તે ભગવાનની દયા. મેં કશું જ કર્યું નથી. કદાચ કાંઈ ચૂક થઈ હશે તો દયા રાખજો. પણ પૈસા લઈ લો' ઘણું સમજવ્યા પણ પૈસા ન લીધા તે ન જ લીધા. ❐

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ : રૂપાયતન : અમરેલી દ્વારા બે વર્ષે (૧૯૯૯/૨૦૦૦ના) અપાતા સાહિત્યિક પુરસ્કારો : શ્રી સુલેખાબેન શાહ સત્ત્વશીલ સાહિત્ય પુરસ્કાર આ વર્ષે બે લેખકો શ્રી યશવંત મહેતા (અમદાવાદ)ને તેમના પુસ્તક 'વિશ્વની શ્રેષ્ઠ વાર્તાઓ' માટે તથા શ્રી મનસુખભાઈ સાવલિયા (જૂનાગઢ)ને તેમના મિર્ઝા ગાલિબ ઉપરના પુસ્તક માટે અપાશે. શ્રી ઈન્દુબેન સંઘવી બાલ સાહિત્ય પુરસ્કાર શ્રી ઈશ્વરભાઈ પરમાર (દ્વારકા)ને તથા શ્રી નવલભાઈ પરીખ ચિંતનાત્મક સાહિત્ય પુરસ્કાર શ્રી ભાણદેવજી (ગોંડલ)ને એનાયત થશે.

———ધારાવાહી બંગાળી નવલકથા———

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

આ તરફ મારા મનમાં ઘરનું ચિત્ર ઘુમરી લેતું હતું. કદાચ ડૉક્ટર હજુ સુધી ઘરમાં જ બેઠા હશે. રીટાની તબિયત પાછી બગડી હતી. કોર્ટમાં જ એમણે બધું સાંભળ્યું હશે. મૂળ વાત શી હતી તેની એમને ખબર નહોતી. એ બાઇ કોણ છે? ગ્રીઅરસન સાહેબની સિગારેટની દાબડી એને શી રીતે મળી? કોણે એને આપી? મને કંઇ સમજાતું નહોતું. તો એ બાબલાની માસી નહિ પણ મા હતી. પણ એણે તો એ બાબલાની માસી છે એમ કહીને પોતાની ઓળખાણ આપી હતી. કોર્ટમાં બેઠાં બેઠાં એને 'માસી' 'માસી' કહીને બોલાવી હતી.

મદનને કહ્યું : 'જલદી ઘેર પહોંચાડ. તારાથી થાય તેટલી ઝડપથી લઈ જા.'

નરસિંહમના ઘરથી મારું ઘર બહુ દૂર નહોતું. એક મિનિટમાં જ હું ઘેર પહોંચી ગયો. જઈને જોઉં છું તો રીટાની આંખમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. ડૉક્ટર એને કહેતા હતા : 'તમે શા માટે આટલાં ઉશ્કેરાઇ ગયા છો? સેનસાહેબને આવવા તો દો. એમની વાત સાંભળો. પછી જે કરવું હોય તે કરજો.'

રીટા કહેતી હતી : 'શા માટે અત્યાર સુધી જુઠ્ઠાણું ચલાવ્યું? તે મને કહે.'

એ જ વખતે હું ઓરડામાં દાખલ થયો. મને જોતાં જ રીટા ભડકી ઊઠી. એણે કહ્યું : 'જુઠ્ઠા, સાલા, બદમાશ આજ સુધી મારી જોડે છેતરપીંડી રમ્યો. મને ક્યારેય કેમ કશું કહ્યું નહિ?'

મેં કહ્યું : 'થયું છે શું? તું શું બોલે છે તેનું ભાન છે?'

રીટાએ કહ્યું : 'તું જુઠ્ઠાનો સરદાર છે. શા માટે આજ સુધી તેં મને કહ્યું નહિ કે તેં એક રખાત રાખી છે?'

મેં કહ્યું : 'એટલે?'

રીટાએ કહ્યું : 'એટલે શું એ આ ડૉક્ટરને પૂછ. ડૉક્ટર! તમે કોર્ટમાં જે સાંભળ્યું હોય તે આને કહો.' તો પણ ડૉક્ટરના મોઢામાંથી એક હરફ પણ નીકળ્યો નહિ.

રીટાએ ડૉક્ટર તરફ જોયું અને બરાડી : 'મેં કહ્યું ને એને સંભળાવો. તમારે ડરવાનું કારણ શું છે? કહોને કે આ પલટુ એક નંબરનો બદમાશ છે.'

તો પણ ડૉક્ટરે મોઢું ઉઘાડ્યું નહિ. એમણે ફક્ત રીટાને કહ્યું : 'તમે નકામા ઉશ્કેરાઓ છો. તમે મૂંગા રહો. ધીમેથી વાત કરો. પાસેના ઓરડામાં બાબલો છે. નોકર-ચાકર છે એ બધાં સાંભળે છે.'

રીટાએ કહ્યું : 'ભલે બધાં સાંભળે. મને કંઈ કોઈની બીક છે? હું બધાંની સામે બરાડી બરાડીને કહીશ કે આ તમારે સેન કેવો ભયંકર માણસ છે. એક વેશ્યાને એણે રખાત રાખી છે ને એના છોકરાને પોતાના ઘરમાં રાખ્યો છે. બાબલો વેશ્યાનો છોકરો છે. હું એને ઘરની બહાર ફેંકી દઈશ. એને ને મારે કંઇ સંબંધ નથી. હું હમણાં જ એને રસ્તા પર ફેંકી દઉં છું. એને ફેંકી જ દેવો જોઈએ. તમે જાણો છો, ડૉક્ટર? મેં આ છોકરા પાછળ હજારો રૂપિયા પાણીની જેમ ખર્ચ્યા છે. મેં એને માટે શું નથી કર્યું? જાણો છો, એ જ્યારે માંદો પડ્યો ત્યારે આખી રાત હું એને ખોળામાં લઈને જાગતી બેસી રહી. આજે હવે જાણ્યું ને કે એ એની રખાતનો છોકરો છે, એ વેશ્યાનો.'

મેં પૂછ્યું : 'આ બધી વાત તને કોણે કરી? આ બધું નર્યું જુઠ્ઠાણું છે.'

રીટા આગની જેમ ભડકી : 'જો આ બધું જુઠ્ઠું હોય તો મૅજિસ્ટ્રેટે એ બાઇને કેમ છોડી દીધી? એને સજા કેમ ન કરી. શું એમ કહેવા ઈચ્છે છે કે એણે બધું જુઠ્ઠું કહ્યું? એ જુઠ્ઠી કે તું જુઠ્ઠો? બોલ.'

મેં કહ્યું : 'હું તો કોર્ટમાં હતો નહિ. એણે મૅજિસ્ટ્રેટની સામે શું કહ્યું તે હું શી રીતે જાણું? હું તો મારી કંપનીના કર્મચારીઓ હડતાલ પર ઊતર્યા છે તેમની સાથે વાટાઘાટ કરતો હતો.'

રીટાએ કહ્યું : 'હડતાલિયા જોડે મીટિંગ તો તું કરે જ. કારણ કોર્ટમાં ગયો હોત તો બધાની સામે તારી આબરૂના કાંકરા થઈ જાત. બધાની સામે તારા ભવાડાની વાત તારે પોતાને જ સાંભળવી પડત...'

મેં કહ્યું : 'ચૂપ કર. ઘાંટા ન પાડ.'

રીટા એનો અવાજ વધારે ઊંચો કરીને બોલી : 'શા માટે ચૂપ કરું? તારો હુકમ છે એટલે? તું કાળાં કામ કરે અને હું મૂંગે મોઢે ચલાવી લઉં? હું નોકર, ચાકર, આયા, રસોઇયો, બધાંને તારા કરતૂક સંભળાવીને આગ પેટાવીશ. તારું આરોગ્ય કેવું છે તે બધાને જણાવીશ. પછી હું ચૂપ રહીશ, તે પહેલાં નહિ.'

મેં કહ્યું : 'નફફટાઈની પણ હદ હોય છે. તું એ હદ વટાવી ગઈ છે.'

રીટાએ કહ્યું : 'હું નફફટ છું કે તું નફફટ? બદમાશ! ઈડિયટ! તું જાનવર છે ને મને ગાળ દે છે?'

મેં કહ્યું : 'રીટા, મહેરબાની કર ને મોઢું બંધ કર. પાસેના ઘરમાં બાબલો છે. એ બધું સાંભળતો હશે.'

રીટાએ કહ્યું : 'એ સાંભળે તેમાં મારે શું? તું એમ ધારે છે કે

એને હું આ ઘરમાં રહેવા દઇશ? હું જાઉં છું અને એને રસ્તા પર તગેડી મૂકું છું.' કહીને એ પાસેના ખંડમાં ફટફટ કરતી ગઇ.

મેં ડૉક્ટરની તરફ જોઈને કહ્યું : 'જોયુંને ડૉક્ટર! રીટા કેવી નકામી ઉશ્કેરાઇ જાય છે? કેવી બરાડા પાડે છે?'

ડૉક્ટરે કહ્યું : 'તમે ચૂપ રહોને. તમે જરા સહન કરી શકતા નથી?'

મેં કહ્યું : 'હું કેટલું સહન કરું તે તમે મને કહેશો? હું પણ માણસ છું. મારી પણ સહનશીલતા ખૂટી છે. મારી ઑફિસના ત્રણ હજાર લોકો હડતાલ પર છે. હું એની ચિંતા કરું કે વહુની મુર્ખામીની ચિંતા કરું?'

ડૉક્ટરે કહ્યું : 'તમારી પત્નીને માનસિક રોગ છે એ કેમ ભૂલી જાઓ છો? એની આગળ તમે આવી ઘાંટાઘાંટ કેમ કરો છો? એની સાથે જરા મીઠાશથી વાત કરો.'

મેં કહ્યું : 'તમે તો બોલ્યા એટલે પત્યું. પણ તમે મારી જગ્યાએ હો, તો તમને ખબર પડે કે મગજ ઠંડું રાખતાં કેટલું કષ્ટ પડે છે. તમને ખબર છે? આજે કેટલાંય વર્ષો થયાં. મેં ઑફિસનો બધો ભાર મારા ડૅપ્યુટિના માથા પર નાખી, હું રીટાની સાથે ફરતો ફરું છું. તમે કહો ડૉક્ટર, કે કેટલો વખત બગાડ્યો અને એળે ગયો છે અને આજે એ જ રીટા મને બેફામ ગાળો દે છે. મારી ઑફિસનો કોઇ માણસ હોત તો લાગલો જ એને બરતરફ કર્યો હોત.'

એકાએક રીટા પાસેના ખંડમાંથી બાબલાને ઘસડીને લઈ આવી, એનો કાન આમળ્યો ને જોરથી એક થપ્પડ લગાવી. એણે એને કહ્યું : 'હમણાં ને હમણાં મારા ઘરમાંથી ચાલી જા.' એમ કહીને એણે બાબલાને ધક્કો મર્યો. બાબલો આરસના પથ્થરની ભોંય પર પડ્યો. ડૉક્ટર અને હું બન્ને એને બચાવવા ગયા. પણ તે પહેલાં જ એનું માથું પથ્થર પર ભટકાયું, ફાટ્યું અને લોહી વહેવા લાગ્યું. બાબલો વેદનાને લીધે જોરજોરથી રડતો હતો. તરત જ ડૉક્ટરે એને ઊંચકી લીધો. આમ છતાં રીટાએ એને છોડ્યો નહિ. ડૉક્ટરના હાથમાંથી એને ઝૂંટવી લીધો ને એને લાત મારી. એણે એને કહ્યું : 'મુઆ, મરી જા.'

હું તરત જ દોડીને ગયો અને રીટાના હાથ જોરથી પકડી લીધા. મેં કહ્યુ : 'આ શું કરે છે? એને મારી નાખવો છે?'

રીટાએ આંખો પહોળી કરીને કહ્યું : 'હા, હું એને મારી નાખીશ. મારા ઘરમાં મારા દેખતાં હું પારકા છોકરાને નહિ રહેવા દઉં. એને ઘરમાંથી હમણાં ને હમણાં ફેંકી દો.'

મેં કહ્યું : 'એ જો મરી જાય તો એનું ખૂન કરવાના ગુના બદલ તને પોલીસ પકડે.'

રીટાએ કહ્યું : 'હું પહેલાં તો એનું ખૂન કરીશ, તે પછી મને ફાંસીએ ચઢાવે, કે ગમે તે કરે તેની મને ફિકર નથી. તો તું મારા રસ્તામાંથી ખસી જા. મારો હાથ છોડ.'

મેં કહ્યું : 'ના, નહિ છોડું.'

'ના એટલે? તું શું મને મૂરખ માને છે? શું હું કશું સમજતી નથી? બોલ, અત્યાર સુધી મને કહ્યું કેમ નહિ કે તારો એક છોકરો છે. બોલ, શા માટે ન કહ્યું?'

મેં કહ્યું : 'હમણાં તારું મગજ ઠેકાણે નથી. હું ગમે તેટલો ખુલાસો કરું તો પણ તું માનવાની નથી. તું પહેલાં જરા ટાઢી પડ. પછી હું તને બધું સમજાવીશ.'

રીટાએ કહ્યું : 'ના, પહેલા કહે કે એ બાઇ કોણ છે? તારી કોણ સગલી થાય?'

મેં કહ્યું : 'એની જોડે મારે કશી નિસબત નથી.'

રીટાએ કહ્યું : 'તો પછી આટલાં બધાં લોકો હોવાં છતાં એના છોકરાને જ શા માટે તું અહીં લઇ આવ્યો? બીજા કોઇનો છોકરો કેમ ન લાવ્યો?'

મેં કહ્યું : 'તારી ભૂલ થાય છે. એ એનો છોકરો નથી. એ એનો ભાણેજ છે.'

રીટાએ કહ્યું : 'કોર્ટમાં એણે શા માટે કહ્યું કે એ એનો જ છોકરો છે?'

મેં કહ્યું : 'કોર્ટમાં એણે શું કહ્યું તે વિશે હું શું જાણું.'

રીટાએ કહ્યું : 'તને બધી ખબર છે. બધું જાણવા છતાં તું મને જૂઠું કહે છે. જો એમ ન હોય તો ગ્રીઅરસન સાહેબની સોનાની સિગારેટની દાબડી એની પાસે આવી ક્યાંથી?'

મેં કહ્યું : 'કદાચ ગ્રીઅરસને પોતે દેશમાં જતાં પહેલાં એને આપી હશે.'

રીટાએ કહ્યું : 'ના, જરાય નહિ. એણે જુબાની વખતે સાક્ષીના પાંજરામાં ઊભા રહીને, મૅજિસ્ટ્રેટને કહ્યું કે તેં જ એને એ આપેલી.'

મેં કહ્યું: 'એ ખોટું બોલતી હોય તો એને માટે શું હું જવાબદાર?'

રીટાએ કહ્યું : 'જો, મેં ઘણું વેઠ્યું છે. હવે હું વેઠવાની નથી. તું એક વાર પોર્ટ કમિશનના ડૉકમાં ગ્રીઅરસન કંપનીના ગોદામમાં ટ્રોલી કારકુનનું કામ કરતો હતોને?'

મેં કહ્યું : 'હા.'

રીટાએ કહ્યું : 'ગોદામનો વડો ઑફિસર અટલ છે. હતો?'

મેં કહ્યું : 'હા. હતો.'

રીટાએ કહ્યું: 'એ રિટાયર્ડ અટલબાબુએ જાતે કોર્ટમાં ઊભા રહીને સોગંદ લઇને કહ્યું હતું કે તું જે હૉટલમાં જમતો હતો તેના માલિકની એ બાઇ છોકરી હતી. એ બધા અમલદારોને ચા-નાસ્તો મોકલાવતી હતી. યાદ છે? તું ગોદામના કામ માટે મહિને એકસો

ત્રીસ રૂપિયા કમાતો અને ભાણું તથા ચા-નાસ્તો પૂરો પાડવા માટે તું એને સો રૂપિયા આપતો. એ પણ તને યાદ છે?'

હું કશો જવાબ આપું તે પહેલાં જ રીટા બોલવા લાગી: 'કેમ ચૂપ છે તું? એ બધું યાદ છે?'

મેં કહ્યું : 'એણે આલતુંફાલતું વાત કરી અને તેં એ બધું સાચું માન્યું?'

રીટાએ કહ્યું : 'હું માની લેવાવાળી કોણ? જે માની લેવાવાળા હતા તે મૅજિસ્ટ્રેટે એની વાત માની લીધી અને એને છોડી દેવાનો હુકમ કર્યો.'

હું એને જવાબ આપવા જતો હતો પણ રીટાએ કહ્યું : 'હવે કશું કહેવાની જરૂર નથી. તું જુઠ્ઠો છે. બદમાશ છે. તારું મોઢું કાળું કર.'

મેં કહ્યું : 'તું બૂમબરાડા ના પાડ... શાંત થા. જરા ટાઢી પડ. મૂંગી રહે.'

રીટાએ કહ્યું : 'શા માટે ચૂપ રહું? શા માટે બૂમાબૂમ ન કરું? તું મને ઠગે ને હું મૂંગી રહું?'

મારી ધીરજ ખૂટી ગઇ. મેં કહ્યું : 'મૂંગા ન રહેવાતું હોય તો મરી જા. તારું મોઢું ન દેખાડ.'

રીટાએ કહ્યું : 'એમ છે. તો હું જ તારી સામેથી ખસી જાઉં છું. મારે જ તારું મોઢું નથી જોવું.' કહીને એ રડતી રડતી પોતાના ખંડમાં ચાલી ગઇ. જઇને અંદરથી બારણાંને કડી મારી દીધી.

એટલામાં ડૉક્ટરે બાબલાના માથામાં પાટો બાંધી દીધો. એ રડતો બંધ થઇ ગયો હતો. મેં જઇને એને વહાલ કર્યું ને આયાને સોંપ્યો. એ તો ડઘાઇ ગયો હતો. એને કશું સમજાતું નહોતું કે એને કારણે મારા સંસારમાં કેવું ભયંકર વાવાઝોડું આવ્યું હતું. તેની જાણ એને થવાની નહોતી. મારી અકળામણનો પાર નહોતો.

ડૉક્ટર કહે : 'તો હવે હું જાઉં.'

મેં કહ્યું : 'કેમ તમારે જવું છે?'

ડૉક્ટરે કહ્યું : 'તો હું અહીં રહીને હવે શું કરું? રીટા ગુસ્સો કરીને ચાલી ગઇ છે એને બોલાવીને જરા શાંત પાડજો. વળી પાછો જૂનો રોગ ઊથલો ન મારે તે જોજો. જો રોગ પાછો ઊથલો મારે તો હું કેમે કરીને એને બચાવી નહીં શકું.'

મેં પૂછ્યું : 'એ રોગ શાને લીધે થાય?'

ડૉક્ટરે કહ્યું : 'ઘણી વાર સંતાન હોય તેથી થાય છે. તો વધારે પૈસા કે વધારે આરામ હોય તેથી પણ થાય છે. એના કરતાં જેમની પાસે પૈસા નથી હોતા, જે પૈસા મેળવવા કાળી મજૂરી કરે છે તેમને આવો રોગ નથી થતો. તમારી પત્નીને કામ કરવું પડતું નથી. એક પવાલું પાણી પણ જાતે લેવું નથી પડતું. એથી એને આ રોગ થયો છે. એ આજની સભ્યતાનો રોગ છે. તમે એને નજર સામે જ રાખજો. એને એકલી ન રાખતા. સાથે ને સાથે જ રહેજો.'

મેં કહ્યું : 'અત્યાર સુધી તો એમ જ કર્યું છે. એને લીધે મેં મારા ધંધામાં ધ્યાન નથી આપ્યું.'

ડૉક્ટરે કહ્યું : 'એ તો સારું જ કર્યું છે. પરંતુ આજે જે બન્યું છે તે પછી મારે પણ આ બાબતમાં ખૂબ સાવધ રહેવું પડશે.' એમ કહીને ડૉક્ટર ચાલી ગયા. હું વિચારતો હતો કે હવે શું કરવું? હું મારા જીવનની પરિક્રમા કરવા લાગ્યો. વિચાર્યું : મારે જે જોઇતું હતું તે શું મને મળ્યું ખરું? કે જે મને મળ્યું તે શું મારે જોઇતું હતું? એ વખતે મનમાં થયું, તુચ્છ માનીને મેં જે માગ્યું નહોતું તે મને મળ્યું હોત તો હું ખુશ થાત.

પણ એ બધું વિચારવાનો મારી પાસે સમય નહોતો. માગવા-પામવાથી ઊંચે જઇને હું એવી માનસિક દશામાં વસતો હતો જે મારી કલ્પનામાં નહોતું. એક દિવસ તો મારે અઢળક પૈસા જોઇતા હતા. મારે સંસાર જોઇતો નહોતો, મારે પત્ની કે છોકરાં જોઇતાં નહોતાં. પણ એ પૈસા જ મારું સત્યાનાશ વાળશે એની કોને ખબર હતી? મનમાં ને મનમાં મેં ભગવાનને કહ્યું : 'હે ભગવાન! મેં મનોમન તારી પાસે પૈસા માગ્યા હતા. એ હું કબૂલ કરું છું. પણ કરોડો રૂપિયા? આટલા પૈસા ન હોત તો મારી પત્નીને પરિશ્રમ કરવો પડત. એને વાળઝૂડ કરવી પડત. રસોઈ કરવી પડત. કપડાં ધોવાં પડત. એથી એ એટલી બધી થાકી જાત કે ખોટી ચિન્તા કરવાનો એને વખત જ ન મળત. ઊંઘવા માટે એને આયાની પાસે પગ દબાવવા ન પડત. પણ હવે હું શું કરું?'

રીટાના ખંડની સામે જઇ બારણું ઠોકવા લાગ્યો ને બૂમ પાડવા લાગ્યો : 'રીટા, બારણું ઉઘાડ. મારે તારી જોડે વાત કરવી છે.'

પણ અંદરથી પહેલાંની જેમ કશો અવાજ જ ન આવ્યો. મારો પૂર્ણ 'હું' અંદરથી છટફટ કરવા લાગ્યો. ડૉક્ટર! મને ખબર નથી તમે તે વખતની મારી મનની દશા સમજી શકશો કે નહિ. પણ તોયે હું તમને કહું છું કે એરકંડિશન્ડ ખંડમાં બેઠો હોવા છતાં, પરસેવાથી મારું આખું શરીર ભીંજાઇ ગયું હતું. (ક્રમશઃ)

એકાંકી પારિતોષિક યોજના

ગુજરાતી મૌલિક એકાંકી-લેખનને પ્રોત્સાહન આપવાના હેતુસર 'કુમાર' માસિકમાં જે તે વરસ દરમ્યાન પ્રસિદ્ધ થયેલાં એકાંકીઓ પૈકી નિર્ણાયક મંડળે શ્રેષ્ઠ ઠરાવેલ એકાંકીને રૂ. ૧૦૦૦નું પારિતોષિક કુમાર કાર્યાલય લિ.ના ચેરમેનશ્રી હીરાલાલ ભગવતી તરફથી પ્રતિવર્ષ અપાશે.

અડકો દડકો

સિંહનો બકરો, બકરાનો સિંહ

આમ તો કેસરિયાં સિંહનો જન્મ ગિરનારના જંગલમાં થયેલો. પણ એ બહુ નાનો હતો ત્યારે ત્યાંના જંગલમાં દવ લાગ્યો. અગ્નિની જ્વાળાઓ એમની બોડની આસપાસ વધવા લાગી એથી કેસરિયો, એની મા અને બાપ - સૌ જીવ



લઈને ભાગ્યાં. એ નાસભાગમાં, ગભરાટમાં કેસરિયો એનાં માબાપથી છૂટો પડી ગયો. સાવ નાનો. રસ્તો જોયેલો નહીં; તેથી ભૂલો પડ્યો. એક બકરાનું ટોળું નજીકમાંથી પસાર થતું હતું તેમાં એય સામેલ થઇ ગયો ને પહોંચ્યો બકરાના પાળનારા ભરવાડને ઘેર - નેસડે.

ભરવાડ પહેલાં તો સિંહનું બચ્ચું જોઈને ડરી ગયો, પણ પછી એની બાળ સૂરત જોતાં દિલમાં દયા જાગી. એને થયું, 'બિચારું બચ્ચું છે. ભલે બકરાં સાથે રહે. બકરાંનું દૂધ પીશે ને મોટું થશે.'

કેસરિયો તો બકરાં સાથે બરોબરનો હળી ગયો. જેટલું બકરાં કરે એ બધું એ કરવા જતો. બકરાં નાનકડાં શિંગડાં વીંઝે તો એય એ રીતે કરવા મથતો; પણ એને એ યાદ નહિ આવતું કે પોતે તો સિંહ છે. માથે શિંગડાં ક્યાંથી હોય ?

એ તો બકરાંની જેમ બેં બેં અવાજ કાઢવાયે કોશિશ કરતો; પરંતુ ભગવાને એને સિંહનું ગળું આપેલું. એના ગળામાંથી નીકળે તો ગર્જના નીકળે ને આ કેસરિયાને પોતાની ગર્જના તો સહેજ પણ સાંભળવી ગમતી નહોતી!

કેસરિયો તો દિવસરાત બસ બકરાની જેમ પોતે કેમ રહી શકે એની જ ગડમથલ કરવા લાગ્યો અને ધીરે ધીરે એની અસર એના શરીર પર થવા લાગી. એક વાર એને થયું કે પોતાના પગના પંજા ખરીઓમાં પલટાઇ રહ્યા છે. એણે થોડા સમય બાદ તો માથામાં પણ સળવળાટ લાગવા માંડ્યો. એને એમ થયું કે માથામાં શિંગના ફણગા ફૂટવા માંડ્યા છે! એને તો પોતાના અવાજમાંયે જાણે આછો આછો ફેર જણાવા લાગ્યો. એને થયું કે પોતાના દાંત પણ હવે એવા થવા લાગ્યા છે કે કુણું કુણું ઘાસ પણ ચાવી શકાશે. ને માનશો કે એક દિવસ તો આ કેસરિયો ખાસ્સી અર્ધી પૂળી ઘાસ પણ આરોગી ગયો! આજુબાજુનાં બકરાં પણ કેસરિયાના શરીર અને સ્વભાવમાં થઇ રહેલા પરિવર્તનથી નવાઇ પામતાં હતાં. હવે તો લાગતું હતું કે કેસરિયો થોડા મહિના વધારે કાઢશે તો બકરો જ થઇ જશે. કેસરિયાને તો બકરો થવાય એનો આનંદ હતો પણ બકરાંની નાતમાં જે ઘરડા લોકો હતા તેમને ચિંતા થવા લાગી કે આવું થાય? સિંહનો બચ્ચો બકરો બને તો પછી એને બકરાંની નાતમાં કેવી રીતે સામેલ કરીશું?

દરમિયાન સંજોગોવશાત્ કેસરિયાની મા એની ખોજ કરતી ફરતી એક વાર ભરવાડના નેસડે જ આવી લાગી. માનો જીવ. તુરત પોતાના બચ્ચાને ઓળખી પાડ્યું, પરંતુ બચ્ચાના રંગઢંગ ને વર્તન જોઈ એ તો ફિકર અને મૂંઝવણમાં પડી ગઇ. કેસરિયો તો સાવ બકરો થવા બેઠો હતો. આનું હવે શું કરવું? કેસરિયાની માએ અહીં-તહીં પોતાને સલાહ આપી શકે એવા જ નાતીલાઓ હતા તેમને જઈને પૂછ્યું. તેઓએ કહ્યું, 'બાઇ, પહેલાં તું તારા કેસરિયાને કળથી કે બળથી બકરાંના ટોળામાંથી છોડાવી આપણા નાતીલાઓ વચ્ચે રાખવાનું કામ કર. પછી બધું ઠામઠેકાણે થઇ જશે.' કેસરિયાની માએ તુરત જ એમની સલાહનો અમલ કરવાનું નક્કી કર્યું. એ રાતને પહોરે ભરવાડના નેસડે પહોંચી ને વાડામાંથી ઊંઘતા કેસરિયાને ઝડપી લીધો. કેસરિયો તો જાણે માનેય ભૂલી ગયો ન હોય એમ 'બચાવો, બચાવો' ની રાડો નાખતો હોય એવો અવાજ કાઢવા લાગ્યો. એના અવાજમાં સિંહના ગળાની બુલંદી તો કળાતી જ નહોતી. કેસરિયાની માને દુઃખ તો ભારેનું થયું, પણ શું કરે? બહારની સોબતે કેસરિયોય બકરો થવા બેઠેલો એનું એને ઊંડું દુઃખ હતું. કેસરિયો તો માની આગળ માથાં પછાડી, આળોટી, બકરાં ભેગું જવા ઘણા ઉધામા કરતો હતો પણ કેસરિયાની માએ જરાયે મચક ન આપી. એને મક્કમતા રાખીને કેસરિયાને હવે સિંહો સાથે જ હરવા-ફરવા મોકલવા માંડ્યો. કેસરિયોય ધીરે ધીરે પેલા બકરાની નાતના દોસ્તોને ભૂલતો ગયો. હવે તો એય પંજા ઉગામવા લાગ્યો, તરાપ મારવા લાગ્યો ને ગુફાઓ ગાજી ઊઠે એવી ગર્જનાઓ કરવા લાગ્યો.

કેસરિયાની માને હવે ખૂબ આનંદ થયો. એને હવે લાગ્યું કે પોતાનો દીકરો જે બકરાના ટોળામાં ખોવાઇ ગયેલો તે ખરેખરો પાછો તો હવે જ આવ્યો. અને એક દિવસે કેસરિયાએ જ્યારે એક બકરા પર ત્રાડ મારીને હુમલો કર્યો ત્યારે કેસરિયાની માએ તો પોતાની બોડમાં મોટી મહેફિલ ગોઠવેલી, ને સૌને પેટ ભરીને બકરાનું સ્વાદિષ્ટ માંસ જમાડેલું.

હવે કેસરિયાના નામ માત્રથી બકરાં ધ્રૂજે છે, કેમ કે કેસરિયો હવે સૌ સિંહમાં એની તાકાત, હિંમત ને હોંશિયારીથી રાજા તરીકે સ્વીકાર પામ્યો છે.

– ચંદ્રકાન્ત શેઠ

કલાસ્મૃતિ

સતીશ ગુજરાલ

એક એવા કલાકાર, જેમણે જીવનમાં



ડગલે ને પગલે, હતાશા અને દુઃખને સાહસપૂર્ણ રીતે સામનો કરીને પાતોનો માર્ગ કાઢ્યો તે છે. સતીશ ગુજરાલ. જન્મ સન ૧૯૨૫ માં.

જ્યારે એ આઠ વર્ષના હતા ત્યારે એક નાનકડા અકસ્માતને કારણે તેમજ વિવિધ દવાઓની આડઅસરને લઈને, તેમના સાંભળવાની શક્તિ લુપ્ત થઈ અને બોલવામાં તોતડાશ આવી ગઈ. તેમના પિતા અવતાર નારાયણ ગુજરાલ આથી વ્યથિત થયા અને ઈલાજ થઈ શકશે નહીં એમ જાણતાં સતીશને દિલ્હીની બહેરા-મૂંગાની શાળામાં મૂક્યો. અહીંનું વાતાવરણ બાળક સતીશને માફક ન આવતાં, તે ઘેર પરત આવી ગયો અને નવરાશની પળોમાં આરામ કરતાં કરતાં ચિત્રકામમાં તેને આનંદ આવવા લાગ્યો. આ જોઈને પિતાએ તેને લાહોરની મેયો કલાસંસ્થામાં પ્રવેશ અપાવ્યો. જ્યાં ત્રણ વર્ષના ગ્રાફિક્સનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સતીશે, બર્મા શેલ કંપનીની 'પોસ્ટર' પ્રતિયોગિતામાં ભાગ લીધો, જેમાં તેમને પ્રથમ ઍવૉર્ડ મળ્યો. આ સફળતા બાદ તેઓ મુંબઈની જે.જે.કૉલેજ ઑફ આર્ટમાં વધુ અભ્યાસ અર્થે જોડાયા. છતાં તેમણે પરિશ્રમપૂર્વક ત્રણ વર્ષનો કલાનો ડિપ્લોમા પૂર્ણ કર્યો. ૧૯૪૭નું વર્ષ હતું. દેશના ભાગલાં, ચારેય બાજુએ મારકાપનાં દૃશ્યો વગેરેથી ગુજરાલ વ્યથિત થયા અને ખૂબ જ માર્મિક ચિત્રોનું સર્જન કર્યું. આ ચિત્રોથી તેમને ઘણી નામના મળી અને પંજાબ આર્ટ સ્કૂલમાં વાઈસ પ્રિન્સિપાલ બન્યા. થોડા સમય બાદ નોકરી છોડીને તેઓ તેમના મોટાભાઈ ઈન્દ્રકુમાર ગુજરાલને ત્યાં દિલ્હીમાં રહીને ચિત્ર સર્જન કરવા લાગ્યા. સન ૧૯૫૨માં તેમણે દિલ્હીમાં પોતાનું પ્રથમ ચિત્ર પ્રદર્શન યોજ્યું, જેનાથી તેમની ખ્યાતિ વધી.

સતીશ ગુજરાલને સન ૧૯૫૨-૫૪ના ત્રણ વર્ષ માટે, મૅક્સિકોમાં ભીંત ચિત્રોના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ મળી. ત્રણ વર્ષના ગાળા દરમિયાન ત્યાં વિખ્યાત ચિત્રકાર ડીઆગો રીવેરા જેવાંનું કામ જોવા મળશે અને નવી પદ્ધતિઓની તાલીમ હાંસલ કરી. દિલ્હી પાછા આવ્યા બાદ ચિત્ર સર્જનની પ્રવૃત્તિમાં વિવિધતા આવવા લાગી. દિલ્હી જેવા મોટા શહેરમાં અંગ્રેજી કે હિન્દી બોલતાં કે સમજતાં ફાવતું ન હોવાથી ઘણાં અપમાનો સહન કરવાં પડ્યાં. તેઓ કહે છે કે અંધ વ્યક્તિને મદદ કરવા લોકો હંમેશા તૈયાર હોય છે, જ્યારે બહેરા-બોબડાનો સંજ્ઞા દ્વારા પોતાની વાત સમજાવતો જોઈને ભદ્ર લોકો પણ હસતા હોય છે. તેમના એક પ્રદર્શન દરમિયા-કલાપ્રેમી, કિરણ નામની નારી સાથે પરિચય બાદ તેઓ લગ્નગ્રંથીથી જોડાયાં. લગ્ન બાદ સતીશના સમગ્ર જીવનની જવાબદારીઓ સંભાળી લીધી. કિરણ જનપથ કોનેટ પ્લેસમાં કૉફી હાઉસ સંભાળતાં હતાં. જેથી ઘણા બધાં સંસ્કારી અને ધનાઢ્ય સમાજના પરિચયમાં હતાં.

આ સમયગાળામાં, સતીશના મોટાભાઈ આઈ. કે. ગુજરાલ તે સમયની ઈન્દિરા ગાંધીની સરકારમાં પ્રધાન મંડળમાં હતા. જેનો ખૂબ જ મોટો ફાયદો સતીશ ગુજરાલને થયો. લગભગ ૨૦ વર્ષના આ ગાળામાં સતીશ ગુજરાલને દેશભરનાં મોટાં શહેરોમાં, સરકારી મકાનો, સિનેમાગૃહો, હૉટલો, હૉસ્પિટલોમાં સીરામિક્સનાં વિવિધ પ્રતીકોવાળા મ્યુરલો ચિત્રોનાં કામ મળ્યાં અને સતીશ ગુજરાલ કલાકાર તરીકે દેશભરમાં છવાઈ ગયા.



સતીશ ગુજરાલના કલાસર્જનના બે તબક્કા પૂરા થયા અને તેમનો ત્રીજો તબક્કો શરૂ થયો. આ સર્જકે સ્થાપત્યમાં પોતાનો હાથ અજમાવ્યો. તેમને બેલ્જિઅમ સરકારના ન્યૂ દિલ્હીમાં બંધાનાર 'દૂતાવાસ'ના સ્થાપત્ય-સર્જનનું કામ સોંપવામાં આવ્યું. દિલ્હીના 'એડવીન લુટીયન્સે' તેમજ મોગલકાળ અને સમકાલીન સ્થાપત્યો કરતાં કંઈક જુદા પ્રકારની રચનાને કારણે, સતીશ ગુજરાલની આ રચના ખૂબ જ પ્રશંસા પામી. બેલ્જિઅમ સરકારે તેમને 'ઑર્ડર ઑફ મેરિટ'નો ઍવૉર્ડ આપ્યો. દેશ-વિદેશના સ્થપતિઓ તેમજ મર્મજ્ઞોએ આ સ્થાપત્ય માટે જણાવ્યું કે 'ભારતનાં છેલ્લાં બે હજાર વર્ષના સ્થાપત્યનો નિચોડ આ 'દૂતાવાસ'ની રચનામાં જોવા મળે છે.'

આજે ૭૭ વર્ષની જૈફ ઉંમરે પહોંચેલા સતીશ ગુજરાલનું ફેબ્રુઆરી ૨૦૦માં જહાંગીર આર્ટ ગૅલરીમાં, સમગ્ર ત્રણ આર્ટ પ્રદર્શન ખંડમાં યોજાયેલ પ્રદર્શન જોવાનો લહાવો મળ્યો. તેમને સપત્નીક જોવા-મળવાનો અનુભવ થયો. સમગ્ર ગૅલરીઓ તેમના ખરેખર ભારતીય કહી શકાય તેવાં ચિત્રો, શિલ્પો, રેખાંકનોથી ખીચો-ખીચ ભરાઈ ગયેલી જોવાનો આનંદ ઑર છે.

સતીશ ગુજરાલનાં વૈયક્તિક પ્રદર્શનો, ન્યૂ દિલ્હી, મુંબઈ તેમજ અમેરિકામાં યોજાયાં છે. તેમની કૃતિઓના સંગ્રહમાં દિલ્હી હાઈકોર્ટ, ગાંધી ઈન્સ્ટિટ્યૂટ મોરેશિયસ, હૉટેલ ઑબેરૉય, લલિત કલા અકાદમી, મ્યૂઝીઅમ ઑફ મૉડર્ન આર્ટ, ન્યૂયૉર્ક, નેહરુ મ્યૂઝીઅમ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર ન્યૂ યૉર્ક તેમજ ઘણી સંસ્થાઓ અને કલાપ્રેમીઓમાં જાણીતા છે. ભારત સરકાર દ્વારા પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણનું બિરુદ પ્રાપ્ત કરનાર આ કલાકારના જીવનમાં તબક્કાવાર વળાંક આવ્યા છે છતાં તેમની સર્જન-પ્રક્રિયા ક્યારેય પણ થંભી નથી. કોઈ પણ સર્જકને ગમે તેવા પ્રતિકૂળ સંજોગો છતાં સાતત્યપૂર્વક પોતાનના પથમાં મંડ્યા રહેવાથી યોગ્ય પરિણામ પ્રાપ્ત થાય છે જ, જેનો સતીશ ગુજરાલ એક જીવતો-જાગતો દાખલો છે.

\- ગજેન્દ્ર શાહ

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો - ૫

ક્લાઉડે ઑસ્કર મોને

(૧૮૪૦ થી ૧૯૨૬)

ક્લાઉડે મોનેએ ૮૬ વર્ષના લાંબા



આયુષ્ય દરમિયાન વિપુલ સર્જન કર્યું. તેને જુદાં જુદાં નામ મળ્યાંઃ પ્રકાશનો ચિત્રકાર, પાણીનો ચિત્રકાર, શેરીઓનો ચિત્રકાર, પ્રણાલીભંજક, ઇમ્પ્રેશનિસ્ટોનો અગ્રેસર, તોફાની પણ કામકરંદો. તેનું લાડનું નામ હતું ઑસ્કર. ૧૮ વર્ષની નાની ઉંમરે તેણે ઘર છોડ્યું અને રખડું જીવન સ્વીકાર્યું. ચિત્ર જ કરવું છે તેવી ગાંઠ વાળી. મારે લૅન્ડસ્કેપ ચિત્રકાર થવું છે એવો નિર્ધાર કર્યો. મોનેની સફળતાનું રહસ્ય તેની દૃઢતામાં હતું.

૧૮૪૦ના નવેમ્બરની ૧૪મી તારીખે મોનેનો જન્મ જગતની કલાભૂમિ પૅરિસમાં. પિતાનું નામ ઍડોલ્ફ મોને. તેમનો ધંધો નેસ્તીનો અને વહાણવટાના સામાનનો. ધંધો લા હાવરેમાં ને રહેઠાણ નૉર્મન્ડીમાં. નૉર્મન્ડીનાં દૃશ્યો, તેનો કિનારો, વાતાવરણ, નાવડાં હંમેશા પ્રેરક રહ્યાં. ઑસ્કરનું બાળપણ અને યુવાની અહીં વીત્યાં.

નાનપણથી તેને ચીતરવાનો શોખ. કેરિકેચરથી નોટનાં પાનીઆં ભરતો. ૧૫ વર્ષની ઉંમરે તેના ગામમાં તેની નોંધ લેવાઈ. તેનાં કાકી સોફિયા લેકોર્ટ તેને પ્રોત્સાહિત કરતી. ત્યાંના ફ્રેઈમ મેકરે તેના ચિત્રો દુકાન પર મૂક્યાં. આ દુકાન પર જ કલાકાર બાઉદીનનો ભેટો થયો. બાઉદીન કુદરતમાં જઈને ચીતરતો. આ સમયમાં સામાન્ય રીતે લૅન્ડસ્કેપ સ્ટૂડિઓમાં જ ચીતરાતા.

મોને બાઉદીન કરતાં ૧૬ વર્ષ નાનો હતો. પરંતુ મિત્ર બની ગયો અને બાઉદીનની પાંખમાં ભરાઈ ગયો. કુદરતમાં જઈને અનુભવ કરીં ચીતરવાથી ચિત્રમાં બળ આવે, એ વાત તેને ગળે ઊતરી ગઈ. બાઉદીને તેને સાથે રાખી પ્રોત્સાહિત કર્યો. ૧૮૫૯માં બાઉદીન અને કાકીની ચીઠ્ઠી લઈ ઑસ્કર પૅરિસ ગયો.

પિતા ઍડોલ્ફ મોનેની ઇચ્છા હતી કે પુત્ર રાજ્યની કલાશાળામાં શીખે. મોનેએ નામની ખાનગી કલાશાળામાં શીખવું પસંદ કર્યું. પિતાએ વાંધા રૂપે આર્થિક સહાય બંધ કરી. આ સંસ્થામાં ટ્યુશન પણ નહિ અને પરીક્ષા પણ નહિ. મોડેલ આપતા તેની આગવી રીત હતી. ત્યાં તેને રેન્વા મિત્ર થયો અને બીજાં પણ.


કુદરતમાંથી સીધું ચીતરવાની વાત



છત્રી સાથે યુવતી


એના મનમાં બેસી ગઈ. જીવન પર્યંત આ વાત તેની સાથે રહી. એક વખત એક યુવાન પેઈન્ટરે તેને પૂછ્યું : 'ચિત્ર કેમ શિખાય?' ત્યારે મોનેએ આકાશ તરફ આંગળી ચીંધી. 'તે તારા શિક્ષકો છે.' ગ્લેરેના સ્ટૂડિઓમાં કામ કરતા ત્યારે મિત્રો ફોન્તેઈન બ્લ્યુના જંગલમાં સાથે કામ કરતા.

પિતાની મદદ બંધ થતાં એણે પોતાની કૅરિકૅચરની આવકમાંથી ભણવા માંડ્યું. બાઝીલે અને રેન્વા તેના મિત્રો હતા. બાઝીલેએ તો તે જીવ્યો ત્યાં સુધી મદદ કરી. અહીં તેને ઊંચી કોટીના ભાવિ



પૅરિસના એક સરવરકાંઠાનું દૃશ્ય





↑ પોપ્લર્સ (૧૮૯૧) : ન્યૂયોર્કના મેટ્રોલોલિટન મ્યૂઝીઅમ ઓફ આર્ટમાં સંગ્રહીત

← જાંબલી રંગનાં આઇરિસ પુષ્પો

ચિત્રકાર મળ્યા જેમાં કેમીલા પીસારો તો ઈમ્પ્રેશનિસ્ટ શૈલીનો સ્તંભ હતો.

૧૮૭૪માં પૅરિસના ઑફિશ્યલ સેલોનથી આ જૂથે જુદો શો કર્યો. લોકોએ હાંસી કરી. ક્રિટિકે મોનેના ચિત્ર 'ઇમ્પ્રેશન સન-રાઇઝ'ને ધ્યાનમાં રાખી સમગ્ર જૂથને 'ઇમ્પ્રેશનિસ્ટ' કહ્યા. આ મશ્કરી જ હતી. ચિત્ર પૂર્ણપણે નહિ, બસ એક છાપ. મોનેએ આ નામ સ્વીકાર્યું અને સર્વને સ્વીકારવા કહ્યું. લોકો આ નવી શૈલીને સ્વીકારતા થાય ત્યાં સુધી ધીરજ રાખવા સૂચવ્યું. આ જૂથમાં મોને, સેઝાં, દેગા, સીસ્લી, કૉમીલા પિસારો, આર્મેડ ગૌલામીન અને સ્ત્રી કલાકાર બ્રેધે મેરીસોત હતાં. પ્રદર્શન સૌએ મળી ગોઠવેલું. તેમાં પેઈન્ટિંગ્સ, પેસ્ટલ અને ડ્રોઈંગ્સ હતાં. તોફાની મોનેએ કહેલું, 'અમારે આ ચિત્રો સેલોનમાં નથી બતાવવાં.'

જે ચિત્ર પરથી સમગ્ર વાદનું નામ પડ્યું તે ચિત્ર કદી વેચાયું નહોતું. આશ્ચર્યની વાત એ છે કે આજે એ ચિત્ર પૅરિસના મ્યૂઝીઅમમાં છે. ૧૮૬૮ના એ જૂથના ચિત્રકાર રેન્વાનું ચિત્ર ૧,૨૨૭ કરોડમાં વેચાયું. તજજ્ઞો મોનેના 'સનરાઈઝ' માટે આજના હિસાબે બે કરોડ ગણે છે.

૧૮૭૦માં મોનેએ કેમીલે સાથે લગ્ન કર્યાં. તે તેની પ્રેરણામૂર્તિ હતી. એ અરસામાં ફ્રેંકો પર્શિયન વૉર ફાટી નીકળી. એટલે તે પૅરિસ છોડી ઈંગ્લન્ડ ગયો. કેમીલાને મિત્રોને સહારે છોડી દીધી. તેને ઈંગ્લન્ડનું ઘેલું હતું. ત્યાં સેવાય હોટેલના પાંચમા માળથી ૧૦૦થી વધુ કેનવાસ ચીતર્યાં. ઈંગ્લન્ડમાં પાઉલ ડુરાંનો ભેટો થયો. એણે ગૅલરી કરેલી. ઇમ્પ્રેશનિસ્ટોનો આર્થિક ટેકો હતો. આ ગૅલરી નવી હતી. તે આ નવી શૈલીનાં ચિત્રો વેચતો. ઇમ્પ્રેશનિસ્ટો પ્રકાશના ચિત્રકારો હતા. તેમાં વસ્તુ પર પડતાં પ્રકાશનું, સમયનું, વાતાવરણનું મહત્ત્વ વસ્તુ કરતાં વધુ મહત્ત્વનું રહેતું. તેની બ્રશિંગની રીત અલગ હતી.

૧૮૭૦માં તે કેમિલે સાથે પરણ્યો પછી એને દીકરો થયો. પિતા આ લગ્નમાં સંમત ન હતા. પિતાએ આર્થિક પુરવઠો બંધ કર્યો. આ નાનું કુટુંબ દુઃખી થયું. ૧૮૬૯માં મોને બેઝીલને લખે છે : '**For eight days no bread, no coal, no light.**' આઠ દિવસથી પાઉં, પ્રકાશ કે કોલસો નથી. રેન્વા તેની માના ટેબલ પરથી ઉઠાવેલી બ્રેડથી મિત્રના કુટુંબનો ભૂખમરો ટાળતો. ૧૮૭૪માં મોનેએ કેમિલા અને જયાંનું આરજેન્ટ્યુઅલ ગાર્ડનનું સુંદર ચિત્ર કર્યું છે. યુદ્ધ પૂરું થયે ઈંગ્લન્ડથી પરત આવી જયાં સાથે આરજેન્ટ્યુઅલ સેન નદીને કિનારે રહેલો. આ પછીનાં છ વર્ષ સૂરજ આથમે ત્યાં સુધી ખુલ્લા પ્રકાશમાં ચીતરતો. એના ચિત્રોમાં મળી જતા પ્રકાશને પકડી સમયનું પરિમાણ મૂક્યું છે. ૧૮૭૧માં એણે સ્ટૂડિઓ બોટ બાંધેલી જેથી નદી પર તે ગમે ત્યાં કામ કરી શકે. એક ચિત્રમાં આરજેન્ટ્યુઅલ બોટમાં માને કેમિલેનું ચિત્ર કરે છે. એ ગમે તે ઋતુમાં ચીતરતો. આ સમયમાં ઑઇલ કલર્સ ટ્યૂબમાં વેચાવા માંડ્યા. પરિણામે કુદરતમાં જઈ ચીતરવું સરળ થયું.

બીજા દીકરાના જન્મ પછી વળી

એક દુ:ખનું વાદળ આવી ગયું. તેની પ્રેરણા સમી પત્ની માંદી પડી. સખત બીમાર પડી. હવે મોને નર્સ, રસોઈઓ અને મા પણ બન્યો. આ વખતે તેનાં કીમતી કૅનવાસ ચિત્રો કોઈ પણ ભાવે વેચવા તૈયાર હતો. ૧૮૭૯માં કૅમિલે ગુજરી ગઈ ત્યારે તે ૩૦ વર્ષની પણ ન હતી. મોને સતત તેની પથારી પાસે જ રહેતો. મૃત્યુવેળા બદલાતા રંગો જોતો. એણે મૃત્યુશય્યા પર કૅમિલા (**Camila on death bed**) ચિત્ર પણ કર્યું.

મોનેના ઈંગ્લન્ડના નિવાસ દરમિયાન ચિત્રોનો વિક્રેતા પાઉલ ડુરાં રાઉલ સ્નેહી બનેલો. ૧૮૭૬માં તેની પત્ની સાથે ઑફેર થયેલો. કૅમિલા માંદી હતી ત્યારે તેણે તેની ચાકરી પણ કરી. બાળકોને સંભાળ્યાં અને મોનેનું દેવું ચૂકવી દીધું. બાદ મોને તેને ૧૮૯૨માં પરણ્યો. ત્યારે તે પણ વિધવા થયેલી. તેનાં છ અને મોનેનાં બે સંતાનો મળી સૌ સાથે રહ્યાં. ગીવર્ની (**Giverny**)નું રહેઠાણ પૅરિસથી ૪૦ માઈલ દૂર હતું. આ વેળા ઈમ્પ્રેશનિસ્ટ જૂથ તૂટી ગયું હતું. દરેકે પોતાના આગવા રસ્તા શોધ્યા હતા.

મોનેનો ચીતરવાનો રાહ અસામાન્ય હતો. જગા એક, પણ જુદા જુદા સમયે પ્રકાશ બદલાતાં તે સ્થાન છોડી બીજા કૅનવાસ પર કામ કરતો. દા.ત. ઘાસની ગંજીનું ચિત્ર. કેવો સામાન્ય વિષય? એના પંદર ચિત્રો કર્યાં. દરેકમાં જુદો સમય દેખાય અને રંગોમાં ભરીભરી તાજપ. 'વૂમન ઈન ધ ગાર્ડન' આઠ ફૂટથી મોટું ચિત્ર, ટ્રૉલી પણ રાખતો ને તે સ્થળ પર જઈ ચીતરતો. ગુસ્તાવે કોર્બેટ લખે છે: 'બૅકગ્રાઉન્ડમાં પાંદડાં પણ જે તે પ્રકાશમાં જ ચીતરતો.' જો કે સમય જતાં ઈન્ડોર વર્ક શરૂ કરેલું, પણ જૂની છાપ જાળવી રાખેલી. પ્રકાશ પકડવા તે ખૂબ ઝડપથી ચીતરતો. રંગના તો સપાટા પર સપાટા લગાડતો, થર પર થર ચડાવતો. રંગના જથ્થા ઍબસ્ટ્રેક્ટ ભાત રચતા. જે 'રેગેટા ઍટ આરજેન્ટ્યુઅલ'માં દેખાય. રંગની તેજસ્વિતા જાળવવા રંગમાં સફેદ મેળવતો.

તેની પાછલી ઉંમરમાં સુખી હતો. આર્જેન્ટ્યુઅલમાં ઘર અને ભવ્ય ગાર્ડન ઊભો કરેલો. તેમાં નદીનું ઝરણું વાળેલું. ફૂલોના ઢગ હતા. જપાનીઝ ફૂલો બનાવેલાં. તેના બાગનાં લીલી તો સેંકડો વખત ચીતર્યાં. બસ એ જ એનું મોડેલ. ૪૦ ફૂટમાં ત્રણ પૅનલ ચિત્રો કર્યાં. એ તેનાં ખૂબ ખ્યાત ચિત્રો છે. જિંદગીનાં છેલ્લાં વીસ વર્ષ તો તેના ગાર્ડનમાં જ કામ કર્યું. વાઈલ્ડ પોપી બ્રીજ ઍટ આર્જેન્ટ્યુઅલ, રેલવે સ્ટેશને ટ્રેન, રાઉલ કથિડ્રલ પરની સીરીઝ (૧૮૯૦માં રજૂ કરી) વગેરેથી તે ખૂબ જાણીતો છે.

તેની પાછલી ઉંમરમાં બે જણ તેની મદદમાં હતાં. ફ્રાન્સનો પ્રાઈમ મિનિસ્ટર જોર્જ ક્લીમેન્યુ જે વિશ્વયુદ્ધ વખતે હોદ્દા પર હતો અને ઓરમાન ચિત્રકાર દીકરી બ્લાન્શે. મિત્ર કહેતો તું ચીતર, ચીતર. માસ્ટરપીસ સર્જાશે. દીકરી ચિત્રકાર્યમાં મદદ કરતી. મોનેની ઇચ્છા એક સ્વતંત્ર ગૅલરીની હતી. સમય જતાં સ્વપ્ન સાકાર થયું અને એમાં મોનેએ વૉટરલીલી ભેટ આપ્યાં જે આજે દશ્યમાન છે. એ ચિત્રો જોઈ કહેવાનું મન થાય કે આ પ્રકાશનો ચિત્રકાર અને કલાજગતનો માંધાતા ખરો.

પાછલી ઉંમરે મોતિયો આવ્યો. સફળ ઑપરેશન થતાં ચીતર્યું. બસ, છેવટ સુધી ચીતર્યું. સવારથી સાંજ સુધી કામ કરી તે આનંદસમાધિને પામતો. સ્ટૂડિઓમાં કામ કરતાં તેને થતું કે કલાનો અંત માત્ર બાહ્ય પદાર્થના નિરૂપણમાં જ નથી, મૂળમાંથી આકાર તો પરિવર્તિત થાય છે. પ્રકાશ તેને કાવ્યમય બનાવે છે. એનાં ચિત્રો તો પ્રકાશનું સંગીત છે. તેની આંખને હાથ દૈવી દેન હતાં. સેઝાં કહે છે : **'Monet is an eye - but what an eye, my God, what an eye.'**

- નટુભાઈ પરીખ / હરિત પંડ્યા

કલાવૃત્ત

અમદાવાદના ૧૪ કલાકારોનું જૂથપ્રદર્શન

'ધ પેઈન્ટેડ વર્લ્ડ'ના શીર્ષક હેઠળ અમદાવાદની 'ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ્સ એસોશિએશન' કલાસંસ્થા દ્વારા આયોજિત અને દિલ્હીની ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી દ્વારા સ્પોન્સર્ડ એવું ચૌદ કલાકારોનું એક વિશિષ્ટ અને નોંધપાત્ર જૂથપ્રદર્શન ૧૫મી એપ્રિલ ૨૦૦૨થી ૨૧મી એપ્રિલ ૨૦૦૨ સુધી આઈફેક્સની બે ગૅલરીઓમાં યોજાયું. ગુજરાત વિઝ્યુઅલ આર્ટિસ્ટ્સ એસોશિએશનના જનરલ સેક્રેટરી શ્રી અરવિંદ વાકાણી યુવા, ઊગતા, આશાસ્પદ કલાકારોને તેમની કલાકૃતિઓ પ્રદર્શિત કરી પ્રોત્સાહિત કરે છે. તેમની કૃતિઓ જોડે વયસ્ક, અનુભવી કલાકારોની કૃતિઓ પણ પ્રદર્શિત થાય છે. ઑક્ટોબર ૨૦૦૧માં મુંબઈના નેહરુ સેન્ટરમાં એસોશિએશને એક નોંધપાત્ર પ્રદર્શન યોજેલું, જેને પ્રશંસાત્મક પ્રતિભાવ સાંપડેલો. રાષ્ટ્રિય કક્ષાની જાણીતી કલાસંસ્થા આઈફેક્સ દ્વારા એસોશિ-એશનનાં ૧૪ કલાકારોને નિમંત્રણ મળ્યું અને તેમનાં સર્જનકાર્યને તેમની જ ગૅલરીઓમાં પ્રદર્શિત કરી એ ખરેખર કલાકારો તથા એસોશિએશન માટે ગૌરવપ્રદ તથા પ્રોત્સાહિત કરનારી ઘટના છે.

જાણીતા વયસ્ક કલાકાર અનંત



બર્ડ સ્ટેન્ડ (ચિત્રકાર : અનંત મહેતા)



સ્ટીલ-લાઇફ (ચિત્રકાર : દીપિકા પટેલ)

મહેતાની કૃતિઓ સમાજના નીચલા થરનાં લોકોની દૈનિક પ્રવૃત્તિઓને કલાત્મક તેમજ સ્વરૂપીય દૃષ્ટિએ નોંધપાત્ર સંરચનાઓમાં અભિવ્યક્ત કરે છે. 'બર્ડ સ્ટૅન્ડ' ચિત્ર રંગરૂપોના વિશિષ્ટ સર્જન માટે, અવકાશ-વિધાનની દૃષ્ટિએ ખરેખર પ્રશંસનીય કૃતિ બની છે. દૃશ્ય તથા સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિએ તે સંવર્ધક કૃતિ બની છે. અરવિંદ પટેલની કૃતિ 'ધ ફૂક' માનવાકૃતિના કદ-માંસને તથા વસ્તુઓના આકારોને ભૂરી પશ્ચાદ્‌ભૂમાં કલાત્મક તથા સમતોલનયુક્ત રીતે દ્વિપરિમાણીય સપાટ રચનામાં નિરૂપે છે. દીપિકા પટેલની કોલાજયુક્ત 'સ્ટિલ લાઇફ' કૃતિ રંગીન ડિઝાઇનયુક્ત વસ્ત્રના ટુકડાનો કલાત્મક વિનિયોગ સંરચના માટે કરે છે. જી. ડી. પરમારની સંરચનામાં ચશ્માધારી માનવાકૃતિ



એક કૃતિ (ચિત્રકાર : શ્વેતા પરીખ)




એક કૃતિ (ચિત્રકાર : જિતુ ઓઘાની)

જોડે તેમને પ્રિય એવાં મરઘાં અને તેમના બચ્ચાં જોવાં મળે છે. જીતુ ઓઘાણી તેમના શીર્ષક વિનાના ચિત્રમાં માનવ અસ્તિત્વની વેદનાને માનવ મસ્તક જોડે યાંત્રિક વસ્તુઓના પ્રતીક દ્વારા અભિવ્યક્ત કરે છે. સૌરાષ્ટ્રના જાણીતા કલાકાર કિશોર વાળા તેમને પ્રિય એવા 'અશ્વ'ના વિશિષ્ટ કોણવાળી સંરચનામાં અશ્વના આવેગ તથા તેના રાજવી મોભાને સમૃદ્ધ પોતસર્જન દ્વારા અભિવ્યક્ત કરે છે. મધુકર ભાટ તેમની નૂતન તાંત્રિક તેજોમય સંરચના 'ઊર્ધ્વીકરણ'માં આધ્યાત્મિક અનુભૂતિને અમૂર્ત રૂપોમાં અભિવ્યક્ત કરે છે. મહેન્દ્ર કડિયા તેમની 'સ્ટિલ લાઇફ' સંરચનામાં પેપર પર ડ્રાઇ પેસ્ટલનો કલાત્મક ઉપયોગ કરી સમૃદ્ધ પોતયુક્ત પદાર્થોનું સર્જન કરે છે તથા વિશિષ્ટ અવકાશવિધાન સાથે તથા



ગિટાર વાદક (ચિત્રકાર : પ્રશાન્ત પટેલ)



એક આધ્યાત્મિક કૃતિ (ચિત્રકાર : મધુકર ભાટ)

ઘનવાદી તત્ત્વોને સમાવિષ્ટ કરી સપાટ ફલક પર ઊંડાણનો આભાસ રચે છે.

મહેર કરકરિયા તેમની 'રૂપ પોત સાથે' શીર્ષકવાળી કૃતિમાં સમૃદ્ધ વૈવિધ્યપૂર્ણ પોત ધરાવતાં અમૂર્ત, અવકાશમાં તરતાં રૂપો દ્વારા ગતિનો તથા અમૂર્ત લાગણીનો અનુભવ કરાવે છે. પ્રશાંત પટેલની કૃતિ 'ગિટારવાદક' ઘનવાદી શૈલી જેવી તેમની સરળીકૃત અને શૈલીગત રચનામાં ગિટારવાદકની આકૃતિ તથા તેમની ગિટારમાંથી નિષ્પન્ન થતા સંગીતનો અનુભવ કરાવવાનો પ્રયત્ન કરે છે. રાજેન્દ્ર કડિયાની 'સ્ટિલ લાઇફ' કૃતિ ડ્રાઇ પેસ્ટલ રંગોમાં આકર્ષક પોતયુક્ત, દ્વિપરિમાણીય ધ્યાનપાત્ર સંરચના બની છે. શારદા પટેલ તેમની સંરચનામાં સ્ત્રી- જીવન જોડે સંકળાયેલા 'સ્યૂઈંગ મશિન' (સીવણ માટેનું મશિન) તથા મોટાં બે પગલાં, પગનો પંજો જેવાં પ્રતીકો દ્વારા નારીજીવન પર પ્રકાશ પાડવા માગે છે. ડૉક્ટર શ્વેતા પરીખની 'થિકેટ' શીર્ષકવાળી સંરચના પ્રાકૃતિક તત્ત્વોને અમૂર્ત રંગરૂપોમાં ઢાળી ઘન ઝાડીનો દૃશ્ય અનુભવ કરાવવા માગે છે. અંતમાં શ્રી વિનોદ પટેલની 'એક શેરીની કહાની' સંરચના માનવ, મકાનો, નિસરણી, બારણાં, દરવાજા, બારી જેવા આકારોને એકબીજાંની નજીક તથા ઉપર મૂકી અધિવાસ્તવવાદી સૃષ્ટિ રચી છે.

- બંસીલાલ દલાલ

સાહિત્યસંપર્ક

કે.કા.શાસ્ત્રીને વાચસ્પતિ પુરસ્કાર

ગુજરાત રાજ્યની સંસ્કૃત સાહિત્ય અકાદમી તરફથી શ્રી મોરારીબાપુ પ્રેરિત રૂપિયા એક લાખનો વાચસ્પતિ પુરસ્કાર



ભાષાના ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરાનાર મૂર્ધન્ય વિદ્વાનને અર્પણ કરાય છે તે મુજબ તા. ૩-૪-૨૦૦૨ ને બુધવારના રોજ આ પુરસ્કાર મહામહિમોપાધ્યાય શ્રી કે.કા.શાસ્ત્રીને અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના સાંસ્કૃતિક મંત્રી શ્રી ઈશ્વરભાઈ મકવાણા હાજર રહ્યા હતા. સુશ્રી પ્રીતિ અઢીઆનું મંગલગાન અને શ્રી કે.કા.શાસ્ત્રી તેમજ સાથીઓનાં કીર્તન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો. મોરારીબાપુ, સર્વશ્રી ઈશ્વરભાઈ મકવાણા, સંસ્કૃત સાહિત્ય અકાદમીના પ્રમુખ ડૉ. ગૌતમ પટેલ તેમજ મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. ડૉ. ગૌતમ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન સાથે સૌ મહાનુભાવોને આવકાર્યા હતા. અકાદમીના મહામાત્ર શ્રી કનૈયાલાલ મ. પંડ્યાએ પણ સંસ્કૃત સાહિત્ય અકાદમી વિશે વાત કરીને કાર્યક્રમનું સંચાલન સંભાળ્યું હતું. કાર્યક્રમમાં શ્રી મોરારીબાપુ કે જેમની પ્રેરણાથી આ પુરસ્કાર અપાય છે, તેઓ પણ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે સાંસ્કૃતિક મંત્રી શ્રી ઈશ્વરભાઈ મકાવાણાએ સભાને ઉદ્‌બોધન કર્યું હતું. મંત્રીશ્રીએ અકાદમી તરફથી યોજાતા આવા સરસ કાર્યક્રમો માટે અને તેમાં સામેલ થવાની તેમને તક મળે છે તે બદલ આનંદ વ્યક્ત કર્યો હતો તેમજ ઉપસ્થિત સંત અને વિદ્વાનોની સંગત ઘણી જ મૂલ્યવાન બની રહેશે તેવી લાગણી પણ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શ્રી કે.કા.શાસ્ત્રીને મંત્રીશ્રી અને અકાદમીના પ્રમુખશ્રીએ ગૌરવપત્ર, શ્રીફળ અને રૂપિયા એક લાખનો ચેક અર્પણ કર્યો હતો. જ્યારે મોરારી બાપુએ પણ તેઓશ્રીને વાચસ્પતિ પુરસ્કાર અને ભારત-માર્તંડની પદવી એનાયત કરી હતી. આ પ્રસંગે અનેક સંસ્થાઓએ આદરણીય શ્રી કે.કા.શાસ્ત્રી નું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ વલ્લભસદન, આશ્રમરોડ, અમદાવાદ ખાતે યોજાયો હતો. સંસ્થા તરફથી શ્રી ઈન્દ્રકાન્તભાઈએ તેમનું સ્વાગત કર્યું હતું. પ્રતિભાવ આપતા શ્રી કે.કા.શાસ્ત્રીએ તેમની કદરને વિદ્વત્તાની અને સંસ્કૃત ભાષાની કદર તરીકે ઓળખાવી તેમના ઘડતરમાં પ્રેરણા-

શબ્દ કથા : ક્રોશ-કોશ-કોસ

પ્રાચીન સમયમાં અંતરના માપ માટે વપરાતો 'ક્રોશ' (સંસ્કૃત)નો છેક પંચવિંશ બ્રાહ્મણ (૧૬-૧૩-૧૨)માં ઉલ્લેખ મળે છે. મૂળ શબ્દાર્થ પ્રમાણે સરેરાશ 'તંદુરસ્ત વ્યક્તિ (પુરુષ) મોટેથી અવાજ કરે-ચીસ પાડે ને જ્યાં સુધી સંભળાય તેટલું અંતર 'ક્રોશ' તરીકે ઓળખાતું.' અલબત્ત, આનાથી એનું નિશ્ચિત અંતર નક્કી થઈ શકે નહીં કેમ કે વ્યક્તિએ-વ્યક્તિએ અવાજ (ચીસ)ની ક્ષમતાને તીવ્રતા ભિન્ન-ભિન્ન રહે એ સહજ છે. આમ છતાં પછીથી લગભગ દોઢ-બે માઈલ જેટલું એનું માપ નક્કી કરવામાં આવેલ. આ 'ક્રોશ' લોકભાષામાં 'કોશ' કે 'કોસ' સ્વરૂપે પ્રચલિત બન્યો. મધ્યકાલીન ગુજરાતી ભાષામાં 'એક ગાઉ' અર્થાત્ ત્રણ કિ.મી. જેટલું અંતર થતું હોવાનું જયન્ત કોઠારી નોંધે છે. ('મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ' પૃ-૧૨૫) તો, 'ભગવદ-ગો-મંડળ' (ભા-૩, પૃ-૨૪૭૦) આ પ્રમાણે ગણતરી આપે છે :

કોશ : ૩૩ (પુ.) બે હજાર ધનુષ્યનું માપ ૪ હાથ = ૧ ધનુષ્ય
૨૦૦૦ ધનુષ્ય = ૪ કોશ

૪૦ (પુ.) લંબાઈનું એક માપ ૨૦૦૦ દંડ = ૧ કોશ, ૪ કોશ = ૧ યોજન

કોસ : ૧ પુ. અંતરનું એક માપ; દોઢ માઈલનું અંતર (એજન પૃ-૨૪૭૩)

એક અન્ય કોષ્ટક મુજબ :

૮ યવ = ૧ અંગુલ, ૮ અંગુલ = ૧ ધનુગ્રહ, ૨ ધનુગ્રહ = ૧ ધનુયષ્ટિ
૩ ધનુયષ્ટિ = ૧ વિતસ્તિ, ૨ વિતસ્તિ = ૧ અરત્નિ, ૪ અરત્નિ = ૧ દંડ

'અર્થશાસ્ત્ર', 'શુક્રનીતિ' તેમજ 'માર્કણ્ડય પુરાણ' અનુસાર ઉક્ત માપની વર્તમાન ગણતરી આ રીતે મૂકી શકાય :

૧ અંગુલ = ૩/૪ ઈંચ
૧ હસ્ત = ૨૪ અંગુલ અથવા લગભગ ૧૮ ઈંચ
૧ દંડ કે ધનુ-ધનુષ્ય = ૧૦૭ અંગુલ અથવા ૪ હસ્ત અર્થાત લગભગ ૬ ફૂટ
૧ કોશ = ૧૨,૦૦૦ ફૂટ

'સાર્થ જોડણીકોશ' (પૃ-૨૧૧) આ પ્રમાણે નોંધે છે :

કોસ (સં.ક્રોશ પા.) = ગાઉ અથવા દોઢ માઈલનું અંતર તો

ક્રોશને 'આ' (સહ-સાથે) ઉપસર્ગ લાગી બને 'આક્રોશ'. તેનો અર્થ આ પ્રમાણે થાય છે : 'આક્રોશ' (સં.) ઘાંટો પાડીને બોલવું - રડવું તે, આક્ષેપ-નિંદા, ગાળ, ઠપકો, શાપ.

—હસમુખ વ્યાસ

દાયી બનેલ અનેક મહાનુભાવો અને મિત્રોનો આભારસહ ઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે શ્રી મોરારીબાપુએ શ્રી કે.કા.શાસ્ત્રી અને શ્રી મધુભાઈ પટેલનાં પુસ્તકોનું વિમોચન પણ કર્યું હતું અને તેમનાં આશીર્વચનમાં આવા પુરસ્કાર યુવાવર્ગને તેમજ નાની વયે મોટી વિદ્વત્તા સિદ્ધ કરનારને મળે તેવી આશા વ્યક્ત કરી હતી. - *રજનીકાન્ત રાવલ*

ગુજરાતી ગઝલોનો એક તાજો સ્પર્શ

ઉર્દુ-હિન્દીની જેમ અને કદાચ આ બન્ને ભાષા કરતાં ગુજરાતીમાં ગઝલો સૌથી વધુ લખાય છે. બહુધા ગુજરાતી કવિઓને આ કાવ્યપ્રકાર વધુ માફક આવ્યો છે, એમ કહી શકાય. ગુજરાતી ગઝલ-સંગ્રહોમાં વધુ એક ઉમેરણ છે સાગર નવસારવી કૃત ગઝલસંગ્રહ 'સ્પર્શ'. અલબત્ત, ગુજરાતી ગઝલોનો એક તાજો 'સ્પર્શ'. એમાંથી પસાર થતાં અનુભવાયા વિના રહેતો નથી. કવિ પાસે વિષયવૈવિધ્ય ગજબનું છે. પરંપરાગત વિષયો ઉપર પણ કવિએ હાથ અજમાવ્યો છે. વતનપ્રેમ, ઈશ્ક-મહોબ્બત, આંખો, સાગર, રાધાકૃષ્ણ, જિંદગી, સુખ-દુઃખ, દુનિયા, શાકી, જામ, શરાબ, ફૂલ, વગેરે.

સાગર નવસારવીના ત્રણ ગઝલ-સંગ્રહો (૧) અવતરણ (૧૯૭૨), (૨) યાદ (૧૯૭૭) અને (૩) કોઈ (૧૯૯૮) પછી આ ચોથો સંગ્રહ છે, 'સ્પર્શ'. ૧૧૨ પાનાંનાં સંચયમાં કુલ ૧૧૫ રચનાઓ સમાવવામાં આવી છે, જેમાં મોટાભાગની ગઝલો છે. કોઈ કોઈ ગીતનૂમા રચનાઓ પણ છે અને કેટલાંક મુક્તકો રજૂ કરવામાં આવ્યાં છે. જીવનના મરમને કવિ નિજી રીતે વ્યક્ત કરતાં રહે છે :

અંધારામાં જ હોય છે અગ્નિ વિષાદનો,
સળગ્યા વિના એ કોયલો પથ્થર બની ગયો.
(પા.-૨૧)

રંકને રાજા બનાવે, રાઈને પર્વત કદી,
છે ખુદાની શી કરામત તું અદા જોતો રહે.
(પા.-૪૧)

ઈશ્ક તો એક આગ છે અલ્લાહની,
આગના 'સાગર'ને તરવો છે કઠિન!
(પા.-૯૦)

સ્પર્શ (ગઝલસંગ્રહ) : સાગર નવસારવી, પ્ર. સાગર પ્રકાશન, સાગર નવસારવી, વકીલ હાઉસ, ઘાટીવાડ, લંગરવાડ પાછળ, નવસારી-૩૯૬ ૪૪૫. પ્ર. આ. ફેબ્રુઆરી-૨૦૦૧, પૃ. ૧૧૨, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠુ, કિં. રૂ. ૯૦

મરક મરક હસાવતી ગુજરાતી હઝલો

ગુજરાતી ગઝલોના આરંભ સાથે જ એટલે કે બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાના ગઝલકાળથી જ ગુજરાતીમાં હઝલો લખાતી રહી છે. અલબત્ત, પાછલાં કેટલાંક વર્ષોમાં ગુજરાતી હઝલો ઓછી લખાતી હોવાની ફરિયાદ છે. ગુજરાતી ગઝલકાર-હઝલકાર આશિત હૈદરાબાદીએ ગુજરાતી ભાષાની પ્રતિનિધિ હઝલોનું સંપાદન 'ઊંધા હાથની...' શીર્ષક હેઠળ કરી આપીને એક પ્રશસ્ય કાર્ય કર્યું છે. મર્હુમ અને હયાત મળીને કુલ ૩૪ હઝલકારોની ૧૧૬ હઝલો અને થોડાં મુક્તકો આ સંપાદનમાં રજૂ કરવામાં આવ્યાં છે. ગુજરાતી હઝલોના આરંભકાળના હઝલકાર 'બેકાર' રાંદેરી, 'નટખટ', 'વ્યંગ', 'મસ્ત હબીબ', 'બાબર' બંબુસરી, મુલ્લાં હથુરાણી, 'ઘાયલ' વગેરે અહીં મળી આવે છે. જો કે ઘણાખરા ગુજરાતી ગઝલકારો કે જેમણે હઝલ લખી છે તેઓ અહીં જોવા મળતા નથી. સંપાદકે એ વાતનો સ્વીકાર કર્યો છે કે, ઘણા હઝલકારોની રચનાઓનો અહીં સમાવેશ થઈ શક્યો નથી.

હઝલકારો મુખ્યત્વે સમાજ, રાજકારણ, સાંપ્રત, પ્રેમ, યુવાની, ભ્રષ્ટાચાર વગેરે વિષયોને લઈને વર્તમાન ઉપર માર્મિક કટાક્ષ કરતા હોય છે. મરક-મરક હસાવતી ગુજરાતી હઝલોના આ સંપાદનમાંથી થોડા શે'ર માણીએ :

વધતા રહે છે ભાવ, કોઈ પૂછતું નથી,
કોને કરીએ રાવ, કોઈ પૂછતું નથી.
સાબુના ભાવ આબુથી ઊંચા ચઢી ગયા,
ધોળા શી રીતે થાવ, કોઈ પૂછતું નથી.
(શેખચલ્લી - પા.-૧૧)

કહ્યું શું જીવતા જો હોત લીડર હોત ગાંધીજી?
નહીં રે નવજીવનમાં પ્રૂફરીડર હોત ગાંધીજી.
(શેખાદમ આબુવાલા - પા.-૪૦)

મજા આવે ન રોટીમાં, ન પૂરીમાં, ન રાંધણમાં,
ઘણા પતિઓને આવે છે મજા પત્નીના વેલણમાં.
(કલીમ અમરેલ્વી - પા.-૪૧)


ગૂંથ્યા હો એવો જ્યારે વાળ, માયાજાળ લાગે છે,
વિખેરે ઝુલ્ફ તો એથી વધુ વિકરાળ લાગે છે.
(ડૉ. રઈશ મનીઆર - પા.-૮૪)

ઊંધા હાથની (ગુજરાતી હઝલોનું સંપાદન : સં. આશિત હૈદરાબાદી, પ્ર. ચંદ્રિકા એસ. કોટક, એફ-૧૦૪, પ્લેઝમેન્ટ પાર્ક, મીરા-ભયંદર રોડ, મીરા રોડ (પૂર્વ) જિ. થાણા-૪૦૧૧૦૪. પ્ર.આ. જૂન-૨૦૦૧, પૃ-૧૨૪, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, કિં. રૂ. ૯૦/-

ધર્મ, ભક્તિ, સાધનાનો અર્ક : 'શ્રી હરિચરણે'

ધર્મ એ આસ્થાનો વિષય છે. આસ્તિક હોવું કે નાસ્તિક એ વ્યક્તિગત બાબત છે. દરેક ધર્મ માનવસેવાને શ્રેષ્ઠ ધર્મકાર્ય તરીકે બિરદાવે જ છે. 'શ્રી હરિ ચરણે' હિન્દુ ધર્મના પારંપરિક ભજનો, શ્લોકો, ચોપાઈ, મહામાનવોનાં વચનામૃતો વગેરેનો સંચય છે. સંપાદક હેમેન્દ્રભાઈ શાહે એમાં ધર્મ, ભક્તિ, સાધનાનો અર્ક જાણે આપ્યો છે. કુલ ૨૧૬ ભજનો છે, જેમાં નરસિંહ મહેતા, મીરાંબાઈનાં પદો, કબીરની સાખી,

[કૅરિકેચર : નિર્મિશ ઠાકર]



મેં તો વિદાયનો જ અનુભવ સદા કર્યો
ખાલી બતાવ્યું આભ જનારા વિહંગમે.

- રઘુવીર ચૌધરી



હું તો બસ ફરવા આવ્યો છું!
હું ક્યાં એકે કામ
તમારું કે મારું કરવા આવ્યો છું?
- નિરંજન ભગત

શ્રીમદ્ રાજચંદ્ર, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ, ઓશો રજનીશ, દાદા ભગવાન, પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી, આચાર્ય ગોયેન્કાજી, વગેરેનાં વચનામૃતો - લેખો તેમજ ગાંધીજી, વિનોબાજી અને સંતબાલજી, ઋષિ પ્રભાકરજી વગેરેનાં લેખ અવતરણો તથા ચિંતનકણિકાઓ છે. 'શ્રી હરિ ચરણે'માં નિત્ય પૂજા-પ્રાર્થના, સ્તુતિ, સંતવાણી, ગીતાસાર જેવી રોજેરોજની પૂજા-પ્રાર્થનામાં ઉપયોગી સંદર્ભસામગ્રી સંકલિત કરવામાં આવી છે.

ચશ્રી હરિચરણે (નિત્ય પ્રાર્થના - ચિંતન લેખો) સં. હેમેન્દ્રભાઈ શાહ, પ્ર. વિમળાબહેન હેમેન્દ્રભાઈ સર્વોદય ટ્રસ્ટ, ચૈતન્ય, ૧૩, નિયોજનનગર સોસાયટી, આંબાવાડી, માણેકબાગ હોલ સામે, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ચોથી આવૃત્તિ-૨૦૦૦, પૃ-૩૦૭, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું (પ્લાસ્ટિક જૅકેટ સાથે, કિં. રૂ. ૧૫/-

'લોકમિલાપ ટ્રસ્ટ'ની યોજના

દરેક કુટુંબમાં વસાવવા લાયક આરોગ્યનાં સાત પુસ્તકોનો સંપુટ તદ્દન ઘટાડેલા દરે આપવાની લોકમિલાપ ટ્રસ્ટની યોજના છે. જાડાપણું, ડાયાબિટીસ, મનશાંતિ, વ્યસનમુક્તિ, સ્વસ્થ આહાર, હાઈ બ્લડપ્રેશર તથા હૃદયરોગ - આ સાત ચોપડીઓ ડૉ. કેતન ઝવેરીએ લખી છે તથા ભણશાળી ટ્રસ્ટે પ્રગટ કરી છે. ચારસો પાનાના આ સેટની કિંમત ચાલુ બજારભાવે રૂ. ૧૫૦/- જેટલી થાય તેને બદલે છાપેલ કિંમત રૂા. ૮૦/- છે. ૩૧ મે સુધી આ સંપુટ ભાવનગરમાં લોકમિલાપમાં ફક્ત રૂ. ૬૦/-માં મળશે. ટપાલમાં ઘરે બેઠા મેળવવા માટે રજિસ્ટર બુક પોસ્ટના રૂ. ૨૪ ઉમેરીને રૂા. ૮૪/-નો મનીઓર્ડર કે ડ્રાફ્ટથી મોકલવાનું સરનામું : લોકમિલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

કાબિની - કર્ણાટક
(દેશાટન-૪૦)



કાબિની વન્ય પ્રાણીસૃષ્ટિનું એક અદ્વિતીય આશ્રયસ્થાન છે. કર્ણાટકના કારાપુરમાં બેંગલોરથી ૨૨૦ કિ.મી. અને મૈસુરથી ૮૦ કિ.મીના અંતરે આનંદવાડી જવાના રસ્તે આવેલું છે. મૈસુરથી સડકમાર્ગે સહેલાઈથી કાબિની જઇ શકાય છે. કર્ણાટકની દક્ષિણે નાગર હોલે રાષ્ટ્રિય ઉદ્યાન આવેલો છે. કુદરતી લીલોતરીથી ભરપૂર અને શાંતપણે વહેતી કબિની નદીના કિનારે આવેલું આ સ્થળ કાબિની નામે ઓળખાય છે અને રજાઓમાં પર્યટને આવવાનું અનોખું સ્થળ છે. અહીંનાં ગાઢ જંગલોમાં વસતાં જંગલી જાનવરોને જોવાનો પણ એક રોમાંચક અનુભવ છે.

કાબિનીનાં ગાઢ જંગલોમાં હાથીઓ, જંગલી ભેંસો, વિવિધ પ્રકારનાં હરણો, રીંછ, લાંબાં પૂંછડાંવાળાં વાનરો વગેરે જોવા મળે છે. આ જંગલોમાં વિવિધ જાતનાં પક્ષીઓનું પણ આશ્રયસ્થાન છે. અહીંના મોટા મગરો તથા આસાનીથી પકડી ન શકાય તેવી બિલાડીઓ, ચિત્તાઓ, વાઘ જેવાં વન્ય પશુઓને માટે પણ તે મશહૂર છે.

૧૯૭૪માં કબિની નદી પર બંધ બાંધવામાં આવ્યો છે, તેમાં નાની-નાની નૌકાઓમાં વિહાર કરવાનો પણ અનોખો અનુભવ છે. નૌકાવિહાર કરતાં કરતાં નહાતાં હાથીઓનાં ટોળાં, ભેંસ અને જંગલી કૂતરાઓ પણ જોવા મળે છે.

પક્ષીઓની વિવિધતા જોવાલાયક છે. પાણીમાંનાં નાનાં ઝાડની ટોચે અનેક પ્રકારનાં પક્ષીઓ જોવા મળે છે. કાર્ટર પક્ષી તથા સફેદ ગરદનવાળા બગલા તથા તેમના માળા જોવા મળે છે. ઠંડીની ઋતુમાં દેશ-વિદેશથી અનેક પ્રકારનાં પક્ષીઓ અહીં આવે છે.

જળાશયની નજીક પર્યટકોને રહેવા-ઊતરવા માટે ઝૂંપડાં તથા લાકડાનાં ઘર મળી રહે છે. વિશેષ કરીને સપ્ટેમ્બરથી મે મહિના સુધીનો સમય પર્યટન માટે સગવડભર્યો છે. ('યોગક્ષેમ'ને આધારે)



એ જ હું છું એ જ તું છે: એ જ, બીજું કંઈ નથી;
આ ઋણાનુબંધ તૂટ્યો સ્હેજ, બીજું કંઈ નથી!
આપણા પ્રશ્નોની વણજારો યથાવત્ છે હજુ;
રહી ગયા ઉત્તરમાં હું-તું બે જ, બીજું કંઈ નથી!
લાગણીને વ્યકત કરવા તો ઘણું છે આટલું;
તું, કલમ, કાગળ ને પાસે મેજ, બીજું કંઈ નથી!
('નાજુક ક્ષણો'માંથી) -અમીત વ્યાસ

સંવાદાત્મક ગીતોના ગીતકાર આનંદ બક્ષીનું નિધન

ભાષાની સંવાદ-કળાની સંવાદિતા ગદ્યમાં નહીં પણ સરળતમ પદ્યમાં જ માણવી હોય તો આનંદ બક્ષીનાં ગીતોને સાંભળવાં. પરિણામે જે એક જ વાર તેમનાં ગીતોને સાંભળે કે તરત જ બોલી ઊઠે કે 'અચ્છા તો હમ ચલતે હૈ.' ને તરત જ જવાબ મળશે કે 'ફિર કબ મિલોગે?' છે ને ભાષાની સાવ નિર્મળ અને પ્રેમાળ સરળતા કે જેને શબ્દોના અર્થો શોધવા જવા જ ન પડે. ગીત સાંભળતા હોઈએ અને શબ્દકોશ ફંફોસવો પડે તો સ્વાભાવિક છે કે રસભંગ થાય જ. આનંદ બક્ષીએ અચાનક જ એપ્રિલ, ૨૦૦૨ના આરંભમાં ૭૨ વર્ષની વયે વિદાય લીધી.

આનંદ બક્ષીએ ફિલ્મ 'કિતને દૂર, કિતને પાસ'ના પ્રોડ્યૂસર મેહુલકુમારને પોતાના એક ગીતની પંક્તિઓ સંભળાવી કે : 'મહારાજ સુને, તુમ નહીં લિખો, હમ કો મુહબ્બત ઢૂંઢ રહી થી, નામ પતા સબ કુછ પૂછ રહી થી, તેરી કસમ હમ પજાડે ગયે હૈ, હથકડિયોંમેં જકડે ગયે હૈ.' આ ગીતની પંક્તિઓ સાંભળીને મેહુલકુમાર એટલા બધા ઝૂમી ઊઠ્યા કે બીજા દિવસે અન્ય એક ગીતની આ કવિ પાસે માગણી કરતાં, કવિ કહે છે કે 'મહારાજ, ઐસા ગાના લિખા હૈ કિ મેરે મરને કે બાદ ભિ તુમ યાદ કરોંગે!'

આપણે સ્વીકારીએ કે ના સ્વીકારીએ છતાં એ સત્યાર્થ તો ખરો જ કે વિધાતા આપણી પોતાની પાસે જ છે. ઘણી વાર સત્યની અભિવ્યક્તિ કરાવે છે જે પ્રછન્ન પ્રકારે આનંદ બક્ષીના જવાબમાં આપણે જોયું.

૨૧ જુલાઈ ૧૯૩૦ના દિને આજના પાકિસ્તાનના રાવલપિંડી શહેરમાં આ ગીતકારનો જન્મ થયો હતો. ભાગલા પછી આ પરિવાર ભારત આવી ઠરીઠામ થયું તે વેળાએ તેમના દાદા હતા સુપરિટેન્ડન્ટ ઑફ પોલીસ, પિતા હતા એક વરિષ્ઠ બૅન્ક મૅનેજર અને નાનકડા આનંદનો શૉખ હતો ગીતો ગાવાનો. બંને વડીલોનો આદેશ થયો અને આનંદજીને લશ્કરમાં જોડાઈ જવું પડ્યું. ત્યાં ગમતું તો નહોતું પણ ગીતો ગાઈ-ગાઈને, ગીતો બનાવીને પોતાના સાથીદારોને કેવો આનંદ કરાવતા!



તેમને લશ્કરમાં મજા તો નહોતી જ આવતી. તેમના એક મિત્રે તેમને સલાહ પણ આપી કે, 'યાર!

આના કરતાં તો તું ફિલ્મ લાઇનમાં જ જોડાઇ જા ને!' મિત્રની સલાહને ગંભીર સમજીને ૩ વર્ષની લશ્કરી સેવાને ફગાવીને ૧૯૫૪માં મુંબઇમાં આવીને દાદરના એક ગેસ્ટ હાઉસમાં ડેરો નાખ્યો. ૩-૩ વર્ષ તો ઠીક-ઠીક ફાંફાં માર્યા, ખર્ચો પણ મિત્રો જ કાઢી આપતા. દશા તો એવી આવી ગઇ કે પૈસા વગર ગેસ્ટ હાઉસનો માલિક સામાન પણ પાછો આપવા તૈયાર નહોતો. કંટાળીને દિલ્હી ભાગી જવાની તેમની ઇચ્છા હતી. આપદવેળાએ એક સિંધી મિત્ર ચિતરમલે તેમને ઠીક-ઠીક સહાય કરી.

૧૯૫૮માં ભગવાનદાદાએ સૌપ્રથમ 'ભલા આદમી' ફિલ્મ માટે એક જ ગીત લખવાનું તેમને સોંપ્યું. ગીત હતું :

ધરતી તેરે લિયે, તુ હી ધરતી કે લિયે,
ધરતી કે લાલ, ના કર ઇતના મલાલ.
તું નહીં હૈ કંગાલ.
તેરી દોલત હૈ તેરે હૌંસલે.

હા, આ ગીત સાથે સંઘર્ષ તો ચાલુ જ હતો. છતાં આર્થિક ટેકો તેમને થોડોક-થોડોક રહેતો હતો. વળી, ભાડું તથા રહેવાની ચિંતા તો મિત્ર ચિતારમલે આનંદ બક્ષીને પોતાને ઘેર જ રાખીને પોતાના માથે ઓઢી લીધી હતી. બસ, એ પછી તો ૧૯૬૨માં રાજકપુરે એમનો હાથ ઝાલ્યો અને તેઓ ચમકી ગયા. 'કર્મા'ના નિર્માણ વખતે સુભાષ ઘાઇએ એક આતંકવાદ-વિરોધી ગીત માંગતા કેવળ પાંચ જ મિનિટમાં તેઓ કહે છે :

હર કરમ અપના કરેંગે, અય વતન તેરે લિયે
દિલ દિયા હૈ, જાં ભી દેંગે, અય વતન તેરે લિયે.

અને એ પછી કેવળ દસ જ મિનિટમાં તો આખું ગીત તેમનાથી લખાઇ ગયું હતું.

આવા આનંદ બક્ષીએ 'મોત કી ગુડિયા'માં એક ગીત પણ લતા સાથે ગાયું હતું અને 'શોલે'માં એક કવ્વાલી પણ તેમણે ગાયેલી, છતાં વિધિની વક્રતા તો જુઓ! એ લાંબી લચ્ચ કવ્વાલીમાં કાતર ચાલી તે આનંદ બક્ષીના રોલ ઉપર જ. બનવું હતું ગાયક અને આખરે તેઓ બની ગયા ગીતકાર.

આમ, આનંદ બક્ષીએ ગીતકાર તરીકે લગભગ ૪૦૦૦ જેટલાં ગીતો લખ્યાં હતાં. સવિશેષ હિન્દી ફિલ્મોમા સંવાદાત્મક ગીતોના કરિશ્માઇ કવિ આનંદ બક્ષી સદાયે યાદ રહેશે જ. જુઓ થોડાંક પ્રમાણ અહીં પ્રસ્તુત છે :

'બોલ સોરી બોલ તેરા કૌન પિયા.'(મિલન), 'વો કૌન હૈ?' (અન્જાના), 'અચ્છા તો હમ ચલતે હૈં' (આન મિલો સજના), 'ચલ મેરે ભાઇ, તેરે હાથ જોડતા હૂં' (નસીબ), વળી, 'ચોલી કે પીછે ક્યા હૈ?', 'ઇલુ-ઇલુ' શબ્દ પ્રયોગો પણ આનંદ બક્ષીના જ છે. તેમજ 'મુબારક હૈ સબકો, સમા પે સુહાના, મૈં ખુશ હું મેરે આંસુઓ પે ના જાના' (મિલન), 'સોલા બરસ કી બાલી ઉંમર કો સલામ' (એક દુજે કે લિયે), 'જિન્દગીકે સફરમેં જો ગુજર જાતે હૈ, મકામ વો ફિર નહીં આતે', 'લંબી જુદાઇ ચાર દિનોં કિ' 'પરદેશિયોં સે ના અંખિયાં મિલાના' જેવાં અનેક ગીતોએ તેમને સમૃદ્ધ ગીતકારના આસને ગોઠવી દીધા હતા.

આવા આનંદ બક્ષીએ કેવળ ચાર વર્ષની વયે તો માતાનો ખૉળો ગુમાવેલો. પિતાએ બીજું લગ્ન કર્યું છતાં જીવનની 'હાશ' મળી એમણે કમલા સાથે લગ્ન કર્યા પછી જ. ને સૌથી વધારે તો સાથ મળ્યો હતો તેમને ચિતરમલ કે જેમણે વગર ટિકિટે રેલવેમાં મુસાફરી કરવા બદલ પોતાને ઘેર જ પ્રેમથી બંદી બનાવીને રાખ્યા અને કદાચ આ જ સિંધી મિત્રના કારણે આપણને આજે વિખ્યાત એવા ગીતકાર આનંદ બક્ષી મળ્યા. 'મેરે દુશ્મન તું મેરી દોસ્તી કો તરસે' જેવું ગીત તો આનંદ બક્ષીને સારા કવિ તરીકે પણ માન્યતા અપાવે જ છે. જો કે પોતે પોતાને કેવળ ગીતકાર તરીકે જ ઓળખાવતા, કવિ કે શાયર તરીકે નહીં જ.

સરવાળે 'ભલા આદમી' પછી એટલે કે ૧૯૫૮ થી ૨૦૦૨ સુધી તેઓ ૪૬ વર્ષ સુધી એક સારા ને સરળ ગીતકાર તરીકે ખ્યાતનામ રહ્યા અને રહેશે. - ડૉ. રજનીકાંત જોશી

મંગળ ઉપર બરફ!!

જાન્યુઆરી ૨૦૦૨ના 'કુમાર'માં 'નાસા' સંસ્થાએ 'ઑડિસ્સી' નામક યાનને 'મંગળ' ગ્રહ તરફ મોકલ્યા અંગે અને તેણે કરેલા તેના વાતાવરણમાં સફળ પ્રવેશના સમાચાર પ્રગટ કર્યા હતા. આ યાન તેના કાર્યક્રમ અનુસાર જાન્યુઆરીમાં 'મંગળ'થી ૨૫૦ માઇલના અંતરે પ્રવેશ કરી, તેને ફરતે ગોળાકાર કક્ષામાં ભ્રમણની શરૂઆત કરનાર હતું. આ કાર્ય તેણે સફળતાપૂર્વક પાર પાડ્યું છે. હવે, 'ઑડિસ્સી'માં જોડવામાં આવેલ જુદા જુદા યંત્રો પોતાના કાર્યની કામગીરી શરૂ કરી તેના નકશા સિગ્નલો દ્વારા 'નાસા'ને પહોંચાડવાનું શરૂ કરશે. ત્યાં પહોંચ્યા બાદ માત્ર બે જ અઠવાડિયાના સમયગાળામાં, હાઇડ્રોજન માપક યંત્રે સ્પષ્ટ અને મોટા અવાજ સાથેના સિગ્નલ રવાના કરી, આનંદદાયક અને આશ્ચર્યકારક જાણકારી આપી છે કે, 'મંગળ ઉપર મોટા પ્રમાણમાં બરફ હયાતી ધરાવે છે.' જો આમ હોય તો એ તો નક્કી જ છે કે ત્યાં ક્યારેક પાણી હશે જ. આ બરફ 'મંગળ'ની સંપૂર્ણ સપાટી ઉપર ના હોઇ, તેમાં અમુક ખાસ કરીને તેના દક્ષિણ ધ્રુવ પ્રદેશમાં છવાયેલો જણાયો છે. આ સિગ્નલો ઉપલબ્ધ થયાના સમાચાર, વિલિયમ વોયન્ટો, જેઓ હાઇડ્રોજન માપક યંત્રના મુખ્ય વિજ્ઞાની છે, તેમણે જાહેર કરી, સૌને આશ્ચર્યમાં નાખી દીધા. સમાચારની જાણ થતાં જ 'નાસા'ના વિજ્ઞાનીઓ અને સ્ટાફના સભ્યો આનંદથી નાચી ઊઠ્યા હતા.

'મંગળ' ઉપર પાણી હોવાનું અનુમાન વિજ્ઞાનીઓ ઘણા લાંબા સમયથી કરતા આવ્યા જ હતા, અને તેમાં જ્યારે આ માહિતી ઉપલબ્ધ થવા પામી, ત્યારે તેમનું અનુમાન સાચું ઠર્યું

છે. પાણી જીવસૃષ્ટિ માટેનું એક અગત્યનું અંગ છે અને જો હાલમાં ત્યાં બરફ હોય, તો ક્યારેક ત્યાં જળ અને જીવસૃષ્ટિ હયાતી ધરાવતી જ હશે એમાં કોઈ શંકા નથી. આજે જે બરફ જોવામાં આવ્યો છે, તેમાં ધૂળ, કચરો અને રોડાં ભળેલાં છે. આ બરફ 'મંગળ'ની સપાટી ઉપર ત્રણેક ફૂટની જાડાઈ ધરાવતો હોવાનું જાણાયું છે.

'ઑડિસ્સી' યાને જુદી જુદી છ યા વધુ માહિતીની જાણકારી પ્રાપ્ત કરતા રહીને, 'નાસા'ને સિગ્નલો દ્વારા તેના નકશા રવાના કરવાની કામગીરી બજાવવાની છે. આમ હવે, તેના એક યંત્રે તો પોતાની ફરજ અદા કરવાની શુભ શરૂઆત કરી દીધી છે. હજુ 'ઑડિસ્સી'નું 'મંગળ' ફરતેનું ભ્રમણ બીજા ૯૦૦ દિવસ જેટલા સમય માટે ચાલુ રહેનાર છે. તે દરમિયાન તેનાં યંત્રો 'મંગળ' ગ્રહ અંગેની જરૂરી એવી ઘણી આશ્ચર્યકારક વિગતોની જાણકારી રવાના કરશે. આમ, જ્યારે અવકાશયાનો અને અવકાશયાત્રીઓની સલામતી માટે જરૂરી એવી માહિતી પ્રાપ્ત થશે, ત્યારે ભવિષ્યમાં 'મંગળ' ગ્રહ ઉપર ચંદ્રની જેમ માનવસહિતનું યાન ઉતારવાનું સાહસ થોડાં જ વર્ષોમાં સફળ થાય એવી શ્રદ્ધા જરૂર રાખી શકાય. આ કામગીરી પાછળ ત્રણસો મિલ્યન ડૉલરનો ખર્ચ થનાર છે. - સંજય ભટ્ટ (અમેરિકા)

પુસ્તકો હજુએ જીવંત રહેવાનાં છે

યુનેસ્કોએ ૧૯૯૫માં કરેલ ઠરાવને કારણે ૨૩ એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિનની ઉજવણી કરવામાં આવે છે. તે દિવસે ૧૬૧૬માં ત્રણ મહાન લેખકોનું અવસાન થયું હતું. (૧) શેક્સ્પીઅર, (૨) સર્વાન્ટીસ અને (૩) ગારીબાએ દલા વેગા. સ્પેનમાં ૨૩ એપ્રિલના રોજ લોકો એકબીજાંને કાં તો ગુલાબનું ફુલ અથવા પુસ્તક આપીને આ દિવસની ઉજવણી કરે છે.

પુસ્તક વાંચનનો ઉચ્ચતમ દરજ્જો સમગ્ર ભારતમાં પશ્ચિમ બંગાળ રાજ્યનાં લોકો ધરાવે છે. કલકત્તામાં દર વર્ષે એક જબરજસ્ત પુસ્તક મેળો યોજાય છે અને ત્યાં ગુજરાતમાં કોઈ 'સેલ' હોય તેટલી લાઈનો લાગે છે અને લોકો બહુ છૂટથી પુસ્તકોની આપ-લે કરે છે.

વિશ્વ પુસ્તક દિનની ઉજવણી ગુજરાતમાં ખાસ જોવા મળતી નથી. વિશેષ કરીને બાળકોમાં વાચનની કુતૂહલવૃત્તિ અત્યંત સતેજ હોય છે. તેવાં બાળકોને આ બાબતે આપણે કોઈ કેળવણી આપતા નથી. તેનું એક કારણ ટ્યુશનની બદી પણ છે. આ દૂષણ એટલા વ્યાપક પ્રમાણમાં ફેલાયેલું છે કે બાળકો ધારે તો પણ પુસ્તક-વાચનનો મોકો ભાગ્યે જ મેળવી શકે છે. આપણા ઘણા પ્રકાશકોએ બાળકો માટે બહુ સુંદર મજાનાં અને તેમાંયે કેટલાંક તો આશ્ચર્યકારક રીતે ઓછી કિંમતનાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. અમદાવાદ અને ગ્રામ વિસ્તારમાં યોજાતા પુસ્તક મેળાઓની મુલાકાતે બાળકોને લઈ જવાં જોઈએ.

'કુમાર'નો ૯૦૦મો વિશેષાંક

'કુમારની પ્રથા પ્રમાણે પ્રત્યેક શતકાંક વિશેષ રૂપે પ્રકટ કરાયો છે તે પ્રમાણે આગામી ડિસેમ્બર ૨૦૦૨નો અંક ૯૦૦મો અંક હશે. વળી, આ તેના ૭૫મા વર્ષની પૂર્ણાહુતિનો પણ અંક હશે. આ બેવડા પ્રસંગે 'કુમાર' ૯૦૦મો અંક 'નર્મ-મર્મ વિશેષાંક' તરીકે પ્રકટ કરશે.

સૌ લેખક-ચિત્રકાર-કાર્ટૂનિસ્ટ મિત્રોને આ વિશેષાંક માટે નર્મ-મર્મયુક્ત કાવ્ય, વાર્તા, નાટિકા, નિર્બંધિકા, કટાક્ષચિત્રો, કાર્ટૂનો આદિ મોકલી આપવા હાર્દિક નિમંત્રણ છે. આપની કૃતિ ઑક્ટોબર ૨૦૦૨ના અંત સુધીમાં 'કુમાર કાર્યાલય'ના સરનામે મળે તે જોવા વિનંતી છે.

ટીવી, વીડિઓ, સીડી વગેરે સામે પુસ્તકોના યુગનો અંત આવશે તેવી એક ભીતિ સેવાઈ રહી છે, પરંતુ પુસ્તકોનું સ્થાન અનોખું છે. પુસ્તક ચાહકોનો પણ બહુ મોટો કાફલો છે. પુસ્તકોમાંથી જે સૌંદર્ય અને માધુર્ય પ્રગટ થાય છે તે તેમની નકલમાંથી થતું નથી. પુસ્તક તો હાથવગું રહી શકે; પ્રવાસમાં, કચેરીમાં, અદાલતમાં, રાત્રે બેડરૂમમાં, ગમે ત્યારે ગમે તે સમયે, ગમે તે મૂડમાં પણ પુસ્તક 'સદાય સાથી મિત્ર' રહેવા સર્જાયેલું છે.

પુસ્તકોની વધતી જતી કિંમત વાચન-જાગૃતિમાં મોટી અવરોધરૂપ બાબત છે. પરંતુ પુસ્તકોની કિંમતમાં થોડો ઘટાડો કરી શકાય તેમ છે, તે અન્ય પુસ્તકોની કિંમતોની સરખામણીમાં આપણે જરૂર ભારપૂર્વક કહી શકીએ. ખરેખર તો પ્રકાશકોએ આ દિવસે બાળકોને ઓછી કિંમતનાં પુસ્તકો ભેટ આપી સાચા અર્થમાં ઊજવણી કરવી જોઈએ. *- અશ્વિન ન. કારીઆ (પાલનપુર)*

'લૂ'થી બચવાના ઉપાયો

લૂથી બચવા માટે ગરમીથી ન ટેવાયેલાં લોકોએ તડકામાં ફરવાનું કે શ્રમ કરવાનું ટાળવું જોઈએ. શક્ય એટલાં ઓછાં અને આછાં કપડાં પહેરવાં જોઈએ. પંખો અને પવન લૂ ન લાગવા માટે ઘણા ઉપયોગી છે એટલે બંધ રૂમ કરતાં હવાની અવરજવરવાળા રૂમમાં લૂ લાગવાની શક્યતા ઓછી થાય છે. આ ઉપરાંત ગરમીમાં બહાર નીકળવું પડે તો ઘણું બધું પાણી પી ને જ નીકળવું અને વારેવારે પાણી પીતાં રહેવું. ફળો, કઠોળ, ભાજી, છાશ વગેરેના ઉપયોગથી બનાવેલાં પીણાં વારંવાર પીતાં રહેવાં જોઈએ. એક વાર લૂ લાગી જાય કે એની શરૂઆતનાં ચિહ્નો દેખાય તો તરત દર્દીને ઠંડકવાળી જગ્યાએ ખસેડી, આછાં કપડાં પહેરાવી, ઠંડું પાણી પાતાં રહેવું જોઈએ. *- ડૉ. કેતન ઝવેરી ('ઓળખ'માંથી)*

સક્કરટેટી

ઉનાળાની ઋતુમાં તાપ શરૂ થવાની સાથે બજારમાં 'સક્કરટેટી'નાં દર્શન થવા લાગ્યાં છે. સક્કરટેટીમાં શર્કરા, ખનીજતત્ત્વો અને પ્રજીવક 'એ' અને 'સી' થોડા પ્રમાણમાં રહેલાં છે. તેમાં ૯૫.૯% જેટલું પાણી છે.તે ઠંડું હોવાથી પેટની બળતરા શાંત કરે છે. પિત્ત અને તજાગરમીમાં ઉપકારક છે. સક્કરટેટી વાયુ અને કફ કરનારી અને પચવામાં થોડીક ભારે છે તેથી નબળી પાચનશક્તિવાળાએ વિવેકપુરઃસર આરોગવી. સક્કરટેટીના બિયાં પૌષ્ટિક છે અને મગજની ક્રિયાશીલતા વધારે છે.

('વંદેમાતરમ્'માંથી)

અનુસંધાન્ વાચકો લખે છે ચપૃ. ૨૭૪ થી

માર્ચ-૦૨નો અંક મળ્યો. અંકમાં માનવીય સંવેદનાના ઉપાસક ડૉ. પ્રફુલભાઈ શાહ તેમજ શ્રીમતી ઇન્દિરા-બહેન અંગેનો સુંદર લેખ વાંચ્યો. આવા ઉમદા કાર્ય કરતા અને પુત્રીના કારમા આઘાતની વેદના છતાં આત્મપ્રેરણાથી આટલી ઉમદા માનવીય પ્રવૃત્તિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

અમારા પુત્ર ચિ. નયનના પણ આકસ્મિક અવસાનથી તેની યાદમાં 'તપન સ્મૃતિ ચારિત્ર્યગઠન કેન્દ્ર'ની સ્થાપના કરી છે, જેમાં બાળકોને ચારિત્ર્ય ઘડતર અંગે જરૂરી પ્રવૃત્તિઓ કરીએ છીએ. આ માટે કોઈ ફી નથી લેતાં. મારા પત્ની પોતે વ્યવસાયે ગ્રંથપાલ હોવાથી બાળકો માટે નાનકડું પુસ્તકાલય પણ ચલાવીએ છીએ. ડૉ. પ્રફુલ્લભાઈ શાહના ઉમદા કાર્યમાં જેમ સાથ સહકાર મળે છે તેમ અમે પણ અનુભવ્યું છે કે કોઈ પણ સારું કાર્ય કરીએ તો એમાં મદદ, માર્ગદર્શન મળતાં રહે છે.

- મલય દિનુભાઈ દવે (અમદાવાદ)

'કુમાર'માં આવતા જે નિયમિત વિભાગો છે તેમાં 'પરતીનાં પાનાં'માં શ્રી વૈદ્યસાહેબની નોંધ વાંચવાની મીઠાશ અનેક વાચકો માણતા હશે તેની મને ખાતરી છે. આમ છતાં નીચેની એક વિગત અંગની માહિતી માટે સ્પષ્ટતા કરવી જરૂરી માનું છું.

કરન્ટ સાયન્સના મુખપૃષ્ઠ અંગેની નોંધમાં શ્રી વૈદ્યસાહેબ જણાવે છે કે જંગલ બેબલર એટલે કે કલકલિયો ફુલોનો રસ ચુસીને પરાગનયન કરે છે. તે માહિતી વિશે જણાવવાનું કે બેબલર એટલે કલકલિયો નહીં પણ લેલાં, જે પાંચ-સાતની જોડીમાં વિશિષ્ટ અવાજ કરતાં કરતાં બાગ-બગીચામાં પાંદડાં વીંખતાં જાય અને તેની નીચેથી જીવાત શોધતાં ફરે તે 'સેવન સીસ્ટર્સ'ના નામે ઓળખાય છે. સામાન્ય રીતે તે જૂથમાં ફરતાં હોય છે. આપણા બગીચાઓમાં દેખાતું તે સામાન્ય પક્ષી છે અને ફૂલોમાંથી રસ ચૂસે છે. કુદરતમાં પરાગનયન માટે અનેક માધ્યમો અસ્તિત્વ ધરાવે છે. પવનની લહેરખી, અનેક પ્રકારના કીટકો, પતંગિયાં, સનબર્ડ, હમિંગબર્ડ જેવાં તેમજ આ લેલાં જેવાં પક્ષીઓ પણ આ કામ કરતાં હોય છે.

કલકલિયો એટલે 'કિંગફિશર'. તે મુખ્યત્વે મત્સ્યભોજ હોઈ તેનું નામ કિંગફિશર રખાયું હોય તેમ લાગે છે. જલાશયો ઉપર સતત એક જગ્યાએ સ્થિર ઊડતાં રહી પાણીમાં માછલી દેખાય એટલે તીરની માફક ઊડતા ઊડતા છલાંગ મારે અને પાણીમાંથી માછલી પકડી તેનો શિકાર કરે. માછલી ઉપરાંત અન્ય જીવાતો પણ તેનો ખોરાક છે, પરંતુ મુખ્યત્વે માછલી તેનો ખોરાક હોઈ જલાશયોની આજુબાજુ તે અવશ્ય નજરે ચડે છે. બાગબગીચાનાં માછલી ઘરોમાંથી પણ માછલી મેળવી લેવામાં તે કુશળ છે. કલકલિયો સામાન્ય રીતે જૂથમાં હોતો નથી, પરંતુ નાનાં બચ્ચાંઓ હોય ત્યારે જૂથમાં ફરતાં જણાય છે.

- દિનુભાઈ દવે (અમદાવાદ)

ડિસે. ૦૧ના અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં જણાવવામાં આવ્યું છે કે 'અણુજો' શબ્દ બરોબર નથી. તો લખવાનું કે 'અણુજો' શબ્દ બરોબર જ છે. બીજું, પત્રલેખકે 'અખતો' શબ્દ લખ્યો છે તે હકીકતમાં 'અકતો' જોઈએ. પત્ર લખતાં અગાઉ જે તે પત્રલેખકો શબ્દકોશ જોઈ લેવાની ટેવ પાડે તો સારું.

જાન્યુ. ૦૨ના અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં લતા મંગેશકર એ નામની આગળ શ્રીમતી લખવામાં આવ્યું છે તે બરોબર નથી તેમ જણાવાયું છે. હકીકતમાં શ્રીમતી શબ્દપ્રયોગ પરણેલી કે કુંવારી કોઈ પણ સ્ત્રી માટે વાપરી શકાય છે. શ્રી શબ્દ જેમ કુંવારા કે પરણેલા પુરુષ માટે વાપરી શકાય છે તેમ શ્રીમતી શબ્દ પણ કુંવારી કે પરણેલી સ્ત્રી માટે વાપરી શકાય છે. શ્રીમતી એ શ્રીમાનનું નારી જાતિ છે. તેથી શ્રીમાન વપરાય તે જ રીતે શ્રીમતી વપરાય. ફક્ત પરણેલી સ્ત્રી માટે જ શ્રીમતી શબ્દ વપરાય એવી માન્યતા ખરી નથી. કારણ કે ગુજરાતીમાં એવા ભેદ દર્શાવાતા નથી. હવે તો આધુનિક અંગ્રેજી ભાષામાં પણ જાગૃતપણે આવો ભેદ નાબુદ થાય તેવો શબ્દ પ્રયોજાય છે. તેથી ઘણી વાર મિસ કે મિસિસ લખવાને બદલે 'મીઝ' એમ સ્ત્રીના નામની આગળ લખાય છે. (સ્જ.)

- દોલતરાય નથુભાઈ પરીખ (બિલિમોરા)

કુમાર-૮૯૦માં મુખપૃષ્ઠ પરના ચિત્રનું શીર્ષક 'કુદરતને ખોળે' છે ત્યાં 'સૃષ્ટિ સંતંતુ' ન રાખી શકાય? ધીરુ પરીખનું કાવ્ય 'સમયની ફાઈલમાં' ગમ્યું. જેમાં 'આંખોમાં ઘુવડ પાળી બેઠેલા જે મનુવંશો' જેવી પંક્તિઓમાંનો વ્યંગ અપૂર્વ છે. તો 'માધુકરી'માં 'સદ્‌ગત શ્યામ સાધુ'નો પરિચય પરિતોષ આપી ગયો; કારણ આ સંતચરિત ફકીર કવિની જૂનાગઢના શાક-માર્કેટ દુબડી પ્લૉટ પાસે આવેલી 'ઝૂંપડી'માં તેમને કદીક મળ્યો છું. એ ઘરની ગરીબ ઘરવખરી વચ્ચેથી ડોકાતી કવિખુમારીને, લાંબી દાઢી, દુર્બળ દેહ, પુરાણી પોતડી-

ઝભ્ભો-કફનીવાળા એકાદ ભાગ્યે જ સમાજ-ની નજર ચડે તેવા સૂક્ષ્મજગતના જીવને પણ 'કુમાર'ની દૃષ્ટિ જોઈ શકે છે અને સવેળા પ્રસ્તુત કરી શકે છે તે જોઈ શક્યો છું.

પૃ-૯૬ પરના 'જાણીતા માણસની અજાણી વાતો'માં, પૃ-૧૦૦ પરની ધ્યાન કથા 'પ્રગાઢ સંવેદનશીલતા - અધ્યાત્માનું દ્વાર'માં અને પૃ-૧૧૨ પરની લઘુકથા 'ગામ'માં સજ્જનો વિચારશીલોને જગતની અવળાઈ દેખી ઊપજતા રંજની વાત છે, જે સંપાદનની સુસંવાદિતા દર્શાવી જાય છે.

- અશોક જોષી (મજેવડી)

'કુમાર' ફેબ્રુઆરી ૨૦૦૨માં મને 'કુમાર' સામયિકનું મુખપૃષ્ઠ 'કુદરતને ખોળે' ખૂબ જ ગમ્યું. તે માટે ફોટોગ્રાફી અને એના વિશે સવિગત જાણકારી આપવા માટે શ્રી વ્રજ મિસ્ત્રીની કદર કરું છું. વિનોદ ગાંધી લિખિત ગાન, નિર્મિશ ઠાકરની ગઝલ, અશોક જોશીની લઘુકથા 'ગમ', ડો. પ્ર.ચુ.વૈદ્ય લિખિત પસ્તીનાં પાનાંમાં 'મહાન સંગીતકાર બીથોવન' વિશેનું વાંચન ખૂબ ગમ્યું. નૌતમભાઈ વખારિયાએ બતાવેલ 'કુમાર'ના તંત્રીના ઘર તેમજ કાર્યલયના ફોન નંબરનો ઉપયોગ કરી ગણિતગમ્મત ખૂબ જ ગમી.

- શ્રુજલ ગી. કલોલિયા (અમદાવાદ)

જાન્યુઆરી ૨૦૦૨નો 'કુમાર'નો અંક વાંચ્યો. ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે 'કુમાર'ને હાર્દિક અભિનંદન! આજની વિષમ પરિસ્થિતિમાં પણ પંચોતેર વર્ષોથી 'કુમાર' સામયિક અડીખમ રીતે ટકી રહ્યું છે તે તેની શ્રેષ્ઠતાનો પુરાવો છે.

આ અંકમાંની લઘુકથા 'પંડ્યના' માતૃહૃદમાં રહેલા ભાવોને પ્રતિબિંબિત કરતી હૃદયસ્પર્શી અને ચોટદાર કૃતિ છે. કૃતિના અંતમાં ડોશીના બોલાયેલા શબ્દોમાં તેમના હૃદયમાં રહેલી વેદના છતી થાય છે. લેખકને અભિનંદન!

ડૉ. મધુસૂદન પારેખ કૃત 'અંગ્રેજી સાહિત્યનું આચમન' લેખમાં કવિ જ્હોન કીટ્સની જીવનઝરમર વાંચતાં જ આપણા ગુજરાતી કવિ સ્વ. રાવજી પટેલનું સ્મરણ થયું. જ્હોન કીટ્સની જેમ રાવજી પટેલનું મૃત્યુ પણ ૨૮ વર્ષની નાની વયમાં થયું હતું. તે પણ ક્ષયની બીમારીથી પીડાતા હતા. આમ, જ્હોન કીટ્સ અને રાવજી પટેલના જીવનમાં ઘણું સામ્ય વર્તાય છે. સ્વ. રાવજી પટેલે પણ ટૂંકી જિંદગીમાં અલ્પ સાહિત્યનું સર્જન કર્યું હતું. પણ તે ઘણું જ હૃદયસ્પર્શી અને ચિરંજીવ બની શક્યું છે. તેમની નવલકથા 'અશ્રુઘર' જીવંત અને યાદગાર છે.

અંકમાંના અન્ય લેખો પણ ઘણા જ માહિતીપ્રદ અને સુંદર છે. સાહિત્યના દરેક પાસાને તેમજ સંગીત, શિલ્પ, ચિત્રપટ, વગેરે વિષયોને આવરી લેતું સામયિક 'કુમાર' ખરેખર સર્વાંગલક્ષી અને જીવનલક્ષી છે. અંતમાં આવું સુરુચિપૂર્ણ સામયિક 'કુમાર'ને ધબકતું રાખવા બદલ તંત્રીશ્રી, 'કુમાર' સાથે સંકળાયેલ નામી-અનામી લેખક મિત્રોનો આભાર માનવો રહ્યો. 'કુમાર'માં તંત્રીશ્રીની અથાક મહેનત અને તેમની આયોજનશક્તિ દૃષ્ટિગોચર થાય છે.

-રમણીક નડિયાદકર (નડિયાદ)

> ચાલ ફરે, ચિત્ત ના ફરે; નાવ ફરે, ધ્રુવ ના ફરે;
> એવા સાધક સાધ્ય બે, સંસારને સરસો કરે.
>
> — શિવલાલ જેસલપુરા

ડિસોઝા અને પ્રિમરોઝ બંને પ્રાર્થના અંગે ચર્ચા કરી રહ્યા હતા ત્યાં એન્ડ્રુઝ મળ્યા. પૂછ્યું : 'એન્ડ્રુઝ સાહેબ, તમે રવિવારે પ્રાર્થના ક્યાં કરો છો? સમૂહમાં તો દેખાતા નથી.' એન્ડ્રુઝ બોલ્યા : 'તમે આ રવિવારે શાન્તિનિકેતન પર આવજો!'

રવિવારે પેલા બન્ને પાદરીઓ શાન્તિનિકેતન ગયા. જુએ છે તો બાર-પંદર વિદ્યાર્થીઓ વચ્ચે બેઠા બેઠા એન્ડ્રુઝ તેમને ભણાવી રહ્યા હતા. સમય પૂરો થતાં વિદ્યાર્થીઓ ગયા પછી એન્ડ્રુઝ બોલ્યા : 'જુઓ દોસ્તો, આ મારી પ્રાર્થના! જ્યારે હું વિદ્યાર્થીઓ વચ્ચે હોઉં છું ત્યારે ત્યાં મારું દેવળ આવી જાય છે!' માનવતાના બંદા દયાળુ એન્ડ્રુઝની પ્રાર્થનાની આવી સમજથી બંને પાદરી એમને વંદી રહ્યા.

•

વડોદરાના મહારાજ ખંડેરાવ ગાયકવાડને કબૂતરોનાં લગ્ન કરાવવાનો ભારે શૉખ હતો, અને આ લગ્નપ્રસંગે રાજ્યની પ્રજાને હાજર રહેવા નિમંત્રતા. હાજર રહેલા લોકો ત્યારે અમૂલ્ય ભેટ પણ આપતા. આ મહારાજાએ પોતાના રાજ્યઅમલનાં ૧૪ વર્ષ દરમિયાન ૮૨ જેટલાં કબૂતર-યુગલનાં લગ્ન યોજ્યાં હતાં અને તેમાં ૮૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.

•

બુલબુલ આકારમાં બુલબુલ શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)



> नास्ति विद्यासमं चक्षुर्नास्ति सत्यसमं तपः ।
> नास्ति रागसमं दुखं नास्ति त्यागसमं सुखम् ॥
>
> વિદ્યા સમાન કોઈ નેત્ર નથી, સત્ય સમાન કોઈ તપ નથી, રાગ-આસક્તિ-મોહ સમાન કોઈ દુઃખ નથી અને ત્યાગ સમાન કોઈ સુખ નથી.

હુલ્લડ વખતે ટોળાનં નિયંત્રણમાં રાખવા ઉપયોગમાં લઈ શકાય તેવો એક પદાર્થ આલ્બુકર્ક (યુ.એસ.) ખાતેની સેન્ડિયા નૅશનલ લૅબોરેટરીએ બનાવ્યો છે. 'ચીટકું ફીણ' તરીકે ઓળખાતો આ પદાર્થ વજનમાં હલકો અને દૃઢતાથી ચોંટી જાય તેવો છે. પ્રવાહી રૂપે તેને સાધનમાંથી છોડવામાં આવતાં તે વાયુની મદદથી પોતાના મૂળ કદ કરતાં ૫૦ ગણો ફૂલે છે અને માનવીની આસપાસ વીંટળાઈ વળી તેને નિશ્ચલ બનાવી દે છે.

•

રોગનાં જંતુઓ દવાની સામે પ્રતિકારક શક્તિ લેતાં હોવાથી બીમારીનો સામનો કરવા માટે શરીરનાં જ કુદરતી તત્ત્વોનો ઉપયોગ વધુ અસરકારક સાબિત થાય છે. કુષ્ઠરોગ, ક્ષય, ટાઇફૉઇડ અને કાલા અઝાર જેવી બીમારીઓમાં દવાની સાથે કુદરતી તત્ત્વોનો ઉપયોગ કરવો જોઈએ. આવાં કુદરતી તત્ત્વો જેનેટિક એન્જિનીઅરિંગની મદદથી બનાવી શકાય.

•

જર્મનીના ડાઈટર સ્ટેગમેયરે 'ગેટલાસ્ટ પ્લાન્ટ' નામનો છોડ ઉગાડ્યો છે, જેની તીવ્ર દુર્ગંધને પરિણામે ગંદકી ફેલાવતા કૂતરાઓ કે બિલ્લીઓ દૂર ભાગી જશે.

•

રેલગાડીની સીટીનો અવાજ સાડા-ત્રણથી ચાર માઈલ દૂર સુધી અને તોપનો અવાજ ૨૫ માઈલ સુધી જઈ શકે છે.

•

લીંચ નામના માણસના બંને હાથ એટલા બધા લાંબા હતા કે તે ઊભો ઊભો જ બંને હાથ જમીનને અડકાડી શકતો હતો.



ડૉક્ટર સાહેબ, અમારા 'એ' રાત્રે ઊંઘમાં પણ 'મુખ્યમંત્રી હટાવો...'ના નારા બોલાવી મારી ઊંઘ બગાડે છે! એની કંઈ દવા કરોને...!
- 'સંદેશ'માંથી (દેવાંગ વ્યાસ)

મારું નામ ભારતેન્દુ દેવશંકર છે. છોકરાઓએ શૉર્ટમાં બીડી કરી નાખ્યું. એક દિવસ હું ઘરમાં પત્ની અને બાળકો પર ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. એવામાં મારો મોટો પુત્ર હરીશ બહારથી આવ્યો. તુરત જ નાનો પુત્ર રામ ધીરેથી બહાર ગયો અને હરીશને કહ્યું, 'હરીશ બીડી સળગી ચૂકી છે.'

•

કલાકણિકા : સંભવતઃ ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં તૈયાર થયલું કોણીથી કાંડા સુધી પહેરવાનું પોલાદનું બનેલું બખ્તર. તેની લંબાઈ ૪૦ સે.મી. છે અને હાલ તે ચેન્નાઈના સરકારી સંગ્રહાલયમાં સચવાયેલું છે.

